પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૪ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रूपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)




| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રાણાતિપાત = હિંસા | ૨ | મૃષાવાદ = અસત્ય બોલવું |
| ૩ | અદત્તાદાન = ચોરી કરવી | ૪ | મૈથુન = કામવાસના |
| ૫ | પરિગ્રહ = તૃષ્ણા | ૬ | ક્રોધ = આક્રોશ |
| ૭ | માન = અહંકાર | ૮ | માયા = કપટ |
| ૯ | લોભ = લાલચ | ૧૦ | રાગ = આસક્તિ - મોહ |
| ૧૧ | દ્વેષ = ઈર્ષા | ૧૨ | કલહ = કજીયા |
| ૧૩ | અભ્યાખ્યાન = ખોટો આરોપ | ૧૪ | પૈશુન્ય = ચાડી - ચુગલી કરવી |
| ૧૫ | રતિ - અરતિ = હર્ષ - શોક | ૧૬ | પરપરિવાદ = પારકી નિંદા કરવી |
| ૧૭ | માયા - મૃષાવાદ = છેતરવું | ૧૮ | મિથ્યાત્વશલ્ય = કુધર્મ સેવન. |

**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન**
**હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે**
**સુશ્રી ભારતીબેન દિપકભાઈ મહેતાની હસ્તાક્ષર કાર્ય અંગેની રજૂઆત - ૩૬ મીનીટ.**

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને તે વકતવ્ય જોવા - સાંભળવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

|| ૬૪ ||



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---


## VOLUME - 64

Year 2022 / સંવત્ ૨૦૭૮
350 Copies / 232 Pages
For Private Circulation only.

---

## PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## SPONSOR

Shri C. K. Mehta
Vadodara | Mumbai

---

## ENHANCED & DESIGNED BY

**Bharti Deepak Mehta**
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra

---

## SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




હાં...! 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના અંતિમ ચરણ તરફ આપણે પહોંચી રહ્યા છીએ. ઘણાં પૂજ્યોએ ખૂબ જ ભક્તિભાવ-અહોભાવથી પૂછ્યું છે કેઃ "ઓહોહો... સાહેબે આટલી બધી ડાયરીઓ ક્યારે લખી હશે? હજી કેટલી છે?" એ બધા પૂજ્યોના પ્રશ્નોના જવાબ એટલે આ પ્રકટ થયેલ અક્ષયપાત્રો અને હવે અંતિમ ચરણમાં પૂર્ણ થવા આવેલ હસ્તાક્ષરની આ કુલ ૬૮ ભાગની અનુપમ શ્રેણી. સાહેબજી પૂજ્યપાદ્ દાદાગુરૂમહારાજ પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના જીવનમાં શુભ ભાવોની કેવી તો અખંડ ધારા ચાલતી રહેતી હશે કે એમના સંપૂર્ણ આયુ દરમ્યાન આવી ઉત્તમોત્તમ અનુપ્રેક્ષાધારામાં જ તેઓ મગ્ન રહ્યાં, ઉપરાંત તે સર્વને વળી પોતાની રોજનીશીઓમાં પણ જાણે આપણા સૌના આત્મકલ્યાણ માટે જ વહાવી.

પૂજ્ય સાહેબજી વહેલી સવારે રાજસ્થાનના નાના નાના તીર્થસ્થાનોમાં જિનાલયે જઈ પરમાત્મભાવથી ભાવિત બનીને ઉપાશ્રયમાં પરત આવીને સ્થાન ગ્રહણ કરતાં અને આત્મા, જિનભક્તિ, જીવમૈત્રી, નમસ્કાર સ્મૃતિ, નવપદજી, અહિંસા, સંયમ, તપ, અનેકાંત, પંચપરમેષ્ઠિ, મોક્ષમાર્ગ જેવી અનુપ્રેક્ષાઓથી એ ભાવધારાની લેખિની ઝરણાંની જેમ વ્હેવા લાગતી. આજથી ૬૦-૭૦ વર્ષો પહેલાંના એ સમયે વ્હેલું ઝરણું આજ સુધી આપણા આત્મપ્રદેશોને પવિત્ર બનાવી રહ્યું છે અને શબ્દ-વર્ગણા દ્વારા હજુ પણ હજારો વર્ષો સુધી હજારો ભાવિકોને એ પવિત્રતામાં સ્નાન કરાવતું રહેશે.

સાહેબજીનું હમણાં જ એક મજાનું ચિંતન વાંચ્યુંઃ 'ભાવ ત્યાં સુધી જ ભાવ રહે છે, જ્યાં સુધી તેમાં બીજાની હિતચિંતા હોય છે. તે છૂટીને પોતાના વિચારમાં આવતાં

ભાવ એ 'ભાવ' મટીને 'ભવ' બની જાય છે, માટે જ સ્વાર્થને ભવની અને પરાર્થને ભાવની ઉપમા સુઘટિત છે. ભાવની ઉપેક્ષા એ ભવની આસક્તિની સૂચક છે. પાયામાં રહેલા જીવત્વની યથાર્થ ઓળખ સિવાય મોક્ષરૂપી મહેલમાં પ્રવેશ કરવાની પૂર્ણ યોગ્યતા ભાગ્યે જ પામી શકાય. આત્માનું આત્મા સાથેનું સગપણ આત્માના ભવ સાથેના અનાદિ સગપણનો અંત લાવવામાં અકથ્ય સહાય કરે છે.'

તેઓ આત્મઊંડાણને કેવા સ્પર્શ્યા હશે, તે તેમના આ ચિંતનમાં અનુભવાય છેઃ 'સમુદ્રનો ખડિયો, મેરૂની શાહી, કલ્પવૃક્ષની કલમ, પૃથ્વીનું પટ કે પાનું લઈને ભગવતી સરસ્વતી રાત-દિવસ લખ્યા કરે... તો પણ ન લખાય, તેવું સ્વરૂપ આત્માનું છે. દર્શન-શ્રવણ-મનન અને નિદિધ્યાસનનો ઉપયોગ આત્માને જોવા માટે નથી, પરંતુ હૃદયને શુદ્ધ કરવા માટે છે. શુદ્ધ હૃદયમાં આત્મસ્વરૂપનો સ્વયં પ્રકાશ થાય છે. જે જણાય છે, તે તો બ્રહ્મનું માત્ર અલ્પ રૂપ જ છે. બ્રહ્મ વિશાળ છે. બાહ્યજગત તો સદ્અંશની અલ્પ માત્રાને જ વહન કરે છે. દેવ-ઈંદ્રિયોનો અધિષ્ઠાતા આત્મા જ્ઞેયરૂપે અજ્ઞાત છે, જ્ઞાનરૂપે સદા જ્ઞાત છે અને એનું જ નામ 'આત્મજ્ઞાન' છે.' પૂજ્ય સાહેબજીના અંતઃસ્થલમાં થયેલ પરાર્થવૃત્તિના ભાવોનું એક અપૂર્વ ચિંતન પણ જોઈએ તોઃ 'સ્વાર્થવૃત્તિ જ બધા પાપોનું મૂળ છે અને પર તરફની અપકારવૃત્તિ જ આપણા ભવ્યત્વભાવનો વિકાસ કરતાં અટકાવે છે. 'મુક્તિગમન યોગ્યતા' એટલે સ્વાર્થવૃત્તિમાંથી મુકત થવાની યોગ્યતા, જે પરોપકારપરાયણતાથી જ વિકસિત થાય.'

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની અવિરત ચાલેલી આ વિરાટ યાત્રા હવે પૂર્ણ થવાના આરે છે, ત્યારે યાદ કરીએ સૌ પ્રથમ વડોદરા-મુંબઈના અમારા પરમ ગુરૂભકત સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની પોતાના ગુરૂમહારાજ પરત્વેની હૃદયપૂર્વકની અત્યંત અપ્રતિમ ગુરૂભકિત તેમ જ રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ માં શારદાના નામને પામેલા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા,** જેઓ પોતાના જૂથ સાથે મળીને અંતિમ સાડા છ વર્ષથી અવિરત ભકિતમાં એકાકાર બન્યા છે અને તેનાં ફળ શ્રીસંઘને આપ્યા છે. તેઓ સર્વની અનુમોદના... અનુમોદના!

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# પળની સાધનાની અક્ષરયાત્રા...



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના આ ૬૪ ભાગના વાંચન-મનન પછી પૂજ્ય ગુરૂ મહારાજ કદાચ સ્વયં પધારીને કહે કેઃ ''સહજને કિનારે આ ૨૨૪ રોજનીશીઓ લાંગરીને મેં તો ૪૨ વર્ષ પૂર્વે લીધી હતી વિદાય! કલ્પના ય ન હતી કે તે હસ્તાક્ષરો આમ મુદ્રિત થશે, પરંતુ જ્યારે તમે સૌ એ વિચારનાવમાં સહયાત્રી થયાં જ છો, તો પૂછવું ગમશે મને કેઃ એ ૧૪,૩૩૬ પાનાંઓમાંથી તમને સૌથી ઊંડે સુધી સ્પર્શી હોય એવી કઈ અનુપ્રેક્ષા છે, કે જે તમે ભવોભવ સાથે લઈ જવા માંગો છો?''...તો શું કહીએ?


કૃતજ્ઞતાપૂર્વક ઉત્તર તો આપવો જ રહ્યો આપણે કેઃ 'એક અખંડ અધ્યાત્મયાત્રામાંથી પસાર થવાનું સૌભાગ્ય આપ્યું તમે... અને શીખવ્યું કે પળે પળે મુક્તિ થઈ શકે છે હવે, મોક્ષ ક્યાંક દૂર છૂપાયેલું ગઈ કાલ કે આવતી કાલમાં નથી! તે આજે નહીં, અત્યારમાં જ છે! તે અનંત અને શાશ્વતને હવે શોધવા-પકડવા કે પ્રતીક્ષા કરવાની દોટ મૂકવાની જરૂર નથી! તેનું વહેણ અનવરત છે. પળેપળની સજાગતાથી તે ઐશ્વર્ય પામવું હવે ચૂકાય તેમ જ નથી! વર્તમાન ક્ષણમાં જીવવા માટે જિનભક્તિ અને જીવમૈત્રીને જ અમે ભવોભવ સાથે લઈ જવા માંગીએ છીએ!'

આવો ઉત્તર સુણી તેઓ તો પોતાનું ચિરપરિચિત નિર્મળ સ્મિત કરી થશે અંતર્ધ્યાન, પરંતુ આપણે શું આવો જ કોઈ જવાબ આપી શકીશું ખરા? જો હા..., તો પૂજ્ય ગુરૂ મહારાજનો આ અપ્રતિમ નિરંતર પુરૂષાર્થ સફળ!

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





હંસવાહિનિ બ્રહ્મવાદિનિ કરુણાપૂર્ણા જય વરદે ।
મઞ્જુલહાસિનિ નાટ્યવિલાસિનિ
લાસ્યં કુરુ મમ રસનાગ્રે ॥

# સંસ્કૃતિઃ જ્ઞાનમયી, કલંકવિનાશની,

## સાત્ત્વિક તત્ત્વની અધિષ્ઠાત્રી દેવી મા સરસ્વતીની સ્તુતિ

'या कुन्देन्दुतुषारहारधवला, या शुभ्रवस्त्रावृता,
या वीणावरदंडमंडितकरा, या श्वेतपद्मासना ।
या ब्रह्माऽच्युतशंकरप्रभृतिभि - र्देवैः सदा वन्दिता,
सा मां पातु सरस्वती भगवति, निःशेषजाड्यापहा ॥'

અજર, અમર, અનાદિ, અજન્મા બ્રહ્મની પ્રથમ કૃતિ (રચના) સરસ્વતી છે. નિર્ગુણ બ્રહ્મ જ્યારે સગુણ સ્વરૂપે અવતરિત બન્યાં, તો જ્ઞાનની દેવી સરસ્વતીના સહારે જ વાણીએ પ્રપંચોને આકાર - સાર્થક બનાવ્યાં.

શ્વેત હંસ, કમળ ઉપર આરૂઢ અને વીણાનો અર્થ છે:

હંસ એટલે આત્મા, શ્વેત કમળ એટલે સાત્ત્વિક વૃત્તિ,
વીણા તે સંગીત, કોમળતા અને દયા.

એ પ્રકારે આત્મામાંથી ઉદ્ભૂત સાત્ત્વિકતા, દયા અને કોમળતાથી પરિપૂર્ણ ભાવોદ્રેકતાની અભિવ્યક્તિ તે જ સરસ્વતીનું સહજ સ્વરૂપ છે. પાણિનીએ શબ્દબ્રહ્મનો પ્રયોગ કરીને શબ્દને બ્રહ્મરૂપ ગણાવ્યો છે. સરસ્વતીની કૃપા વિના ચરાચર જગત નિષ્પ્રાણ, નિર્વાક બને છે. ભગવતી મા સરસ્વતી જ સંપૂર્ણ બ્રહ્માંડને જ્ઞાનવાન, પ્રાણવાન અને અંધકારમુક્ત રાખે છે.

'અધ્યાત્મ શાસ્ત્ર' એટલે આધ્યાત્મિક જીવન
ઘડવાના માર્ગ બતાવનારૂં સાંગોપાંગ શાસ્ત્ર.

યોગ કે સંગીત, વૈદક કે ન્યાય, ખગોળ કે ભૂગોળ, ઈતિહાસ કે ગણિત - કોઈપણ શાસ્ત્રને ભણવામાત્રથી જીવનમાં ઉતારી શકાતું નથી. તે માટે સ્વયં જીવનના ઘડી આપનાર સહાયક - ઉસ્તાદ વિગેરેનો ખપ પડે છે
અને એની આધીનતા સ્વીકારી, એણે બતાવેલાં
એકના એક પ્રયોગને વારંવાર ઘૂંટવો પડે છે.

વાંચવા, સાંભળવા, મોઢે કરવા કે ગોખી લેવા માત્રથી કોઈ શાસ્ત્રને જીવનમાં ઓતપ્રોત કરી શકાતું નથી.
'અધ્યાત્મ શાસ્ત્ર વિશ્વપોષક છે અને જગતને તેની ખાસ જરૂર છે' એમ સિદ્ધ થાય, તો તેને જીવનમાં ઉતારનારા, તેના પ્રયોગોની કાયમ તાલીમ લેનારા અને આપનારા ઉસ્તાદ વર્ગની આવશ્યકતા ઊભી થાય છે.
તે પણ જનસમાજની એ જરૂરીયાતને પૂરી પાડી શકે, તેટલી મોટી સંખ્યા અને બળમાં તૈયારની જરૂરીયાત છે.

આધ્યાત્મિક કે ધાર્મિક જીવન જીવનારા
આ ઉસ્તાદોનું જ બીજું નામ ધર્મગુરૂઓ છે.

ધર્મગુરૂઓની સંસ્થાની આવશ્યકતા સિદ્ધ થયાં પછી

એ સંસ્થા તંત્રબદ્ધ થઈ વ્યવસ્થિત ચાલે, જનસમાજમાં પ્રતિષ્ઠિત બની શકે અને લોકો તેનો સદુપયોગ (લાભ ઉઠાવે, તેવા તંત્રની આવશ્યકતા ઊભી થાય છે અને તે જ 'તીર્થ' કહેવાય છે, જેના સ્થાપકો તીર્થંકર છે. માનવજીવનમાં કલ્યાણ અને વ્યવસ્થા પ્રેરનાર એવા દરેકે દરેક સંસ્થાઓ કરતાં ય ધર્મસંસ્થાનો દરજ્જો પહેલો અને ઊંચો આવે છે અને દરેક સંસ્થાઓના મુખ્ય મુખ્ય જવાબદાર અધિકારીઓમાં પણ તીર્થંકરોનો દરજ્જો સૌથી પહેલો અને ઊંચો છે, તેથી જ તીર્થને સ્થાપનારા સૌ તીર્થંકરો જગત્પૂજ્યો ગણાય છે. સર્વ પ્રાણીમાત્રના જીવનવ્યવહારમાં તીર્થના સ્થાપક તીર્થંકરોનું સ્થાન કેન્દ્રસ્થાને આવે છે, માટે જ આ સિદ્ધચક્ર યંત્રમાં તેમને જ કેન્દ્રસ્થાને ગોઠવવામાં આવ્યાં છે. પ્રાણીમાત્રના જીવનનો વ્યવહાર શુદ્ધ અને નિર્મળ રીતિએ ચાલવામાં નિમિત્ત દયા, પરોપકાર, નમ્રતાદિ સદ્ગુણો છે. જીવન ચલાવવા માટે જરૂરી એ આધ્યાત્મિક સદ્ગુણો અને ભૌતિક સાધનો તીર્થંકરોના તીર્થની વ્યવસ્થાથી ચાલે છે, તેથી જ 'સર્વ જીવોના જીવનમાં કેન્દ્રભૂત તીર્થંકરો જ છે' એમ કહેવું તદ્દન સાચું છે.

મિથ્યાદર્શન = અવિરતિ વડે ગંભીર, સંયોગ - વિયોગના
મોજાંઓથી ઉછળતું છે, મોહના આવર્તોથી ભીષણ છે,
શરીર - મનના દુઃખોરૂપી દુષ્ટ જળચર જીવોથી ભરેલું છે.
વળી તે મહાભયાનક કષાયરૂપી પાતાળ કળશાવાળું છે,
પ્રબળ મનોરથરૂપી ભરતી અને ઓટવાળું છે અને
અત્યંત દીર્ઘ અને દુસ્તાર છે. જૈનધર્મના સ્થાપનો
આખો મદાર તીર્થંકરોના જીવન ઉપર છે. તેઓ જો
બાદ કરાં હોત, તો જૈનધર્મમાં કાંઈ પણ માલ હોત નહિ.

જૈનધર્મની પ્રતિષ્ઠા જગતમાં વિસ્તરેલી હોય,
તો તેમાં કારણભૂત તીર્થંકરોનાં જીવનોની વિશિષ્ટતા છે.
તીર્થંકરોના સર્વોચ્ચ જીવન જ જૈનધર્મની મૂળ મૂડી છે,
જૈનોનો મુખ્ય મદાર, મુખ્ય બળ, મુખ્ય આધાર,
અસ્મિતા કે સ્વાભિમાન, તીર્થંકરોના સર્વોચ્ચ જીવનને
આંગે છે. જૈનધર્મના સ્થાપની મજબૂત જડ પણ તે જ છે.

કદાચ સર્વનાશ થઈ જાય, તો પણ તેથી જ તે
જગતને ફરીને આકર્ષી શકે છે અને ફરીથી જગતમાં
સર્વ પ્રકારની સુવ્યવસ્થાની જમાવટ કરી શકે છે.

જૈનધર્મના સર્વે તીર્થંકરોના જીવન પણ
જો અન્ય તીર્થિકોના ગણાતાં દેવોની જેમ

નિર્માલ્ય, દાંભિક, શિથિલ, ગંદા, અસંપૂર્ણ, અયોગ્ય
હોત તો જૈનધર્મ આટલો દીર્ઘાયુ થઈ શકત નહિ અને
એ જ કારણે જૈનો પોતાની સર્વ પ્રવૃત્તિઓમાં અને
એકંદર જીવનના સર્વ પ્રસંગોમાં તીર્થંકરોના જીવનને
જ વધારે પ્રધાન અને ઉચ્ચ સ્થાન આપે છે. તીર્થંકરોની
પૂજ્યતા તેમની વિદ્વતા, રાજ્યસત્તા કે રૂપ - રંગાદિને
આભારી નથી, કિન્તુ તીર્થંકરપણાંને આભારી છે, જેની
સાથે સંબંધ ધરાવતી પાંચે ઘટનાઓ અર્થાત્ ચ્યવન-
જન્મ - દીક્ષા - કેવળ અને મોક્ષની ઉપાસના જૈનોએ
અપનાવી છે, નહીં કે લગ્ન, રાજ્ય, યુદ્ધ, લીલા કે ક્રીડા.
જગતમાં જે કાંઈ સારાપણ, ઉજ્જ્વળતા, પવિત્રતાદિ
દેખાય છે, તે સર્વ તીર્થંકરોના અતિ ઉજ્જ્વળ અને
પવિત્ર જીવનનો પ્રતાપ - ઉપકાર છે, જે ઊડીને આંખે
વળગે એવો છે, જગજાહેર છે અને અત્યંત ચમકતો છે.

તેઓના જીવનની ભવ્યતા અસંખ્ય આત્માઓને

પોતપોતાના વિકાસસ્થાન ઉપરથી જરા - જરા
વિકાસમાર્ગમાં અનાયાસે અને અગાધ રીતિએ પણ
આગળને આગળ વધારવામાં સબળ નિમિત્તરૂપ થયાં કરે
છે અને એ ઉપકારના બદલામાં જ વિકાસના સાધક

આત્માઓ તીર્થંકરોની યાદ - સ્મૃતિ, સમર્પણ અને
સન્મુખતા ટકી રહે, તેથી જાતિની આરાધનામાં ચોવીસે
ય કલાક - જ્યારે સમય મળે, ત્યારે જોડાયા જ રહે છે.

જગતમાં એકથી ચઢિયાતો બીજો મનુષ્ય મળી જ રહે છે:

કોઈ રૂપમાં, કોઈ ગુણમાં, કોઈ જાતિ કે કુળમાં,
કોઈ બુદ્ધિ કે શાસ્ત્રમાં, કોઈ કળા કે કૌશલ્યમાં,
કોઈ સિદ્ધિ કે સમૃદ્ધિમાં, કોઈ નામ કે ખ્યાતિમાં,

તે સર્વનો પણ ગર્વ ઉતરી જાય, તેવું કોઈ પણ સ્થાન હોય, તો શ્રી તીર્થંકર દેવનું જીવન છે, જે જીવન જો બરોબર સમજ્યું ન હોય, તો ગર્વ, અભિમાન, મદ, અહંકાર, ક્રોધ, રોષ, ઈર્ષ્યા કે અદેખાઈ, માયા, દંભ, અનીતિ કે અનાચાર, આ જગતમાં ભૂલતાં પડી શકાત કે રોકી શકાત નહિ, રોકવાની પ્રેરણા મળી શકત નહિ. એક શ્રી તીર્થંકર દેવનું જીવન જે સઘળાં વિકારોને વધવા દેતું નથી, શમાવી દે છે, ઉગવું જ નહિ પણ

ગમે તેટલા ઉચ્ચ કક્ષાના આત્માને પણ
તે અહંકાર આદિ આવવા દેતું નથી.

ઉચ્ચ કક્ષાના આત્માઓને તે સ્થાને ટકાવનાર અને નીચી કક્ષાના આત્માઓને ઊંચી કક્ષાએ પહોંચાડનાર,

પરીચયના માટે પ્રેરણાના પાન કરાવનાર કોઈપણ હોય, તો તીર્થંકરોનું અતિ ઉજ્જ્વલ, ઉચ્ચ અને આદર્શભૂત નિર્મળ જીવન જ છે. સર્વ જીવોના હિતપથમાં સર્વ કાળે એકસરખી રીતે ઉપકારક તીર્થંકર દેવોનો ઉપકાર સ્મૃતિપટ ઉપર તાજો રહ્યા કરે તથા વિસરાઈ ન જાય, એ કારણે તેઓશ્રીની વિદ્યમાનતામાં કે અવિદ્યમાનતામાં તેઓશ્રી પ્રત્યેની સન્મુખ વૃત્તિ ટકાવી રાખવાને માટે તેઓશ્રીની પ્રતિમાઓ દ્વારા ભક્તિ કરવાની અનેક પ્રકારની ગોઠવણી યોજનામાં આવી છે, તે અનુસાર ભવ્યાત્માઓ તેમની આરાધના કરે છે અર્થાત્ વંદે છે, પૂજે છે, સ્તવે છે. તે માટે જો અવકાશ ન હોય, તો છેવટ પ્રભુનું નામસ્મરણ કરીને પણ સંતોષ માને છે. હિતમાર્ગમાં આગળ વધેલાં મહાત્માઓ ભગવાનના ઉપદેશ અને આજ્ઞાઓનો યથાશક્તિ અમલ કરીને તેઓશ્રીની આરાધના કરે છે, તેમનું જીવન યાદ કરે છે તથા એમની યાદીમાં જ સમગ્ર જીવન પૂર્ણ થાય, તેવી ઇચ્છા રાખે છે. પોતાના જીવનના પારમાર્થિક અને વ્યાવહારિક ગુંચવાડાઓના પ્રસંગે પણ તેઓ ભગવાનને ભૂલવા રાજી હોતાં નથી.

ધાર્મિક યા વ્યાવહારિક, સુખી યા દુઃખી, કોઈપણ-
દરેકેદરેક પ્રસંગોમાં તેમનું સાન્નિધ્ય છોડતાં નહિ યા
તેઓને ભૂલતાં નહિ, જગત ઉપરના તેઓના મહાન
ઉપકારો જ સમજદાર આત્માઓને તેમ કરવા પ્રેરે છે,
તેમ કરવાનો ઉત્સાહ પણ ઉત્પન્ન કરે છે અને
બળાત્કારે પણ તેમ કરવાનું મન કરાવે છે.

ભગવાનનો મહાન ઉપકાર કેવી રીતે મનાય?

તે ઉપકારને સમજનારાઓ કેવળ તેમની પ્રતિમાઓને
જ પૂજે છે એમ નહિ, કિન્તુ તેઓના જીવન સાથે સંબંધ
ધરાવતી અને તેમના ઉપદેશ સાથે સંબંધ ધરાવતી
પ્રત્યેક ઘટનાઓને અપનાવે છે અને પ્રત્યેકને પૂજે છે,
માને છે અને સત્કારે છે. દિવસે કે રાત્રે, સામાન્ય દિવસોએ
કે વિશિષ્ટ દિવસોએ, ત્યાગી કે સંસારી, તીર્થંકર દેવના
નામસ્મરણ, ગુણગાન આદિ કરવા ચૂકતો નહિ. એ
માટે તેમની પ્રતિમાનું દર્શન કર્યા વિના અન્ન કે જળને
પણ ત્યાગી કે સંસારી પણ લેતાં નહિ. આખો દિવસ
દર્શન ન થાય, તો તે ઉપવાસ - ખાનપાનનો ત્યાગ -
ત્રિકાળ દર્શન અને ૭ વાર ચૈત્યવંદન ફરજિયાત કરે છે.
નવરાશ મળી કે તેમના નામનો જાપ કરે છે.

એકંદરે તીર્થંકરોના વિવિધ પ્રકારની આરાધનાની વિરતની કરુણા, તેમનો ઉપકાર સમજનાર આત્માઓને મન જાણે જુદા માધ્યમોની કૃતિઓની જેમ વંદનાકારક લાગે છે. તીર્થંકરો તરફની આ મહતી પૂજ્ય ભાવના-ભાવના પરિણામે જ ઠામઠામ મોટાં મંદિરો સ્થાપિત થયાં છે, તેમાં સંખ્યાબંધ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થઈ છે, મોટા શહેરો, કલ્યાણકના સ્થળો અને બીજા પણ મહત્વના સ્થળોમાં સંખ્યાબંધ મંદિરો અને પ્રતિમાઓ અસ્તિત્વમાં આવેલ છે, સમસ્ત પૃથ્વી આ જિનમંદિરોથી મંડિત થઈ જાય, એવી સુભાગ્ય પળની તેવા આત્માઓ હંમેશા ઊંડી તમન્ના અથવા ઝંખના રાખ્યા કરે છે.

આધુનિક સંસ્કૃતિના પૂજકને મન -
દુનિયાના પ્રત્યેક સ્થળે, ગામડે - ગામડે,
શાળા, હોસ્પિટલ, પોસ્ટ ઓફિસ, ડાક બંગલાઓ આદિ
સ્થાપવાની અને દાખલ કરવાની મહત્વાકાંક્ષા હોય છે,
તેનાં કરતાં કંઈ ગુણી મહત્વાકાંક્ષા
આ તીર્થંકરદેવોના ઉચ્ચ ગુણોને પીછાણનાર આત્માઓને
તેઓશ્રીની સ્મૃતિને તાજી રખાવતાં મંદિરો અને
મૂર્તિઓનું પ્રતિષ્ઠાપન કરવાની હોય છે.

## શ્રી જિનમંદિરોનું માહાત્મ્ય

જૈનદર્શન માને છે કે શ્રી જિનમંદિર એ તો આર્ય
સંસ્કૃતિના કેન્દ્રસંસ્થા - ધાર્મિક જીવનનું લક્ષ્યબિંદુ છે,
ત્રણે કાળ જિનભક્તિ ઉત્તમોત્તમ કર્તવ્ય છે,
આ ભવ તથા ભવાન્તરમાં થતાં જીવનાભ્યુદયમાં તે
જિનમંદિરો સર્વથી બળવત્તર નિમિત્ત છે,
જિનાલયોમાં જ નાની કે મોટી સર્વ ધાર્મિક પ્રવૃત્તિઓ
સીધી કે આડકતરી રીતે ઉદ્ભવે છે,
વિશ્વમાર્ગને અનભિમુખ પ્રાણીને અભિમુખ બનવા માટે
આગમ ઉપદેશવાણી ઉચ્ચારતું તે મૂંગું પુસ્તક છે,
ભૂલા પડેલાં ભવાટવીના મુસાફરોને
માર્ગ બતાવવા માટે જિનમંદિરો તો દિવાદાંડી છે,
આધિ - વ્યાધિ - ઉપાધિના ત્રિવિધ તાપથી બળ્યાં-ઝળ્યાં
આત્માઓને વિશ્રાંતિ લેવાનું એક અનુપમ સ્થાન છે,
મોહ અને કર્મના હુમલાઓથી ઘવાયેલાં દિલોને
રૂઝ લાવવા માટે સંજીવિની ઔષધિ છે,
પહાડી ભેખડો અને ભાંખરાઓમાં કલ્પતરુ છે.
જિનમંદિરો સળગતાં વડવાનલમાં હિમકૂટ છે,
ખારા સાગરમાં મીઠી વીરડી સમાન છે.

જિનમંદિરો એ સાધુ - સંતોના જીવનપ્રાણ છે,
દુર્જનોને અમોઘ શાસન છે,
ભૂતકાળની પવિત્ર યાદ છે,
વર્તમાન કાળનું અલૌકિક વિલાસભુવન છે,
ભાવિકાળનું ભાથું છે, સ્વર્ગની સીડી અને મોક્ષસ્થળ છે.
જિનમંદિરો તો નરકના માર્ગમાં દુર્ગમ પહાડ છે,
તિર્યંચગતિના દ્વાર આડે મજબૂત અર્ગલા કે ભૂંગળ છે.
મંદિર કરાવવામાં દ્રવ્યની જરૂરીયાત અથવા
જિનજરૂરીયાતનો વિચાર કરવાનો રહેતો નથી.
મંદિર કરાવવાની ઇચ્છા થઈ,
ત્યારથી જ તે ભાવનાના બળથી અલૌકિક દિવ્યત્વમાં
તેટલી પ્રગતિ તથા સ્થાયી ભાવના સંસ્કાર પડી જાય છે.
ભગવાનની પૂજામાં આશાતના ટાળવી જોઇએ,
પરન્તુ તે ન ટળી શકે તેમ હોય,
તો પણ પૂજા કે દર્શન નહિ છોડવા જોઇએ,
કારણકે પૂજા અથવા દર્શન ન કરવા,
એ જ સૌથી મોટી આશાતના છે.
તીર્થંકરોના દર્શન - પૂજનથી વંચિત ન રહે,
એવા ઉદ્દેશથી જ મોટાં મોટાં તીર્થો બંધાય છે.

મોટાં મોટાં યાત્રાગમન સમારંભો,
રથોત્સવો, મહાપૂજા અને એવા બીજા ઘણા
ઉત્સાહવર્ધક પ્રવૃત્તિઓ કરીને લાખ્ખો નરબંધુ-
તેઓના પૂજા કરવાના મનનું વલણ જાગ્રત કરવા
અને જાગ્રત રાખવા માટે પ્રયત્નો કરવામાં આવે છે.
લાખ્ખોનાં ગુરુઓના દાતાઓથી
આમ કર્યા સિવાય રહી શકાતું જ નથી.
ગમે તેવા પ્રવૃત્તિમાં પડેલો મનુષ્ય પણ
એ ઉત્સવોનાં વાજંત્રોના પડઘાઓથી પોતાના કામમાંથી
માથું ઊંચું કર્યા સિવાય રહી શકતો નથી, તેથી જાણે-
અજાણે એ દિવ્યમાર્ગના બીજ આત્મામાં પડી જાય છે.
લાખ્ખો પરમાત્માની સન્નિધાનમાં ઉતરી શકે તેવા
સમર્થ અને સન્માર્ગદર્શક, તેટલા વિશ્વાસપાત્ર વ્યક્તિ
હજુ સુધી કોઈપણ આ જગતમાં જોવામાં આવ્યા નથી
અને જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી તેમના ઉપરનો
વિશ્વાસ અને તેમનો કલ્યાણમાર્ગ જ જગતના સૌ
પ્રાણીઓને અંતિમ આધાર અને અંતિમ શરણરૂપ છે.
એમના જેટલાં ત્યાગ-નિઃસ્વાર્થતામાંથી જન્મેલાં ઉપદેશમાં
લેશ માત્ર આડે રસ્તે દોરવાઈ જવાનો સંભવ નથી.

મહાવીર સમાન તીર્થંકરોની અવર્ણનીય વિશિષ્ટતાઓ:

નગ્નત્વ, ૧૨ાા વર્ષમાં માત્ર ૩૪૯ પારણાં,
ઓછામાં ઓછો છઠ્ઠનો તપ,
ચોવિહારા ઉપવાસને પારણે પણ
અભિગ્રહ જેવું મળ્યું તેવું ભોજન,
રાત્રિની નિદ્રા માત્ર બે ઘડીની,
ઉપસર્ગના અતિ કષ્ટ આવતે પણ સમત્વ,
તીર્થંકરોને પોતાના શરીરના આરામની, સારી પથારીની,
કપડાંલત્તા અથવા શરીરની ટાપટીપની,
ભોગ - વાસનાની, સારું ખાવા - પીવાની,
ઉપદેશક થવાની કે સારા કહેવડાવવાની
કદી પણ મનથી ય અપેક્ષા ન હતી.
ઉપરોક્ત વસ્તુની ઊંડે ઊંડે પણ
જેટલાં પ્રમાણમાં અપેક્ષા રહેવાની,
તેટલાં પ્રમાણમાં ઉપદેશમાં શિથિલતા આવવાની જ.
આવું સમજનાર સર્વ તીર્થંકરોએ અનેક પ્રકારની
કસોટીઓમાંથી પસાર થયાં બાદ તથા
પોતાની અપ્રતિમ વીતરાગતા સિદ્ધ કર્યા પછી જ
લોકકલ્યાણનો ઉપદેશ આપ્યો છે.

એ આપણા દરેકની ફરજ છે કે:

એ કલ્યાણમાર્ગના ઉપદેશકનો અવાજ -

તેનો રણકો પ્રાણીમાત્રના હૃદય સુધી પહોંચાડવો.

આધુનિક ઈતિહાસે વ્યક્ત કરતાં

એ મહામાર્ગની કિંમત ઘણી જ મોટી છે.

એના ટકાવથી છેવટે વ્યક્તિ અને તેના

ચારિત્રને ભવિષ્યમાં ય લાભ અને પોષણ મળવાનું જ.

જે મહાન ગુરુઓએ તીર્થંકરોને નજરોનજર જોયેલાં,

જેમના વચનામૃતોનું સીધેસીધું પાન કરેલું,

જેમના સંગત પરિચયમાં લાંબો વખત આવેલાં,

જેમના અગાધ જ્ઞાનધ્યાનની અનેક વાર અનેક રીતે ખાત્રી

કરી જેટલો બની શકે તેટલો એ પ્રકાશનો સંચય કરેલો,

તે બધું ઉત્તરોત્તર ટકાવી રાખવા માટે.

ચરિત્ર, ઉપદેશ, અનુભવ, અનુભૂત પ્રયોગો વિગેરે

જે અસાધારણ વ્યક્તિઓને સોંપાયું, તે પલ્લવિત થઈને

આગળ ઉપર જતાં મોટું સ્વરૂપ પકડી લે છે.

તીર્થંકરોનું સ્થાન જૈનોના અંતરમાં એટલું ઊંચું છે કે

તેમની ખાતર સર્વસ્વનો ભોગ આપવા તેઓ તૈયાર

રહી શકે છે. પોતાનું સર્વસ્વ તેમનું જ છે, એમ માને છે.

પોતે જે કાંઈ પોતાને મળેલું ભોગવે છે અને
તેમની સેવામાં ખર્ચી શકતો નથી, તેમાં પોતાની
આધ્યાત્મિક નિર્બળતા સમજે છે, તેથી ન છૂટકે જ અને
જરૂર પૂરતું જ ભોગવે છે. જરૂર ઉપરાંત ભોગવતો નથી,
એટલું જ નહિ પણ પોતાને મળેલી સગવડોનો ઉપયોગ
વિશ્વકલ્યાણમાં અધિક ઉપયોગી થાય,
તેવી જ રીતે ભોગવવાનો પોતાનો અધિકાર સમજે છે.
પોતાના જીવનની સર્વ ઉદાત્તતા તેમને જ સમર્પે છે.
પોતાનું સર્વ કલાધન, શિલ્પ, સંગીત કે ચિત્ર,
વાદ્ય, નૃત્ય કે વાજિંત્ર, ભાષાની કે વિચારની સમૃદ્ધિ,
વસ્ત્રો અને ખાન-પાનની સુરુચિઓ, બાગબગીચાની
પુષ્પ સમૃદ્ધિઓ વિગેરે તેમને જ અર્પણ કરે છે.
ધ્યાન, જાપ, મંત્ર, તંત્ર, આચાર તથા વિચાર, ધૈર્ય,
શૌર્ય, સાધન, ભજન, મનનાદિ સર્વ વડે
તેમની જ માનસિક મૂર્તિ સ્થાપિત કરે છે.
આધ્યાત્મિક ટોળાં, કૂટાળાં, મેળાં અને ઉપાલંભો તન્મય
થઈને જ ઉચ્ચારે છે. સૌ તીર્થંકરોની પૂજ્યતા વ્યાપકરૂપે
જીવનમાં સર્વત્ર વહાઈ જાય, તેવો પ્રયાસ કરે છે.
ઉત્સવ-મહોત્સવો-મહાપૂજાઓ તેના પ્રત્યક્ષરૂપે છે.

તીર્થંકરોના એ સ્તવન - ભજનમાં કોઈ પણ જાતની કૃત્રિમ લાગણી હોતી નથી. ભૂતકાળનું પતન, ભાવિ વિકાસની આશા, વર્તમાનમાં તેઓશ્રીની મદદની અપેક્ષા, બસ, મહાજીવનની ભક્તિ એક ધ્યેયપર તેઓના વિચાર - વાતાવરણમાં હોય છે. ચાલુ જીવનની તાલાવેલી તો લગાતાર ભૂલવામાં જ મસ્તતા મનાયેલી હોય છે. તીર્થંકરો તરફની મદદની આશા માત્ર અંતિમ વિકાસે પહોંચવા માટેની જ હોય છે. સ્તુતિ, સ્તવનો, ધાર્મિક ક્રિયાઓ, આચારોના સૂત્રો આજે પણ તે વાતની સાક્ષી પૂરે છે.

તે બધામાં કેવળ આત્મમોક્ષ સાધવાની જ
એક માત્ર મહત્વકાંક્ષા રહેલી હોય છે.

જૈનોની તીર્થંકરો પરત્વેની ભક્તિ ગાંડી - ઘેલી નથી, તે સહેતુક છે. તેની પાછળ ઊંડામાં ઊંડા આધ્યાત્મિક તત્ત્વો, માનસશાસ્ત્રના પ્રયોગો અને નૈતિક સિદ્ધાંતો કાર્ય કરી રહ્યાં છે, તે આજે પણ તેના વ્યવસ્થિત વિવેચનો, આગમ સૂત્રો અને તેની સાથે સંબંધ ધરાવતાં દરેક સાહિત્યમાં પુષ્કળ પ્રમાણમાં નજરે પડે છે.

જૈનોનો દાવો છે કે આજે જો તીર્થંકરોને પૂજશો છતાંય, તેમના ત્યાગ, વૈરાગ્ય અને આધ્યાત્મિક જીવનની સાથે

તુલના કરી શકે, તેવા કોઈપણ અન્ય વ્યક્તિને આ
જગતમાં બતાવો, તો અમે તેને પૂજ્ય માનવા અને
પૂજવા તૈયાર છીએ. તીર્થંકરોના અદ્ભુત ધાર્મિક
જીવનો આપણને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે, અમારા
હૃદયમાં ભક્તિનો ધોધ વહેવડાવે છે, તેથી જ અમે
તેમને દેવાધિદેવ, વિશ્વાસ્ય, ઉપાસ્ય, આરાધ્ય, આદર્શ
અને માર્ગદર્શક માનીએ છીએ અને એથી કારણકે
તેઓના જ ઉપદેશ ઉપર વિશ્વાસ રાખીએ છીએ

અને

તેઓએ બતાવેલાં ધર્મમાર્ગને વળગી રહીએ છીએ.

જ્યાં સુધી એવા એવા ભાળ ન મળે,

ત્યાં સુધી તીર્થંકરોને જ વળગી રહેવામાં

અમે જૈન મહાજનો કશું જ અયોગ્ય કરતાં નથી.

તીર્થંકરોના આ ઉદાત્ત જીવનો જ્યાં સુધી

આ ત્રિલોકના મુકુટમાં વિદ્યમાન છે,

ત્યાં સુધી આ જૈનધર્મના પાયાને હચમચાવવા

કે ઢીલા કરવા માટે કોઈપણ સમર્થ થઈ શકશે નહિ.

ગમે તેવા ઝંઝાવાતો વચ્ચે પણ

જૈનધર્મ સ્થિર - સ્થિર અને સ્થિર જ રહેશે.

જૈન મુનિપણું છે શેનું સાધન ?

આત્મિક વિકાસમાર્ગમાં પ્રગતિ કરવા માટે
બાહ્ય આલંબનોની ઘણી જરૂર છે.
સ્વયંસંબુદ્ધ, તીર્થસિદ્ધ અથવા અન્યલિંગ સિદ્ધાદિ
થોડીક જ વ્યક્તિઓને છોડી બીજાઓને પ્રગતિના પંથે
ચઢવા આલંબનો કે સહાયની પરમ આવશ્યકતા રહે છે.

જૈન સાધુપણું એ સ્વતંત્ર જીવનની
ખુમારીનો અદ્ભુત અનુભવ લેવાનું સ્થાન છે.

જૈન સાધુપણું એ આધ્યાત્મિક પ્રગતિના માર્ગે
જોવા અને જાણવાનું પ્રબળ સાધન છે.
ઉદાત્ત જીવનની મજા, પરમ જીવનનો રસાસ્વાદ અને
સ્વતંત્ર જીવનની ખુમારી અનુભવવા માટે
જૈન મુનિપણું એ જ એક સાધન છે.
ફસાયેલાં - પરાધીન અને બંધન જીવનની
ગર્તામાંથી છૂટવા માટે અને તદ્ ઉપરાંત
ઉત્તમ સ્વાધીન અને સ્વતંત્ર જીવનના
સૌથી શ્રેષ્ઠ તથા ઉન્નત પંથે આવવા માટે
મહાન ગુરુઓની હાજરીની અથવા તેમની કૃપા થકી
સાક્ષાત્ સહાયની પરમ આવશ્યકતા છે.

## આદર્શ ગચ્છો કેવા હોય ?

(1) સન્માર્ગની ઉદ્ઘોષણા કરનારા. (2) સન્માર્ગ તરફ આંગળી ચીંધનારા. (3) સન્માર્ગ તરફ જ્ઞાનદીપકને ધરનારા. (4) ભાંગ્યાં - તૂટ્યાંને આશ્વાસન અર્પનારા. (5) પદદલિતને છાતીએ ચાંપનારા. (6) આદર્શ જીવન દ્વારા મૂંગા પણ પ્રગતિના માર્ગ તરફ આકર્ષનારા.

(7) પ્રગતિમાર્ગના આદર્શને ટકાવી રાખનારા.

(8) પ્રગતિમાર્ગના ક્રીયાણાના ભારને વહન કરનારા.

(9) પ્રગતિમાર્ગના મુસાફરોને સફર કરાવનારા.

(10) ડૂબતાંને બચાવી લેનારા - કાષ્ઠનાવા રૂપે.

(11) અંધકારમય જમાનાઓમાં પણ અગાધ જ્ઞાનના ઝરણાઓને વહન કરનારા.

આવા પોઠીઆઓની જરૂર દરેક કાળે કોઈપણ વિચારશીલ દુન્યાની અવસ્થા માટે ભુલાયા વિના રહેશે નહિ. આવાઓના સ્થાને દંભી, લોભી, લાલચુ, શઠ, સ્વાર્થી, દુઃશીલ, ઉન્માર્ગગામી, ઉન્માર્ગદર્શક વિગેરે દુર્ગુણોવાળા ન ઘુસી જાય, તેની સાવધાની પણ પૂરેપૂરી રાખવી જોઈએ, કારણકે તેવાઓ પત્થરની નાવ જેવા સ્વયં ડૂબે છે અને તેમાં બેસનારને પણ ડુબાડે છે.

(1) બાલબુદ્ધિને ગુરુ કેવા લાગશે?

આદર્શ ગુરુઓની શાંતિ ઉનાળામાં બરફ જેવી શીતળ અને તેમનો પ્રભાવ શિયાળામાં અગ્નિ જેવો આકર્ષક લાગે.

(2) મધ્યમબુદ્ધિને ગુરુ કેવા લાગશે?

એ જ ગુરુઓ સદ્વર્તનના કડક નિયમોને પાળનારા અને ચારિત્રના બારીકમાં બારીક નિયમો પાળવામાં સદોદિત જાગ્રત રહેનારા લાગશે. તેમનું જાહેર અને ખાનગી જીવન બારીકમાં બારીક મુદ્દા ઉપર પણ એકસરખું લાગશે.

(3) પંડિતોની દૃષ્ટિએ ગુરુ કેવા લાગશે?

પંડિતોને એ જ ગુરુઓ મહાન બુદ્ધિશાળી, સભ્યતાની ટોચે પહોંચેલા, સૂક્ષ્મ દૃષ્ટા, જગતના સર્વ વ્યવહારોના અદ્ભુત રહસ્યોને ઉકેલનારા તથા ચમત્કારિક જીવનના ઉલટ - સુલટ પ્રયોગો જાણનારા લાગે.

એ રીતે ત્રણે જાતિના પાત્રોને પોતપોતાના તરફ આકર્ષી શકે, સૌને તેની યોગ્યતા મુજબ સન્માર્ગના પ્રયોગોરૂપી સોનેરી ટુકડાઓની લ્હાણ કરે, તેવા ગુરુ હોવા જોઈએ. ટૂંકમાં જ્ઞાન - ક્રિયા, ત્યાગ - વૈરાગ્ય, દયા, પરોપકાર, સ્વપરના હિતકરની તીવ્ર ધગશ ઇત્યાદિ ગુણોને ધારણ કરનારા હોવા જોઈએ.

## <u>ગચ્છતત્ત્વમાં ચારિત્રનું માહાત્મ્ય</u>

ચારિત્ર એ ગચ્છઓનું મુખ્ય લક્ષણ છે.
જ્ઞાનીના ગુણો તેમનું સ્વરૂપ - ભૂષણ છે.

ચારિત્ર ન હોય અને જ્ઞાન અનેક ગુણો હોય, તો પણ તે સાચા ગચ્છ નહિ, કિન્તુ જો જ્ઞાન ખાસ ગુણો ન હોય અને ચારિત્ર હોય, તો તે ગચ્છ છે. જ્ઞાન ગુણો હોય તો શોભારૂપ છે. લડવૈયાને લડતાં આવડવું જ જોઈએ, સંગીત આવડે તો તે શોભારૂપ છે. વૈદ્યને રોગ મટાડતાં આવડવું જ જોઈએ, ઈતિહાસિક જ્ઞાન હોય, તો તે શોભારૂપ છે, તેમ ગચ્છમાં જ્ઞાન, ઉપદેશની શક્તિ, ભાષાચાતુર્ય, રૂપ, વાદશક્તિ વિગેરે જેટલાં ય ગુણો હોય, તો તે સર્વ શોભારૂપ છે, પરન્તુ માગગામી ચારિત્ર, એ તો ગચ્છતત્ત્વનો મુખ્ય પ્રાણ જ છે.

જ્ઞાન ગુણો ન હોય, એકલું ચારિત્ર જ હોય,
તો પણ તે ગચ્છ તરીકે માનવા લાયક છે.

<u>ગચ્છમાં ઓછામાં ઓછું આટલું હોવું જોઈએ:</u>
(1) કર્તવ્યપાલન માટે જાગૃતિ (2) સર્વ પ્રકારના અર્થસંગ્રહનો ત્યાગ (3) ગુર્વાજ્ઞા પરતંત્રતા (4) ધાર્મિક અનુષ્ઠાનોનું નિયમિત આચરણ (5) સમ્યક્ત્વની દૃઢતા.

## ઉપદેશ માટે ખાસ શરત કઈ હોવી જોઈએ?

જગતના સાચા અને સિદ્ધ સત્યો તરફ
અતૂટ અને દૃઢ વિશ્વાસ, તે સિદ્ધ સત્યોને અનુસાર
ઘડાયેલ શિષ્ટમાન્ય પ્રગતિમાર્ગને અનુસરતો જ ઉપદેશ,
તેથી વિરુદ્ધ માર્ગે જતો કે તે માર્ગથી ચ્યુત કરતો
ઉપદેશ તો નહિ જ, પછી તે ઉપદેશમાં ભલે
જાણવું ઊંડાણ કે ભાષાની છટા ન પણ હોય.

**જનસમાજમાં અનેક પ્રકારની યોગ્યતાવાળી વ્યક્તિઓ અને તેના સમૂહો હોય જ છે, જેમકે:**

તત્ત્વાભ્યાસ માટે બ્રાહ્મણો, લોકસેવા માટે વૈશ્યો,
ત્યાગ વિગેરે માટે જૈનો અને શૂરવીરતા માટે ક્ષત્રિયો.
ત્યાગ - વૈરાગ્ય માટેનો યોગ્ય વર્ગ નાનો પણ હોય,
છતાં તીર્થંકર દેવોનો આધ્યાત્મિક વારસો તો
તેઓ જ ટકાવી શકે. તીર્થંકર દેવોના વારસાથી અને
તેના પ્રકાશથી પરિચિતપણું ન હોય અને બાકી
બધા ગુણો હોય, તો પણ તે વ્યક્તિ નકામી ઠરે છે.

**મુખ્યત્વે ૩ વર્ગ પડી જાય:**

| | |
|---|---|
| સમ્યગ્જ્ઞાન | ઉત્કૃષ્ટ |
| સમ્યગ્દર્શન | મધ્યમ |
| સમ્યક્ચારિત્ર | જઘન્ય |

ઉત્કૃષ્ટ સમ્યગ્દર્શની શાસનપ્રભાવક હોય અને
મધ્યમ સમ્યગ્દર્શની શાસનરક્ષક હોય.
ઉત્કૃષ્ટ સમ્યગ્જ્ઞાની પૂર્વધર હોય અને
મધ્યમ સમ્યગ્જ્ઞાની ઉત્તમ ગ્રન્થકાર હોય.
ઉત્કૃષ્ટ સમ્યક્ચારિત્રી મહામુનિ હોય અને
મધ્યમ સમ્યક્ચારિત્રી પ્રતિષ્ઠિત મુનિ હોય.
બાકી બધા જઘન્ય હોય.

આજની યુનિવર્સિટીમાં એ ત્રણે પ્રકારની પરીક્ષા નથી,
છે માત્ર જ્ઞાનની અને તે પણ દુન્યવી જ્ઞાનની.
વળી એ પરીક્ષા હોય છે પ્રાચીન સંસ્કૃતિ વિરુદ્ધની
અને આધુનિક સંસ્કૃતિને પોષતી.
તોય તેને લગતી જ દર્શન અને વર્તનશક્તિ ધરાવનારી
વ્યક્તિઓને અધિકાર પદે ચઢાવવામાં આવે છે.
આજની સંસ્કૃતિમાં માર્ગાનુસારી શિક્ષણ નથી, કિન્તુ
માર્ગ વિરુદ્ધ - ઉન્માર્ગગામી શિક્ષણ છે.
મુનિસંસ્થા રૂપી યુનિવર્સિટીમાંથી સમ્યગ્દર્શનપ્રધાન અનેક
વ્યક્તિઓએ પોતાના પુરુષાર્થથી ધર્મપ્રભાવના કરી છે.
સમ્યગ્જ્ઞાનપ્રધાનોએ મહાગ્રન્થો - ટીકાઓ લખી છે.
સમ્યક્ચારિત્રપ્રધાન વ્યક્તિઓ, મહાન તપસ્વીઓ,

આદર્શ ત્યાગીઓ અને ઉત્તમ ચારિત્રશીલ મહાત્માઓએ સ્વપરનું અનેકવિધ કલ્યાણ કર્યું છે. મુનિસંસ્થા તરફથી આજે ઘણા યોગ્ય આત્માઓનું ઘડામણ, પાલન, પોષણ, આપાદ, પરિવાર અનેક પ્રકારે થઈ રહ્યું છે.

<u>બાહ્યાચાર</u>: આજે જૈનોનો બાહ્યાચાર સાધારણ જનસમાજને તો આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવો જ છે. તેઓને મન સાધારણ ગણાતાં આચારો પણ મહાન ત્યાગનો આદર્શ પૂરો પાડવા બસ છે. પૂર્વ મહર્ષિઓના હિસાબે પોતે માત્ર યત્કિંચિત છે, અલ્પ કોઈ શક્તિ, એવી ભાવના સદા તેઓના હૃદયમાં જાગ્રત રહે છે. જ્ઞાન - ક્રિયા, અનુભવ - તાલીમ, ઉભયનો સુમેળ છે. શુષ્ક જ્ઞાની કે શુષ્ક ક્રિયાકાંડી હોત, તો તેઓનું સ્થાન આટલું ઊંચું ન હોત. જે વસ્તુના નિરૂપણના પ્રતાપે જ જગતમાં પોતાનું સર્વોપરિ સ્થાન ટકાવી રાખ્યું છે. <u>જગતના તમામ સંસ્કારી માનવીઓમાં સૌથી પહેલી નજર જો કોઈની આવે, તો તે જૈન મુનિઓ જ હશે.</u> જગતમાં દૃષ્ટિગત થતાં જ્ઞાનમાં સાચા જ્ઞાનનો અભાવ છે. ઉઘાડે પગે - ઉઘાડે માથે વિહાર કરતાં મુનિઓ જો માથે કપડું રાખે, તો માત્ર દયાના કારણે જ.

જૈન મુનિઓ માથે કેશનો લોચ કરે છે, પરન્તુ
દેશ કે જાતિસૂચક પાઘડી કે ટોપી પહેરતાં નથી.
તીર્થંકરો અને મહાત્મા બુદ્ધો ભારતભૂમિમાં થયાં છે.
તેમના સ્મારકો તથા ઉપદેશના કિરણો અહીંના લોકોના
હૃદયમાં છે. મોક્ષ માટેની આધ્યાત્મિક સામગ્રી ભારતના આ
ભૂપ્રદેશમાં છે, તેથી જ જૈન મુનિઓ અહીં રહે છે પણ
તેમને મન સ્વદેશ અથવા તો પરદેશ જેવું છે નહિ.

આ સદીનો ચમત્કાર એટલે જૈન મુનિઓ.

જૈન મુનિઓ વાહનમાં બેસતાં નથી,
લાંબો વખત એક સ્થાનમાં રહેતાં નથી,
રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરે છે,
જરૂર પૂરતાં જ વસ્ત્ર અને પાત્ર રાખે છે,
પાત્રા પણ લાકડાના અને સાદા જ રાખે છે,
ભિક્ષા માંગીને ઉદરનિર્વાહ કરે છે,
પોતાની પાસે પૈસા - ટકા રાખતાં નથી,
દુષ્કાળ કે આફત વખતે પણ બીજા દિવસ પૂરતી
ખાન - પાનની સામગ્રીનો સંચય પણ કરતાં નથી,
તેઓ હાથે રસોઈ કરતાં નથી તથા કરાવતાં ય નથી,
કોઈ ચીજ ખરીદતાં નથી અથવા ખરીદાવતાં નથી,

ક્ષુધા વખતે પણ પક્વ ફળો વૃક્ષ ઉપરથી ક્યારેય
તોડીને ખાતાં નહિ અને તોડાવતાં પણ નહિ.
ગમે તેટલી તૃષા લાગી હોય, છતાં પણ તે વખતે ય
જળાશયનું પાણી કે ઠંડું પાણીનું બિંદુ પણ લેતાં નહિ.
ગમે તેવી ઠંડીમાં પણ અગ્નિનું સેવન કરતાં નહિ.
ગરમીમાં પવન માટે પંખાનો ઉપયોગ કરતાં નહિ.
વરસાદમાં છત્રી કે કાદવમાં ય પગરખાં વાપરતાં નહિ
અને પોતાનો બોજ પોતે જ ઉપાડે છે.
રહેવાનું માલિકીવાળું સ્થાન હોતું નહિ,
મકાન આપનારની ખાદ્ય વસ્તુનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે.
રાજાને ત્યાંથી આહારાદિ લેતાં નહિ.
રેડિયો, મોટર, એરોપ્લેન, નાટક, સીનેમા, ટોકીઝ,
બીડી, સીગારેટ, પાનનો તેમને સર્વથા ત્યાગ હોય છે.
એક મનુષ્ય તરીકે જન્મ મળ્યો, તેથી મનુષ્યની જેમ
તેમને કેટલાંક સુખ-સગવડો મેળવવાનો - ભોગવવાનો
હક્ક હોય છે, તે સર્વનો તેમણે ત્યાગ કરેલો હોય છે.
સ્વજન - કુટુંબીઓ સાથેનો સંબંધ તો દીક્ષાની શરૂઆતથી
જ છોડેલો છે. બદલાની આશા વિના ધર્મોપદેશ આપે છે.
પોતાની જરૂરીયાતની ચીજ યાચનાથી જ મેળવે છે.

તમામ જૈનમુનિઓનું શિષ્ટસમ્મત - કસોટીરૂપ ભરપૂર
સર્વસામાન્ય ધાર્મિક અનુષ્ઠાનોનું આચરણ હોય છે,
કોઈના દબાણ કે લાલચથી નહિ. કોઈની ખુશામત માટે કે
છૂપો સ્વાર્થ સિદ્ધ કરવા માટે પણ નહિ, કિન્તુ સ્વેચ્છાથી,
ઊંડી લાગણીપૂર્વકની સમજથી, મહાન અને ઉદાત્ત જીવનના
ધ્યેયથી, ઉત્તમ પરિણામો અને આદર્શની દૃષ્ટિથી કરે છે.

બાહ્ય દૃષ્ટિથી નહિ તો પણ
કઠિન મુનિઓના આચારના પાલનની ખાતર પણ
સ્વાધ્યાય, સંયમ, સાદાઈ, ક્ષમા, સરળતા, નિર્લોભિતા,
નિઃસ્વાર્થતા, ઉદારતા, ત્યાગ, બ્રહ્મચર્ય વિગેરે ગુણોના
પાલનની સચોટ તાલીમ ટકાવી જ રાખવાની હોય છે
અને સાથે તેના બદલામાં બાહ્ય અનેક
નૈતિક ગુણોની સહાયથી જ ખીલવણી થાય છે.
જો - પાંચ અથવા માત્ર દશ વર્ષ નહિ... પરન્તુ
જીંદગીભર આવું જવાબદારીવાળું જીવન
સમતોલપણે ટકાવી રાખવું પડે છે.
જો, પાંચ વર્ષ જેલ ભોગવવામાં એટલો પુરુષાર્થ નથી
કે જેટલો સ્વેચ્છાથી આજીવન પર્યન્ત આવું
અત્યંત કસોટીવાળું જીવન નિભાવવામાં છે.

ગમે તેવા બુદ્ધિમાન વિદ્યાર્થીને પ્રશ્ન પાસ થવા માટે
જેમ કોલેજના ઠરાવેલા સંપૂર્ણ હાજરીના દિવસોની
નિયત ગણાય છે, તેમ અહીં પ્રશ્ન લાંબો દીક્ષાપર્યાય
યોગ્યતામાં વધારો કરનાર ગણવામાં આવે છે.
આ આચારની તુલના કરી શકે તેવા વ્યક્તિઓ ભાગ્યેજ
કોઈ સંસ્થામાં હોય, તો તે જોવાની ખાસ ઇચ્છા છે.
ન ઉત્પન્ન કરી શકે, ત્યાં સુધી આ સંસ્થાની ચઢીયાતાઈ
આકાશકુસુમવત્ છે. ત્યાં સુધી આ જગતમાં તે પોતે
પ્રધાન દરજ્જે ટકાવ રાખવાને સમર્થ રહી શકશે જ.
એ વાત જગતમાં નિર્વિવાદ સિદ્ધ અને પ્રસિદ્ધ છે કે:
જૈનધર્મનું અસ્તિત્વ કેવળ પ્રાણીમાત્રના એકંદર હિત માટે
જ છે અને એ હેતુની સિદ્ધિ માટે જૈન મુનિસંસ્થાનું
અસ્તિત્વ આવશ્યક છે. જીવનના આવા હેતુ માટે જ
પરમાત્મા મહાવીર દેવની સર્વશ્રેષ્ઠતા છે. તે હેતુ પાર
પાડવા માટે જ મુનિસંસ્થાનું સ્થાપન કરેલું છે, તેની
સર્વ જવાબદારી સર્વસંગત્યાગીના હાથમાં જ સુપ્રત કરી.
એશ - આરામ, વિષયસુખ કે માનપાન પામવાની વૃત્તિ
વિગેરેના ત્યાગની તાલીમ વિના કોઈપણ મનુષ્યમાં
સંગીન નિઃસ્વાર્થતા આવવી અશક્ય છે.

નિઃસ્વાર્થતા વિના પરોપકાર શક્ય નથી, માટે જ
જૈનમુનિને તદ્દન નિરપેક્ષ રાખવા સજ્જડ વ્યવસ્થા
કરવામાં આવી છે. જે કાળે જે જાતનો માનવસમાજ
જગતમાં કાળના પ્રવાહ સાથે વર્તતો હોય, તે સમગ્રમાં
જૈનમુનિઓ વધારે સંગત, નિરપેક્ષ અને નિઃસ્વાર્થ
જ જણાશે. માટે જ તેઓ ઉપર જગતના કલ્યાણની
અને અકલ્યાણમાંથી બચાવવાની મહાન જવાબદારી છે.

ધારો કે કોઈપણ મહાન બુદ્ધિમાન અને
કાર્યકુશળ મહાશયને મોટામાં મોટો પગાર આપીને
તથા સર્વ સગવડો અને સાધનો આપીને જો
એ જવાબદારી સોંપવામાં આવે અને
તેઓ પણ પોતાની ફરજ બજાવવામાં જરા પણ
કચાશ ન રાખે અને સંપૂર્ણ સંતોષ ઉત્પન્ન કરે,
પરંતુ જે દિવસથી પગાર બંધ કરાય અથવા તો તેવા
બધી જ સગવડો આપી શકાય તેવી સ્થિતિ ન રહે,
તે દિવસથી જવાબદારી ઉપાડવાનું તેમને ફાવી શકાશે?
અને તેઓ ઉપાડે પણ ખરા કે?

ત્યારે જૈનમુનિ?

તેઓ ખાવા સરખું ન મળે, કોઈપણ સામગ્રી ન મળે,

તેના માર્ગમાં કાંટાનો વરસાદ વરસાવવામાં આવે, ઝૂલમ અને સખ્તાઈના પહાડો ખડકવામાં આવે, તો પણ પોતાનો સિદ્ધાંત છોડીને આગળ જઈ શકશે નહિ. ...અને કદાચ જશે તો 'હું નિર્બળ છું, કમભાગી છું કે મારી જવાબદારી સંભાળી શકતો નથી, મરવું મારૂં મુકદર કર્યા છે. એ પ્રભુ! ખરેખર ધન્યાતિધન્ય છે તે મહાત્માઓ કે જેઓએ જગતના કલ્યાણના માર્ગમાંથી કોઈપણ લોકો ઉપાડેલ પણ પાછી પાની કરી નથી!

મરવું કબૂલ કરીને પછી જ ખસશે, કિન્તુ એમ તો નહિ જ કહે કે: 'મારી જવાબદારી નથી.'

શૂરવીર લડવૈયો ભોગ આપે છે પણ પોતાના દેશ અથવા રાજા ખાતર કે અન્ય દુન્યવી હેતુ યા અમુક ખાતર પોતાના દેહનું પણ બલિદાન આપે છે, પરન્તુ જૈનમુનિનું બલિદાન તો સર્વસામાન્ય પ્રાણી-માત્રના કલ્યાણ માટે જ હોય છે. આ વૃત્તિ મુનિજીવન સાથે જડાયેલી હોય છે. ભગવાન મહાવીરના ઉપસર્ગ-સહન અને કલ્યાણભાવના યાદ આવી ગયાં પછી કટોકટીના પ્રસંગમાં પણ ખડે પગે ઉભા રહેવાને તેને કોઈને પૂછવા જવા કે કોઈની સલાહ લેવાનું રહેતું નથી.

બીજા કોઈની ચિંતા પણ હોતી નથી કે જેની ચિંતા
ખાતર પણ કર્તવ્યપાલનમાંથી પાછા હઠવાનું હોય.
અને પૂછીએ છીએ કે : આ રીતે કેવળ શુદ્ધ અને
નિઃસ્વાર્થ ભાવથી જગતના કલ્યાણ ખાતર બલિદાન
આપવા માટે સ્વેચ્છાથી બહાર પડનાર જૈનમુનિ સિવાય
કોઈપણ બીજો વર્ગ દુનિયાના પૃષ્ઠ ઉપર છે ખરો?

પતિ ખાતર ભોગ આપનારી સતી સ્ત્રીના કે
લડવૈયાના ભોગમાં પણ દુન્યવી સ્વાર્થ મળી આવશે.
કદાચ નિઃસ્વાર્થ ભાવ હોય, તો પણ તે
તેની ફરજ ઉપરાંતના હોવાથી પ્રશંસાપાત્ર ગણાય છે,
ત્યારે જૈનમુનિ તો પ્રશંસાથી પણ પર છે.
તે તેમાં પોતાની ફરજ ગણે છે.
તેને માટે કોઈ પ્રશંસાપત્ર, સ્તુતિ, માન - સન્માન કે
બીજા દુન્યવી બદલાની તેને અપેક્ષા હોતી નથી.
આટલું કરવા છતાં જરૂરીયાતના સાધનો, ખાનપાન,
વસ્ત્રપાત્ર પણ એ ભોગના બદલામાં મેળવવાના નથી,
કિન્તુ જૈન શાસ્ત્રોના નિયમ પ્રમાણે
વિરોધીમાં વિરોધી મનુષ્ય પાસે પણ
યાચના કરીને જ તે સર્વ મેળવવાનાં હોય છે.

અનુકૂળ ભક્તો ઢગલો કરે પણ તે નિર્દોષ ન હોય,
તો તેમાંથી એક પણ ચાવલ લેવાનો નહિ.
નિર્દોષ હોય તો વિરોધીનો પણ માંગીને ગ્રહણ કરે
અને તે પણ જરૂરીયાતથી અધિક નહિ જ, ઉપકાર કે
મહાન સેવાના બદલા તરીકે નહિ જ, માત્ર યાચનાથી.
જૈન મુનિઓની સ્વાશ્રયવૃત્તિ જાગ્રત રહેવામાં ભગવાન
મહાવીરનો અસાધારણ પુરુષાર્થ એજ એક આદર્શ છે.
તેમનું નામસ્મરણ જ શિથિલ મનોવૃત્તિને પણ
સતેજ કરી દે છે. બાળકોને મહાવીર પ્રભુ જેવા
મહાન આદર્શની પ્રેરણાઓની સગવડ નથી હોતી, તેથી
તેઓ કેટલો વખત ટકી શકે, તે કહી શકાય નહિ.
ભગવાન મહાવીરના આદર્શને પામેલ એક જ સાધુ,
અનેક જાતનું કામ કરી શકે છે. જ્યારે જરૂર પડે ત્યારે
તે જ ઓફિસર, ફરનીચર, કારકુન બની જાય છે. એને
બાબો કંઈ ભય નથી. ભગવાન મહાવીરનો વારસો
ટકાવ શકે, તેવી શિષ્ય જનસમાજમાંથી મળી જાય,
એટલે બસ! તેમાંથી બધું પાછું ઉલ્ટું થઈ જાય.
ખરે વખતે શાસન અને કલ્યાણ માટે એજ વ્યક્તિ
સભાપતિ, પ્રમુખ, મંત્રી, કાસદ, મજુર, પ્રતિનિધિ આ

સત્તાધીશ, અનુયાયી, નેતા, વહીવટકર્તા,
ગુનેગાર, રાજ કરનાર, રેકોર્ડકીપર, ત્યાગી, ઓડીટર,
હિસાબ રાખનાર, ખુશામત કરનાર કે ઠરાવનાર,
યોગીરાજ, ઉઠાઉગીર, રક્ષક અથવા પછી પૂજ્ય, પૂજક,
આચાર્ય, ઉપાધ્યાય કે મુનિ આદિ થઈ શકે છે.
સર્વ તત્ત્વો તેમાં જ સમાય છે. તેને સર્વસત્તા છે.
કદી ઊંઘી જાય, બેદરકાર રહે કે બાજુ તરફ વળી જાય
પણ તેનાથી ન ઊંઘાય, ન બેદરકાર બનાય કે પછી
ન અન્ય તરફ વળી જવાય, પરન્તુ સદા જાગ્રતપણે
અને અડગ ખડકની જેમ છેલ્લાં શ્વાસ સુધી
શાસન માટે જૈન મુનિએ ખડાં રહેવું જ જોઈએ,
એ લક્ષ તેના પ્રતિજ્ઞામાં સમાય છે, અને તે સમજે છે.
એ કાર્ય મુનિઓ વિના નોકરો, ભાડૂતી માણસો,
પંડિતો કે ડિગ્રીધરો દ્વારા કદી જ થઈ શકે નહિ.
તેમના પગાર, તેમના ખર્ચ, તેમની જરૂરિયાતો
ગમે તેટલી ઓછી રાખવામાં આવે,
તો પણ મુનિ કરતાં તો ફરજિયાત વધારે રહેવાની.
મુનિને સાધનો મળે તો ઠીક છે, ન મળે તો ઓછામાં
ઓછાથી ચલાવી લેવાની તાલીમ વારસામાં મળી રહેલ છે.

જેલમાં ગયેલાં અસહકારી કેદીઓ અને
જૈનમુનિઓની જરૂરિયાતમાં ઘણું અંતર છે:
જેલમાં તે કેદીઓ કરતાં મુશ્કેલીઓ વેઠે છે,
તો પણ છૂટીને તે મુશ્કેલીઓ દૂર કરનાર સાધનોનો
ઉપયોગ કરવાના મનોરથો તો તે મનમાં રચે જ છે,
ત્યારે બીજી બાજુ એ જોવા જઈએ તો
જૈનમુનિ અત્યંત સમતોલપણે રહે છે.
જૈન પંડિત કે કોઈપણ ધાર્મિક સંસ્થાના કેળવાયેલાં
મોટા અધિકારી હોય, પરંતુ એક તરફ પોતાના ઉપર
કે પૈસા તરફ આકૃત હોય અને એક તરફ મંદિર ઉપર
આકૃત હોય, તો પરિણામે ક્યાં દોરાઈ જવાના?
અને જૈનમુનિ માટે બીજે દોરાવાનો સંભવ જ નહિ.
ધાર્મિક સંસ્થાઓના વહીવટો ભલે ટ્રસ્ટી તરીકે
સમાજના ગૃહસ્થો જ કરતાં હોય, પરંતુ
તેઓની પાછળ પણ ખરું બળ તો મુનિઓનું જ છે.
આ સઘળાં બેઠી લાકડાને વહેરવાના ધંધા છે,
પોતાના હાથે જ પોતાના પગમાં કુહાડી મારવાનો છે.
જે વૃક્ષ ઉપર પોતે બેઠાં હોય, તેમાં
પોતાને જ બેસવાની ડાળ પોતે જ કાપવાની છે.

સ્વરાજ્ય, પૂર્ણ સ્વતંત્રતા, દેશોદ્ધાર, દેશસેવા વિગેરે
દ્વિઅર્થી શબ્દો તો કેવળ અવનતિના
અંતર ખાડામાં લઈ જનારા માયામૃગો છે.
ભૂતકાળમાં મુનિસંસ્થાઓમાં ઘણાં રત્નો પાક્યાં છે
અને ભવિષ્યમાં નહિ પાકે, તેની શી ખાતરી છે?
ભવિષ્યની પ્રજાના કલ્યાણ ખાતર પણ
આ મુનિસંસ્થાનો વારસો જેમનો તેમ જ
અબાધ અને અબાધ ટકાવવો જોઈશે...!

Stagnation is death and
circulation is life. Be not anxious.
The life is very important,
the body is equally important and
the Spirit of God sustains
even when all the outer seems gone.
In everything, give thanks.
Ahead of me is a wonderful future.
There are days and weeks and also
years, which are all full of
loving, learning and living.

## ૨૩ વિચારકણિકા

(૧) तिलेषु तैलं दधिनि इव सर्पिः
आपः स्रोतस्सु अरणिषु अग्निः ।
एवमात्मा आत्मनि गृह्यतेऽसौ
सत्येन एनं तपसा योऽनुपश्यति ॥ १ ॥

સદુક્તિ: જેમ તલમાં તેલ, દહીંમાં માખણ, ભૂમિના અંદરના પ્રવાહોમાં પાણી તથા અરણિમાં અગ્નિ રહેલ છે, તેમ શરીરમાં આત્મા રહેલો છે. તેને સત્ય અને તપ દ્વારા જોઈ શકાય છે. તલને પીલવા પડે, દહીંને વલોવવું પડે, ભૂમિને ખોદવી પડે અને અરણિને ઘસવા પડે, તેમ શરીરમાં રહેલ આત્માના દર્શન માટે સત્ય અને તપ દ્વારા સાધના કરવી જરૂરી છે. સત્ય - તપ સાથે સાધના રૂપી ઘાણમાં પીલવાથી હૃદયમાં રહેલ આત્મતત્ત્વના દર્શન થઈ શકે.

(૨) દોષદૃષ્ટિ અહંત્વ પોષે છે, દૃષ્ટિદોષ મમત્વ પોષે છે. સંસારની ઈમારતના આ બે સ્તંભ છે. દોષદૃષ્ટિ તથા તેનું મૂળ અહંત્વ પણ અનાદિસિદ્ધ છે. તેને દૂર કરવાનો ઉપાય ગુણદૃષ્ટિ છે. બીજાના ગુણ અને પોતાના દોષ જોવાથી દોષદૃષ્ટિને જીતી શકાય છે તથા અનાદિસિદ્ધ અહંત્વ વિલીન થાય છે.

દોષદૃષ્ટિ વિષયાસક્તિ છે. વિષયો સ્વરૂપથી સારાં પણ નથી અને બૂરાં પણ નથી, આપણી દૃષ્ટિ એને સારાં અને નરસાં કલ્પે છે. વસ્તુમાં સારાં-નરસાંપણાની બુદ્ધિ સ્વકપોલકલ્પિત છે, તેને દૂર કરવાનો ઉપાય તત્ત્વચિન્તન છે. તત્ત્વચિન્તન એ વસ્તુનું સ્વરૂપ છે, જે ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક કે ગુણ - પર્યાયવત્ છે.

પ્રતિક્ષણ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય સ્વભાવવાળું તથા પોતાના દ્રવ્યમાં ગુણ-પર્યાયનું રમણપણું વિચારવાથી દૃષ્ટિદોષ નાશ પામે છે. તે નાશ પામવાથી મમત્વનું વિસર્જન અને સમત્વનું સર્જન થાય છે.

(3) દાન - શીલાદિ ધર્મસાધના પોતાને તો તારે જ, બીજાને પણ તેનું અનુમોદન કરાવી તારનારું બને છે.

સમ્યગ્ અનુમોદન વડે ધર્મબીજ વવાય છે.

ધર્મબીજથી ધર્મપાક પર્યન્તનો ક્રમ સર્જાય છે.

ધર્મપ્રશંસાથી ધર્મની અભિલાષા, ધર્મશ્રવણ, ધર્માચરણ અને તેનાથી સદ્ગતિ રૂપી પુષ્પ અને પરમ મુક્તિ રૂપી ફળ પ્રાપ્ત થાય છે.

o अनायासेन मरणं, विना दैन्येन जीवनं ।
देहान्ते तव सान्निध्यं, देहि मे परमेश्वर ! ॥ १॥

(૪) જે સર્વ અંગાદિ હર્ષ સહિત રોમાંચિત થઈ
પંચાંગ નમાવી ભૂમિને સ્પર્શ કરી કામનાશક જિનના
બંને ચરણને નમે છે, તે છ અભ્યંતર શત્રુને જીતીને,
સપ્તાંગ રાજ્ય ભોગવીને, અષ્ટ કર્મરૂપી
સમગ્ર કર્મપટલને હણીને મુક્તિને પામે છે.

(૫) જે સ્ત્રીના દર્શનથી પુરુષની ભોગવાસના નાશ પામે
અને જેના પ્રત્યે જનોના ભાવ જાગે,
તે આ સંસારની સર્વશ્રેષ્ઠ નારી છે.

(૬) સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ,
જ્ઞાનથી મુનિ અને તપથી તપસ્વી બની શકાય છે.
આત્માને આત્મા દ્વારા જાણીને સમભાવમાં રહે,
તે સાધુ છે અને ત્રિભુવનપૂજ્ય છે.

આજે કોઈ જિન હયાત નથી અને માર્ગદર્શક છે, તે એકમત ધરાવતાં નથી, છતાં તમને જે ન્યાયપૂર્ણ માર્ગ મળી ગયો છે, તેથી એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો. ધર્મ એ આપત્તિ આવતાં પહેલાં તેને અટકાવવાનો ઉપાય જણાવે છે, ત્યારે દવાખાના આપત્તિ આવ્યાં પછી તેને દૂર કરવાના ઉપાયના ઉપચાર જણાવે છે.

(૭) પરિવર્તનશીલ સંસારમાં મુક્તિનો માર્ગ એક જ છે
અને તે પ્રભુનું નામ છે.

નામગ્રહણ બે પ્રકારે : કીર્તન દ્વારા અને જાપ દ્વારા.

નામ અંતે અંતરજાપ બની જાય છે.

ચાહે કીર્તન કે જપ દ્વારા હો, નામ જ મનને શાંત કરે અને ઉચ્ચ પ્રકારની અનુભૂતિને યોગ્ય બનાવે છે.

નામ સ્વયં ભગવાન છે યા ભગવાનથી પણ મહાન છે.

એક વાક્યાનો સમય એકડાનો સમય છે.

સંપૂર્ણ બ્રહ્માંડ એક છે અદ્વૈત

પરમાત્માને છોડીને બીજું કાંઈ છે નહિ.

જેટલા વ્યક્તિ અને પદાર્થો દેખાય છે,

તે સર્વે પરબ્રહ્મ રૂપી મહાસાગરના બુદબુદ માત્ર છે,

પરબ્રહ્મ ઈંદ્રિયાતીત, અભેદ, અક્ષર અને ગુણાતીત છે.

(૮) પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ,
હવે દૃષ્ટિ થઈ આત્મામાં, ગયો દેહથી નેહ. ...૧
ગ્રહે અરૂપી રૂપીને, એ અચરિજની વાત,
જડ બંધન જાણો સહી, ઉઘાડે જિન સિદ્ધાંત. ...૨

(૯) ચિદાનંદ કૃત 'હિતશિક્ષાનો રાસ'માં આવે છે કે:

૧૦૦ વર્ષના આયુષ્યમાં ૪ અબજ, ૭ ક્રોડ, ૪૮ લાખ અને ૪૦ હજાર શ્વાસોશ્વાસ કહ્યાં છે.

તેમાં સમાધિલીન મનુષ્યને ૧ મિનિટમાં ૪ શ્વાસ,

શુક્લધ્યાનમાં ૬ શ્વાસ, તૃષ્ણાભાવમાં ૧૦ શ્વાસોશ્વાસ,
બોલવામાં ૧૨, સુતાં ૧૬, ચાલતાં ૨૨ અને
મૈથુન વખતે ૩૬ શ્વાસોશ્વાસ ચાલતાં હોય છે.

(૧૦) 'સહજાત્મ સ્વરૂપ પરમ ગુરૂ'

આ મંત્રના સ્મરણથી શાંત થવાય છે, કેમકે
'સહજાત્મ સ્વરૂપ' એ સિદ્ધસ્વરૂપનું અને 'પરમ ગુરૂ'
એ અરિહંત પરમાત્માનું સ્મરણ કરાવે છે.
બન્ને મળીને એક જ મંત્ર ત્રણ અક્ષરનો થાય છે,
તેનું નામ 'ૐ અર્હં ।' છે.
ૐ આર્ત - રૌદ્રધ્યાનથી છોડાવે છે,
અર્હં એ ધર્મ - શુક્લધ્યાનમાં પ્રવેશ કરાવે છે.

(૧૧) દુષ્કૃતગર્હા વડે મરણ, સુકૃતાનુમોદન વડે જીવન
તથા શરણાગમન વડે ભવાંતર સુધરે છે.
જીવન, મરણ અને જન્માંતર -
ત્રણેને સુધારવાની શક્તિ નમસ્કારના પદમાં રહેલી છે.
આ નમસ્કાર મહામંત્ર ૬૮ અક્ષરાત્મક હોવાથી સૂત્રની
અપેક્ષાએ તે દ્વાદશાંગીનું બીજ છે, અર્થની અપેક્ષાએ
સર્વ આગમ - રૂપી સમાન છે અને અધ્યાત્મશાસ્ત્રોમાં
વ્યાપક હોવાથી તે સાગર સમાન છે.

નમો પદથી દ્રવ્ય અને ભાવ - ઉભય નમસ્કાર થાય છે.
દ્રવ્યનમસ્કાર એટલે વાણી દ્વારા ગુણ, સ્તુતિ અને
કાયા વડે પંચાંગ પ્રણામ અને ભાવનમસ્કાર એટલે...
અહંકારને ન નમવું પણ નમવા યોગ્યને નમવું તે.

નમસ્કારપૂર્વક રહેવું તે ઉપશમધર્મ.

ભાવનમસ્કાર એટલે પરમેષ્ઠિઓના ગુણોનું ચિન્તન
અને તે ગુણોનું મનમાં પરિણમન.

ઈશ્વર એ તર્કનો વિષય નહિ - અનુભવનો વિષય છે.

નમો પદમાં વિનય છે, કૃતજ્ઞતા છે, આજ્ઞાપાલનનો
અધ્યવસાય છે. નમો પદ એ પરમેષ્ઠિનું ભાજન છે.
જેટલાં જીવો પરમેષ્ઠિ પદે પહોંચ્યા છે, તે વિનયના
પ્રભાવે જ અથવા તો આજ્ઞા આરાધનાના બળે જ.

'સ્વમતિમાં - નિજમતિ' એ સંસાર છે, જ્યારે
'સ્વમતિમાં - જિનમતિ' એ મોક્ષ છે.

સ્વમતિમાં રાગ - દ્વેષ - મોહની ઉત્કટતા છે.
તેનો પ્રતિકાર નમસ્કારની મતિ વડે જ થાય છે.

નવકાર એ નમનારને નમસ્કરણીય બનાવે છે, કેમકે
એ નિયમ છે કે:
નવકારથી વિનયી બનાય અને વિનયી નમસ્કરણીય બને.

(૯૨) જેમ સ્વચ્છ અને સ્થિર જળમાં સૂર્યનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય, તેમ ચિત્તની શુદ્ધિ અને શાંતિ પ્રાપ્ત થતાંની સાથે જ આપણા હૃદયના મધ્ય ભાગમાં ઊંડે અંતરાત્માની જ્યોતિ સ્પષ્ટ નિહાળી શકાય છે.

કોને સિદ્ધ ગણી શકાય ?

શાસ્ત્રોક્ત રીતે જેણે આત્મા અને પરમાત્માની અનુભૂતિ મેળવેલી હોય અથવા તો ઈશ્વરનો સાકાર સાક્ષાત્કાર કર્યો હોય, એવા જ વ્યક્તિ સિદ્ધ ગણી શકાય. સિદ્ધ થયેલ વ્યક્તિનો દેહ હયાત હોય કે ન હોય, તે મહત્વનું નથી પણ એવા વ્યક્તિને જ ગુરૂ પદે સ્થાપી શકાય અને તો જ સિદ્ધિ સાંપડી શકે.

આવા જ વ્યક્તિને કાર્યસિદ્ધિ,
વચનસિદ્ધિ અને સંકલ્પસિદ્ધિ થાય.

(૯૩) ધર્મધ્યાનનાં બે મુખ્ય આલંબનો છે: એક જિનમૂર્તિ અને બીજું જિનાગમ. જિનમૂર્તિ વડે ધ્યાન અને જિનાગમ વડે જ્ઞાન મેળવી શકાય છે.

જિનાગમ અનેકાંત બુદ્ધિ કરાવે છે અને સાપેક્ષદૃષ્ટિ વિકસાવી મનને ધર્મધ્યાનમાં સ્થિર રાખે છે. જિનમૂર્તિ દ્વારા મનને શુક્લધ્યાનમાં જોડી શકાય છે.

આર્ત તથા રૌદ્રધ્યાનથી છૂટી ધર્મ તથા શુક્લધ્યાનમાં પ્રવેશ કરવા માટે બન્ને આલંબનો અનિવાર્ય છે.

મૂર્તિનું આલંબન આર્તધ્યાનથી છોડાવે છે અને અનેકાંતાગમ ઉપરની શ્રદ્ધા રૌદ્રધ્યાનથી ઉગારી લે છે.

(૨૪) 'तां मातृकां त्रैधामहं स्मरामि -
तेजोऽक्षरेभ्यो प्रणतोऽस्मि बाढं ।'

० 'अक चट तप यस वग्गा,
एआणं होइ मंतसमूह ।' (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

નવકારની ૬૮ માતૃકા બુદ્ધિમાન પુરુષોના લલાટમાં તેજનું જનન, પરિપાલન અને વિશોધન કરનાર ઐન્દવી માતાની જેમ તે જયવંતી વર્તે છે.

સર્વ મંત્રોના જાપ આદિમાં માતૃકા-લિપિન્યાસ વિના જે કાંઈ કરાય, તે નિષ્ફળ જાણવું. માટે સર્વ સાધકોએ માતૃકા-લિપિનો ન્યાસ અવશ્ય કરવો. માતૃકા અનાદિ-સંસિદ્ધ છે. કોઈએ બનાવેલ નથી, કિન્તુ અનાદિસિદ્ધ છે. માતૃકા એ શબ્દ, વર્ણ, પ્રાણ, ઇંદ્રિય અને મનરૂપ છે. પરા એ પ્રાણમયવાણી છે, પશ્યંતિ એ મનોમયવાણી છે, મધ્યમા એ વૈખરીવાણીનું સંવર્ત છે, વૈખરી સ્થૂલ છે. માતૃકા જગતનું પાલન કરનાર વિશ્વવ્યાપીની શક્તિ છે.

વૈખરી અંતમ, મધ્યમા અંતરાઅંતમ,
પશ્યંતિ આત્મ અને પરા પરમ આત્મ વાણી છે.
સરસ્વતી શ્રુતની અધિષ્ઠાત્રી છે, જિનેન્દ્ર દેવતા છે.
લૌકાંતિક સારસ્વતાદિ દેવો શ્રુતદેવતાને વશ છે.
ઋષિ શક્તિરૂપ ચૌદ સ્વરો - વ્યંજનોની રક્ષા કરે છે.
ૐ લોકવશંકર અને ઐં પુરુષવશંકર છે.

(૯૫) આપો - આપતાં રહો.

કોઈ માનવી પોતાને કાજે જ સુખેથી જીવી નહિ શકે, માનવના સ્વભાવમાં જ એવું કંઈક છે કે એની પાસે જે હોય, તેમાંથી આપવાની એને ઇચ્છા રહે અને આપે તો ગમે અને આપી શકાય એવું તો ઘણું છે.

પ્રેમ આપી શકાય અને સેવા કરી શકાય.

કોઈની પ્રશંસા થઈ શકે અને ઉત્તેજન આપી શકાય, મદદ કરી શકાય, દયા રાખી શકાય, વફાદાર રહી શકાય. આપણા સ્વભાવના મૂળમાં રહેલો આ ગુણ પારખવો જોઈએ અને આપણા વ્યવહારમાં એને ઉતારવો જોઈએ. એમાં જેટલી ત્વરા થશે, તેટલું વહેલું સુખ મળશે. આપણે સુખ પામીશું, તેમ બીજા માણસો પણ પામશે અને તે ઉપરાંત ચોમેર સુખ ફેલાશે.

કુદરતનો એક અફર નિયમ છે કે:
કાં તો પ્રગતિ થાય અને કાં તો નાશ થાય.
બીબું તેમ ચાલતું રહે, એ કુદરતને પસંદ નથી.
ફેરફારને આવકારો અને માનવું કે કશાંક શુભ મળશે.
વિશ્વયોજનાને પડકાર દેવો, એ મિથ્યા છે - મૂઢતા છે.
વિકાસ કે વિનાશ - બેમાંથી એક અવશ્ય છે.
જીવનમાં મળેલી તકોને વિકાસમાં વાળવી.
ધ્યાન કરવાથી કોઈ પણ વ્યક્તિમાં આમૂલ પરિવર્તન
આવવાને એની તામસી વૃત્તિઓ ગળી જાય છે અને
અંતરમાં આનંદનો અનુભવ થાય છે.
કાયા સંસારમાં રહે, તો ય મનથી યોગી બની શકાય.
કાયા સંસારમાં રહે પણ મન તેથી પર રહે.
(૨૬) ક્ષમા અને દયા - એ મોક્ષનો ઉપાય છે,
ભક્તિ અને વૈરાગ્ય - એ મોક્ષનો સ્વીકાર છે.
ધર્મ એ શાશ્વત મંગળ છે, કેમકે
ધર્મના પ્રણેતા, ધર્મનું ફળ, ધર્મના આરાધકો શાશ્વત છે.
પ્રણેતા એ ધર્મનું મૂળ છે, આરાધકો એ ધર્મનું સ્વરૂપ,
પરમપદ ધર્મનું ફળ છે. નવકારમાં ત્રણેનો સંગ્રહ છે.
પ્રથમ પદ એ મૂળ છે, દ્વિતીય પદ એ ફળ છે અને
છેલ્લાં ત્રણ પદો એ ધર્મનું સ્વરૂપ છે.

નવકાર મંત્રની ચૂલિકા સ્વયં ધર્મસ્વરૂપ છે.

ધર્મના પ્રણેતા, ધર્મના આરાધકો અને ધર્મ - ત્રણે કાળ વિશ્વમાં વિદ્યમાન છે. તેના પ્રભાવે જ વિશ્વ નિરાલંબ - નિરાધાર - નિયમબદ્ધ રહ્યું છે, રહે છે, રહેશે. નમસ્કારનો આરાધક શાશ્વતસુખે મોક્ષનો આરાધક થાય, કેમકે નમસ્કારનું અનંતર ફળ પાપનો પ્રણાશ અને મંગળનું આગમન છે અને તેનું પરંપર ફળ આ લોકમાં અર્થ, કામ અને પરલોકમાં સિદ્ધિ, સ્વર્ગાદિ છે.

(૨૭) જૈનધર્મ એટલે... વિભાવમય બનેલાં આત્માને સ્વભાવમય બનાવવાની પ્રક્રિયા.

આત્મોદ્ધાર એ જૈનધર્મનું ધ્યેય છે. સદા સ્થાયી એવા આ ધર્મને પ્રકાશિત કરનાર અરિહંત પરમાત્માઓની પ્રરૂપણામાં મુખ્યત્વે હેય, જ્ઞેય, ઉપાદેયનો વિવેક છે.

જે ધર્મનો તત્ત્વવાદ અશુદ્ધ હોય છે, તેનો જ્ઞાનવાદ કે ક્રિયાવાદ પણ અશુદ્ધ હોય છે. નાસ્તિકવાદની સામે આત્માનું અસ્તિત્વ સાબિત કરવા સર્વ આસ્તિક દર્શનકારોએ પોતાનું મતૈક્ય બતાવ્યું છે. આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યા પછી તેના સ્વરૂપાદિમાં અનૈક્ય રહેલું છે અને તે કારણે બધા જ ધર્મદર્શન

બંધ - મોક્ષની અવસ્થાને યથાર્થપણે ઘટાડી શક્યાં નહિ. જૈનદર્શન એકાંતવાદનો વિરોધ - સાપેક્ષવાદનું સમર્થન કરે છે. જૈનદર્શનનું નિરૂપણ અનેકાંતિક છે, અકૃત્રિમ છે, સર્વજ્ઞ પ્રરૂપિત છે. જૈનધર્મ આત્માને એકાંત નિત્ય કે અનિત્ય, બદ્ધ કે મુક્ત, વિભુ કે અણુ માનતો નહિ, કિન્તુ દરેક અવસ્થાને સાપેક્ષપણે અને પરસ્પર અબાધિતપણે માને છે.

(૯૮) સમાધિમરણ માટે સમાધિમય જીવન જરૂરી છે. અધ્યાત્મરૂચિ જીવને ઉદાર - સંતોષી - ત્યાગી બનાવે છે. જગતમાં સારભૂત જૈનશાસન અને જૈનસંઘ છે. તે બન્ને જો ન મળ્યાં હોત, તો આ જીવ મોક્ષમાર્ગ સુધી કઈ રીતે પહોંચી શકત ?

સુખ બીજે ક્યાંય નહિ પણ આપણા અંતરમાં છે. વસ્તુઓ, મહત્તા, સેવા, સંપત્તિ, સત્તા કે કીર્તિમાં નહિ પણ સુખ વસે છે મનમંદિરમાં. મનમાં જ મહત્તા છે અને મનમાં જ અધમતા રહેલ છે. મન જ બાંધે છે અને મન જ મુક્તિ અપાવે છે. મન જ સુખ આપે છે અને મન જ દુઃખને પેદા કરે છે. મનની ખુશીઓ અને ખામીઓ અપરંપાર છે.

દુનિયાની અવ્વલ નંબરની અજાયબી મનુષ્યનું મન જ છે.
તે અતિ વિશાળ અને સંકુચિત પણ બની શકે છે.
તે જેટલું ઊંડું, તેટલું જ છીછરું પણ બની શકે છે.
તે જેટલું ચપળ, તેટલું જ સ્થિર પણ બની શકે છે.
એટલે ખરેખર સુખી થવું હોય, તેણે પોતાના મનને
અવશ્ય વશ કરવું પડશે. તે માટે પ્રાકૃતિક કે પાશવ
બળોની જરૂર નથી. આ સ્થૂલજગતની સંપત્તિ, સત્તા કે
કીર્તિની પણ જરૂર નથી. આપણી પાસે જે હોય,
તે વસ્તુઓ કે સાધનોથી ચલાવી લેવું પડશે.
તાત્કાલિક સુખ લાંબે ગાળે દુઃખદાયક પુરવાર થાય.
બાળકોને ભોગો સુખી થવા મથતાંને પણ અંતે તો
દુઃખ જ પેદા થાય છે. સુખને સંપૂર્ણપણે આત્મસાત્
કરવા માટે શાશ્વત સુખને ધ્યાનમાં રાખી માર્ગ નક્કી
કરવો પડશે, નિરાબાધ - નિરવધિ સુખ સુધી પહોંચવા
સંપૂર્ણપણે ન્યાયોચિત - નૈતિક માર્ગે ધીરા / મક્કમ
પગલે આગળ વધવામાં આપણા સૌનું શ્રેય રહેલું છે.
(૧) જગત લેણદાર છે (૨) આપણે દેણદાર - કરજદાર
(૩) ન બોલે, તેને બોલાવશો (૪) ન આવે, તેને
ત્યાં જરૂરથી જશો (૫) રિસાયા હોય, તેને રીઝવશો.

(૧૯) સંચાર = અનંત ચતુષ્ટયમાં સંચરનારા.

આચાર = આત્મા, આશા, આલંબન, આનંદ.

વિચાર = વિનય, વિવેક, વિશ્વાસ, વિભુ.

પ્રચાર = પ્રજ્ઞાપનીયતા, પ્રામાણિકતા, પ્રભુતા, પ્રભાવકતા અને પ્રકાશતા.

(૧) સારામાં સારો ગુરુ : હૃદય - જીવ.

(૨) સારામાં સારો શિક્ષક : સમય - કાળ.

(૩) સારામાં સારું પુસ્તક : દુનિયા - જગત - વિશ્વ.

(૪) સારામાં સારો મિત્ર : ઈશ્વર - જગદીશ - વિશ્વેશ્વર.

નવપદજી શેના ભંડાર ?

(૧) પરોપકારના ભંડાર = અરિહંતો.

(૨) અવિનાશી સુખના ભંડાર = સિદ્ધ ભગવંતો.

(૩) સદાચારના ભંડાર = આચાર્ય ભગવંતો.

(૪) વિનયના ભંડાર = ઉપાધ્યાય ભગવંતો.

(૫) સહાયના - સેવાના ભંડાર = સાધુ ભગવંતો.

(૬) દર્શન = સદ્ભાવનાનો ભંડાર.

(૭) જ્ઞાન = વૈરાગ્યનો ભંડાર.

(૮) ચારિત્ર = સદ્ગુણોનો ભંડાર.

(૯) તપ = સંતોષનો ભંડાર.

અન્ન, પાન, વસન, આસન, શયન, મન, વચન, તન, નમન.
આમ જેના અંતે નવ 'ન'કાર છે, તેવા દાનથી શું થાય?

અન્નદાનથી હિંસા અને મૃષાવાદનો ત્યાગ.
જલદાનથી ચોરી અને મૈથુનનો નાશ.
વસ્ત્રદાનથી પરિગ્રહ અને ક્રોધનો અભાવ.
આસનદાનથી માન અને માયાનો અભાવ.
શયનદાનથી લોભ અને રાગનો અભાવ.
મનપુણ્યથી દ્વેષ અને કલહનો અભાવ.
વચનપુણ્યથી અભ્યાખ્યાન અને પૈશુન્યનો અભાવ.
કાયપુણ્યથી રતિ, અરતિ તથા પરપરિવાદના પાપનો નાશ.
નમસ્કારપુણ્યથી માયા, મૃષાવાદ, મિથ્યાત્વશલ્યનો નાશ.
૯ પ્રકારના પુણ્યથી ૧૮ પ્રકારના પાપનો પ્રલય થાય છે.

એક પુણ્ય બે પ્રકારના પાપનો નાશ કરે છે.
પુણ્યરૂચિથી પાપરૂચિનો અંત આવે છે.
પાપ આત્માને મલીન, પુણ્ય આત્માને નિર્મળ કરે છે.
પાપ મલ છે, એને ધોવા માટે પુણ્ય એ જલ છે.

આપત્તિ કે સંકટ વખતે ધૈર્ય રાખવાથી આપત્તિ પણ સંપત્તિ રૂપ બને છે. પૂર્વે બાંધેલ અશુભ કર્મથી જ આપત્તિ આવે છે અને તે પણ પૂર્વે બાંધેલ કર્મો ખપાવવા જ આવે છે, તેથી સુખનું કારણ જ બને છે.

પુદ્ગલનાં ચાર ધર્મો: રૂપ, રસ, ગંધ અને સ્પર્શ.

આત્માના ચાર ધર્મો: જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપોવીર્ય.

પુદ્ગલનું રૂપ મુખ્યત્વે જ્ઞાનનું આચ્છાદન કરે છે.

પુદ્ગલનો રસ મુખ્યત્વે દર્શનગુણને આવરે છે.

તેની ગંધ મુખ્યત્વે શીલસુગંધને, ચારિત્રગુણને રોકે છે.

પુદ્ગલનો સ્પર્શ મુખ્યત્વે વીર્યગુણનો ઘાત કરે છે.

રૂપ - રસાદિનો ત્યાગ જ્ઞાનદર્શનાદિ ગુણોને વિકસાવે છે.

રૂપ - રસ - ગંધાદિની વિરસતાનો વિચાર

જ્ઞાન - દર્શન - ચારિત્ર આદિ ગુણોની વૃદ્ધિ કરે છે.

(૧) હિંસા + જૂઠ - દ્રવ્ય તથા ભાવપ્રાણોનો નાશ કરે છે.

અભયદાન વડે પ્રાણોનું રક્ષણ થાય છે.

(૨) ચોરી + મૈથુન દ્વારા ધન અને ભોગતૃષ્ણા જાગે છે.

જલદાન દ્વારા તૃષ્ણા, તાપ અને મલ દૂર થાય છે.

(૩) પરિગ્રહ + ક્રોધ પ્રગટપણે થાય, સંતાપના કારણરૂપ છે.

વસ્ત્રદાન લાજ ઢાંકે છે અને ઠંડી - તાપનું રક્ષણ કરે છે.

(૪) માન + માયા પ્રતિષ્ઠા - અહંકાર - પ્રપંચનું કારણ છે.

આસનદાન શાંતિ, સ્થિરતા, તૃપ્તિનો અનુભવ કરાવે છે.

(૫) લોભ + રાગ પાપપ્રવૃત્તિ અને સંક્લેશ કરાવનાર છે.

શયનદાનથી સંતોષ - શાંતિ મળવાથી સંક્લેશ ટળે છે.

(૬) દ્વેષ + કલહ એ બળતરા અને ઝઘડાનાં કારણ છે.
મન પુન્યથી એ બન્ને શમે છે.

(૭) અભ્યાખ્યાન + પૈશુન્ય હિતમિતપથ્યવચનથી શમે છે.

(૮) રતિ અને અરતિ તથા પરપરિવાદ -
એ સર્વ કષાયના મૂલ ઉપહારથી શમે છે.

(૯) માયામૃષાવાદ તથા મિથ્યાત્વશલ્ય -
આ બે મહાપાપ નમનભાવથી શમે છે.

(૧૦) પ્રથમ માતા વર્ણમાતા એ જ્ઞાનોત્પત્તિમાં હેતુ છે. સકલ શાસ્ત્રો, મન્ત્રો, વિદ્યાઓનું મૂળ વર્ણમાતૃકા છે. તેને નમસ્કાર કર્યા પછી જ સામાન્ય જ્ઞાનમાંથી વિશિષ્ટ જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આત્મજ્ઞાનની જનની પણ તે જ છે. ઉપયોગો લક્ષણમ્ સૂત્ર વડે અજ્ઞાનજન્ય અજ્ઞાનની નિવૃત્તિ રૂપી અવનની અને જ્ઞાનજન્ય આત્મસ્વરૂપજ્ઞાનની ઉત્પત્તિ રૂપ અધ્યાત્મ પ્રાપ્ત થાય છે.

(૧૧) બીજી માતા ઈષ્ટ નમસ્કૃતિ - સકલ પુન્યજનની છે, તેમાં હેતુ - પરસ્પરોપગ્રહીલક્ષણમ્ એ વાક્ય છે, ઉપયોગો લક્ષણમ્ એ સ્વરૂપ લક્ષણ છે, તેથી અંતરંગ ગણાય અને પરસ્પરોપગ્રહો જીવાનામ્ એ સંબંધદર્શક વાક્ય હોવાથી જીવમાત્રનું બહિરંગ લક્ષણ છે.

અંતરંગ લિંગ = સ્વની સાથે સંબંધ રાખનારું.

બહિરંગ = સ્વભિન્ન સર્વની સાથેનો સંબંધ બતાવનારું.

સ્વસાપેક્ષ લિંગ તે અંતરંગ છે, પરાપેક્ષ તે બહિરંગ છે.
આ બહિરંગ લિંગવાત્સલ્ય તે સકલ પુણ્યની માતા છે,
તે વડે સર્વ જીવરાશિ સાથે સ્નેહનો સંબંધ બંધાય છે.

ઉત્તમ ક્ષમા, માર્દવાદિ ધર્મની ઉત્પત્તિ તથા
મૈત્રી, મુદિતા, કરુણાદિ ભાવોની ઉત્પત્તિ તેમાંથી છે.

'સત્ત્વાનુસારિ પરોધર્મઃ ।'

સંકટ સમયે કામ આવે, તે જ ગ્રન્થ, મંત્ર કે સ્તોત્ર સાચા.
ધર્મનો પ્રચાર = નિષ્કામ કર્મ, ભક્તિ, ત્યાગનો પ્રચાર.

ધર્મ કેવળ પ્રવચન કે શ્રવણનો વિષય નથી,
કિન્તુ આચરણનો વિષય છે. પ્રભાતકાળે ઉઠીને મનમાં
પ્રભુનું ચિંતન કરવું, તે પણ ધર્મનું જ એક અંગ છે.

'સત્ શ્રીઅકાલ, જો બોલે સો નિહાલ.'

'સત્ય એ જ ઈશ્વર' એમ માને, તે નિહાલ થઈ જાય.

શાસનરક્ષક = આસ્થા - વિવેક - આત્મગુણ - મોક્ષરક્ષક.

ભગવાનનું રૂપ જોવું, તે જ્ઞાનગુણને વિકસાવે છે,
ભક્તિનો રસ ચાખવો, તે દર્શનગુણને પુષ્ટ કરે છે તથા
શીલની સુગંધ ચારિત્રગુણની પુષ્ટિ કરે છે.

પ્રભુમાં મન ન લાગતું હોય, તો તેના ઉપાય:

જે વસ્તુમાં મન લાગતું હોય, તે વસ્તુ પ્રભુભક્તિમાં વાપરવાથી તે દ્વારા મન પ્રભુમાં આપોઆપ જોડાય છે.

જ્ઞાન એ ગુરૂને અને ગુરૂ એ વિનયને આધિન છે.

નવકારમાં ઉત્તમમાં ઉત્તમ ભાવો રહેલાં છે, તેથી
તે વિનયનો ઉત્કૃષ્ટ પ્રકાર છે.

નવકારનો સ્વભાવ પાપનો નાશ કરવાનો છે અને
પાપનાશ થાય, ત્યાં દુઃખ ન હોય.

દ્વાદશાંગીમાં પ્રવેશ કરવાની ચાવી નવકાર મંત્રમાં છે.

નમોપદ = ધર્મબીજ, કેમકે તેમાં ધર્મની પ્રશંસા છે.

આત્મામાં રહેલાં જ્ઞાન - દર્શનાદિ ગુણોને
મોહરાજાએ પુદ્ગલના રૂપરસાદિ ગુણોમાં રોકી લીધા છે.

જ્ઞાન બે પ્રકારનું છે: એક પ્રદર્શક અને બીજું પ્રવર્તક.

મિત્રાદૃષ્ટિમાં રાગ, દ્વેષ અને ખેદ જલ્દી ચાલ્યાં જાય છે.

પ્રભુ આનંદ આપનારા છે અને ભગવાન મિત્રતાઈ આપવા દ્વારા રાગ, દ્વેષ અને ખેદને ભગાડનારા છે.

આનંદ એટલે ચિત્તસ્વાસ્થ્ય અથવા ચિત્તપ્રસાદ, તેમાંથી મનોગુપ્તિ આદિ સમિતિ - ગુપ્તિરૂપ માતાઓની અને અહિંસા - સત્યાદિ સકલ ધર્મોની ઉત્પત્તિ થાય છે.

પરસ્પરોપગ્રહો જીવાનામ્ એ સૂત્ર અને તેનો અર્થ જ
ચતુર્થ ગુણસ્થાનકથી ષષ્ઠ - સાતમા ગુણસ્થાનક સુધીના
આધ્યાત્મિક વિકાસના મૂળમાં કારણભૂત છે.

(૨૨) આપણી ત્રીજી માતા છે ધ્યાન.

ત્રીજી ધ્યાનની માતા દ્રવ્ય - ગુણ - પર્યાયની વિચારણા છે.
તે દ્રવ્ય - ગુણ - પર્યાયથી આત્મસ્વરૂપને ઓળખાવે છે.
ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ । એ પૃથક્ત્વ વિતર્ક સવિચાર
નામનો શુક્લધ્યાનનો પ્રથમ ભેદ છે,
તેમાં ગુણ - પર્યાય - દ્રવ્યનું ભેદથી જ્ઞાન કારણભૂત છે.
શુક્લધ્યાનનો બીજો ભેદ એકત્વવિતર્ક અવિચાર છે,
તેમાં આત્મદ્રવ્યનું ગુણપર્યાયથી અભેદજ્ઞાન કારણ છે.
ઉપયોગ લક્ષણ વડે જણાય છે કે:
અનાત્મથી આત્મા ભિન્ન છે અને ઉપગ્રહ લક્ષણથી એ
જણાય છે કે આત્મત્વજાતિથી જગમાત્ર અભિન્ન છે.
તે દ્વારા અનુક્રમે મૈત્ર્યાદિ, ક્ષાન્ત્યાદિ,
સમિતિ - ગુપ્ત્યાદિ ધર્મો ઉત્પન્ન થાય છે.
એજ રીતે ગુણ - પર્યાયથી આત્મદ્રવ્ય સામ્યયુક્ત છે.
એ ધર્મધ્યાનથી શુક્લધ્યાન તરફ જીવને લઈ જાય છે.
('ભવતિ પરમાત્મા ઇવ જીવાત્મા ।')

ગુણપર્યાયવિના ભેદને ગૌણ કરી અભેદપણે આત્મદ્રવ્યનું
પરમાત્મસ્વરૂપ થયું ધ્યાન શુક્લધ્યાનના બીજા પાયામાં
લઈ જાય છે અને સ્થિરતા થતાં જ્ઞાનાવરણીય આદિ
ઘાતિકર્મોનો સમૂલ ક્ષય થાય છે, એટલે સ્વઆત્મધ્યાન
જાતિગત એકતા રૂપે ધર્મધ્યાનની ઉત્પત્તિ કરે અને
એ જ ધ્યાન ગુણપર્યાયથી ભિન્નપણે થાય છે, ત્યારે
અનુક્રમે શુક્લધ્યાનના પ્રથમ તથા દ્વિતીય ધ્યાન રૂપે
પરિણામી કેવળજ્ઞાન - કેવળદર્શનરૂપ ફળને જન્માવે છે,
કેમકે તે વડે દર્શનમોહ - ચારિત્રમોહનો સમૂલ ક્ષય થાય છે.
મોહના ક્ષયની સાથે જ જ્ઞાનાવરણીય - અંતરાયાદિ
સકલ કર્મોનો ક્ષય થાય છે, તેથી ધ્યાનની માતા
આત્માનું ભિન્ન ભિન્ન પ્રકારે થયું ચિન્તન છે અને
તે ચિન્તન આપણી તૃતીય માતા છે.

(૨૩) ચતુર્થ માતા ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક સત્ ત્રિપદી છે.

તૃતીય માતા શુક્લધ્યાનની ઉત્પત્તિનું મૂળ છે અને
'તદ્ભાવાવ્યયં નિત્યમ્ |' એ ચતુર્થ શુક્લધ્યાનનું મૂળ છે.
એટલે યોગનિરોધ, બાદમાં શૈલેશીકરણ - નિર્વાણ
ફળનો લાભ થાય છે. પહેલી તથા બીજી માતા જ્ઞાનની
જનની છે, ત્રીજી તથા ચોથી માતા ધ્યાનની જનની છે.

એ રીતે જ્ઞાન અને ધ્યાનના સમાગમ દ્વારા
આત્માનું મોક્ષરૂપી કાર્ય સિદ્ધ થાય છે અને
એ જ સકલ દ્વાદશાંગીનો સાર છે.

## શ્રદ્ધાવાન અને જીતેન્દ્રિય કોણ ?

જિનેશ્વર ભગવાન પ્રત્યે બાંધ્યું છે લક્ષ્ય જેણે, તે.

તીર્થંકરપદની પ્રાપ્તિનો ક્રમ આ રહ્યો:

(૧) બહુલક્ષ્ય (૨) સુસ્પષ્ટ વર્ણોચ્ચાર
(3) શ્રદ્ધા તથા મનની પવિત્રતા (૪) જીતેન્દ્રિય, ઈંદ્રિય
અને દેહની પવિત્રતા (૫) ભવભયહર મંત્રનો જાપ
(૬) શ્વેત - સુગંધી ભાવ પુષ્પ વડે પૂજા
(૭) જિનેશ્વર ભગવંત અને સંઘની પૂજા અને
(૮) જિનેશ્વર પદની પ્રાપ્તિ - એ ક્રમ છે.

આમ શરીર તથા વસ્ત્રની પવિત્રતા ઉપરાંત મનની એકાગ્રતાપૂર્વક પૂજાની અન્ય સામગ્રી સહિત શ્વેત-સુગંધી પુષ્પો વડે શ્રી જિનેશ્વરભગવંતની પૂજા કરી, સર્વ પ્રકારના ભયનો નાશ કરનાર મહામંત્ર નવકારનો સુસ્વર અને વર્ણના સ્પષ્ટ ઉચ્ચારપૂર્વક એક લાખની સંખ્યાનો જે કોઈ જાપ કરે છે, તે સમગ્ર વિશ્વને પૂજ્ય એવા શ્રી તીર્થંકરપદને પ્રાપ્ત કરે છે.

મનુષ્યમાં બે મૂળભૂત વૃત્તિઓ કામ કરે છે:
એક પોતાની જાતનું સંરક્ષણ અને
બીજું પોતાની જાતનું સંવર્ધન.
સંવર્ધન = પોતાની જાતને સંતતિ વડે જીવતી રાખવી.
મનુષ્યની જાતનું રક્ષણ થાય છે જિતેન્દ્રિયથી અને
મનુષ્યની જાતિનું સંવર્ધન થાય છે જનનેન્દ્રિયથી.
આ બેની વચ્ચે સીધો સંબંધ છે.
બન્નેમાં રસાસ્વાદની માત્રા કુદરતે ભરપૂર રાખી છે.
જિહ્વા જ્યારે રામનામનો રસ લેતી થાય છે,
ત્યારે કામનું જોર ઘટે છે. તુલસીદાસજી કહે છે તેમ:
'જહાં રામ, તહાં કામ નહીં.'
જ્યાં સુધી જિહ્વા પાર્થિવ રસના ઉપભોગમાં નાચે છે,
ત્યાં સુધી તે વૃત્તિઓને બહાર દોડાવે છે અને
પોતાના જેવા પિંડના નિર્માણ માટે જનનેન્દ્રિયને
સતેજ રાખે છે પણ નામ તે કોઈ પાર્થિવ રસ નથી.
તેનો આસ્વાદ આવે, ત્યારે વૃત્તિઓ અંતર્મુખ થાય છે.
નામ પણ અંદર અંદર ઘૂંટાતું - ઘોળાતું કંઠમાં,
કંઠથી હૃદયમાં અને હૃદયથી નાભિમાં ઉતરવા માંડે છે.
નાભિમાં એ શુદ્ધ ચૈતન્યનો ઘાટ પામે છે.

મનુષ્યની નાભિ તેના પાર્થિવ પિંડના નિર્વાહમાં જેમ પોષક હતી, તેમ ચિન્મય પિંડના નિર્વાહમાં પોષક બને છે. જે લાભથી કોઈ મોટો લાભ નહિ અને જેમાં સ્થિર થયાં પછી મહાન ગમે તેવા દુઃખથી પણ વિચલિત થતો નહિ, તે છે આત્મલાભ, ત્યાર પછી નવું કશું પ્રાપ્ત કરવાનું રહેતું નહિ પણ જે છે, તેની નવીનતા કદી ખૂટતી નહિ.

આ એક અદ્ભુત દર્શન છે, જેમાં કશું વાસી નહિ. અહીં કશા ભેદ - વિભેદ નહિ અને ભય પણ નહિ. સર્વભક્ષી મૃત્યુનો ભય પણ જેમની આંખો ખોલીને આત્મલાભ રૂપે એ પછી ઉભો રહે છે.

## પાંચ આધ્યાત્મિક નિષ્ઠા

(૧) નિરપેક્ષ નૈતિક મૂલ્યોમાં વિશ્વાસ અર્થાત્
faith in the absolute moral values.

(૨) મૃત્યુ પછી જીવનની અખંડતા અર્થાત્
unity and quaility of life.

(3) પ્રાણીમાત્રની એકતા અને પવિત્રતા.

(૪) 'વિશ્વમાં વ્યવસ્થા છે' એવી બુદ્ધિ, કોસ્મિક ઓર્ડર.

(૫) પ્રકૃતિના અનુભવનો સંભવ. જે કાંઈ સ્વાર્થ છે, તે અનૈતિક છે અને જે નિઃસ્વાર્થ છે, તે નૈતિક છે.

વિચારહીન મનુષ્ય મૂર્ખ છે, પરન્તુ 'સંસારમાં સુખ છે'
એવું જે માને છે, તે તો મૂર્ખોમાં પણ મૂર્ખ છે.
માતાના ગર્ભાશયમાંથી જેમ મનુષ્ય બહાર છૂટો થઈ જાય,
તેમ અચિન્ત્ય આત્મસ્વરૂપ જડ શરીરથી અલગ થાય,
તે મનુષ્યનો આધ્યાત્મજન્મ છે. એ માટે માનવદેહના
જન્મ કરતાં અનેકગુણી વેદનામાંથી પસાર થવું પડે છે.

મનુષ્યની અંદર તેના સમગ્ર જગતને તેમાં
નામ અને રૂપને મિટાવી દેતી જે યોગના અવતરે છે,
એ વિષે ગોરખનાથની વાણી છે કે :
'ગગનમંડલમાંહી બાલક બોલે, તાકા નામ ધરોગે કૈસા ?'
કયા નામે ઓળખાવું આ અનામી - અરૂપી - નિત્ય-
નવીન તત્ત્વને? પ્રભુનું નામસ્મરણ કરતાં કરતાં
સાધક જે નામોમાં લય પામે છે, તે અચિન્ત્ય ગગન છે,
તેને તર્કથી સમજ શકાય તેમ નથી.

મંત્રનો પ્રવાહ જેમ જેમ આભ્યંતર ગતિ કરે છે,
તેમ તેમ આ મહાશક્તિનો પરિચય થતો જાય છે.
તેને પ્રાપ્ત કરવામાં પણ એક વિરોધાભાસ રહ્યો છે:
જેમજેમ તેને મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે,
તેમ તેમ તે મહાશક્તિ દૂર નાસી જાય છે.

ઈશ્વર - આપણને એનો ભાવ સમજાતાં જ તેના ચમત્કાર થતાં આવે છે. સતત ઝંખના અને નિર્મળ ગ્રહણશીલતા - આવા બે ભિન્ન છેડાઓ મળે, ત્યારે પરમ શક્તિ અવતરવાનું પસંદ કરે છે. સાધકે તો શ્વાસને સ્થિર અને શુદ્ધ કરવાનો જ પ્રયત્ન કરવો જોઈએ. અનુભવના બારણાં વારંવાર ખખડાવવાની જરૂર નથી. એ તો યોગ્ય પળે ખૂલવાનાં જ છે. ભક્તહૃદયમાં તો ભગવાનની ઝંખના જાગતી રહે, એ જ મુખ્ય વાત છે.

બાકીનું બધું ઉપરવાળો સંભાળી લે છે.

શરીરને શ્રમ અને મનને વિશ્રામ,

એ બંને દ્રવ્ય - ભાવ આરોગ્યને આપનારા છે.

મનન મનનું રક્ષણ કરે, પાચન તનનું રક્ષણ કરે.

નવકારમાં સાધ્ય, સાધક અને સાધના - ત્રણે રહેલાં છે.

આર્હન્ત્ય - આત્મા - સામાયિક - આત્મા એકાર્થક છે.

ઉપયોગ અનાદિ છે, યોગ આદિમાન છે.

જ્યોતિ = રત્નત્રયી, લય = ઉપયોગ, ધ્યાન = યોગ.

'ગૌતમ' શબ્દનો અર્થ શું?

'નાણાઇ તિહિં જુત્તો ।' યોગોપયોગયુક્ત મુનિ.

ગૌતમમાં ગો = વાણી, તમ = શ્રેષ્ઠ.

ત્રિમાત્રામાંથી આગળમાં જવા માટે અર્ધમાત્રા (બિન્દુ) છે.
નાદ દ્વારા બિન્દુ અને બિન્દુ વડે કલામાં જવાય છે.
કલા એ જ્યોતિસ્વરૂપ છે.
સાધનામાંથી સિદ્ધિ = આત્મજ્ઞાન, આત્મપ્રત્યક્ષ સાક્ષાત્કાર.
રાગ - દ્વેષ - મોહનો વિલય થવો,
એ આત્મજ્ઞાન અને તે મંત્રચૈતન્યનું ફળ છે.
મંત્રચૈતન્ય પ્રગટાવવા માટે નાદસાધના છે.
નાદની સૂક્ષ્મતા બિન્દુ - તેની પણ સૂક્ષ્મતા તે કલા છે.
શ્રુતિ તે નાદ, સ્મૃતિ તે મધ્યમા, તન્મયતા તે પશ્યંતિ.
તેમાંથી જે પરાવાણી પ્રગટે છે, તે સિદ્ધિ છે.
ક્લિષ્ટ ચિત્તવૃત્તિ નિરોધો યોગઃ | અથવા
જે ધર્મવ્યાપાર સમિતિ - ગુપ્તિસ્વરૂપ છે, તે યોગ છે.
તે દ્વારા મોક્ષલાભ થાય છે. અહીં 'ધર્મવ્યાપાર'નો અર્થ
સ્વભાવોન્મુખ યા પ્રભુના અભિમુખ ક્રિયા સમજવી.
મોક્ષેણ યોજનાત્ યોગઃ સર્વોઽપ્યાચાર ઇષ્યતે |
વિજ્ઞાનમાં કલ્પના કે કારણ નથી, વિજ્ઞાને તો શોધવાનું છે
અર્થાત્ કે કુદરત જે કરે છે, તેને માનવે ફરી બતાવવાનું છે
અને પછી કુદરતે કેમ વર્તવું, તે માનવે શીખવવાનું છે.
માનવતાને અંતિમ જ્ઞાન લાધે અને સત્યનાં દર્શન થાય,
તે માટે પણ વિજ્ઞાનનું જ્ઞાન જરૂરી છે.

વિચારોને જાણવાનો ઉપાય સ્વનિરીક્ષણ છે.
તેના ચાર દ્વાર દેહ, ચિત્ત, વેદના અને
ધર્મની વિપશ્યના ઉપરાંત આનાપાન સ્મૃતિ છે.
શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન જેના વડે કાર્ય કરે છે,
તે આત્માનું સ્થૂલ વ્યવહાર સાધન છે, જેનું નામ
અંતરાત્મભાવ - ગરૂડતત્ત્વ છે અને એમાં સ્થિર થઈને
પોતામાં પરમાત્મભાવની ભાવના કરવી, તે દેવતત્ત્વ છે.
એ રીતે દેહ, ગરૂડ, આત્મા, મન, મંત્ર અને બ્રહ્મનું
એકત્વ ભાવવું, તે આત્મસાધનામાં રૂઢ છે.
સંયોગોમાં સુખ છે, તેમ વિયોગમાં વિશિષ્ટ યોગ છે,
તેથી વિયોગમાં તો અધિક સુખ છે.
સુખ અને દુઃખ માટે સ્વર્ગ અને નરક છે અને
ધર્મ કરવા માટે માનવભવ છે.
દુઃખ એ સુખનું મહત્ત્વ સમજાવે છે,
જેમ કે કેરીનો રસ અને કારેલાનું શાક.
o વિનમ્રતા એ વિકાસની પગદંડી છે.
નમ્રતાનાં જળમાં જ સદ્‌ગુણોની વાડી પાંગરે છે.
o વિષયો કોઈ સ્વરૂપથી ગુણ અથવા દોષરૂપ નથી,
ગુણ કે અવગુણનું બીજ તો મનુષ્યનું મન જ છે.

વિચારરૂપે - ઉપયોગરૂપે ભગવાનની લાગણી તે Reality છે અને વસ્તુસ્વરૂપે ભગવાનની લાગણી તે collaborative reality છે. નવકારમાં સૌ ક્રિયાપદો વર્તમાનકાળમાં વાપર્યાં, તે reality સૂચવે છે.

## નવકારના નવ પદોનું માહાત્મ્ય

પ્રથમના પાંચ પદોમાં પ્રભુ સાથે આપણો વાર્તાલાપ છે, પછીના ચાર પદોમાં પ્રભુ આપણા સાથે વાત કરે છે કે: 'તું નમે છે, એટલે તારા સર્વ પાપનો નાશ થશે અને પાપનાશથી સર્વ મંગળ તારી પાસે આવશે.'

## ચૂલિકાનાં પદોનું માહાત્મ્ય

ચૂલિકાનાં પ્રથમ પદમાં સમ્યક્ત્વ અને શ્રુત છે.
પ્રભુની સ્તુતિ એ સમ્યગ્દર્શન છે અને
તે માટે અક્ષરોનું આલંબન તે શ્રુત છે. ચૂલિકાનાં બાકી પદમાં સર્વ કર્મની નિર્જરાદર્શક ચારિત્રનો વિચાર છે.

નવકારના છેલ્લાં બે પદમાં
સર્વ મંગળમાં પહેલાં મંગળરૂપ તપ છે.

નામ એ જ દ્રવ્યાનુયોગ છે.

પ્રભુનું નામ સાત ભયથી - આઠ કર્મોથી છોડાવનાર છે.

માનવજીવન સુખ-દુઃખ માટે નહિં પણ ધર્મ માટે છે.

## ચાર ભાવનાઓ શું કરે છે?

મૈત્રી એ દ્રવ્યની ઓળખાણ કરાવી દર્શનશુદ્ધિ કરે છે,
પ્રમોદ એ ગુણની ઓળખાણ કરાવી જ્ઞાનશુદ્ધિ કરે છે,
કરુણા તથા માધ્યસ્થ્ય એ પર્યાયની ઓળખાણ કરાવી
આત્માના ચારિત્રગુણની શુદ્ધિ કરે છે.

ચાર ભાવનાઓ મનમાં ભાવિત થવા છતાં
તેની અભિવ્યક્તિ વિવિધ રીતે થાય છે:
મૈત્રીની અભિવ્યક્તિ મન વડે, પ્રમોદની વચન વડે અને
કરુણા - માધ્યસ્થ્યની અભિવ્યક્તિ કાયા દ્વારા થાય છે.

'નમો' વડે દ્રવ્યને નમન અને દર્શનગુણની શુદ્ધિ,
'અરિહં' દ્વારા ગુણની સ્તુતિ અને જ્ઞાનગુણની શુદ્ધિ
તથા 'તાણં' પદ દ્વારા પર્યાયને નમન કરીને
ચારિત્રગુણની શુદ્ધિ થાય છે.

'નમો' ભાવ છે, 'અરિહં' લક્ષ્ય છે અને
'તાણં' પદ દ્વારા તેનો બોધ થાય છે. 'નમો' પદથી
આરાધકભાવનો ઉત્પાદ તથા વિરાધકભાવનો વ્યય થાય,
'અરિહં' પદ સાધ્ય અવસ્થાનું લક્ષ્ય બંધાવે અને
'તાણં' પદ વડે સાધ્ય - સાધક ઉભય અવસ્થામાં
આત્મતત્ત્વ કાયમ રહે, તેનો બોધ થાય છે.

અ = આલંબન અરિહંતો.

રિ = રત્નત્રયયુક્ત અથવા કર્મરહિત સિદ્ધ ભગવંતો.

હં = કર્મ હણવામાં ઉદ્યમી સાધુ ભગવંતો.

ત = તપ - ત્યાગપ્રધાન જિનધર્મ.

આ ચાર અક્ષરો વડે ચારનું શરણ ગ્રહણ થાય છે.

અરિહંત = કર્મને હણનારા. તે ભવપાપની ગર્હણીયતાને સૂચવે છે. અરહંત = પૂજાને યોગ્ય એવા ભગ. તે પૂજ્યોમાં રહેલાં ગુણોમાં પ્રમોદ ઉપજાવે છે. અરૂહંત = ફરી ફરી નહિ જન્મનારા. જે જન્મ - જરા તથા મરણરહિત હોય, તે જ સાચું શરણ આપી શકે.

એ ત્રણે અવસ્થા અનુક્રમે આદર્શ, ઉપદેશ અને આલંબન આપે છે અને તે ત્રણેના કારણે ચાર વસ્તુ મંગળ અને શરણભૂત ગણાય છે.

વિષય-કષાયમાં જીવન અધૂરું જણાય છે. પૂરું જીવન તો પૂર્ણ પરમાત્માની ભક્તિ દ્વારા જ જીવી શકાય છે. પ્રભુના નામ દ્વારા ચાર કષાયો જીતાય છે અને પ્રભુની મૂર્તિ દ્વારા પાંચ વિષયો જીતાય છે.

ફળ - ફૂલ - નૈવેદ્યપૂજા એ દિલનું સમર્પણ કરાવે છે. ભગવાનને દિલ આપ્યું તો ભગવાન બધું આપે છે.

ॐ अर्हं नमः । मंत्र દ્વારા પરમાનંદ

સ્વાત્મ ચૈતન્યની અભિવ્યક્તિ માટે

નાદનો આવિર્ભાવ એ તુરીય અવસ્થાનું સ્વરૂપ છે.
અર્ધચંદ્રરોધિની નાદ પર્યન્ત તુરીયની ભાવના છે.
તુરીયાતીત અવસ્થા પરમાનંદમય છે.
નાદાન્તાદિ ઉન્મના પર્યન્ત તુરીયાતીત અવસ્થા છે.
બિન્દુ પર્યન્ત સુષુપ્તિ, નાદ પર્યન્ત તુરીય અને
ઉન્મના પર્યન્ત તુરીયાતીત અવસ્થા છે.
જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને બિન્દુનવક મળીને
અનુક્રમે ચાર અવયવ થાય છે.
અર્ધમાત્રાદિમાં પ્રતિફલિત ચૈતન્ય તે મન્ત્ર છે.
જે ચિત્ત તેનો આધાર છે, તેને પણ 'મન્ત્ર' કહે છે.
માત્રાદિ માત્રાતીત શબ્દમાં જવાનું દ્વાર એ બિન્દુ છે,
ત્યાં શાતા અને શબ્દ - સર્વ એકાકાર થઈ જાય છે.
અનેક માત્રામાંથી એક માત્રામાં અને
તેમાંથી અર્ધમાત્રા અને અમાત્રામાં જવાનું હોય છે.
અમાત્રામાં નિરાલંબન ભાવ સહિત
ત્રિપુટીમાં એકતાનો આરંભ થાય છે. પાંચ જગત્પતિ:
બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને સદાશિવ છે.

બ્રહ્મરંધ્રના મુખમાં નાદ છે અને બ્રહ્મરંધ્રમાં નાદાંત છે.
બ્રહ્મરંધ્ર સુષુમ્ણાની ઉપર છે, જ્યાં શક્તિનું સ્થળ છે.
જપની સાથે મંત્રના અવયવ સમજવાનાં છે. શૂન્ય, પાંચ અવસ્થા અને સાત વિભુ જની ભાવના કરવી પડે છે.
૧૨ અવયવમાં ત્રીજું, ચોથું, છઠ્ઠું, ૯મું, ૧૦મું અને ૧૨મું અવયવ શૂન્યરૂપ છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીય
અને તુરીયાતીત - એ પાંચ અવસ્થાઓ છે.
છઠ્ઠું અનુત્તર મહાશૂન્ય છે. તે નિરાકાર - મનસાતીત છે
નાદસમૂહની સમાધિ ઉન્મનામાં છે, બાદ શબ્દબ્રહ્મ નહિ
અપિતુ શબ્દબ્રહ્મ પોતે જ પરબ્રહ્મ -
અદ્વૈત આત્મસ્વરૂપમાં સ્વયં પ્રકાશિત થઈ જાય છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાત થતાં બાદ પરબ્રહ્મ ઉપલબ્ધ થાય.
શબ્દાતીત એવા પરમપદનો સાક્ષાત્કાર કરવો હોય,
તો શબ્દોનો આશ્રય લઈને જ કરાય છે.
શબ્દ જ જગતસૃષ્ટિનું મૂળ છે. સૃષ્ટિની બહાર જવું હોય, તો પછી શબ્દ જ એક માત્ર અવલંબન છે.
જપસાધનામાં એવો ઉદ્દેશ છે કે :
શબ્દને પકડીને શબ્દાતીત એવા પરબ્રહ્મ પદમાં જવું.
વૈખરી વિશ્વવિગ્રહા ।

ઇન્દ્રિયો દ્વારા વ્યવહાર થાય, તે જાગ્રત અવસ્થા છે,
અંતઃકરણ દ્વારા વ્યવહાર થાય, તે સ્વપ્ન અવસ્થા છે
તથા અંતઃકરણ અને સમસ્ત ઇન્દ્રિયોનો લય જેમાં છે,
તે સુષુપ્તિની ભાવના ભ્રૂમધ્ય સ્થિત બિન્દુમાં જાણે છે.

Inertia = જડતા - તમોગુણ.

જડ અથવા તામસ - જુની ટેવને વળગી રહેવું.

પંચાંગ પ્રણિપાતને 'દ્રવ્યસંકોચ' કહે છે અને
મનને વિશુદ્ધ બનાવવું, તે 'ભાવસંકોચ' છે.

વિશુદ્ધ = મનને આંતરિક પ્રીતિ - બહુમાનવાળું બનાવવું.

ધ્વનિ (નાદ), સંખ્યા, ભાવના - એ ત્રણ પ્રકૃતિ શબ્દો
અનુક્રમે વાક્ (અગ્નિ), પ્રાણ (સૂર્ય) તથા મન (ચંદ્ર) છે.
મનથી આ ભાવપ્રાણથી સંખ્યા અને વાક્થી નાદ ઉઠે છે.

આસ્તિકતા એટલે સર્વ શક્તિશાળી પ્રભુની
જાગ્રત સત્તામાં અતૂટ વિશ્વાસ.

પુમાન્ પુમાંસં પરિપાતું વિશ્વતઃ ।

મનુષ્યે મનુષ્યની બધી રીતે રક્ષા કરવી જોઈએ, સૌ સાથે
સદ્ભાવ, મૈત્રીભાવના રાખવી એટલું જ પર્યાપ્ત નથી,
પરંતુ સુખ - દુઃખમાં સાચી રીતે
એકબીજાને સહાયક થવું પણ એટલું જ અગત્યનું છે.

આ સદ્ભાવના માત્ર દૃશ્ય પ્રાણીઓ પ્રત્યે જ નહિ,
પરન્તુ અદૃશ્ય પ્રાણીઓ પ્રત્યે પણ રાખવાની છે.
મનુષ્યોની આકૃતિ - ચિત્તવૃત્તિ - હૃદય - મન સમાન છે,
જેથી વિશ્વના પ્રાણીઓ પરસ્પર સહૃદયતાથી રહી શકે.
સંસારના સમસ્ત પ્રાણીઓ સાથે
વિશ્વબંધુત્વની વ્યાપક ઉપાસના વિદ્યમાન હોવી જોઈએ.
આ વિશ્વ સચ્ચિદાનંદ બ્રહ્મનું ધામ છે.
સૌ જીવો એક જ બ્રહ્મના અંશ હોઈ બ્રહ્મથી અભિન્ન છે.
'સર્વે ભદ્રાણિ પશ્યન્તુ |' સૌનું કલ્યાણ થાઓ.
જીવન, જે જગતમાં રહીએ છીએ, તેના પ્રત્યે અને
જે ભાતભાતની કુદરતી બક્ષિસો ભોગવતા રહ્યાં છીએ,
તેના પ્રત્યે આભારી બનીએ, તો ગુણનો સાર સમજાય.
થોડાક પણ ગુણ પરત્વે, કૃતજ્ઞતાગુણનો દર્શક છે.
જડમાં જડબુદ્ધિ તે બોધિનો હેતુ.
જડમાં શિવબુદ્ધિ તે સમાધિનો હેતુ.
શિવમાં શિવબુદ્ધિ તે સિદ્ધિનો હેતુ. સ્વમાં અશિવબુદ્ધિ
તે દુષ્કૃત/દોષગર્હા, પરમાં શિવબુદ્ધિ તે સુકૃતાનુમોદના.
શિવપદ પ્રાપ્તમાં શિવબુદ્ધિ તે શરણાગમન અથવા
શિવપૂર્ણ આ દોષરહિતમાં શરણબુદ્ધિ તે શરણાગમન.

ॐ अर्हं ।

અશિવમાંથી શિવ બનવાની પ્રક્રિયા એટલે...

નિંદનીય પાપતત્ત્વોની નિંદા, પ્રશંસનીયના કાર્યોની પ્રશંસા
અર્થાત્ નિંદનીયનો ત્યાગ, પ્રશંસનીયનો આદર અને
તેનું જ ગદ્ગદ્ભાવે વારંવાર સ્મરણ.
એ જ અશિવમાંથી શિવ બનવાનો અનન્ય માર્ગ છે.

શ્વાસની જેમ વિશ્વાસ કેળવવો કે:
'મારા મહાસનું અહિત થવું જ નહિ.'

વિશ્વોમાં સર્વોત્તમ વિશ્વ પાંચ પરમેષ્ઠિ ભગવંતો.
તેમની આજ્ઞા આત્મિક અને એક જ છે કે:
આશ્રવ સર્વથા હેય, સંવર સર્વથા ઉપાદેય.

૧૨ અવયવોની જેમ...

અરિહંતના ગુણ ૧૨, વર્ષના માસ ૧૨, શરીરના દ્વાર ૧૨,
સમવસરણના ત્રણ ગઢયુક્ત દ્વાર ૧૨, સાધુપ્રતિમા ૧૨,
૧૨ પ્રકારે તપ, શ્રાવકના વ્રત ૧૨, ૧૨ ભાવના, ૧૨ ગણું
ઊંચું અશોકવૃક્ષ તથા ૧૨ આંગળ ઊંચી શિખા રહેલ છે.

°

'આવતાં - જતાં રહેજો' એ
ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યની ત્રિપુટી જણાવનારું વાક્ય છે.

ઈશ્વરનું સ્વરૂપ એટલે: (૧) કેવળ સત્ત્વગુણનો પ્રકર્ષ
(૨) જગત્કર્તૃત્વ (૩) એકત્વ (૪) અનુગ્રહેચ્છા
(૫) અનાદિની શુદ્ધતા - નિત્યમુક્તતા (૬) સર્વજ્ઞત્વ.
પહેલાં બે (ગુણ) ધર્મો અહીંયાં
કેવળ સત્ત્વગુણનો પ્રકર્ષ અને જગત્કર્તૃત્વ અમાન્ય છે.
એકત્વ, અનુગ્રહેચ્છા અને અનાદિની શુદ્ધતાનો કથંચિત
સમન્વય છે અને સર્વજ્ઞપણાંનો સર્વથા સ્વીકાર છે.
સત્ત્વગુણનો પ્રકર્ષ જડપ્રકૃતિનો અંશ છે અને
જગત્કર્તૃત્વ યુક્તિથી અસંગત છે.
'એકત્વ' શબ્દના બે અર્થ: સંખ્યા અને સાદૃશ્ય.
મુક્ત આત્માઓ અનંત છે, તેથી
ઈશ્વરની સંખ્યા એક નહીં પણ અનંત છે.
એકત્વનો અર્થ જો સદૃશતા કરવામાં આવે, તો તે
ઈશ્વરમાં ઘટે. સૌ મુક્ત આત્મા ઈશ્વર છે/સદૃશ છે.
અનાદિશુદ્ધતા પણ મુક્ત જીવોના પ્રવાહમાં ઘટે છે,
વ્યક્તિ માત્રમાં નહિ. અનુગ્રહેચ્છા રાગદ્વેષ સહચરિત છે,
તેથી ઈશ્વરમાં અસંભવિત છે, કિન્તુ
ઈશ્વરોપાસના નિમિત્તે યોગી મુમુક્ષુઓને જે
સદાચાર લાભ થાય છે, તે 'ઈશ્વરાનુગ્રહ' કહેવાય છે.

ઈશ્વરમાં સર્વજ્ઞત્વ છે, તે દોષનાશજન્ય છે, તેથી તે નિત્યાનુજ્ઞાતા સાધક નહિ પણ ઉદ્દેશાનુજ્ઞાતા સાધક છે.

એ રીતે વિતરાગતા અને સર્વજ્ઞતા -
એ ઈશ્વરત્વનું અબાધિત સ્વરૂપ છે.

કુંડલિની એટલે...

જેમાં શુદ્ધ સ્વરૂપમાં સદા જાગૃત વિશ્વશક્તિ છે તે. આપણે આ શરીરની વક્રતા વડે કુંડલિની જગાવા બેઠાં છીએ, આ વક્રતા દેહના આરંભમાં, મનની ઇચ્છાઓમાં અને બુદ્ધિના દુરાગ્રહોમાં ત્રણ આંટા મારીને બેઠી છે, ઉપરાંત ચિત્ત ઉપર પૂર્વજન્મના સંસ્કારોનો અડધો આંટો એ કુંડલિનીમાં આવેલો છે.

સપ્ત વિપુલના સાત પ્રચલિત નામો અનુક્રમે...

બ્રહ્મવિપુલ, મંત્રવિપુલ, નાડીવિપુલ, પ્રશાંતવિપુલ, શક્તિવિપુલ, કાલવિપુલ અને તત્ત્વવિપુલ છે.

બ્રહ્મવિપુલ = બ્રહ્મ - આત્મા - મનનો પરસ્પર યોગ.

મંત્રવિપુલ એટલે અભિવ્યક્તમાન નાદને પોતાનું આત્મસ્વરૂપ સમજીને ભાવના કરવી તે.

નાડીવિપુલ એટલે મૂળ મંત્ર દ્વારા છ ચક્ર અને ૭/૨ ગ્રંથિઓનો ભેદ થવાથી મધ્યનાડીમાં નાદનો સ્પર્શ થવો તે.

મૂલાધારથી બ્રહ્મરન્ધ્ર પર્યન્ત બાળ

શિખરવર્તી નાદ ઉચ્ચારિત થવાથી નાડીવિપુલરૂપ થાય છે.

પ્રશાન્તવિપુલ એટલે નાદાન્ત પર્યન્ત

મંત્રના અવયવની શક્તિમાં જ લય થવાની ભાવના.

શક્તિવિપુલ એટલે શક્તિથી સમના પર્યન્તનું ચિન્તન.

સમના સુધી જ કાળનો બોધ છે.

કાલવિપુલ એટલે કાલાતીત ઉન્મના પર્યન્ત નાદનું ચિંતન.

કાલવિપુલ બાદ નાદાંતે તત્ત્વનો બોધ છે, તે તત્ત્વવિપુલ.

સમના પર્યન્ત નાદ રહે છે,

ઉન્મનાનો ભેદ થયાં બાદ જ્યાં નાદનો અંત છે,
ત્યાં તત્ત્વબોધ - આત્મસાક્ષાત્કાર થાય છે, એ કારણે
તત્ત્વવિપુલને ચૈતન્યનું અભિવ્યક્તિ સ્થાન કહ્યું છે.
ત્યારબાદ પરમાનન્દ અને પરમસ્વરૂપ પરમપદ છે, ત્યાં
છ શૂન્ય, પાંચ અવસ્થા અને વિપુલનો કોલાહલ નથી.
ઉન્મના પર્યન્ત ૬૦,૮૯૭ વાર મંત્રાવયવો ઉચ્ચારિત થવાથી
નાદનો અંત આવે છે અને તત્ત્વજ્ઞાનનો ઉદય તથા
પરમપદની પ્રાપ્તિ થાય. મંત્રાર્થ ભાવના માટે ક્યાંક ૧૬
પ્રકારના, ક્યાંક અનેક પણ પ્રધાનપણે છ પ્રકાર: ભાવાર્થ,
સમ્પ્રદાયાર્થ, નિગર્ભાર્થ, કૌલિકાર્થ, રહસ્યાર્થ તથા મહાતત્ત્વાર્થ.

મંત્રના અવયવભૂત અક્ષરોનો અર્થ એ જ ભાવાર્થ છે.
તે પહેલાં ત્રણ આંટા મનન કરવાથી પારખી શકાય છે.
પછીનો અડધો આંટો ચિત્તની શુદ્ધિ થતાં ખૂલી જાય છે.
ચિત્તની આ પૂર્ણ વિશુદ્ધિ એટલે જ કુંડલિનીની જાગૃતિ.

આ મહાશક્તિ જાગૃત થતાં જ
એક નવી દૃષ્ટિ ઉઘડી જાય છે અને
માનવજન્મની ખરી કમાણી હોય, તો તે આ દૃષ્ટિ છે.
ત્યારે અંતરમાં માત્ર હરિસ્મરણ જ નથી રહેતું, કિન્તુ
નજર સામે હરિની નિત્ય લીલા પ્રગટ થાય છે.
આંતરિક સ્મરણનો એક મહિમા છે, તેમ
બાહ્ય લીલા વિસ્તારના દર્શનનો પણ અદ્ભુત મહિમા છે.
મહારાસની મુખ્ય બે ક્રિયાઓ: એક ગ્રહણ - બીજો ત્યાગ.
જો માત્ર દેહને કેન્દ્રમાં રાખીને તે ક્રિયાઓ થાય, તો
મહારાસનું નરપણું એ નરકગતિનું કારણ થાય, પરંતુ જો
દેહના બાંધેલા મમત્વને ઉખેડી નાંખી ગ્રહણ કે ત્યાગની
ક્રિયાઓ થાય, તો નારાયણની લીલા પ્રકાશિત ઉઠે.
દેહ અને દેહની દૃષ્ટિનો અંત છે, પરન્તુ આ લીલા તો
અનાદિ - અનંત છે. ૨૪ ગરૂડો તો દૃષ્ટાંતરૂપે છે.
અંદરનો ગરૂડ જાગે, તો તેને સાપેક્ષ દરેક વસ્તુ
ગરૂડ બનીને શ્રેયનો માર્ગ બતાવે છે.

વિમર્શ કરીને મનુષ્ય પોતે જ પોતાનો ગુરુ છે.
પ્રત્યક્ષ દર્શન અને અનુમાનથી તે પોતાના ભેદને પામે છે.
સર્વ મંત્રોના મૂળ ગુરુ છે : સર્વ કારણોના કારણરૂપ
આદિ પૂર્ણ પરમેશ્વર. તેમના મુખથી સ્ત્રાવ મંત્રોનો
ઉદ્ભવ અને અવતરણક્રમ – એ સંપ્રદાયાર્થનું જ્ઞાન છે.
નિગર્ભાર્થનું જ્ઞાન એટલે પરમેશ્વર, ગુરુ અને
નિજાત્મા – એ ત્રણેના ઐક્યનું અનુસંધાન.
પરમેશ્વર નિષ્કલ – નિરવયવ છે અને ગુરુ પણ
તેવા જ છે, તેથી ગુરુ અને પરમેશ્વર અભિન્ન છે.
જે નિષ્કલ પરમેશ્વરનો સ્વાત્મરૂપથી સાક્ષાત્કાર કરે છે,
તે જ ગુરુ છે અને કૌલિકાર્થ એટલે
ચક્ર, દેવતા, વિદ્યા, ગુરુ અને સાધકનું ઐક્યાનુસંધાન.
'સાધકનો સ્વાત્મા એટલે મૂલાધારસ્થ કુંડલીરૂપ વિદ્યા'
એવી ભાવના કરવી, તે રહસ્યાર્થ છે.
નિષ્કલ, અણુથી પણ અણુતર અને
મહાનથી પણ મહત્તર, અરૂપ, ભાવાતીત,
વ્યોમાતીત, વિશ્વાતીત અને વિશ્વમય,
ઉપરાંત નિજગુરુ પ્રબોધિત નિર્મળ સ્વભાવી
સ્વકીય આત્માની ઓળખાણ તે મહાતત્ત્વાર્થ છે.

આ સૌ અર્થો વિજ્ઞાનના સ્થૂલ રૂપે પાશ્ચાત્ય - વિશ્લેષણ, પરન્તુ સમ્યક્ પ્રકારે તે નિવૃત્ત થઈ જાય છે.

મંત્રાર્થભાવનાની પ્રક્રિયા: (૧) ભાવાર્થ = અક્ષરોનો અર્થ (૨) સંપ્રદાયાર્થ = ગુરુપરંપરાપ્રાપ્ત અર્થ (3) કૌલિકાર્થ = ગુરુ, મંત્ર, દેવતાનું ઐક્ય (૪) નિગર્ભાર્થ = દેવ - ગુરુ - આત્માનું ઐક્ય (૫) રહસ્યાર્થ = આત્મા, મન, પ્રાણ કે ચક્ષુ, મન, મંત્રનું ઐક્ય. (૬) તત્ત્વાર્થ = અંતરાત્મ સંવિત્તિ સ્વાનંદમય આત્માનું પ્રકટીકરણ.

સ્થૂલ દેહરૂપ વિશ્વના ત્રણ સ્તર છે:

પ્રથમ સ્તર સકલ - તે મૂલાદિ આજ્ઞાચક્ર પર્યન્ત છે. સુષુમ્ણા નાડીનું મૂલસ્થ ઊર્ધ્વમુખ રક્તવર્ણ સહસ્રદલકમલ તે મૂલ પદવાચ્ય છે. તે જ સુષુમ્ણાનું શિખરસ્થ અધોમુખ શ્વેતવર્ણ સહસ્રદલ છે. બેના અંતરાલમાં સ્થિત સુષુમ્ણાની મધ્યમાં વિભિન્ન પ્રકારના આધાર કમલ છે.

દ્વિતીય સ્તર સકલ નિષ્કલ - તે આજ્ઞાચક્રની ઉપર બિન્દુથી સમના સુધી છે અને તૃતીય સ્તર નિષ્કલ છે, તે ઉન્મનાદિ અતીત, દેશ - કાલાદિ અપરિચ્છિન્ન છે.

આ ત્રિભૂમિક દેહરૂપ વિશ્વમાં અધિષ્ઠાતારૂપે વિરાજમાન પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્મા છે.

છની સાક્ષીએ ક્ષમાપના અને આલોચના કરવી:
અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા.
એ છમાં પરસ્પર કથંચિત જે અભેદ પણ રહેલો છે,
તેને જ અનુક્રમે સંપ્રદાયાર્થ, મૌલિકાર્થ,
નિગર્ભાર્થ અને રહસ્યાર્થ તરીકે સંબોધેલ છે.
મન, વચન અને કર્મની સૌ પ્રવૃત્તિઓ પ્રસાદીની પેઠે
આ હરિને અર્પણે ધરવા, એ ગીતાનો અંતિમ બોધ છે.
ભગવદ્ગીતાનું એક જ પરમવચન છે: કૃષ્ણાર્પણમસ્તુ.
જૈનદર્શન તેને જ આજ્ઞા આરાધક શબ્દથી અથવા તો
આજ્ઞાપાલનનો પરિણામ - ભક્તિ શબ્દથી સંબોધે છે.
શાસ્ત્રોના સર્વે વાક્યોનો ઐદંપર્યાર્થ આજ્ઞા છે.
આજ્ઞા એ જ રાગદ્વેષમોહના વિલયનો અંતિમ પંથ છે.
આપણા કાર્યને મહત્ત્વ આપવું એ શું ઈશ્વરનિંદા નથી?
આપણે તો એમની સમક્ષ માનપૂર્વક અને પૂજ્યભાવથી
ઊભા રહી કહેવું જોઈએ કે: 'તારી ઇચ્છા પ્રમાણે થાઓ.'
જેમનું સમગ્ર મન આત્મામાં સમાયેલું છે,
જેમની સમગ્ર ઇચ્છાઓ આત્મામાં કેન્દ્રિત થઈ જાય છે
અને જે સતત આત્માની સાથે તન્મય બન્યા છે,
એમને માટે કોઈ કાર્ય એ કાર્ય જ રહેતું નથી.

માનવજાતના આ ઉત્તમ કીર્તિના મુદ્દાઓ છે.
આપણા શિવત્વના ભાગ દરેકે કર્મ કરવાનું જ છે.
કર્મ કરતી વખતે વિશ્વની નાનામાં નાની વસ્તુને
પણ આપણે મદદ કરી શકીએ જ નહીં.
જગતની આ વ્યાયામ શાળામાં આપણે માત્ર
આપણને જ મદદ કરી શકીએ છીએ.
ભગવાન વિશ્વાત્મક હોઈને પણ વિશ્વાતીત છે અને
વિશ્વાતીત હોઈને પણ વિશ્વાત્મક છે.

<u>જપસાધનાની પરમસિદ્ધિ = આત્મસ્વરૂપમાં સ્થિતિલાભ.</u>

સાચી દુષ્કૃતગર્હા પરાર્થકરણમાં છે,
સાચી સુકૃતાનુમોદના કૃતજ્ઞતાગુણમાં છે અને
સાચું શરણાગમન વિનયગુણમાં - આજ્ઞાપાલનમાં છે.
વ્યવહારધર્મનું મૂળ કૃતજ્ઞતાગુણનું પાલન છે તથા
નિશ્ચયધર્મનું મૂળ સ્વાતંત્રતાનું સાર્થક્ય છે.
કૃતજ્ઞતા અને પરાર્થકરણ - અન્યોન્યાપેક્ષ છે.
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન -
એ પ્રથમ અને ચતુર્થ ગુણસ્થાનક પર્યન્ત છે.
દુષ્કૃતવર્જન અને સુકૃતસેવન -
એ પંચમ અને ષષ્ઠમ ગુણસ્થાનકની ભૂમિકા છે.

માર્ગાનુસારિતાના પાયા ઉપર સર્વવિરતિ ધર્મનું આરાધન
એ મુક્તિનો હેતુ બને છે.

'પશ્યન્તિ યોગિનો યસ્ય, સ્વરૂપં ધ્યાનચક્ષુષા ।
દધાના મનસઃ શુદ્ધિં, તં સ્તુવે પરમેશ્વરમ્ ॥' અર્થાત્:
પરમેશ્વર પરમાત્માને માત્ર શુદ્ધ મનવાળા
યોગી પુરુષો ધ્યાનરૂપી આંખ વડે જુએ છે.

જેમજેમ વિરાટ સ્વરૂપવાળા પરમાત્માના ધ્યાનમાં તન્મય થવાય છે, તેમ તેમ મનની વધુ ને વધુ શુદ્ધિ થાય છે, મનના દોષો દૂર થઈ અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે અને અતિન્દ્રિય એવા આત્મસુખની અનુભૂતિ થાય છે. વળી આર્તધ્યાન અને અશુભ ધ્યાન અટકે છે અને
મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - ઉપેક્ષારૂપી
ચારે ભાવનાઓ આપોઆપ મનમાં આવી જાય છે, સકલ માનવગણ અને પ્રાણીમાત્ર ઉપર વાત્સલ્ય તેમ જ દયાદિ ભાવોનું પૂર અંતઃકરણમાં વહેતું રહે છે. મનની શુદ્ધિ-ચિત્તની નિર્મળતા એક એવો ગુણ છે કે ધ્યાનાભ્યાસથી ચિત્તવૃત્તિઓનો અવશ્ય નિરોધ થાય છે. આમ પરમાત્માના ધ્યાનથી મનોગુપ્તિરૂપી - ચારિત્રરૂપી અંતિમ અને મહત્ત્વપૂર્ણ અંગ પણ સિદ્ધ થઈ જાય છે.

વિધિ અને વિવેકપૂર્વક ધ્યાનાભ્યાસ વડે પ્રશાંતતાની પ્રાપ્તિ થાય છે. જેમજેમ સમતાની વૃદ્ધિ થતી જાય છે, તેમતેમ ધ્યાનાભ્યાસ વધુ ને વધુ સંગીન થતો જાય છે. આમ સદૈવ ધ્યાનાભ્યાસ કરનારા ધ્યાતાની ચેતના ઘણી જ ઊંચી અને ઊંચી થતી જાય છે તથા સકલ પરિસ્થિતિમાં આત્મભાવના અખંડ રહે છે.

શાસ્ત્રજ્ઞાનનો સ્વાધ્યાય અને દેવ - ગુરુ તથા સંઘની સતત ભક્તિ અને સંયમિત જીવનના પાયા ઉપર જ્યારે સતત - દીર્ઘકાળ પર્યંત યોગ - ધ્યાનસાધનાને દૃઢપણે વળગી રહેવાય છે, ત્યારે તેમાંથી એક એવા પ્રકારના આનંદ અને નિઃસ્પૃહપૂર્ણ ચિત્તનું સર્જન થાય છે કે જેથી સાધક જીવાત્મામાં શિવના દર્શન કરે છે.

## સદૈવ ધ્યાનાભ્યાસ દ્વારા શું થાય?

સતત ધ્યાનાભ્યાસને કારણે નિઃસ્પૃહી પૂર્ણ બનેલી દૃષ્ટિ વડે સારી સૃષ્ટિમાં તેને પૂર્ણતા જ દેખાય છે, માનવમાત્રમાં અનેક ગુણો તેની નજરે ચઢી આવે છે, તેનો આત્મા સજ્જનતા અને દિવ્યતાને જ દેખે છે, પ્રત્યેક પદાર્થમાં તેને સુંદરતા જ ભાસે છે અને ક્યાંય કોઈ ન્યૂનતા જ ભાસતી નથી.

સદૈવ ધ્યાનાભ્યાસ કરનાર સાધકને આ પૃથ્વી સ્વર્ગ
કરતાં ય અધિક રળિયામણી અને આહ્લાદક લાગે છે,
ચિત્ત ઉચ્ચભૂમિને પામે છે. નિર્મળ દૃષ્ટિનું આ દર્શન છે.

## રાગ - દ્વેષ - લોભ અને ભયના ચક્ર પાંખા

જ્યાં સુખનો લોભ, દુઃખનો ભય અને
એના દૂષણરૂપે અશાંતિ હોય, ત્યાં સમાધિ ક્યાંથી?
જેનો રાગ એનો લોભ અને જેનો દ્વેષ એનો ભય.
સુખનો રાગ છે, માટે એનો લોભ છે તથા
દુઃખનો દ્વેષ છે, માટે એનો ભય છે. એ રીતે રાગ, દ્વેષ,
લોભ અને ભયના ચક્ર પાંખા આભાસાઓની વચ્ચે
સંસારી જીવ અટવાયો છે. શાંતિનો માર્ગ એક જ છે:
સુખનો રાગ ઘટે અને દુઃખનો દ્વેષ ઘટે.
આજે સુખ અને એના સાધન વધ્યાં, શાંતિ ઘટી છે.
જેની અછત, તેની માંગ અધિક - એ વિશ્વનો નિયમ છે.
શાંતિની માંગ આજે વધારે છે, તેનું મૂળ કારણ છે કે
સુખનો રાગ વધ્યો છે તથા રાગમાંથી લોભ જાગ્યો છે.
લોભમાંથી પ્રતિપક્ષી દુઃખનો દ્વેષ ઊભો થાય છે અને
એ કારણે 'જીવનમાં કદીયે દુઃખ ન આવવું જોઈએ'
એવો મહાભય મનની અંદર ઊભો થાય છે.

જડનો રાગ અને લોભ ઘટે તથા
દુઃખનો દ્વેષ અને ભય ઘટે, તો જ શાન્તિ મળે.
સુખ એ બાહ્યસામગ્રીને આધિન છે, જ્યારે
શાંતિ એ આંતરસામગ્રીને આધિન છે અને સમાધિ-
એ બન્નેથી પર એવા આંતરિક અનુભૂતિને આધિન છે.
અખિલ વિશ્વની દોટ સુખ - શાંતિ - સમાધિ તરફ છે.
પ્રાણીમાત્ર માટે પ્રભુની પ્રતિજ્ઞા છે કે: જે કોઈ આત્મા
'હું આપનો છું' એમ કહીને એક જ વાર વાણીથી પણ
મારું શરણું સ્વીકારીને તેની રક્ષાની પ્રાર્થના કરે, તેને
હું સર્વ પ્રાણીઓથી હરહંમેશ માટે નિર્ભય કરી દઉં છું.
પરમ દયાળુ પરમાત્મા એ નથી જોતાં કે તે પાપી છે.
પરમપિતા પરમાત્મા તો તેના સંતાનો પ્રત્યે
વાત્સલ્યમયિ માતા કરતાં ય અનંતગણો પ્રેમ રાખે છે.
ભગવાન સમાન સૌંદર્ય, માધુર્ય, સત્ય,
વૈરાગ્ય, ઐશ્વર્ય, શ્રી, યશ વગેરે બીજા કોનામાં છે?
એમના દિવ્ય પ્રલોભનની બાજુ કઈ વસ્તુ ટકી શકે
કે જેને માટે આપણે દિવ્ય સુધાસાગર છોડી દઈ
વિષયોના ઝેરથી ભરપૂર માયાના આપાત
મધુર વિષયોની પાછળ પાગલ બની રહ્યાં છીએ?

મુનિજનમોહન - પરમનિધિ - પરમધામસ્વરૂપ
પ્રિયતમને છોડીને વિધ્વંસી, અનિત્ય અને સુખવિહીન
લોકોની પ્રાપ્તિને માટે આપણે કેમ તલસીએ છીએ?
પ્રાર્થના વડે પ્રભુ આપણી બુદ્ધિને સદ્બુદ્ધિ બનાવી દે છે.
જે કોઈ ભગવાનમાં પોતાનું આત્મસમર્પણ કરી દે છે,
એ હંમેશા પરમ શાંતિને પામે છે.

અશાંતિ અગર ચિત્તની ચંચળતા ત્યાં સુધી રહે છે કે
જ્યાં સુધી ચિત્તમાં જન્મ-મૃત્યુમય જગતના
અનંત - અનિત્ય દૃશ્યો ભર્યાં રહે છે. જ્યારે ચિત્ત
ભગવાનના ચિંતનમાં મળી જાય, ત્યારે નિત્ય શાંતિમય
એવા ભગવાનનું તે નિવાસસ્થાન જ બની જાય છે.

અન્ય સર્વ વસ્તુઓ તો પ્રારબ્ધને આધીન છે,
કરેલાં કર્મોના ફળરૂપે પ્રાપ્ત થાય છે પરંતુ ભગવાન
તો માત્ર અનન્ય ઇચ્છાથી જ પ્રાપ્ત થઈ શકે, કેમકે
એ એનો સનાતન અંશ - જીવ છે. એની સાથે
પરમાત્માનો અખંડ સંબંધ છે, એનાથી એ ઓતપ્રોત છે.
ભગવાનની સમાન આત્મિય, અત્યંત સમીપ અને
નિત્ય નિરંતર સાથે રહેવાવાળું અન્ય કોઈ પણ નથી.
પરમપ્રેમમય પ્રભુ ઉપર આપણો પૂર્ણ અધિકાર છે.

## આત્મા તથા પરમાત્મા ભિન્ન નથી.

જે કોઈ આત્મા બાહ્ય તમામ મનોરથોનો ત્યાગ કરીને
પરમાત્માને પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે, પોતાના નિત્ય
અભિન્ન અંશ એવા પરમ પ્રભુ ભગવાનને
પ્રાપ્ત કરવા માટે વ્યાકુળ થઈને એના પ્રત્યે પોકાર કરે,
બસ એ જ કોઈ તેને ભગવાન પ્રાપ્ત થાય છે.

હાથની પાંચે આંગળીઓ ભેગી કરીને ગુરુઓ પાસે
મસ્તક ઉપર વાસક્ષેપ કરાવાય છે, તેનો અર્થ એ છે કે:
તે દ્વારા પંચપરમેષ્ઠિને મસ્તક પર ધારણ કરાવાય છે.

સિદ્ધિની કલ્પના છે અંગૂઠામાં, કેમકે
શેષ ચાર આંગળીથી તે જુદો પડે છે.

તર્જનીથી ઈશારો થાય, તેથી તેમાં અરિહંત ભગવંતોની
સ્થાપના છે. મોટી આંગળી આચાર્યોની છે, કારણ કે
ધર્મના બધા પ્રકારોમાં મુખ્યતા આચારધર્મની જ છે.
અનામિકામાં ઉપાધ્યાયો અને કનિષ્ઠિકા છેલ્લી આંગળીમાં
આંગળી પકડીને આગળ લઈ જનાર - દોરવણી કરનાર
સાધુ પદની - સાધુઓની સ્થાપના છે.

અનામિકા વડે ફૂલ, મધ્યમા વડે છાંટણા,
તર્જની વડે મૌન અને અંગૂઠા વડે તિલક કરાવાય છે.

અંગૂઠાદિ રહી આ છાપ ઉઠાવે છે, તે સિદ્ધરૂપ બને છે.
કરતલમાં ૫ પરમેષ્ઠિ, અનંત ચોવીસી અને સિદ્ધશિલા
બિરાજમાન હોવાથી 'કર' તે કરનાર તરીકે વખણાય છે.

ધન, શરીર, વૈભવ અને ઘર વગેરે ઈષ્ટ પદાર્થોમાં
પરમેષ્ઠિ પરમ-શ્રેષ્ઠ-ઈષ્ટ છે, તેથી પરમેષ્ઠિ કહેવાય છે.
પરમ ઈષ્ટ મેળવ્યા પછી મેળવવાનું કાંઈ બાકી રહેતું નથી.
મા-બાપે આપેલી સંપત્તિને સાચવવી, તે કર્તવ્ય છે.

દાન, શીલ અને તપ આચારમય છે,
જ્યારે ભાવધર્મ એ વિચારમય છે.

આચાર વિના સાચા વિચાર થવા દુષ્કર છે, તેથી
પહેલાં આચાર અને પછી વિચાર - એ ક્રમ છે.
રસનેન્દ્રિયને પાંચ ઇન્દ્રિયોમાં મુખ્ય ગણી છે, કારણ કે
તે મુખસંબંધિ છે અને તે વડે બે મુખ્ય કામ થાય છે:

એક કમ ખાના અને બીજું ગમ ખાના.

એ બે કામ વડે મુખ્ય ધર્મપુરુષાર્થ સધાય છે.
કમ ખાના એ તપ છે, ગમ ખાના એ સંયમ છે.

તપ અને સંયમપૂર્વક અહિંસાપાલન - એ ધર્મ છે.
અહિંસાપાલન એ પરમ ધર્મ છે. તે સંયમરૂપી ગમ
ખાવાથી અને તપરૂપી કમ ખાવાથી સારી રીતે સધાય છે.

પાણીમાં નાવ રહે તેમાં વાંધો નહિ, પરન્તુ જેમ
નાવમાં પાણી ન રહેવું જોઈએ, તેમ સાધક સંસારમાં રહે,
તેનો હરકત નહિ પણ સાધકમાં
સંસાર - સંમૂર્છા - રાગ - દ્વેષ આદિ ન રહેવા જોઈએ.

વિષય - જુગાર - ગર્ભવાસ.
પ્રમાદ - ચોરી - જન્મપીડા.
વિકથા - જારી - રોગપીડા.
અવિરતિ - છીનાળિ - વાર્ધક્ય.
મિથ્યાત્વ - કલાલ - દારિદ્ર્ય.
કષાય - કતલ - દૌર્ભાગ્ય.
દુષ્ટયોગ - શિકાર - દાસ્ય.

સાધુનો આદર્શ છે કે:
તજવા માટે ખાવું અર્થાત્ અનાહારી પદ માટે આહાર.
તજીને ખાવું એ આદર્શ ગૃહસ્થનો છે.
ખેડૂતને કણની ચિંતા, વહેપારીને મણની ચિંતા
અને જ્ઞાનીને ક્ષણ - ક્ષણની ચિંતા છે.
અનાદિના પાપો ધોવા - પાપમલને ખતમ કરવા સાચી
સમજણની એક ક્ષણ પણ ઘણી છે, કેમકે તે લાખો
વર્ષોના પાપને સુધારનારી છે. પંડિત = ક્ષણને ઓળખે તે.

'ધર્મરાજે ચરે નિત્યશુ ।'

સૂક્તિ: ધર્મરૂપી બગીચામાં વિચરે, તે ભિક્ષુ છે.
ધર્મનો સંબંધ, હૃદય - હૃદયનો સંબંધ પ્રામાણિકતા સાથે છે.
જ્યારે હૃદય શુદ્ધ બની સદ્ગુણ અપનાવતું જાય, ત્યારે
તે ધર્મ બની જાય છે. સદ્ગુણોની સાથે નામસ્મરણ
અને ક્રિયાકાંડ થાય, તે પણ ધર્મ બને છે,
પરન્તુ એની સાથે હૃદયનો મેળ ન હોય,
તો એ ક્રિયાઓથી હૃદયમાં પરિવર્તન આવતું નથી.
અને એ બધા ચાળા નિરર્થક બની જાય છે.
અન્નનો ભૂખ સાથે સંબંધ થાય, ત્યારે જ ભૂખ ભાંગે.
ભોજન પીરસવાથી નહિ પણ ખાવાથી ભૂખ ભાંગે છે,
તૃપ્તિ થાય છે અને સંતોષ અનુભવાય છે.
સુખ અને દુઃખ એ કાયમી નથી, પરન્તુ
શુભાશુભ કર્મના વિપાકો છે. તે આવે છે અને જાય છે.
જ્યારે આપણે ધૂળ જેટલાં નમ્ર બની જઈએ છીએ,
ત્યારે જ આપણે આપણી અંદરના આત્માની
ભવ્યતાના દર્શન કરી શકીએ છીએ.
જેને જીવન એક સ્વપ્ન સમાન દેખાય છે,
તે જ શાંતિની કેડી ઉપર ચાલી શકે છે.

## કોનું શું પ્રશસ્ય છે?

અરિહંતનો ઉપકાર,
સિદ્ધનો આધાર,
આચાર્યનો આચાર,
ઉપાધ્યાયનો વિચાર,
સાધુનો વ્યવહાર,
શ્રાવકનો સત્કાર,
માર્ગાનુસારીનો સંસ્કાર પ્રશસ્ય.

## પશુતાથી સાધુતાની યાત્રા

વિચાર ન કરે તે પશુ.
જાતનો વિચાર કરે તે જન.
જાતિનો વિચાર કરે તે મહાજન.
મનુષ્ય માત્રનો વિચાર કરે તે સજ્જન.
જીવમાત્રનો જે વિચાર કરે તે જૈન.
જ્ઞાન-ક્રિયાનો ઉપાસક તે શ્રાવક.
જ્ઞાન-ક્રિયાનો જે સાધક તે સાધુ.

## માનવીનું સૌથી મોટું કર્તવ્ય કયું?

આત્માનું પરમાત્મા જોડે મિલન કરાવવા હર પળે એનું જ ધ્યાન, એની જ લગની જીવનમાં વધે, તેવો પ્રયત્ન.

## ધર્મથી કઈ સાત વસ્તુની વૃદ્ધિ થાય ?

આયુષ્ય - યશ - પ્રજ્ઞ - સુખ - ધન - સંતાન તથા ધર્મ.

## ધર્મથી સાત વસ્તુની વૃદ્ધિ કોને થઈ ?

આયુષ્ય : આદિનાથનું - ૮૪ લાખ પૂર્વ.

યશ : રામચંદ્રજીનો - ન્યાય વખણાયો.

પ્રજ્ઞ : અભયકુમારની - બુદ્ધિ પ્રશંસિત થઈ.

સુખ : શાલિભદ્રની - ઋદ્ધિ અપરંપાર મળી.

ધન : ધન્નાજીની - સંપત્તિની છોળો ઉડી.

સંતાન : ભરત ચક્રવર્તિનું પુત્ર - સવા ક્રોડ.

ધર્મ : ગૌતમસ્વામીનો - વિનયના સાગર બન્યા.

## પરમાત્માનું નામ

પરમાત્માના નામમાં જેટલાં પાપોને નાશ કરવાની શક્તિ છે, તેટલાં પાપો તો મનુષ્ય કરી પણ શકતો નથી. મનનો નાશ કરવાનું પ્રબળ સાધન પ્રભુનું નામ છે. આખી દુનિયાની દોલત કરતાં એ નામ વધુ કિંમતી છે. ભગવાનના નામથી સદા - સર્વદા રક્ષણ થશે જ. તે ધરણીધર મહાન છે કે જે સુવાડે છે પણ સુતો નથી, ખવડાવે છે પણ ખાતો નથી, પહેરાવે છે ખરો પણ પહેરતો નથી અને જ્યાં જાઉં, ત્યાં સાથે આવે છે.

જેટલી ભીતિ આપણે છંછેડતા અથવા સળગતી આગમાં
ઝંપલાવતાં લાગે, તેટલો જ ભય પાપકર્મ કરતાં કે
કોઈને દુઃખી કરતાં લાગવો જોઈએ.

મનુષ્યનો એક ધર્મ છે કે:

જેટલો આનંદ અને એકાગ્રતા વૈભવ મેળવવા કરી,
તેટલો જ આનંદ-તટસ્થતા સત્કર્મ કરવામાં, ભગવાનને
ખુશ કરવામાં કે પ્રભુભક્તિ કરવામાં આવવો ઘટે.

ચારિત્ર્ય જ જીવનને અમર બનાવે છે.
મૃત્યુ પછી પણ તે જીવંત રહે છે.
જે ગુણવાન છે, તે જ ખરી રીતે બળવાન છે.
લાભ મેળવવા માટે પણ દૃઢ ચારિત્ર્યની જરૂર છે.
તેથી આપણે ગુણસંપન્ન બનવા માટે
રોજબરોજ ખૂબ પ્રયત્ન કરવો જોઈએ.

## સમદૃષ્ટિ કેળવો

સમસ્ત સૃષ્ટિ તરફ એકસરખી શુભ દૃષ્ટિ રાખો.
પોતાના તરફ પ્રેમ હોય, તેટલો પ્રેમ સારાય વિશ્વ
પ્રત્યે રાખો, કેમકે જગતમાં એક પણ કણ દુષ્ટ નથી.
જે કાંઈ અશુભ જણાય છે,
તે આપણી ભૂલભરેલી દૃષ્ટિને કારણે દેખાય છે.

જગત આપણી દૃષ્ટિના રંગે જ રંગાય છે, બાકી એ તો નિરંતર પવિત્ર અને શુભ જ છે. દરેક વ્યક્તિની જીવનચર્યા એવી હોવી જોઈએ કે કોઈ પ્રાણીને જરા પણ દુઃખ ન પહોંચે. આ પ્રત્યેકની પરમ ફરજ છે. સાથે સાથે દરેક માનવીની આ પણ ફરજ છે કે: એને જે આ મહામૂલ્યવાન માનવજન્મ મળ્યો છે, તો તેમાંથી થોડો સમય પ્રભુસ્મરણ - ધ્યાન માટે તથા સેવાના કાર્યો - કલ્યાણકારી પ્રવૃત્તિ માટે કાઢવો જોઈએ.

સત્ય, સદાચાર અને કલ્યાણકારી
પ્રસન્નતા સાથે ત્રિરાશિ કરવી.

અસત્ય, અસદાચાર અને અમંગળ પ્રવૃત્તિની બાદબાકી અને ભાગાકાર નિત્ય કરવો, તેને શૂન્યવત્ બનાવવા.

આધ્યાત્મજગતમાં પ્રવેશવા પાંચની શુદ્ધિ જોઈએ:
આહાર, વિહાર, નિહાર, વિચાર અને સંસર્ગ.

શરીર અને આત્મામાં ફરક માલુમ?
શરીરનો ધર્મ અને આત્માનો ધર્મ અલગ છે.
શરીર તો કદાચ બહારના હવામાનથી, ખોરાકથી, જુદા જુદા પાણીથી જુદા જુદા સ્વરૂપે દેખાય છે, પરન્તુ આત્માની અનંત શક્તિ અગાધ તે માલુમ છે.

નવકાર તે સાધના, અરિહંત તે સાધ્ય,
સિદ્ધ તે સિદ્ધિ, આચાર્યાદિ ત્રણ તે સાધક.

નવકારના ધ્યાનથી બીજવપન થાય છે, તે સમ્યગ્દર્શન
અને બીજથી અંકુર તે દેશવિરતિ - સર્વવિરતિ.
ધ્યાનયોગ તે ફળ છે.

ચતુઃશરણ અને અસંગયોગ તે સ્વયમેવ શરણ છે.

જ્ઞાન તથા ક્રિયાયોગમાં પાંચે પ્રકારના યોગો સમાવિષ્ટ છે:
ઇચ્છાયોગ તે સાધુપદ, શાસ્ત્રયોગ તે ઉપાધ્યાયપદ અને
સામર્થ્યયોગ તે આચાર્યપદ.

મૂર્તિ = મૂર્તિમંત ભગવંત. નામ = અક્ષરાત્મક ભગવાન.
દૂર રહેલાં ભગવાન પણ નામ વડે જીભ ઉપર અને
રૂપ વડે ચક્ષુ ઉપર આવીને બિરાજમાન થાય છે તથા
મન વડે હૃદયસિંહાસન ઉપર આરૂઢ થાય છે.

જેને ભગવાનના નામ અને રૂપ ગમ્યાં,
તેને સાક્ષાત્ ભગવાન ગમ્યાં કહેવાય.
જેના મનમાં ભગવાનના ગુણ વસ્યાં,
તેના આત્મામાં સાક્ષાત્ ભગવાન જ વસ્યાં કહેવાય.

સંશય મનમાં થાય છે અને તે શ્રદ્ધાથી જાય છે.
સંદેહ બુદ્ધિનો દોષ અને તે અનુભવજ્ઞાનથી ટળી શકે છે.

| ઉપવાસ | | આયંબિલ | | મિઠાઈની ઉપમા |
|---|---|---|---|---|
| સ્વઘર | - | મિત્રનું ઘર | - | શત્રુનું ઘર |
| મોક્ષતત્ત્વ | - | પુણ્યતત્ત્વ | - | પાપતત્ત્વ |
| નિર્જરા | - | સંવર | - | આશ્રવ |
| નિરંજન | - | સજ્જન | - | દુર્જન |
| સત્ત્વ | - | રજસ્ | - | તમસ્ |
| દેવ | - | ગુરુ | - | કુગુરુ |
| આરોગ્ય | - | ઔષધિ | - | રોગ |
| પુણ્યદાન | - | પુણ્યભોગ | - | પુણ્યનાશ |
| રાજમહેલ | - | નગર | - | અટવી |
| પ્રકાશ | - | દીપક | - | અંધકાર |
| ઉત્પત્તિ બ્રહ્મા | - | સ્થિતિ વિષ્ણુ | - | નાશ મહેશ |
| સરસ્વતી | - | લક્ષ્મી | - | કાલીદેવી. |

રત્નત્રયીના જ પ્રતિકો એટલે ત્રિદેવ ?

બ્રહ્માની પુત્રી - સરસ્વતી.

વિષ્ણુની પત્ની - મહાલક્ષ્મી.

મહાદેવની શક્તિ - મહાકાળી.

સરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી અનુક્રમે
જ્ઞાન, દર્શન અને ચારિત્રના પ્રતિક છે.

રોગના મુખ્ય ૩ કારણ: અતિયોગ, હીનયોગ, મિથ્યાયોગ.

વર્ષો વધારવા કરતાં વર્ષોમાં જીવન વધારવું,
તે કલ્યાણકારી કામ છે. વિધિપૂર્વક નિયમ ગ્રહણ કરવાથી
તેના પાલનમાં સ્થિરતા - એકાગ્રતા આવે છે. સ્થિરતાથી
વફાદારી આવે છે, વફાદારી એકતાને વિકસાવે છે.

## મંત્રજાપનું માહાત્મ્ય

જાપ એ મંત્રદેવતા સાથેનો આપણો વાર્તાલાપ છે.
તે વખતે અન્ય વાત કે વિચાર થાય,
તો મંત્રદેવતા પ્રત્યે વફાદારીનો વ્યાઘાત થાય.
'મંત્ર' એટલે મંત્રણા - ગુપ્ત ભાષણ - આમંત્રણ.
અરૂપી સિદ્ધ ભગવંતના ધ્યાનથી ધ્યાતા પણ
પોતાને અરૂપી સ્વરૂપવાળો માને છે, તેથી તેને
પુદ્ગલ ઉપર થતાં ઉપસર્ગોની અસર જણાતી નથી.
ધ્યાન વખતે ઉપયોગ વિતરાગતાથી વાસિત રહે છે,
તેથી ભાવપરિણતિ અલિપ્ત રહી શકે છે તથા
આત્માના અરૂપીપણાંનો ખ્યાલ તથા ભાવપરિણતિના
અલિપ્તપણાંનો ખ્યાલ સતત કરવામાં બળ આપે છે.
અરૂપીપણું અને રાગાદિથી અલગ - સ્પષ્ટ - શુદ્ધ
ભાવપરિણતિનો ખ્યાલ આવે છે અને

સિદ્ધ ભગવંતોના પ્રતિબિંબથી શરીરની પીડાને સહવાની શક્તિ વધે છે, કેમકે તે વખતે પોતાના સ્વરૂપ અને શુદ્ધ જ્ઞાનમય સ્વરૂપનો ખ્યાલ કાયમ રહે છે.

કાયાને પીડા ન આવે, એવા ધ્યાનમાં કાયાની સુખાકારિતા અને મનની મોજશીલતાનો ખ્યાલ રહે છે, ઇન્દ્રિયોની વિષયલંપટતાને પ્રોત્સાહન મળે છે તથા કાયા, ઇન્દ્રિય અને મનનો જ વિચાર પ્રધાન બને છે. આત્માનો જ વિચાર ન રહે તો એના સ્વરૂપપણાંનો કે જ્ઞાનપર્યાયની વિશુદ્ધિનો વિચાર તો રહે જ ક્યાંથી? કાયા, મન અને ઇન્દ્રિયોને કસવાથી જ સિદ્ધસ્વરૂપની સન્મુખ થઈ શકાય અને ભવ્ય જીવોને ય સિદ્ધિપદ પમાડવાની ભાવના પણ તો જ સાર્થક બને છે.

આ નમસ્કાર મહામંત્રની માતૃકાના ધ્યાનથી રૂપાતીત એવા આત્મામાં જ સ્થિર બની સંકલ્પ-વિકલ્પરહિત ધ્યાનથી સોઽહમાત્ર ચિન્માત્ર સમાધિનો આનંદ માણી શકાય. માતૃકાના વાક્ય આત્મામાં જવા માટે જ અમોઘ વિદ્યા મળી છે. જ્ઞાન અને ધ્યાન - ઉભયનું સંપૂર્ણ મિલન આ મહાસત્તાના અસ્તિત્વમાં સાધક બને છે.

નમઃ = સર્વ જ્ઞાનમય, ધ્યાનમય, તેજોમય શક્તિવિશેષ.

તે શક્તિ જ અભેદ ભાવનામાં પરિણમે છે.
ધ્યાન દ્વારા મન શાંત - જ્ઞાન દ્વારા મન શુદ્ધ થાય.

## રૂપધ્યાન, ગુણધ્યાન અને ગુણાતીતધ્યાન

જ્યાં પોતાપણું લય પામતું આવે છે, ત્યાં પરમાત્મા દૃષ્ટિમાં રહેલાં પ્રભુતાત્ત્વનું અનુભાવન થવા લાગે છે. રૂપધ્યાનની પરિપક્વતા ગુણધ્યાનમાં થાય છે.
જ્યારે પોતામાં રહેલું ચૈતન્ય ઝળહળી ઉઠે છે, ત્યારે સર્વમાં રહેલાં ચૈતન્યનાં દર્શન થાય છે અને એકમાત્ર પ્રેમમય, આનંદમય તત્ત્વ સર્વત્ર વિલસી રહે છે.
અશાતાના કાળમાં સમાધિમય આરાધના ભવાંત લાવવા, એ જ પ્રભુશાસન પામ્યાનું ફળ છે, જેના આસ્વાદથી જીવન સફળ બને છે, પરલોક સુંદર થાય છે અને પરમપદ ખૂબ જ નજદિક આવે છે. આવું સામર્થ્ય ટકાવી રાખી સ્વપરને ઉપકારક બનવાનું સામર્થ્ય પ્રાપ્ત કરો, એજ એક શુભાભિલાષા. - મા.વ.૬,૭૯

## જીવનસમુદ્રનું અણમોલ મોતી : નમસ્કાર

ક્રિયાદિયુક્ત ચિત્ત વિશ્વના જીવોની અવસ્થાને સાચો નમસ્કાર કરવા દ્વારા શ્રી અરિહંતની આત્માના અખંડ આનંદનું અધિકારી બને છે.

## માનવશરીરની દૈવાત્મશક્તિ

તે ધ્યાન - યોગાનુગતા અપશ્યન્ ।
દેવાત્મશક્તિં સ્વગુણૈર્નિગૂઢામ્ ॥

પોતાના ગુણોથી આચ્છાદિત એવી દેવાત્મશક્તિને
ધ્યાન દ્વારા ઋષિઓએ જોઈ, એને જ કોઈના દ્વારા
વિષ્ણુની શય્યા, શિવના આભૂષણ કે પૃથ્વીને
ધારણ કરનાર શેષનાગના રૂપમાં વર્ણવવામાં આવ્યા.
માનવશરીર આ દેવાત્મશક્તિ ઉપર જ આધારિત છે.
એક મિનિટમાં સ્વસ્થકારી શરીરના ધબકારા ૭૨ છે.
માનવશરીર પોતાની આંગળીથી ૯૬ પ્રમાણ છે,
એટલે કુંડલિની ૪૮ આંગળ ઉપર રહેલી છે.
એને વાગેશ્વરી યા વાક્શક્તિ પણ કહે છે.
વૈદિક મંત્રમાં તેને 'વાગ્દેવી' કહી છે અને
ઈશ્વર યા પિતાને 'શાર્યસ્થ' તથા
ઈશ્વરના નિવાસને 'સમુદ્ર' કહેલ છે.
સુષુમ્ણાના મધ્યમાં વજ્ર અને ચિત્રિણિ નાડીઓ રહે છે.
ચિત્રિણિ નાડીમાં ષટ્ચક્ર છે, તેનો વેધ કરવાનો હોય છે.
તેથી શિવ અને શક્તિનો યોગ થાય છે અને
તે પછી જ જન્મ - મરણના ચક્રનો અંત આવે છે.

માત્ર પવિત્ર પ્રાર્થનાત્મક શબ્દોના ઉચ્ચારણમાં જ
વાણીનો સદ્ઉપયોગ થયો કહેવાય છે.
એ શબ્દોમાં ભરેલાં દિવ્યભાવ પ્રાર્થ્ય, પ્રાર્થક અને
પ્રાર્થના - એમ ત્રણેને એકતાના સૂત્રમાં જોડે છે.
કુદરતની કલમે લખાયેલા હિસાબમાં કાંઈ જ
ફેર પડતો નથી, ફેર પડે છે તો માત્ર આપણા હિસાબમાં.
પૂર્વ ભવનો પુરુષાર્થ એ આ જન્મનું ભાગ્ય છે અને
આ જન્મનો પુરુષાર્થ એ આવતાં જન્મનું પ્રારબ્ધ છે.
One's dictation is not prayer but
beyond thoughts, words and speech.
It is only living in the present
which is the only real thing.
વર્તમાનમાં રહેવાથી સાચું વિલીનીકરણ થાય છે.
નવકારમંત્રની ચૂલિકા વડે પહેલા મનને સૂક્ષ્મ બનાવતાં
અંતે પ્રકૃતિમય પરમેષ્ઠિ પદોનું અસ્તિત્વ આપણું જ
અસ્તિત્વ બને છે. નવકાર એ માત્ર આત્મવિચાર નહિ,
આત્મપદાર્થ છે. વિચાર એ ભૂત - ભાવિની ધરા ઉપર
ફરતી ઘટના છે, પદાર્થ કે વસ્તુસ્વભાવ એ વર્તમાન
પર્યાયમાત્રનું જ સ્વસંવેદન - જ્ઞાનચેતનારૂપ અસ્તિત્વ છે.

## સમાધિ મૃત્યુ માટે કઈ પાંચ વસ્તુ જરૂરી ?

(૧) સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના (૨) વ્રતનિયમ ઉચ્ચારણા
(3) મૃત્યુ સમયે આહાર, ઉપધિ અને શરીરમાંથી મમત્વ ખેંચી લઈ વોસિરાવવાનું - ત્યાગવાનું.
(૪) દેવાધિદેવના અનંત ઉપકારોનું સ્મરણ કરવું તથા
(૫) પંચ પરમેષ્ઠિનું ધ્યાન ધરવું.

જિનનું દર્શન વ્યવહાર શીલાય, અરિહં જાતના ઉપકારશું જીવ વિરુદ્ધ કોઈ ન દુરિયાદ રહેતા નથી.

ૐ = જિનભક્તિ - આર્તધ્યાન પ્રતિકારક.

ૐ મંત્ર એ ઉપયોગ લક્ષણના સ્મરણ વડે પુદ્ગલ દ્રવ્યથી ભેદવિજ્ઞાનમાં નિષ્ણાત બનાવે છે.

અર્હં = જીવમૈત્રી - રૌદ્રધ્યાન નિવારક.

અર્હં મંત્ર એ ઉપગ્રહ લક્ષણના સ્મરણ વડે જીવરાશિ સાથે અભેદભાવમાં નિષ્ણાત બનાવે છે. ઉપયોગ લક્ષણ વડે જ્ઞાનગુણની ઉપસ્થિતિ થાય અને ઉપગ્રહ લક્ષણ વડે દર્શન - ચારિત્રગુણનો વિકાસ સધાય. ઉપગ્રહ એ અનુગ્રહ અને નિગ્રહમાં કારણભૂત છે. ઉપયોગ એ આગ્રહ, દુરાગ્રહ અને કદાગ્રહથી નિવૃત્ત કરી સદાગ્રહ - અનુગ્રહમાં પ્રવેશ કરાવે છે (પ્રવૃત્ત).

ઉપયોગ લક્ષણનું ચિન્તન આર્તધ્યાનનું નિવારણ કરે છે
અને ઉપગ્રહ લક્ષણનું ચિન્તન રૌદ્રધ્યાન નિવારે છે.

મૈત્રીનું ચિન્તન રૌદ્રધ્યાનનો પ્રતિકાર છે અને
ભક્તિનું ચિન્તન આર્તધ્યાનનો પ્રતિકાર છે.

નામસ્મરણ એટલે અચિન્ત્યનું ચિન્તન, અવર્ણનીયનું
વર્ણન અને અરૂપનું રૂપ મેળવવા માટેનું ધ્યાન.

'પ્રભુ કેવા છે?' એ વાતનો મનથી નિશ્ચય કરી લેવો.
એ નિરંજન છે, નિરાકાર છે. તેઓ રાક્ષસીવૃત્તિઓ રૂપી
રાવણનો દૈવીવૃત્તિ રૂપી શસ્ત્રો વડે સંહાર કરનારા છે.
એક અપેક્ષાએ પ્રભુનું નામ પ્રભુથી પણ મહાન છે.
એ જાણવા માટે બુદ્ધિવાદ નિરર્થક છે, કેમકે તે બુદ્ધિથી
અતીત છે. એ માનવા માટે શ્રદ્ધાની આવશ્યકતા છે.

શ્રદ્ધા તો બુદ્ધિથી ઘણી મહાન છે.

વિશ્વની બધી બુદ્ધિ એકબાજુ હોય અને
બીજીબાજુ શ્રદ્ધા હોય તો શ્રદ્ધાનું બળ અધિક છે.
બુદ્ધિ વસ્તુના અંશોને - શ્રદ્ધા વસ્તુસ્વભાવને સ્પર્શે છે.
સ્વભાવ અતર્કગોચર છે, એનું પ્રમાણ સ્વાનુભવ છે.
જેનું નામ હૃદયમાં હોવાથી બધાં દુઃખોનો અંત થઈ જાય,
તેના ઉપર શ્રદ્ધા ધારણ કરનાર માટે તે પરમ ઔષધિ છે.

ચિંતાથી વિચારોથી બચવા - સર્વ પ્રકારના શારીરિક-
માનસિક ક્લેશોથી ઉગરવા પ્રભુનામ એ પરમ ઔષધ છે.
પ્રભુનું નામ જો હૃદયથી અને શ્રદ્ધાપૂર્વક લેવાઈ જાય,
તો તે વ્યક્તિ જીવનમાં સદાને માટે સુરક્ષિત જ છે.

નવકારમંત્રથી અનાહત નાદ લક્ષ...

માતૃકાના પ્રત્યેક અક્ષર સાથે ગણવાનું ચાલુ રાખતાં
અક્ષરો સાથે સાધું અભેદ પ્રણિધાન થાય છે.
તે પછી નાદ છૂટી જાય છે અને
અનાહત નાદ પણ આત્મામાં જ લય પામી જાય છે.
આમ માતૃકાના ૫૮ અક્ષરો જ નિર્વિચાર - નિર્વિકલ્પ
દશામાં સાધક ધ્યાનમાં લઈ જવા અમોઘ સાધન બને છે.
માતૃકાના પ્રત્યેક અક્ષરની સાથે અભેદ પ્રણિધાન સાધી
તે આત્મામાં જ લય પામે, ત્યાં સુધી ધારણા બાંધીને
ધ્યાન થવું જોઈએ. 'નમો' પદ પણ પુણ્યની માત્રા
સાથે સાથે ધ્યાનની માત્રા પણ બની શકે છે.

શ્રી અરવિંદ કહે છે કે:

પ્રથમ શુદ્ધિ, શાંતિ અને પ્રભુશ્રેય તમારા આધારમાં
પૂરેપૂરી રીતે ભળવા દો. ત્યાર બાદ જ શક્તિ, જ્ઞાન,
જ્યોતિ વગેરે સૌનું અવતરણ આધારમાં કરાવી શકાય.

શ્રી રામકૃષ્ણ પરમહંસ કહે છે કે:

તમારા જીવનમાં જેટલાં પ્રમાણમાં પવિત્રતાને સ્થાન મળ્યું હશે, એટલાં જ પ્રમાણમાં તમને શાંતિ મળશે, તેથી પ્રથમ પવિત્ર બનવા પ્રભુને પ્રાર્થના કરતાં રહો.

શ્રી ચૈતન્ય મહાપ્રભુ કહે છે કે:

પોતાના સંન્યાસી શિષ્યોને સૂક્ષ્મ રીતે પણ કામવાસનાનું લાલન - પાલન કરવું કે કરાવવું નહિં.

શ્રી અરવિંદ કહે છે કે:

પૂર્ણયોગના સાધકોની માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય છે. જેને પણ અંતરમાંથી આદેશ થયો હોય, તે પૂર્ણયોગની વિકટ સાધના અપનાવે. બધાના માટે આ માર્ગ નહિ, તે ખાસ ધ્યાનમાં રહે.

શુદ્ધિપાત - શાંતિપાત - શક્તિપાત

શુદ્ધિ અને શાંતિના અવતરણ માટે પ્રથમ પ્રયાસ કરવો ઘટે. શુદ્ધિપાત કે શાંતિપાત પહેલાં શક્તિપાત કરાવવો, એમાં શાણપણ નથી જ. યોગની સાધના ઝડપથી પ્રભુ તરફ લઈ જાય છે, પરંતુ તે એવો વિકટ - જોખમી માર્ગ છે, તે દરેક સાધકે પ્રથમ સમજી લેવું જોઈએ, કેમકે પગે પગે તે સાવધાની માંગી લે છે.

દિવાળી દિવે બળે, હોળી લાકડે બળે.

ઇષ્ટના વિયોગ આદિ વખતે જીવ દીનતા, શોક વગેરે લાકડામાં બળે છે અને ઇષ્ટના સંયોગ વગેરે વખતે રાગરૂપી દિવામાં જીવરૂપી પતંગ બળે છે.

ધ્યાનમાં લીન થવા માટે શું શું ઉપયોગી છે?

ઈર્યાપથિકી અને 'કરેમિ ભંતે' સૂત્રનો જાપ ઉપરાંત ઉત્પાદાદિ ત્રયયુક્ત સત્‌નું ચિન્તન - મનન પણ ધ્યાનનું અનન્ય સાધન બને છે. આ ચારે ય માતાઓ તેના પુત્રને પરમ સુખ આપીને જ રહે છે, તેથી અનુભવ અભ્યાસના બળે પ્રાપ્ત થઈ શકે છે.

આપણું ચિરંજીવ શિવસ્વરૂપ

સંસારસાગરના વમળમાં ફસેલો જીવ જેમ અનંતકાળના પરિભ્રમણમાં પડી રહે છે, તેમ અહીં કે આ માતાઓ જીવને મહાસત્તાના વિરાટ મૌનમાં લીન થઈને તેના ચિરંજીવ શિવસ્વરૂપને મેળવી આપાવે છે.

એકમાં કાળ જીવનું ભક્ષણ કરે છે,
ભાનમાં જીવ કાળનું ભક્ષણ કરી રહ્યો હોય છે.

પૈસો ઊંઘમાં પણ મળે, કિન્તુ ધર્મ ઊંઘમાં મળતો નથી, માટે ધર્મમાં તો પુરુષાર્થ જ મુખ્ય છે.

ધર્મ કરવો એ સ્વ પુરૂષાર્થને આધિન છે,
તેમાં ભાગ્યને દોષ દેવો એ મોટામાં મોટો ગુન્હો છે.

નિર્મળ સ્ફટિક મણિ સમાન સિદ્ધશિલા ઉપર રહેલ
નિર્મળ જ્યોતિસ્વરૂપ સિદ્ધોના ધ્યાનમાં તન્મય બની
સ્વયં સિદ્ધસ્વરૂપે આત્માને ધ્યાવવો.

અનંતાનંત સિદ્ધ ભગવંતો વડે ધ્યાતાનો આત્મા પણ
શુદ્ધ સ્વરૂપે જોવાય છે. નિર્મળ આરીસામાં સૂરજનું
માત્ર પ્રતિબિંબ પડતાં સમગ્ર મંદિર પ્રકાશથી ઝળહળે,
તેમ નિર્મળ ચિત્તમાં અનંત સિદ્ધોના જ્યોતિપુંજના
પ્રતિબિંબથી સાધકનું આત્મમંદિર પ્રકાશિત બને છે.

રૂપાતીત ધ્યાન એટલે પરમાત્માના અમૂર્ત ગુણોનું ધ્યાન.
એ શુક્લધ્યાનના બીજ - અંશરૂપ છે.
આ ધ્યાન આજે પણ થઈ શકે છે.

દુર્જન મનુષ્યોની વિદ્યા વિવાદ માટે, ધન મદ માટે અને
દુર્જનોની શક્તિ બીજાઓને દુઃખ દેવા માટે હોય છે.
સજ્જન પુરૂષોની વિદ્યા બીજાઓને જ્ઞાન માટે અને
તેમની શક્તિ નબળાંઓનું રક્ષણ કરવા માટે હોય છે.

ક્રોસ પર ચઢ્યા વિના, આત્મભોગ આપ્યા સિવાય નવો
જન્મ ન થાય. ક્રોસ = વિશ્વશાંતિ માટે સ્વજીવનત્યાગ.

‘સ્વસુખનો ત્યાગ કરું અને ચોતરફ શાંતિ પ્રસરે’
એવી આતુરતા દિલમાં ન પ્રગટે,
ત્યાં સુધી કોઈને પણ સાચી શાંતિ પ્રાપ્ત થાય નહિં.
સર્વની શાંતિ ચાહવાથી જ સ્વશાંતિ મળે.
‘ઈશ્વરનો જય થાઓ અને પૃથ્વી પર સર્વ શાંતિ પ્રસરો’
એવી ભૂખ જ્યાં સુધી નહિ થાય,
ત્યાં સુધી નવો જન્મ પ્રાપ્ત નહિ થાય.
‘ઈશ્વરનો જય’ એટલે ઈશ્વર આસ્થાનો પ્રસાર અને
‘સર્વત્ર શાંતિ’ એટલે સર્વત્ર અહિંસાનો ફેલાવ.
બુદ્ધિચાતુર્ય કે સમૃદ્ધિથી નહિ, પરન્તુ
કેવળ અનન્ય ભક્તિથી જ પરમાત્માને પામી શકાય.
બોલવા કરતાં મૌન વધુ અસરકારક છે. બોલવાના
મુખ્ય બે વિષયો: Science and spirituality.
ભાષા એ તો મનુષ્યના વિચારો અને
લાગણીઓને દર્શાવવા માટેનું કંગાળ સાધન છે.
હે પ્રભુ! તું મને સુખ આપ અને દુઃખ પણ આપ
અને એ બંનેને સહન કરવાનું સામર્થ્ય પણ આપ.
આપણે જ આપણા ભાવિના સૃષ્ટા અને
આત્માના સંહારક પણ આપણે જ છીએ.

# સિદ્ધસ્વરૂપનું ધ્યાન

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ
સિદ્ધોનું સ્વરૂપ ચિંતવવા વારંવાર તેની ભાવના કરવાથી
તેનું ધ્યાન સુલભ બને છે.

દ્રવ્યથી સિદ્ધો: તેઓ અનંત છે. જ્યાં એક સિદ્ધ છે,
ત્યાં જ અન્ય-અનંત સિદ્ધો સદા રહેલાં હોય છે.
નૈગમથી આદિ ભવી, શબ્દથી સમ્યગ્દૃષ્ટિ ભવી અને
એવંભૂત નયથી સર્વ સિદ્ધો.

ક્ષેત્રથી સિદ્ધો: વર્તમાનમાં ૪૫ લાખ યોજનપ્રમાણ
સિદ્ધશિલા ઉપર આકાશના અસંખ્ય પ્રદેશોએ રહેલાં છે.
ભૂતકાળે સમગ્ર મનુષ્યલોકના એક એક પ્રદેશની
સ્પર્શ અનંત મુક્ત આત્માઓએ કરેલો છે અને
ભવિષ્યમાં પણ આ જ ક્ષેત્રનો સ્પર્શ કરીને
અનંત આત્માઓ સિદ્ધ થશે.

કાળથી સિદ્ધો: એક સિદ્ધનો સાદિ અનંત કાળ અને
સર્વ સિદ્ધોનો અનાદિ અનંત કાળ છે.

ભાવથી સિદ્ધો: તેઓમાં ક્ષાયિક તથા પારિણામિક ભાવ છે.
ક્ષાયિક ભાવે કેવળજ્ઞાન, કેવળદર્શન, સમ્યક્ત્વ તથા
ચારિત્ર અને પારિણામિક ભાવે જીવત્વ હોય છે.

સમ્યક્ત્વાદિ જીવનો પરમ ઔપચારિક ભાવ છે.

તેના લક્ષણો એ 'ભાવલક્ષણો' કહેવાય છે.

સમ્યક્ત્વ + ચારિત્રનો સ્પર્શ સૌ સિદ્ધોએ કરેલ છે.

કેવળી સમુદ્ઘાત વખતે સિદ્ધ થનાર જીવો લોકવ્યાપી બને.

'ૐ અર્હં નમઃ ।' પંચાક્ષરી મંત્ર છે.

તે અનુક્રમે રાગ, દ્વેષ અને મોહને નિર્મૂળ કરે છે.

સંસારવૃક્ષના ત્રણ મૂળ છે : પુદ્ગલ પ્રત્યે રાગ,

જીવ પ્રત્યે દ્વેષ અને પરમ તત્ત્વ પ્રત્યે માધ્યસ્થ્ય.

સંસારવૃક્ષને મૂળમાંથી ઉખેડવાર્થે જ આત્મવાચક ૐ,

અર્હં પદ પરમાત્મવાચક અને તે બન્ને પ્રત્યે

વિનય - બહુમાન - આદરવાચક એવું નમઃ પદ છે.

તે ત્રણ પદો મળીને ત્રિદોષશામક મહામંત્ર બને છે.

'કર્મ' શબ્દનો અર્થ માત્ર ક્રિયા કે કાર્ય નહિ, કિન્તુ

કાર્યનું પરિણામ પણ કર્મ છે. કાર્યનું ફળ એ વસ્તુતઃ

કાર્યથી ભિન્ન વસ્તુ નહિ, કાર્યનો એક ભાગ જ છે,

તેથી તેને જુદું પાડી શકાય નહિ. કર્મનો નિયમ એટલે

કાર્ય - કારણનો નિયમ. આ નિયમ અકાટ્ય છે.

ન નિવારી શકાય, ન બદલાવી શકાય એવો છે.

કોઈપણ ઘટના આ નિયમના પ્રભાવમાંથી મુક્ત નહિ.

કાર્ય - કારણનો નિયમ એ મૂળભૂત નિયમ છે.
પ્રકૃતિના બાકી બધા નિયમો આ નિયમને આધિન છે.
કાર્ય - કારણના આ મહાનિયમમાં
અન્ય બીજા નિયમો: ક્રિયા - પ્રતિક્રિયાનો નિયમ,
કર્મના બદલાનો નિયમ તથા
દુષ્કર્મની શિક્ષાનો નિયમ પણ સમાવેશ પામે છે.
કોઈપણ ક્રિયા થાય એટલે એની પ્રતિક્રિયા થવાની જ,
જે ક્રિયા જેટલી જ બળવાળી અને ક્રિયા જેવા જ
પ્રકારના ફળવાળી હશે. પ્રત્યેક વિચાર, ઇચ્છા, કલ્પના
અથવા ભાવના પણ પ્રતિક્રિયાને જન્મ આપે છે.
સદ્‌ગુણો પોતે જ પોતાનો શુભ બદલો છે અને
દુર્ગુણોમાં પણ તેમની સજા રહેલી જ હોય છે.
આમ સર્વત્ર પ્રતિક્રિયાનો નિયમ જ કાર્ય કરે છે.
ભગવાન દુષ્ટને સજા કરતાં નથી અને
તે પુન્યશાળીને નવાજતાં પણ નથી.
મનુષ્યો પોતાના જીવનમાં પોતે કરેલાં કર્મો જ
શિક્ષા અથવા તો પુરસ્કાર આપનારા છે.
ક્રિયા - પ્રતિક્રિયાનો નિયમ જ ફળનો દાતા છે, તેથી
કોઈને પણ દોષ દેવો, એ વ્યર્થ જ છે.

## : ક્ષતિપૂર્તિનો નિયમ :

પ્રકૃતિના ઘટનાક્રમમાં જેટલો વેગ હોય, તે પ્રમાણમાં જ ફાયદો થાય છે. એમ બીજ ફાટીને નાશ પામે છે પણ બદલામાં વિશાળ વૃક્ષ બહાર આવે છે અથવા બળતણ બળીને નાશ પામે છે પણ ક્ષતિપૂર્તિના આ નિયમાનુસાર ગરમી - ઉષ્ણતા ઉત્પન્ન થાય છે અને તે વડે ચૂલા ઉપર ઘણા વાનગીઓ રંધાય છે.

આ નિયમ સર્વત્ર કામ કરે છે. તે અનંત એવા આત્મ-જીવનની વિશાળ સાધનાઓને સ્પર્શતો અટલ નિયમ છે. જેનો કોઈથી પણ ભંગ થઈ શકે તેમ નથી.

આત્માના જીવનને વિશાળ દૃષ્ટિએ અવલોકવામાં આવે, તો જ સ્પષ્ટ માર્ગ મળી જાય છે.

પ્રતિકારના નિયમ અનુસાર પ્રત્યેક ખોટાં કામ કે અપરાધમાં જ એનો દંડ રહેલો છે.

કાર્ય - કારણ, ક્રિયા - પ્રતિક્રિયા, ક્ષતિપૂર્તિ અને પ્રતિકારનો નિયમ - સૌ સાથે મળીને જ કાર્ય કરે છે. બીજાને લૂંટનાર પહેલાં પોતે જ લૂંટાય છે, બીજાને ઈજા પહોંચાડનાર પહેલાં પોતાને જ ઈજા પહોંચાડે છે અને બીજાને ઠગનાર પહેલાં પોતે જ ઠગાય છે.

જગતની અંદર ક્યાંય પણ અવ્યવસ્થા કે ગડબડ નથી.
નિયમ વિના અકસ્માતથી આ વિશ્વમાં કશું બનતું નથી.
વ્યવસ્થિત ક્રમાનુસાર બધું ઋતુચક્રને અનુસરે છે
અને તે પ્રમાણે જ બને છે.

તમે અત્યારે જે કરી રહ્યા છો અને ભવિષ્યમાં જે બનશે,
તેની વચ્ચે ચોક્કસ અને નિશ્ચિત સંબંધ છે.
મધુર ફળ મળે તેવા બીજ કર્મો આજે જ વાવો,
તો જ તમને અહીં અને હવે પછી સુખી બનાવશે.

## કર્મ કેવી રીતે ઘડાય છે?

ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા એ મનુષ્યની ત્રિવિધ પ્રકૃતિ છે.
ઇચ્છા એટલે કર્મ કરવાની એષણા - લાગણી,
જ્ઞાન એટલે કાર્ય કેમ કરવું તેની સમજણ અને
ક્રિયા એટલે અમલીકરણ. આ ત્રણ દ્વારા કર્મ ઘડાય છે.
કર્મની પાછળ ઇચ્છા અને વિચાર રહેલાં છે.
પ્રથમ મનમાં વસ્તુની ઇચ્છા ઉત્પન્ન થાય છે, એને કેમ
મેળવવી, તેનો વિચાર આવે છે અને પછીથી તેના
સ્વામી બનવાનો તે પ્રયત્ન કરે છે. આ ત્રણે હંમેશાં
સાથે જ રહે છે. આ ત્રણે સૂત્રોને એકી સાથે વણવાથી
કર્મરજ્જુ તૈયાર થાય. ઇચ્છામાંથી જ કર્મની ઉત્પત્તિ છે.

ઇચ્છા કરેલ પદાર્થની પ્રાપ્તિ માટે જ
કાર્ય અને શ્રમ કરવામાં આવે છે અને
એમાંથી જ સુખ - દુઃખરૂપી કર્મના ફળો જન્મે છે.
એ ફળો ભોગવવા માટે જન્મ-જન્માંતર ધારણ કરવા પડે છે.

કર્મના ત્રણ પ્રકાર: સંચિત, પ્રારબ્ધ તથા ક્રિયમાણ.

સંચિત: જન્મ-જન્માંતરના ભેગા થયેલ સત્તામાં રહેલ કર્મો.
પ્રારબ્ધ: જેનાં ફળ મળવા માંડ્યાં છે, તે ઉદયમાં આવેલ કર્મો.
ક્રિયમાણ: જીવનનું કાર્ય કરતાં ચાલુ બંધાતા નવા કર્મો.

પ્રારબ્ધ કર્મ ભોગ દ્વારા જ ક્ષય પામે છે.
તે દ્વારા પાછલાં કરજ ચૂકવાય છે.

ધનુર્ધરની પીઠ ઉપર ભાથામાં બાણોનો સમૂહ ભર્યો છે,
તે એનાં સંચિત કર્મ છે, તેમાંથી એક બાણ છોડ્યું છે,

તે તેના હાથમાંથી છૂટી ગયું છે અને
પાછું બોલાવી શકે તેમ નથી.

આ છોડેલું બાણ તે પ્રારબ્ધ કર્મ છે અને બીજું બાણ
છોડવાની તૈયારીમાં છે, તે ક્રિયમાણ કે આગામી કર્મ છે.
આમાંથી સંચિત કે ક્રિયમાણ ઉપર પૂરો અધિકાર છે,
પરન્તુ પ્રારબ્ધ એટલે કે જે ભૂતકાળના કર્મોનું
પરિણામ આવવા માંડ્યું છે, તે તો એને ભોગવવું જ રહ્યું.

## ભાગ્ય અને પુરુષાર્થ

કર્મનો નિયમ અટલ હોવા છતાં એમાં માત્ર પરમાત્માની
કૃપાને અવકાશ છે. કૃપા પ્રાયશ્ચિત અને તપથી મળે છે.
પશ્ચાત્તાપ એ પણ એક પ્રકારની ક્રિયા જ છે,
તેથી બાકી ક્રિયાઓની જેમ એનું પણ ફળ મળે છે.
જે પાક લણવાનો છે, તેમાં પરિવર્તન થઈ શકતું નથી,
કિન્તુ એનું પુનરાવર્તન સ્વપુરુષાર્થ વડે રોકી શકાય છે.
સ્વપ્નથી દેહ એઠું ન બને, એમ કરી શકાય.
વર્તમાનનું પ્રારબ્ધ તે ભૂતકાળનો પુરુષાર્થ અને
વર્તમાનનો પુરુષાર્થ તે ભવિષ્યનું પ્રારબ્ધ છે.
બન્ને એક જ વસ્તુને સૂચવે છે.
જેમ વર્તમાનકાળ એ ભૂતકાળ બને છે અને
ભવિષ્યકાળ એ વર્તમાનકાળ બને છે,
પરન્તુ કાળ તો એક જ છે અને તે વર્તમાન જ છે,
તેમ પુરુષાર્થ સિવાય બીજું કાંઈ જ નથી.
જ્યારે મનુષ્ય કામ કરે છે, ત્યારે
ભગવાન સ્વયં તે પુરુષાર્થનું રૂપ લે છે.
પ્રારબ્ધનો સંબંધ ભૂતકાળ સાથે છે, જ્યારે
ભવિષ્ય મનુષ્યના પોતાના હાથમાં છે.

પ્રશ્ન: દુર્ભાગ્યને કેવી રીતે નિવારી શકાય?

ઉત્તર: સત્કાર્યો અને ઉત્તમ વિચારોના સેવન દ્વારા.
પ્રથમ વિચારોમાં પરિવર્તન આણવું જોઈએ. નાના-
મોટાં કર્મોના પ્રબળ એકત્ર થવાથી વૃત્તિઓ ઘડાય છે.
આ વૃત્તિઓનો અંતિમ વિકાસ એ જ ચારિત્ર છે.
ચારિત્રમાંથી મનોબળ અને સંકલ્પશક્તિ જન્મે છે. દૃઢ
ચારિત્રવાન મનુષ્યની સંકલ્પશક્તિ ખૂબ દૃઢ જ હોય છે,
કિન્તુ સ્વાર્થથી એ સંકલ્પશક્તિ મલિન બને છે.
વાસનાઓના ત્યાગથી તે શુદ્ધ - દૃઢ - પ્રભાવવાન બને છે.
પોતાના ભાગ્યનો સ્વામી મનુષ્ય પોતે જ છે.
પ્રત્યેક કાર્યનું મોડું કે વહેલું ફળ મળે જ છે.
સત્કાર્યનું ફળ સુખ જ છે, દુષ્કાર્યનું ફળ દુઃખ જ છે.
ભૂતકાળની દાનશીલતા એ વર્તમાનની સંપત્તિ છે.
ભૂતકાળની માનવસેવા વર્તમાનમાં વિખ્યાત નેતૃત્વ આપે છે.
ભૂતકાલિન દૃઢ વિચારો એ વર્તમાન ચારિત્રના સર્જક છે.
પૂર્વજન્મની વૃત્તિઓ આ જન્મમાં શક્તિરૂપે પરિણમે છે.
પૂર્વના નિઃસ્વાર્થ કર્મો આ જન્મમાં
વિવેક - નિષ્કામતા અને મહેચ્છાઓ ઉત્પન્ન કરે છે.
પ્રતિક્રિયા હંમેશા સમાન અને સામસામી હોય છે.

આ જન્મમાં ગરીબને ભીખ આપવાથી
બીજા જન્મમાં અન્નની વિપુલતા થાય છે.
ધર્મશાળા બંધાવવાથી મકાનોના માલિક થવાશે.
બીજાની આંખને ઈજા પહોંચાડવાથી આંખને ઈજા પહોંચશે.
જગતમાં પ્રભુકૃપા સિવાય કોઈ એવી શક્તિ નથી, જે
કર્મફળ રોકી શકે. દરેક જીવનનું ઘડતર અને ભાગ્યનું
નિર્માણ માનવના વિચાર, ટેવ અને ચારિત્ર્યથી થાય છે.
એ વિચારો અને ટેવો બદલવાથી ભાગ્યમાં
સુધારો - વધારો કરી શકાય છે. દુર્જન સજ્જન બની શકે,
વેશ્યા સતી બની શકે અને રંક રાય બની શકે છે.
આ વિશ્વનિયમ અનુસાર જે પોતાનું જીવન વ્યતીત કરે,
તે મનુષ્યનું ભાવિ ઉજ્જ્વળ બને છે.
આ નિયમ સમજીને જીવન જીવનારા મનુષ્યો ધન્ય છે.
તે સત્વરે પરમાત્મઅવસ્થાને અનુભવતો
આ નિયમના સૃષ્ટાની સાથે એકરૂપ બની જશે,
પછી તેના ઉપર એ નિયમ કાર્ય કરી શકશે નહિ,
તે નિયમનું કાંઈ નહિ ચાલે, તે મુક્ત બનશે.
અરિહંતની સજ્ઝાય: અરિહંતજી હું રે સમરું ત્યારે આવજો,
મારો જીવ કરે છે પ્રફુલ્લ રે...!

આપણા જીવને દુષ્કર્મ છોડવાનું અને
સત્કર્મ કરવાનું મન કરાવનાર પ્રભુકૃપા જ છે.
કૃપાનો અર્થ પ્રભુનો આદર્શ, આલંબન અને ઉપદેશ.

વિશ્વમાં જે કાંઈ સત્કર્મ થયાં છે, થાય છે અને થશે, તેમાં મુખ્ય આલંબન પ્રભુ જ છે, કેમકે એક પ્રભુ સર્વદોષરહિત અને સર્વગુણસંપન્ન છે, તેથી દોષને છોડવાની - ગુણને મેળવવાની બુદ્ધિમાં આલંબન પ્રભુ છે, આદર્શ પણ પ્રભુ, સૌ સદુપદેશના મૂળમાં ય પ્રભુ છે. દુષ્કૃતની ગર્હા તે પ્રાયશ્ચિત - સુકૃતની અનુમોદના તે તપ. સુકૃત માટેનો તપ અને દુષ્કૃતરહિત સ્થિતિએ પહોંચવા માટેની ભાવનામાં પુષ્ટ નિમિત્ત, અસાધારણ કારણ અને સર્વ હેતુઓનો હેતુ પ્રભુની નિષ્કારણ કરુણા છે.

આધ્યાત્મિક લાભ એટલે...

માત્ર બુદ્ધિની કસરત નહિ, પરન્તુ
ઉચ્ચ વિચાર, ઉચ્ચ આચાર અને ઉચ્ચ ઉચ્ચાર -
તે ત્રણે જ્યારે સંયુક્તપણે પ્રભુમય થાય,
તેનું નામ આધ્યાત્મિક લાભ.

આત્માનું સ્વરૂપ સર્વ શક્તિમાન છે,
તે શક્તિમાંથી સૌથી પ્રથમ નાદની ઉત્પત્તિ થાય છે અને

નાદમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે.
નાદ એ શબ્દબ્રહ્મ રૂપ છે,
શબ્દબ્રહ્મ વડે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.
દેહાત્મબુદ્ધિ શરીરને જ આત્મા સમજવા મોહિત કરે છે.
ગાયત્રી મંત્ર એવી બુદ્ધિ દૂર કરી આપે છે કે:
'હું દેહ નહિં બ્રહ્મ છું. હું તે પરમ પ્રકાશનો પણ પ્રકાશ
છું, મારી બુદ્ધિને તે પ્રકાશિત કરી તેજસ્વી બનાવે છે.'
વેદોનો સાર ઉપનિષદો છે અને
ઉપનિષદોનો સાર ગાયત્રી છે - તે વેદોની ય માતા છે.
ગાયત્રી એક છંદ છે.
તે અદ્‌ભુત ચમત્કારીક શક્તિ ધરાવે છે.
ગાયત્રી મંત્રની શક્તિની આગળ
વિદ્યુત, રેડિયો તરંગ કે અણુશક્તિ પણ વિસાતમાં નથી.
એકાક્ષર ૐ બ્રહ્મનું પ્રતિક છે.
વેદ - વેદાંગના પાઠથી જે ફળ મળે છે,
તે જ ફળ પ્રણવ મંત્રના જાપથી મળે છે. ત્રણે પ્રકારના
તાપનો તે નાશ કરે છે, ચારે પ્રકારના પુરુષાર્થ આપે છે,
અવિદ્યાદિ ગ્રંથીઓનો નાશ કરે છે, હૃદયને શુદ્ધ બનાવે
છે અને વિશ્વના સર્વ મનુષ્યોને તે મોક્ષ આપે છે.

પ્રકાશ માટે પ્રાર્થના કરનાર સ્વયં પ્રકાશરૂપ બને છે.
નમ્રતા કેળવવા મહાત્માઓને માનસિક નમસ્કાર કરી.
દરેકમાં ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ કરી. સૌના
આત્મા પ્રત્યે પોતાના આત્માના જેવો પ્રેમભાવ રાખો.
સાધનાના સમયનો માપદંડ દિવસો, મહિનાઓ કે વર્ષોથી
માપી શકાય નહિ, એ તો જન્મોથી જ માપવાનો હોય.
એનો અર્થ એ કે તે માટે દીર્ઘ સમયની જરૂર છે.
પૂર્ણતાએ પહોંચવા માટે કેટલાંયે જન્મો જોઈએ પણ
આરાધનાના પ્રથમ પગથિયે ચઢવા માટે તો
આ જન્મમાં જ પ્રયાસ શરૂ કરવો જોઈએ.
સૌ પ્રથમ તો કેવળજ્ઞાન વિષયક શ્રદ્ધા થવા જોઈએ,
તે વિના સત્ય મોક્ષમાર્ગ કોણ બતાવે ?
કેવળીના વચનો ગણધરો ગૂંથે અને સર્વ આચાર્યોની
પરંપરાએ અહીં સુધી પહોંચે. કેવળીના વચન અનુસાર
સંસાર અને મોક્ષનું સ્વરૂપ સદ્દહવું જોઈએ.
'બોધ શાસ્ત્ર કે એક બાત, તાકો દીયે બતાય,
જો પરમાત્મ પદ ચહે, રાગ - દ્વેષ છોડવાય;
'મૈં મેરા' એ જીવ કો બંધન મોટાં પાશ,
'મૈં મેરા' જાકો નહિ, તાકો મોક્ષ પીછાણ.'

જ્યાં બંધ છે, ત્યાં સંસાર છે.
જ્યાં કર્મબંધ નથી, ત્યાં મોક્ષ છે.
સંસાર જ અનંત જન્મ-મરણનું કારણ છે.
મોક્ષમાં જન્મમરણ નથી, તેથી અનંત સુખનું કારણ છે.
કર્મબંધ અને મોક્ષનું કારણ કોણ? મન.
આપણા મનના વિચારો આપણું બાહ્ય જીવન ઘડે છે.
જેમ એક સુથાર લાકડાના ખરબચડા ટુકડાને
ઘડીને એક સુંદર કલાકૃતિનું રૂપ આપે છે,
તેમ માનવના સંકલ્પ અને વિચારો માનવના
જીવનને ઘડીને સુંદર કલાત્મક રૂપ આપે છે.
કેટલીક વાર માનવ પોતાના વિપરિત સંજોગો માટે
બહારની વ્યક્તિ કે દૈવ તત્ત્વને જવાબદાર ગણે છે,
પરંતુ એ એક ભ્રમ છે.
મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયોઃ ।
વાસ્તવમાં આપણા બાહ્યજગતના સુખ-શાંતિ માટે
સુવિચાર, સુવચન અને સુવર્તન અનિવાર્ય છે.
'વાવશો તેવું લણશો' સૂત્ર જીવનમાં ખૂબ ઉપયોગી છે.
જીવનમાત્ર એક વિશાળ શિક્ષણસંસ્થા છે અને
સ્વશિક્ષણ એ ઉત્તમ પ્રકારનું શિક્ષણ છે.

[illegible] મંદિરનો ઘુમ્મટ આકાશની આકૃતિનો હોય છે.

એ આકાશનું જ નાનું શું પ્રતીક છે.

એ ઘુમ્મટ બરાબર અર્ધ ગોળાકારે હોય છે.

એની નીચે જે પુકાર કે મંત્રોચ્ચાર થશે,

તેનો ધ્વનિ આકાશમાં ખોવાઈ નહિ જાય,

પરન્તુ ગોળ ઘુમ્મટ એને પાછો ફેંકશે. ઘુમ્મટ જેટલો વધુ

ગોળ હશે, એટલો જ સરળતાથી ધ્વનિ પાછો આવશે

અને એટલો જ પ્રતિધ્વનિ પેદા થશે.

વિદ્યુત માત્ર ધ્વનિનું રૂપ છે. ધ્વનિ પ્રથમ - વિદ્યુત પછી.

પ્રારંભ ધ્વનિથી અને અંત વિદ્યુતથી છે.

ફૂલ - ભાજી - દૂધ અને ગાય ધ્વનિથી પ્રભાવિત થાય છે,

તો એ ધ્વનિથી આપણે કેમ પ્રભાવિત ન થાય?

સંસ્કૃત ભાષાનું જોર ધ્વન્યાત્મક છે, સાહિત્યાત્મક નહિં.

તે phonetic છે, linguistic નથી અર્થાત્

તે શબ્દગત નહિ પણ ધ્વનિગત છે.

બોલવાથી શબ્દ બને છે અને ખોલવાથી ધ્વનિ બને છે.

શાસ્ત્ર એટલે શ્રુતિ.

સાંભળીને મળે તે જ શાસ્ત્ર. ભણીને મળે તે પુસ્તક.

શાસ્ત્રોનો ભાર અર્થ ઉપર નથી.

અક્ષરની જરૂર લિપિબદ્ધ ગ્રંથ માટે છે.
ઉચ્ચરિત શબ્દ માટે એ અક્ષરનો કોઈ અર્થ નથી.
ધ્વનિગત ચોટ છે અને એનાં પરિણામો છે. મંત્રોચ્ચાર
વડે શરીરના જુદા જુદા ચક્રો ઉપર ચોટ પડે છે અને
તેથી તે સાતે ચક્રો સક્રિય બને છે.
સવાલ અક્ષરનો નહિં પણ ઉપયોગિતાનો છે. શાસ્ત્રો
અર્થ ઉપર નહિં પણ ઉપયોગિતા પર ભાર આપે છે.
ઉપયોગિતા એટલે એનો ઉપયોગ શું છે?
જે ઉપયોગમાં આવે, તે સત્ય છે.
વસ્તુ સિદ્ધ કરવાને કોઈ પ્રયોજન નથી. ઉપયોગિતા
એની સાબિત કરવાને જ સત્ય એ સત્ય બને છે.
ઉપયોગ ધર્મનો અર્થ તેની ઉપયોગિતા ઉપર છે,
પરન્તુ શાબ્દિક અર્થ એ ગૌણ વસ્તુ છે.
જીવનમાં તેની જરૂરીયાત એ મુખ્ય ચીજ છે.
આત્માની સ્વરૂપ અને અનંત શાભમય અવસ્થા
એ મહાન સમૃદ્ધિ છે અને એ જ સાચી સમૃદ્ધિ છે.
એનો જેને રાગ છે, તેને કાયાનાં સુખદુઃખનું મહત્વ
રહેતું નથી. સિદ્ધાવસ્થાની ભાવના કાયાનાં સુખદુઃખને
ગૌણ લેખી સ્વરૂપસમૃદ્ધિના વિચારમાં લીન બને છે.

## મંદિરનો ઘુમ્મટ બનાવે ઉર્જાનું વર્તુળ

V.V. Imp. વિજ્ઞાનની ભાષામાં કહીએ તો
આપણી અંદર વિચારોનો જે કોલાહલ છે,
એ આપણી શક્તિના વર્તુળ ન બનવાને કારણે જ છે.
વર્તુળ બનવાથી ઉર્જા શાંત થવા લાગે છે.
મંદિરના ઘુમ્મટથી વર્તુળ બનવાની ક્રિયા અદ્ભુત છે અને
ઘુમ્મટનો ગહન અર્થ પણ આ જ છે.
પદ્માસન અને સિદ્ધાસનમાં બેઠેલી મૂર્તિઓ પણ
વર્તુળ બની જાય છે અને એ બનતાંની સાથે જ
આપણા મનમાં ઉઠતાં વિચારો પણ શૂન્ય થઈ જાય છે.
જ્યારે ૐનો ઉચ્ચાર તીવ્રતાથી થાય છે,
ત્યારે મંદિરનો ઘુમ્મટ એ ઉચ્ચાર પાછો ફેંકે છે અને
એક વર્તુળ બને છે, ૐ મંત્રના આવતાં ઉચ્ચારનું
અને પાછા ફરતાં ધ્વનિનું એક સર્કલ બને છે.
મંદિરનો ઘુમ્મટ આપણા ધ્વનિને પાછો મોકલીને એક
વર્તુળ નિર્મિત કરે છે, જેનો આનંદ જ અદ્ભુત છે.
ખુલ્લાં આકાશની નીચે ૐનો ઉચ્ચાર કરવાથી
વર્તુળ નિર્મિત નહિ બને અને
ક્યારેય એ આનંદની અનુભૂતિ નહિ થાય.

જ્યારે વર્તુળ નિર્મિત થાય છે, ત્યારે કુદરત પોકાર કરવાવાળા જ નહીં, મૌન વદવાવાળા પણ પાછા ફરતાં એ અવાજની સાથે દિવ્યતાની પ્રતીતિ માણવા લાગે છે.

તમે બિલકુલ શાંત અને એકાંત સ્થિતિમાં બેસીને ઉચ્ચાર કરતાં હો, તો વર્તુળ નિર્મિત થવાની સાથે જ વિચારો બંધ થઈ જશે. એક બાજુ વર્તુળ બને છે અને બાજુ બાજુ વિચારો બંધ થાય છે.

આ દુનિયા સારા અને ખરાબ,
શુભ અને અશુભનું અજબ સંમિશ્રણ છે.

સારાથી અંજાઈ જવું નહિ તથા ખરાબથી ભાગવું નહિ. સારી વાતને આપણી ભાવનાના પ્રમાણમાં અનુસરવું પણ ખરાબનો તિરસ્કાર ન કરતાં તેને નમસ્કાર કરી દૂર રહેવું. કદાચ આપણી દૃષ્ટિએ સારું કે ખરાબ એ સમષ્ટિની દૃષ્ટિએ સારું અથવા ખરાબ ન પણ હોય.

જગતના જીવમાત્ર અધૂરા છે,
પૂર્ણ હોત તો તેમનો મોક્ષ જ થયો હોત અને આ સંસાર પણ ન હોત. સૌ લોકો પોતપોતાની કક્ષા પામતાં પોતપોતાની લાયકાત પ્રમાણે જ વર્તે છે અને એટલે જ સંસારનું અસ્તિત્વ છે.

કોઈ વખત દેખીતા ખરાબમાં સારું અથવા
દેખીતા સારામાં ખરાબ છૂપાયેલું હોય છે.
આ દૃષ્ટિ રાખી આપણે જ જગતના
ભોક્તા ન બનતાં માત્ર દૃષ્ટા બનીએ, તો
આ સંસારની લીલા જોવા - માણવા જેવી લાગશે.
સંસારના રંગ - ઢંગમાં કદી ફંટાવવું નહિ.
દુનિયા એવી જ હોય.

જગતની દરેક જડ - ચેતન કૃતિ સહેતુક છે. તેને આપણે યોગ્ય રીતે સમજી શકતાં નહિ, એટલે જ કોઈપણ વ્યક્તિ કે પદાર્થ પ્રત્યે રાગ કે દ્વેષ ન ધરાવતાં સમત્વથી - વિવેકપૂર્વક તટસ્થ ભાવે વર્તવું અને જે થાય, તે થવા દેવું અને જોયાં કરવું. બળદગાડાની નીચે ચાલતાં કૂતરાને એમ લાગે છે કે હું ગાડું ચલાવું છું પણ ચલાવનાર બીજો જ હોય છે. તેવું સંસારગાડાનું છે. પછી શા માટે કાંઈપણ માથે લઈને ફરવું? યોગ્ય બધું કરવું પણ કશાનો બોજ ક્યારેય ન વધારવો, એ આખી વસ્તુનું તાત્પર્ય છે. જ્ઞાનપૂર્વક જે કષ્ટ સહન થાય છે, તેને તપ કહેવાય પણ અશુભ કર્મનો ઉદય ન મનાય.

અગ્નિમાં જેમ અભંગ - દહનશક્તિ છે, તેમ મોક્ષના
કારણોમાં કર્મને દહન કરવાની અખંડ શક્તિ રહેલી છે.
પાંગળો મનુષ્ય જેમ વાહનના આશ્રયથી દૂર જઈ શકે,
તેમ જીવ ઘણું ય કર્મથી ભારેખમ હોવા છતાં પણ
ધર્મનો આશ્રય કરવાથી મોક્ષ પામી શકે છે.

મોટરમાં ફરવું, ગગનચુંબી મકાનોમાં વસવું,
હેલીકોપ્ટરમાં ઉડવું, પુષ્કળ ધન હોવું, ખિતાબો અને
માન - મરતબો હોવાં એ કાંઈ ખરી સંસ્કૃતિ નથી.
સાચી સંસ્કૃતિ તે છે કે જેમાં પ્રામાણિક - નમ્ર કે
ધાર્મિક બનવાનું હોય છે. દયાળુ કે પરગજુ હૃદયના
સંત બનવું, એ ધર્મશાસ્ત્રોમાં સાચી સંસ્કૃતિ છે.

ભક્તિ અને જ્ઞાનયુક્ત જીવન જીવવું તથા
સેવા અને સ્વાર્થત્યાગની ભાવના વડે હૃદયને રંગવું,
એ ભારતીય સાચી સંસ્કૃતિ છે.

ભગવાનનું નામ નાદમય છે અને મૂર્તિ તેજોમય છે.
પ્રભુનું નામ અને રૂપ - જ્ઞાનીને જ્ઞાનમય,
ધ્યાનીને ધ્યાનમય અને ભક્તને ભક્તિમય બને છે.

પ્રભુનું શાસન એટલે સંવર - નિર્જરા, કર્મને રોકવા,
કાઢવા. આત્મગુણોને ઢાંકતા અટકાવવા, ઉઘાડતાં કરવા.

## કોનું - શું ?

(૧) Concentration - પરમેષ્ઠિઓના સ્વરૂપનું.
(૨) Meditation - પરમેષ્ઠિઓથી અભિન્ન એવા આપણા પોતાના સ્વ-સ્વરૂપનું.
(3) Realisation - સ્વસંવેદનસ્વરૂપ આત્મજાગૃતિનું.

અરિહંત પુણ્યના ભંડાર અર્થાત્ પરોપકારના ભંડાર.

પિંડસ્થ ધ્યાન અરિહંતોની બાહ્ય અવસ્થાનું કરવું, પદસ્થ ધ્યાન પ્રભુની કેવળજ્ઞાન અવસ્થાનું કરવું અને રૂપાતીત ધ્યાન પ્રભુની સિદ્ધત્વ અવસ્થાનું કરવું.

જગતના જીવોનું પાપ નાશ માટે જ પ્રભુનું નામ અને રૂપનું અસ્તિત્વ છે. સમિતિ - ગુપ્તિનું પાલન સ્થિરતા લાવે છે. સ્થિરતા એજ ચારિત્ર અને ચારિત્રનું મહાન ફળ છે કેવળ આનંદ.

અનુભૂતિનું લક્ષણ - જડ પ્રત્યે વૈરાગ, જીવ પ્રત્યે મૈત્રી અર્થાત્ ભોગમાં રોગબુદ્ધિ અને યોગમાં મોક્ષબુદ્ધિ.

મોક્ષ આત્માનું પૂર્ણ આરોગ્ય છે.

વિષયની તૃષા છીપાવનાર જ્ઞાન એ જળ છે અને કષાયની ભૂખ ભાંગનારા ક્રિયારૂપી ભોજન છે.

એક અમૃત છે, તો બીજું પરમાન્ન છે.

દેખાવું તે ભાન માટે છે, હોવું તે પોતાના માટે છે.

આત્મઅજ્ઞાન તે મોટામાં મોટો રોગ છે.
કામ - ક્રોધ - લોભાદિ રોગ નથી, પરન્તુ
આપણી અંદર રહેલાં રોગનાં ચિહ્ન છે.
જેમ તાવ એ રોગ છે, ટેમ્પરેચર એ ચિહ્ન છે.
તેનાથી તો માત્ર અંદરનો રોગ ઓળખાય છે.
હિંસા - અસત્ય - મદ - ક્રોધ વગેરેથી અનેક ઘણું
આત્માનું અજ્ઞાન એ જ સાચી સમસ્યા છે.
તેને લીધે જ ભાન દબાય છે.

આત્મજ્ઞાન થયાંની નિશાની નિરહંકારિતા - અકામ-
અક્રોધ - અલોભ - અહિંસા - સત્ય - અપરિગ્રહિતાનો
આવિર્ભાવ છે. આ બધાં આત્મજ્ઞાનનાં જ લક્ષણો છે.

અવધૂતનાં બે આંતરલક્ષણ:
એક છે સર્વાત્મદૃષ્ટિ અને બીજું છે પ્રભુમયદૃષ્ટિ
અર્થાત્ સર્વાત્મદૃષ્ટિ અને પરમાત્મદૃષ્ટિ.
નીચી નજર નાંખે તો તુચ્છકારથી ન જો.
શુદ્ર ગણાતાં કીડા પાસેથી પણ જ્ઞાન લે. જો ઊંચે ચડે
તો ફૂલીને ફાળકો ન થા, પોતાને નામશેષ કરતો જા.
આકાશની જેમ - નિત્યમુક્ત, નિર્લેપ અને નિઃસંગ થા.

'શુદ્ધ નિરંજન સમરસ મગ્નઃ ।'

સમરસ મગ્નઃ = સર્વમાં સમાન પ્રેમભાવ.

ભાવના = 'આ વિશ્વ પ્રભુમય છે' એવી ભાવના.

'હરિ જાગે ભય ભાગે ।'

સમ્યક્ત્વના પાંચ લક્ષણ

ક્ષમાગુણનો સ્વીકાર તે ઉપશમ.

દયાગુણનો સ્વીકાર તે અનુકંપા.

દ્રવ્યદુઃખના નિવારણની બુદ્ધિ તે અનુકંપા.

વૈરાગ્યગુણનો સ્વીકાર તે નિર્વેદ.

ભાવદુઃખના નિવારણની બુદ્ધિ તે નિર્વેદ.

ભક્તિગુણનો સ્વીકાર તે સંવેગ.

મોક્ષસુખને મેળવી આપવાની બુદ્ધિ તે સંવેગ.

શ્રદ્ધાગુણનો સ્વીકાર તે આસ્તિક્ય.

જીવની અમરતાનું ભાન તે આસ્તિક્ય.

સુખ માંગે તે મિથ્યાદૃષ્ટિ, સુખ આપે તે સમ્યગ્દૃષ્ટિ.

સર્વના આત્મા અને નિયંતાધિ પ્રભુનું

શ્રવણ - કીર્તન અને સ્મરણ કરતાં રહેવું જોઈએ.

પૂજન તથા અદ્ભુત ગુણોના કીર્તન વડે

જે તન્મયતા આવે છે, તે વિશલ્યાકરણ રૂપ છે.

કીર્તન વડે નિર્મળતા તે પ્રાયશ્ચિત રૂપ છે.
વંદન વડે સ્થિરતા તે વિશુદ્ધિ રૂપ છે.
સ્વરૂપદર્શક બોધ તે જ્ઞાન છે અને
સંબંધદર્શક બોધ તે દર્શન છે.
દર્શન વડે કીર્તન, જ્ઞાન વડે વંદન અને
ચારિત્ર વડે માનવ મહાન થાય છે.

## વિનયનું મૂળ - શ્રદ્ધા

ઉપયોગને સુધારવાનું કામ નવપદના ધ્યાનથી થાય છે.
ઉપયોગ મોહમાં બહુ આસક્ત રહે છે,
માટે તેને સુધારવાનું કામ પહેલાં કરવું જોઈએ.
'ઉપયોગને સુધારનાર સદ્આલંબન છે'
એવી શ્રદ્ધા એ વિનયનું મૂળ છે અને
એનું જ નામ નમસ્કાર ભાવ છે.
કાળ સર્પનો ભક્ષક છતાં મંત્રપાદ વડે વચન, મન, કાય
- એ ત્રણેનું કર્મ તેને ભક્ષણ થાય છે.
શબ્દ એ સંકેત છે - ઈશારો છે,
તે પોતે સત્ય નહિ પણ સત્યનો સંદેશવાહક છે.
૦ યસ્ય નારાયણો દેવો, ભગવાન્ હૃદગતઃ સદા ।
ભક્ત્યા કેવલયાઽજ્ઞાનં, ધુનોતિ ધ્વાન્તમર્કવત્ ॥
(પરિશિષ્ટ-૨)

સત્ય પામવા માટે આપણે શું કરવું ?

ચંદ્રને બતાવતી આંગળીની જેમ શબ્દોની સ્થિતિ છે.
ચંદ્ર એક જ છે અને ઈશારાથી બતાવનારી
આંગળીઓ અનેક છે, તેમ શબ્દો અનેક છે અને
સત્ય એક છે - એક જ હોઈ શકે.
સત્યને બાંધી શકાતું નથી.
સત્ય પામવા માટે આપણે ખુલ્લાં થવાનું છે.
સત્ય એ કોઈ જ્ઞાનની ઉપજ નથી, એ તો સદા છે જ.
આંખ ખોલો તો જ તે દેખાય છે.

સત્યના માર્ગે જવાના બે માર્ગ છે:
એક સત્યના વિચારનો અને બીજો સત્યની સાધનાનો.

એક છે તર્કનો, બીજો યોગનો. જ્યાં જગતનો અંત છે,
ત્યાંથી જ પ્રભુનો પ્રારંભ થાય છે.
સ્મૃતિ એ યાદી છે પણ જ્ઞાન નથી - ઉધારી છે.
સ્મૃતિ નહીં પણ અનુભવ એ જ્ઞાન છે.
અનુભવ એક તાદાત્મ્ય છે, તે જ્ઞાનનું પણ જ્ઞાન છે.
બધાનો અનુભવ કરી રહેલ છે, તેનો અનુભવ છે.

આકાશને બાંધવાનો કોઈ ઉપાય હોઈ શકે ?
અને જો બાંધી શકાય, તો તેને આકાશ કહી શકાય?

ઇચ્છાને જાણવાનું નહિ હોતું, બાળવાનું જ હોય છે.
ઇચ્છા વિષે જે સાચું છે, તે જ મન વિષે ય સાચું જ છે.

જીવન એ ક્રિયા નહિ પરંતુ બધી ક્રિયાઓનું
કેન્દ્ર છે - પ્રભુ છે - કર્તા છે.

અજ્ઞાનમાં સંસાર છે - જ્ઞાનમાં નિર્વાણ છે.

ન જાણતાં જે જગત છે, તે જ જાણતાં ઈશ્વર બને છે,
તેથી પ્રશ્ન બહારના નથી, અંદરના પરિવર્તનનો જ છે.

આત્મા સર્જનહાર છે - પરમાત્મા રક્ષણહાર છે.
એક દયાળુ છે, બીજો ન્યાયી છે.

વિશ્વ ઉપર પ્રભુત્વ કર્મસત્તાનું છે અહિત જીવના
ઉપયોગનું છે અને કર્મ ઉપર પ્રભુત્વ ધર્મસત્તાનું છે
અહિત શિવની દયાનું છે.

ઉપયોગ ઉપર કાબુ યોગનો છે.
યોગની શુદ્ધિથી ઉપયોગની શુદ્ધિ થાય છે.

જીવમાં જીવબુદ્ધિ તે બોધિ આપે છે અને
જીવનમાં શિવબુદ્ધિ તે સમાધિ આપે છે.

જીવ એ creator god છે અને
શિવ એ Protector God છે. સામાયિક = સમતા.
સામાયિક = રાગદ્વેષની વિષમતા દૂર કરી સ્વભાવમાં રહેવું.

પાપની સજા કરવાની શક્તિ કર્મમાં છે અને
પાપનો માફ કરવાની શક્તિ ધર્મમાં છે.
કર્મ શરણે જીવ અને ધર્મ શરણે શિવ.
નમશે તે પ્રભુને ગમશે, ન નમશે તે ભવમાં ભમશે.
આત્મરૂપે વૃત્તિ અને વર્તન તે અધ્યાત્મ છે અને
પરમાત્મરૂપે જ્ઞાન અને ધ્યાન તે યોગ છે.
યોગ અને અધ્યાત્મનું મૂળ આગમ છે. પ્રભુનું નામ
અને રૂપ શાખાચંદ્ર ન્યાયે પ્રભુના અરૂપી ગુણોનું અને
તે દ્વારા આપણા શુદ્ધ સ્વરૂપનું દર્શન કરાવે છે.

પ્રભુનું બિંબ ધ્યાનનું પ્રબળ નિમિત્ત

રૂપાતીત ધ્યાનનું પ્રબળ સાધન
પિંડ અને પદ તેમ જ રૂપનું ધ્યાન છે.
પ્રભુનું બિંબ ચારે પ્રકારના ધ્યાનનું પ્રબળ નિમિત્ત છે.
દુઃખની જવાબદારી જીવની પોતાની જ છે, કેમકે
અશુભ ઉપયોગ જીવ પોતે જ કરે છે.
શુભ ઉપયોગ સદાલંબનોથી થાય, તેમાં બાહ્યનો ઉપકાર છે.
આપણે અશુભથી જ ભરેલાં છીએ તથા તેની પ્રતીતિ
કરાવનાર અશુભ ઉપયોગ છે, કેમકે તે સ્વાનુભવ બને છે,
તેને શુભ બનાવનાર આલંબનો છે નવપદ તથા નવકાર.

શૂન્યના દ્વારમાંથી સત્ય પૂર્ણ આવે છે.
શૂન્ય થતાં પૂર્ણ તેને ભરી દે છે.
સત્ય બહાર શોધવાનું નથી, પોતામાં ખોદવાનું છે.
આત્માનો કૂવો ખોદવાનું કામ ધ્યાનથી થાય છે.
ધ્યાનની કોદાળીથી પરભાવની માટી દૂર કરવાની છે.
જેને આપણે શોધીએ છીએ, તે પાસે જ છે.
જેને કાંઈ કહેવા જેવું ન હોય, તે આ જરૂર કાંઈ કહે છે.
જ્યાં કાંઈક કહેવા જેવું હોય, ત્યાં શબ્દો ઓછા પડે છે.
જે સંગીતને આપણે ખોળીએ છીએ,
તે પ્રતિક્ષણ આપણા ઊંડાણમાં ગુંજી રહ્યું છે.
જે કદી ખોવાતો નથી, તેને જ આપણે શોધીએ છીએ.
સંસાર એ સવિકલ્પ ચિત્તનો સાક્ષાત્કાર છે અને
સત્ય એ નિર્વિકલ્પ ચિત્તનો સાક્ષાત્કાર છે.
ધર્મ માટે માત્ર વિચાર પૂરતો નથી, સાધના જરૂરી છે.
વિચાર નહીં, ઉપચાર જ મદદગાર અને સાર્થક છે.
વિચારથી બૌદ્ધિક નિષ્પત્તિ થાય છે, સાધનાથી આત્મિક
અનુભૂતિ (થાય છે) મળે છે. જાણકારી અહંકારનું સર્જન
કરે છે, જ્ઞાન અહંકારનું વિસર્જન કરે છે. વિચાર પણ
સૂક્ષ્મ પરિગ્રહ છે. તે અહંકારનું ખાદ્ય - એક સંગ્રહ છે,

અહંકાર શક્તિ નહીં પણ અશક્તિ છે.
સત્યનું ઓજ જ વિરહ તેને ઉકાળ મૂકે છે.
શાસ્ત્રવિદ્ અને આત્મવિદ્માં મૌલિક ફરક છે.
વિજ્ઞાન એ શાસ્ત્ર છે, ધર્મ એ સાધના છે.
ધર્મ માટે ઉપદેશ નહીં પણ ઉપચાર જરૂરી છે.
સત્ય સંપત્તિ નહીં પણ સ્વત્વ છે,
તેથી તે બીજાને આપી શકાય નહીં.
સત્ય મેળવવાનું નહિ પણ સત્ય થવાનું છે.
ધર્મ માત્ર પ્રકાશ છે, માત્ર ચૈતન્ય છે.
દૃઢતા કેળવવા માટે નવકાર છે,
સ્વતંત્રતા મેળવવા માટે સામાયિક છે.
સંસારી જીવો અશુભ ઉપયોગથી ભરેલાં છે, તેથી
તેમનું આલંબન લેનાર અને તેમના સંબંધમાં આવનાર
શુભ પણ અશુભ બની જાય છે. માનવદેહ સ્વભાવથી
જ અશુદ્ધ છે, તેમ સંસારી જીવનો ઉપયોગ સ્વભાવથી
જ અશુદ્ધ છે. અશુચિ શરીરને શુદ્ધ બનાવનાર જલ-
માટીના સંયોગ છે, તેમ અશુભ ઉપયોગવંત જીવને
શુભ અને શુદ્ધ બનાવનાર
પરમર્ષિ ભગવંતોનું જ્ઞાન અને ધ્યાન છે.

પંચ પરમેષ્ઠિ ભગવંતોના અવલંબને જ
જીવનો ઉપયોગ અશુદ્ધ મટી શુદ્ધ બને.

<u>એ પ્રતીતિ દૃઢ થવા જોઈએ કે:</u>

<u>નવકાર અને નવપદનું આલંબન જીવને તારનારું છે.</u>

એ પ્રતીતિ જ ભાવનમસ્કાર કે જિનેન્દ્રગુણપાલન છે.
તે કારણે જ જિનેન્દ્રને સર્વ શુભનું મૂળ કહેલ છે.
સુખમાં જે રાગ મળે, તે દુઃખ વખતે દૃઢ બને, તેથી
આત્મવિકાસમાં સુખ તથા દુઃખનો સરખો જ ફાળો છે.

સંસારી જીવ અશુભ ઉપયોગથી નિમગ્ન છે,
તેને તે ઉપયોગમાંથી છોડાવવાને અનુક્રમે શુભોપયોગ
અને શુદ્ધોપયોગમાં જોડનાર અધ્યાત્મ યોગ છે અને
તે બન્નેનું મૂળ આગમ છે.

<u>ધર્મ એ આકસ્મિક ઘટના નહિ, વૈજ્ઞાનિક ક્રાંતિ છે.</u>

પોતાની સત્તાનું ભાન જ પોતાને ધર્મ તરફ લઈ જશે.
આત્માનો કૂવો ખોદવાનો છે, તેનું ઉપકરણ ધ્યાન છે.
કોદાળી વડે સ્વભાવ ઉપર પડેલ
પરભાવની માટીના સ્તરો ખોદવાના છે.
સમ્યગ્દર્શન એ ધ્યાનની વિધિ છે અને
સમ્યગ્શ્રદ્ધા એ ભાનનું જ ફળ છે.

સત્ય તરફ થોડું ચાલવાથી ઘણે પહોંચી જવાશે. જેમ
જેમ તેની નજીક જઈએ, તેમ તેમ તેનું ગુરુત્વાકર્ષણ
વધુ પ્રભાવશાળી બનતું જાય, પછી એમ લાગે છે કે
આપણે ચાલતાં નથી, ખેંચાઈએ છીએ.

સત્ય એ રચિત નથી પણ સમગ્ર સૃષ્ટિનો આધાર છે.

સત્ય શાસ્ત્ર પર નથી, શાસ્ત્ર સત્ય પર આધારિત છે.

બુદ્ધિ વિચાર કરે છે, તેને ભાન હોતું નથી.
સત્ય વિચારવું નથી, તેનું દર્શન કરવાનું હોય છે.
તેનો સાક્ષાત્કાર ચંચળ બુદ્ધિ વડે નહિ પણ
બુદ્ધિ શાંત - સ્થિર અને શૂન્ય બને, ત્યારે થાય છે.
તે અંતર્બોધની સ્થિતિને 'પ્રજ્ઞા' કહે છે.
પ્રજ્ઞા વિચાર નથી પણ આંખ છે.
matter and mind - બન્ને બહાર છે.
મન શરીરમાં રહેવાથી અંદર હોવાનો ભ્રમ કરાવે છે.
ભગવાન કોઈ વ્યક્તિ નથી, પરન્તુ
તેઓ શક્તિનો - ચૈતન્યનો અનંત સાગર છે.
તે જ સંસારના બધા રૂપોમાં વ્યક્ત થાય છે.
સર્જક પણ તે જ છે અને સર્જન પણ તે જ છે.
ભગવાનને શોધો નહિ પણ ભગવાન થવાનું શોધો.

ધર્મમાં બીજાઓ શું કરે છે, તે જોવાનું નથી.

ધર્મ તો પોતાના જ અંતરની ચોકી કરવાની વસ્તુ છે.

જવાબદારીઓના ભાન વિનાના હક અને સ્વતંત્રતા હોય, તો તે અનર્થ કરનાર નીવડે છે. ઉનાળા પછી આવતાં ચોમાસાની જેમ ફરજોથી શરૂ કરીને અધિકારો સુધી તેને અનુસરતા આવશો, તો આત્માને લાભ છે.

## ત્યાગનો અભૂતપૂર્વ મહિમા

ત્યાગ = જ્યાં સ્વાર્થસિદ્ધિ મુખ્ય નથી, તેવા હૃદયની ઉદારવૃત્તિ. આ સમગ્ર સંસારની સ્થિતિ અવલંબિત છે ત્યાગ ઉપર. જો એક પ્રાણી બીજા પ્રાણી માટે ત્યાગ ન કરે, તો આ સંસાર ક્ષણવાર માટે પણ ન ટકી શકે.

જેટલો ખોરાક પેટમાં જાય છે, તેનો
જૂનો મળ જો અપાનવાયુ ત્યાગ કરવાનું બંધ કરી દે,
તો શરીર કેટલો સમય ટકી શકે?

વૃક્ષો પાંદડાનો ત્યાગ કરે, તો જ નવપલ્લવિત બને.
સૂર્ય સમુદ્રમાંથી જળ લઈને વર્ષાઋતુમાં ત્યાગ ન કરે,
તો સૃષ્ટિ કેમ ચાલે?

દુનિયાનો શ્રેષ્ઠ પુરુષ તે જ છે કે જે સૌથી મોટો ત્યાગી હોય, કેમકે તે જ લોકો માટે વધુ ઉપયોગી બને છે.

'દાન' તે કહેવાય કે જેમાં
પોતાના દ્રવ્યનો અમુક જ ભાગ દાન માટે ખર્ચે છે,
પરન્તુ ત્યાગી તે છે કે જે પોતાનું કશું માને જ નહિ.
શરીર, મન, વચન અને બધાં કર્મો તથા
તેના અહંભાવનો જેણે ત્યાગ કર્યો હોય,
તે જ સાચા ત્યાગી - તેઓ જ સંસારને ઘડતર કરે છે.
આત્મબળ એ સંપૂર્ણ વિકાસ પામેલ ઇચ્છા જ છે.
માનવજીવનનો ઉદ્દેશ = ઇચ્છાશક્તિનો યોગ્ય વિકાસ.
'ૐ અર્હં ।' હું એટલે આત્મા. 'હું' આત્માનો પોકાર છે.
'અંતરમાં જે ચૈતન્ય રટે છે, તે જ હું છું.' યોગીને
એવું રટન અને ધૂન શ્વાસોશ્વાસમાં ઉઠતાં રહે છે.
ઇડા અને પિંગળાનો જ્યાં સંગમ થાય છે, તે ત્રિકુટીમાં
યોગી પોતાના મનને અંદર વાળી બેસાડી દે છે અને
સુષુમ્ણા નાડી મારફતે ત્યાં પહોંચી, એ સંગમમાં
સ્નાન કરતો રહે છે. આ યૌગિક ક્રિયા વડે યોગી સાધક
જડનો નાશ કરે છે અને શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરે છે.
આ શુદ્ધ ચૈતન્ય એ જ બ્રહ્મ છે. અવર્ણ પરમાત્મતત્ત્વ
જે આપણામાં છે, એનો જ એ પરિપાક છે.
એનો વર્ણ શુભ્ર, સફેદ અને ઉજ્જ્વળ છે.

શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ નિજના પુરુષાર્થથી,
તપથી, ઇંદ્રિયદમનથી અને પ્રાણાયામથી લાધે છે.
એ પછી જીવાત્મા અને પરમાત્મા એક થાય છે.
જ્યોતિમાં જ્યોતિ મળે છે, પછી જુદાઈ રહેતી નથી.
આ બ્રહ્મ અજર છે - અમર છે - અક્ષય છે.
સાધકોના એ આરાધ્ય પરમતત્ત્વને પામવાથી મુક્તિ મળે છે.
અપર બ્રહ્મ એક છે અને ઘટઘટમાં વ્યાપી રહ્યો છે.
કોઈ વર્ણ નથી, કોઈ વાતોથી એનો ભેદ પમાતો નથી.
એ તો સ્વાનુભવનો વિષય છે.
તે પુરુષોત્તમ છે, નિર્ગુણ છે, નિરાકાર છે, અવ્યક્ત છે.
એ શુદ્ધ ચૈતન્ય જ સાધકોનું પરમ આરાધ્ય લક્ષ્ય છે.
એને પામીને તે મુક્તાવસ્થાને પામે છે. આવો ત્યાગી
પર્વતની ગુફામાં રહે કે ટોચ ઉપર ઉપદેશ દેતો રહે,
બંને સ્થળેથી સંસારની અપૂર્વ સેવા કરી રહ્યો રહે છે.
તેનાં આંદોલનો વાયુની સાથે ઊડીને આકાશમંડળમાં
છવાઈ જાય છે અને ત્યાંથી સર્વ પ્રાણીઓના મગજને
ઉદ્વેલિત કર્યા કરે છે. પવિત્ર વિચારોની સુગંધથી તે
વાતાવરણને સ્વચ્છ કર્યા કરે છે. તે ન રહે તો સંસાર
રૌરવ નરક બને, લોકોમાંથી સદ્‌વૃત્તિ ભાવો લોપ પામે.

એ ત્યાગી મહાત્માઓના વિચારોમાંથી જ
માનવ ત્યાગનું શિક્ષણ ગ્રહણ કરે છે.

જે સ્થાનમાં ત્યાગ વૃત્તિવાળા જેટલાં અધિક,
તે સ્થાનનું વાતાવરણ તેટલું અધિક પવિત્ર હોય છે.

અનંત આકાશ - કે જે ખાલી લાગે છે,
તે ખરી રીતે તો ખાલી નથી, પરંતુ અસંખ્ય પ્રકારના
પવિત્ર - અપવિત્ર આંદોલનોથી ભરપૂર છે.

જેના હૃદયમાં સદ્વૃત્તિઓનું પ્રાબલ્ય હોય, તે
તેમાંથી સદ્વૃત્તિઓ અને જેમાં દુર્વૃત્તિઓનું જોર હોય,
તેઓ તેમાંથી દુર્વૃત્તિઓ ગ્રહણ કરે છે.

પ્રત્યેક શ્વાસની સાથે આપણે આપણી અંદર જેમ
હવા લઈએ છીએ, તેમ આપણી વૃત્તિ - પ્રવૃત્તિ અનુસાર
સદ્વૃત્તિ - દુર્વૃત્તિઓના ભાવોને પણ હૃદયમાં લઈએ છીએ.

## ત્યાગ શીખવા માટે પણ સત્સંગનો મહિમા

મને કે કમને - પ્રાણીઓને ત્યાગની થોડી ઘણી ભાવના
તો ગ્રહણ કરવી જ પડે છે: પત્નીનો ત્યાગ પતિ માટે,
માતાનો ત્યાગ સંતાન માટે, પતિનો ત્યાગ પત્ની માટે,
નોકરનો શેઠને માટે થતો ત્યાગ આપણે જોઈએ છીએ.
એ કારણે સત્સંગનો મહિમા ઘણો મોટો મનાયો.

एको देवः सर्वभूतेषु गूढः,
सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।
कर्माध्यक्षः सर्वभूताधिवासः,
साक्षी चेता केवलो निर्गुणश्च ॥ १ ॥

અર્થ: એ એકલો (અદ્વૈત) દેવ સર્વ ભૂતોમાં ગૂઢ,
સર્વવ્યાપી, સર્વ ભૂતોનો (નિયામક) અંતરાત્મા,
(પ્રાણીમાત્રના) કર્મોનો અધ્યક્ષ (અધિષ્ઠાન રૂપે -
કર્મના રૂપનો દોરનાર) અને સર્વ ભૂતોમાં વસેલા રૂપે
(દેખાતો છતાં વસ્તુતાએ) સાક્ષી (સ) રૂપે અને
એ મનસ્વરૂપે કેવળ (ઉપાધિરહિત) અને નિર્ગુણ છે.

ત્યાગ વિના સિદ્ધિનો માર્ગ જ નથી.

ધર્મની ખાતર ખરાબ વર્તનનો ત્યાગ, દાન માટે ધનનો, પરોપકાર માટે સ્વાર્થનો, તપ માટે સુખનો, મૈત્રી માટે દંભનો, સેવા માટે આળસનો, વિદ્યા માટે મોટપણનો અને મોક્ષ માટે સંસારનો ત્યાગ કરવો પડે છે. ત્યાગના માર્ગમાં મોટું વિઘ્ન સ્વાર્થ છે. જ્યાં સ્વસુખનું જ ધ્યાન છે, ત્યાં ત્યાગ નથી. ત્યાગ નથી, ત્યાં શાંતિ નથી. ચારે તરફ કલહ અને અશાંતિ પ્રસરી રહે છે. તે ત્યાગ એ સાચો ત્યાગ નથી, જે કર્યા પછી પસ્તાવું પડે.

ત્યાગ કરવો શ્રેયસ્કર છે. ત્યાગનો બહુ ક્રમ છે:

પરિવાર માટે પોતાના શારીરિક સુખોનો ત્યાગ,
કુટુંબાર્થે પરિવારનાં સુખનો, ગામની ખાતર કુટુંબનો,
પ્રાંતની ખાતર ગામનો, વિશ્વની ખાતર દેશનો, દેશની
ખાતર પ્રાંતનો તથા આત્માની ખાતર સર્વસ્વનો ત્યાગ.

ત્યાગનું રૂપ હંમેશાં મધુર જ હોય છે.

ત્યાગનો અભ્યાસ એક જ ભવમાં સિદ્ધ થતો નથી.
તે માટે અનેક જન્મોમાં પરિવાર ઉપરાંત
દેશ અને સંસારના સ્વાર્થના ત્યાગનો અભ્યાસ કરેલો
જેઓ જન્મેલાં છે, તેઓને તે ત્યાગ સહજ હોય છે.
એક સ્થિતિના અંત સુધી પરીક્ષા પછી જ
બીજી સ્થિતિમાં પ્રવેશ કરી શકાય છે.

કરીએ ત્યાગનો અભ્યાસ તાત્કાલિક

તરવાનો એક માત્ર સર્વોત્તમ ઉપાય ત્યાગ છે, તેથી છેવટે
સૌએ ત્યાગી બનવાનો જ એક પ્રયત્ન કરવો જોઈએ.
એક જન્મમાં કે બે, ત્રણ, દશ, વીસ અને
બીજા જન્મોમાં બહુ ત્યાગી બન્યા વગર કલ્યાણ નથી,
માટે આજથી જ તેનો અભ્યાસ કરે.

સર્વત્રૈકાત્મા સ્વરૂપસ્થ, સુખી ભવ નિરામય !!

(પરિશિષ્ટ-૩)

## દ્રષ્ટિદોષ એટલે...

વિવિધરૂપે દેખાતાં આ જગતને નિભાવી રહેલાં એક જ પરમ અરૂપી - બ્રહ્મને જોઈ શકી, તેના સત્યમાં જ ઓતપ્રોત થઈ તદ્રૂપ જીવનમાં ભળી જવા મથી રહેલાં ઈચ્છાઓમાં ય નીતિના ઉપદેશનો અભાવ કરેલો તે.

જેને બધું આત્મારૂપે જ થયું, તેને

બીજાનો વિદ્વેષ કરવાનો તો રહેતો જ નહિ, કારણકે તેમને તો પોતાથી જુદી સત્તા બીજી કોઈ છે જ નહિ. દેવોને દમનનો, માનવોને દાનનો, અસુરોને દયાનો ઉપદેશ છે. સત્ય જ જીતે છે, પરન્તુ અસત્ય નહિ.

સત્ય વડે જ સ્વર્ગનો માર્ગ ખૂલતો હોય છે.

અધ્યાત્મજ્ઞાનના પ્રસાદથી નિર્મળ અંતઃકરણવાળો હોય,

તે પછી જ એનું ધ્યાન કરનારો (સમાધિમાં)

નિષ્કલ (નિર્વિકાર) બ્રહ્મને દેખે છે - અનુભવે છે.

આધ્યાત્મિક ચેતના = spiritual consciousness.

વિશ્વચૈતન્ય = Cosmic consciousness.

આત્મા એ ભગવાન છે, નિત્ય છે, સર્વ કાળ અને

સર્વાન્તર્યામી, સર્વશક્તિમાન છે,

ભક્તિ વડે તે ગ્રાહ્ય છે, મુક્તિને અર્પનાર હોય છે અથવા

આત્મા એ જ હૃદયથી - તત્ત્વથી પરમાત્મા છે.
પરમાત્મતત્ત્વ સર્વજ્ઞ અને સર્વક્ષેત્રવ્યાપી તથા સર્વ
શક્તિમાન હોવાથી ભક્તિ વડે મુક્તિને અર્પનાર થાય છે.
સર્વદા, સર્વવ્યાપી, સર્વસમર્થ અને સર્વસમર્થક છે.

'क्षेत्रे काले च सर्वस्मिन्, नामाकृति द्रव्यभावैः ।
पुनतस्त्रिजगज्जनम्, अर्हतः समुपास्महे ॥'
'सकलार्हत्प्रतिष्ठानं, अधिष्ठानं शिवश्रियः;
भूर्भुवः स्वस्त्रयीशानं, आर्हन्त्यं प्रणिदध्महे ॥'

આર્હન્ત્ય એ સકલ દેહધારી પરમાત્માઓનું પ્રતિષ્ઠાન,
દેહાતીત સિદ્ધોનું અધિષ્ઠાન અને વિશ્વત્રયનું ઈશાન છે,
તેનું અમે ધ્યાન - પ્રણિધાન કરીએ છીએ.

આનંદઘનજી 'અનુભવ પચ્ચીસી'માં કહે છે તેમ:
'મુખ્ય અનુયોગ ચાર મેં, દ્રવ્યાનુયોગ જિનનાથ,
સદ્ગુરુની કૃપા થકી, સમજે આતમરામ.' ...(૨)

ચાર વિશિષ્ટ વ્યાખ્યાઓ

પ્રેમ = બીજાના સુખે સુખી થવું.
કરુણા = બીજાના દુઃખે દ્રવિત થવું.
સત્ય = મન, વચન અને કર્મની એકતા.
મનુષ્યનું અંતિમ ધ્યેય = આત્મસાક્ષાત્કાર.

## તીર્થંકર કોણ થઈ શકે છે?

જેમનું જીવન જ્ઞાન બધા જીવોના જીવન કરતાં સર્વોચ્ચ, ઉજ્જવળ, ઉદાત્ત, ભવ્ય અને સર્વોત્તમ હોય, તે જ તીર્થંકર થઈ શકે છે, તેથી તેઓ ગુરૂઓના ગુરૂ, સર્વના આદર્શ - નેતા અને નિર્યામક મનાય છે. એવા તીર્થંકરો આ વિશ્વમાં વિશ્વના અસ્તિત્વકાળથી થયાં કરે છે અને અસ્તિત્વકાળ સુધી થયાં જ કરશે.

જે વખતે જે તીર્થંકર જે તીર્થ સ્થાપે,
તે વખતે તે તેમનું તીર્થ કહેવાય છે.

### તીર્થ સ્થાપવું એટલે...

જગતના સર્વ પ્રાણીઓ અધ્યાત્મ શાસનના પ્રયોગો સરળતાથી સ્વ જીવનમાં ઉતારી શકે, તેવા સાંગોપાંગ સાધનોવાળી સુયોજનાયુક્ત ગોઠવણને પૂરી પાડવી તે.

જ્ઞાન શબ્દોમાં જીવાદિ પદાર્થ સાર્થનું પ્રરૂપક મહાસત્ત્વશાળી પુરૂષોનું આશ્રય આત્માના અનવદ્ય અને અન્યોને આવિર્ભાત ચરણકરણ ક્રિયાનો આધાર, અચિન્ત્ય શક્તિયુક્ત, અવિસંવાદી પ્રવચન, એનો આધાર સંઘ, ગણધર વિગેરે. તે તીર્થ સંસારસાગરને તારે છે, જેમાં જન્મ - જરા - મરણાદિ સલિલ છે.

આપણા પાપોને જાણવા તે આપણી અશક્તિ,
તેમ આપણા કરેલ થતાં સુકૃતોને જાણવા,
તે આપણી શક્તિને જાણવા બરાબર છે.
પુણ્ય અને પાપ ઉભયને જાણતાં શીખવું જોઈએ.

## ચારિત્ર્યનું ઘડતર કરવાનો ઉપાય

સર્વ પ્રત્યે સમાન પ્રેમ ધારણ કરવો તે છે.
ઈશ્વર જ પ્રેમ છે, સત્ય છે, પ્રકાશ છે, જીવન છે તથા
એ જ પરમ કલ્યાણ છે. અંધકાર વચ્ચે પ્રકાશ જેમ
વિજળી નિવડે છે, એ પ્રકાશ જે છે, તે જ ઈશ્વર છે.
મૃત્યુની વચ્ચે જીવન ટકી રહે છે અને
ઈશ્વર થકી જ અસત્ય વચ્ચે સત્યનો જય થાય છે.
ૐ ૐ સ્વઃ સ્વઃ। આજનું આજ અને કાલનું કાલ.
'આજે સાંજે આપણે મરી જવાના છીએ'
એવું માનીને આજનું આજ અને કાલનું કાલ.

## વિવેકનું ફળ આખરે છે શું?

સુખમય સંસારથી ભાગી છૂટવું,
દુઃખમય સંસારને સમતાથી સહી લેવો,
રાગીમાંથી વિરાગી બનવું, વિરાગીમાંથી ત્યાગી બનવું અને
ત્યાગીમાંથી વિતરાગી બનવું, એ જ વિવેકનું ફળ છે.

## ચાર પુરુષાર્થ: ધર્મ - અર્થ - કામ - મોક્ષ

ઉપકાર: પરો ધર્મ: | નીતિ - નિયમો અને શાસ્ત્રોના આજ્ઞાનું મનથી - સર્વ ઇંદ્રિયોથી પાલન કરવું, તે ધર્મ.

પરોઽર્થ: કાર્ય નૈપુણ્યમ્ | પ્રામાણિક રીતે જ ધનનું ઉપાર્જન કરવું અને રોજે માનભેર જીવવું, તે અર્થ.

પાત્રે દાનં પર: કામ: | શુભ ઇચ્છાઓને તૃપ્ત કરતાં રહી જીવનમાં યશ અને આનંદ મેળવવો, તે કામ.

આ રીતે જીવવાથી સ્વપર - ઉભયનું હિત થાય.

પરો મોક્ષ: વિતૃષ્ણતા | સર્વ બંધન છૂટી જાય અને જીવાત્મા પરમાત્મામાં તલ્લીન બની જાય, તે મોક્ષ.

શિવની સાથે જોડાઈ જવું તે મુક્તિ.

## જીવનમાં સમૃદ્ધ થવાની એક ચાવી

સંતોષ માનવો, એમ સમજવું કે: 'ખૂબ સુખી છીએ' અને ઈશ્વરનો આભાર માનવો.

કામના છૂટે એટલે સમૃદ્ધિ આવી જ સમજવી, કેમકે સમૃદ્ધિ તો આપણા ભીતરમાં જ ભરેલી છે.

આપણે દૈવતત્ત્વની પેદાશ છીએ.

જે કોઈ ભગવાનના થઈને રહેશે, તેને શી ઉણપ આવશે?

સમૃદ્ધિ એની પાછળ દોડતી આવશે.

## દયાનું માહાત્મ્ય

દયા સુખોની વેલ છે, દયા સુખોની ખાણ;
અનંત જીવ મુક્ત થયે, દયા તણા ફળ જાણ. (૧)
સુખ દિયા સુખ હોત હૈ, દુઃખ દિયા દુઃખ હોત;
આપ હણો નહિ ઔર કો, આપ કો હણે નહિ કોય. (૨)

દયાવાન ભગવાન આપણામાં વસ્યા છે.

'એનામાં કશી ઉણપ નથી, અધૂરા નથી, તે પરિપૂર્ણ છે.
એ સર્વ ઠાંઈ છે અને સર્વ કોઈનું મૂળ છે.
એનામાં જ આપણે રહ્યા છીએ.' આ ભાન થવું અને
એ મુજબ વ્યવહારમાં વર્ત્યા, તો તો બધું તમારું જ છે.
ભીતર પ્રભુનું સ્મરણ, બહાર બધાંનો સત્કાર.
ભીતર અસંગતા અને બહાર સંસર્ગ.
ભીતર સ્થિરતા તથા બહાર ગતિમત્તા.
આવી સમતુલા પ્રાપ્ત કરવી, એ સાધનાનો પાયો છે.
આવી માનસિક સમતુલાથી મનુષ્ય સજ્જન બને છે.
આપણા મનના સમત્વ ઉપર આધાર માંડીને
આપણા જ આત્મભાવ ઉપર નિશાન તાકવાનું છે.
અંતર્લક્ષ્યઃ બહિઃ દૃષ્ટિઃ । આ શાંભવ મુદ્રા છે.
અંતરમાં લક્ષ્યનું અનુસંધાન અને બહારમાં દૃષ્ટિ.

દૃષ્ટિનું જ્યારે બહાર પ્રસારણ થાય છે,
ત્યારે શક્તિનો વિવિધ ખેલ જોવા મળે છે.
દૃષ્ટિનું જ્યારે અંદર સંક્રમણ થાય છે,
ત્યારે એક જ તત્ત્વ - શિવની અનુભૂતિ થાય છે.

અંતરમાં જેનું સ્ફુરણ છે, એ જ જ્યારે વિશ્વરૂપે બહાર દૃષ્ટિમાં પણ નિહાળી શકાય, ત્યારે આ દેહની અને મનની સીમાઓ તૂટી પડે છે. એ જ સાચું સામર્થ્ય છે.

તત્ત્વ પ્રકાશકો દેહઃ, તત્ત્વં દેહ વિનાશકં ।
દેહ તત્ત્વનો પ્રકાશક છે અર્થાત્

દેહમાં જ અંતર્દૃષ્ટિ કરીને તત્ત્વને પામી શકાય છે અને તત્ત્વ પ્રકટ થતાં જ દેહભાવનો નાશ થઈ જાય છે.

નાદસ્મરણ નાદને જગાડે, ત્યારે આ ઘટના બને છે.
નાદમાંથી નાદને જગાડવાની ક્રિયા એટલે મંત્રચૈતન્ય.
નાદનાં બે સ્વરૂપ: વર્ણાત્મક અને ધ્વન્યાત્મક.

શબ્દગુંજારવમાં રહેલ સૂક્ષ્મધ્વનિ મનનો કબજો લઈ લે, ત્યારે મનને એક જુદા જ આંદોલનસૃષ્ટિમાં લઈ જાય છે.

નાદ સાથે લય અને સાતત્ય જોડાય છે, ત્યારે તે આપણા મનને અંદર અને અંદર ઉતારે.

નાદજપનાં ચાર મુકામ છે: મૂળ, કંઠ, છાતી, નાભિ.

જેમકે વૈખરી, કંઠે મધ્યમા, છાતીએ પશ્યંતી અને નાભિએ પરાવાણીમાં જાપ ઉતરતો જાય છે અને વર્ણાત્મકમાંથી વધીને વધુ ધ્વન્યાત્મક થતો જાય છે. ધ્વન્યાત્મક જાપ જ્યારે નાભિમાં સ્થિર થાય છે, ત્યારે અચાનક શાંભવી મુદ્રાનું ઉદ્‌ઘાટન થાય છે. ભ્રૂમધ્યમાં રહેલ તૃતીય નેત્રનું ઉદ્‌ઘાટન થાય, તે વખતે નામ - રૂપ - મન - વાણીથી પરતત્ત્વનો પ્રકાશ થાય છે. અનેક સંકલ્પ - વિકલ્પોથી બનેલું મન અને અણુ-પરમાણુઓથી બનેલું શરીર એ આપણું આવરણ છે. એ રુકાવટ પણ છે અને બંધન પણ છે. શરીરની સાથે જ મનુષ્યનો પ્રવેશ ભૂખ અને ભયના લોકમાં થાય છે, તેને ફરી આત્મતૃપ્તિ અને અભયના લોકમાં જવાનો માર્ગ નામસ્મરણ દ્વારા પ્રગટ થતું મંત્રચૈતન્ય છે. શરીરની જડતા અને મનની મૂઢતામાંથી મુક્ત થવાનો-તે નિરાલંબ અને નિરાવરણ થવાનો એ રાજમાર્ગ છે.

નામ જ્યારે નાદાત્મક બને છે, ત્યારે ચૈતન્યનું સ્ફુરણ થાય છે. નામનું ચૈતન્ય જાગ્યું એટલે જૂના નામ - રૂપના કોચલામાં રહી શકાતું નથી, મનોમય પુરુષ સાથે આત્મદ્રષ્ટાને પછી સંબંધ રહેતો નથી.

આપણી આંતરદૃષ્ટિ જ્યારે ઉઘડે છે,
ત્યારે સંસારનાં સર્વ તત્ત્વ પોતાનાં બની જાય છે.
વળી અનુકૂળ કે પ્રતિકૂળ પ્રસંગોની પાછળ
જે ન્યાયશીલ, આનંદકારી અને મંગળ મંત્રશક્તિ
કામ કરી રહી છે, તેનું સ્પષ્ટ દર્શન થાય છે.
અનવરત જાપમાંથી અજપાજાપમાં અને અજપામાંથી
અનહદ નાદમાં અદ્ભુત અનાહતમાં જવાય છે.

આ વિશ્વ કોનું છે?

સૃષ્ટિ નિત નવા નવા શણગાર ધરે છે,
નવાં નવાં રૂપ દાખવે છે, નવાં નવાં આશ્ચર્યો સર્જે છે,
એ બધું કોને માટે છે?

આ વિશ્વના વારસદાર માનવીને કશી કમી નથી.
એને સર્વ સમૃદ્ધિ વારસામાં મળેલી છે.
માનવી અલ્પ નથી, તુચ્છ કે પામર નથી.
ભૂમા (વ્યાપક) દૃષ્ટિ, એનો આગ્રહ રાખવો અને એની
ખુમારી ય રાખવી. આ વિશ્વાસ અખંડ રહેવો જોઈએ.
સમૃદ્ધ થવું છે, એમ નહિ પણ સમૃદ્ધ છીએ જ.
અછત કે કંગાલિયત એ તો માત્ર મનની સ્થિતિ છે.
મનથી જે દરિદ્ર નથી, તે આ દુનિયાનો શહેનશાહ છે.

'જેટલું છે, તે ઘણું છે' એમ જે સમજે છે, તેને શા વાતની કમી હોય? અને જેની પાસે ઘણું હોવા છતાં એમ સમજે કે મારી પાસે કાંઈ નથી, તે દરિદ્રનો ય દરિદ્ર છે. એનું દારિદ્ર્ય વધતું જ જવાનું. મનુષ્યે એને મળેલી સમૃદ્ધિને ઓળખવી જોઈએ. એ જ એક રહસ્ય અને એ જ એક માર્ગ છે. એનો સ્વીકાર કર્યો કે પરિસ્થિતિમાં પલટો આવવાનો, કેમકે પરિસ્થિતિ મનના વિચારોને અનુસરે છે, વિચારની શક્તિ અદ્ભુત છે.

જેવું ચિત્ત હશે, તેવું જીવન ઘડાશે.

મગજમાં ઈંટો ગોઠવાય અને ચણતર થતું રહે, એમ વિચારો વડે પરિસ્થિતિ સર્જાય અને જીવન ઘડાય છે. મનોચિંતનમાં શરીરના કોષની નિર્માણશક્તિ પણ છે. જે કોષો ખંડિત થઈ ચૂક્યાં હોય, તેનું ઘડતર પણ વિચારના સંચાલનથી થઈ જશે. તાજા અને શક્તિશાળી વિચારોથી શરીર કે મનમાં કાંઈ ભંગાર પડ્યો હોય, તો તેને સુધારી શકાય છે. સદ્વિચાર અને સદાચારથી જે કાંઈ ભંગાર હશે, તે દૂર થઈ જશે, નાશ પામશે.

<u>આ વિચારશક્તિ ક્યાંથી મળશે?</u>

એ <u>શક્તિ બહારથી નહિ મળે, તે અંદર જ</u> છે.

આપણો આત્મા અંગેઅંગમાં વ્યાપ્ત છે,
એને અનુસરાશે તો બધા સારા વાનાં થશે.
વિચારશક્તિની પાછળ રહેલી આત્મશક્તિને ઓળખવી.
આપણું એ કર્તવ્ય છે કે આત્મશક્તિનો જ પક્ષ કરવો
અને એની જ પ્રતિષ્ઠા સદા જાળવવી.
જે ખાવા પડે, તે ભલે ખાવા પડે, કિન્તુ
કદી ઉત્તાપ ન અનુભવવો, હસતાં રહેવું.
સંતોષ છે, તો સુખ છે. સંતોષીને દુઃખ કેવું?
દસ હોય તો પણ દસ હજારની ટેવ બાંધવી.
કામના કે વાસના જાગે તો એને પ્રવેશ ન કરવા દેવી
અથવા પલાયન કરવી. તમે એનો પીછો છોડશો એટલે
એ તમારી પાસે આપમેળે આવશે. આ સૃષ્ટિમાં જે પણ
કંઈ છે, તેમાં ઈશ્વરનો વાસ છે. તે પોતે જ નવાં
નવાં રૂપ ધારણ કરીને રહે છે. આ સત્ય અસ્વીકાર
કરો કે હજારવાર, એનો સ્વીકાર તો કરવો જ રહ્યો.
શક્તિ માત્ર દૈવી છે. નામરૂપ સર્વ કંઈ ઈશ્વર છે.
સમૃદ્ધિ પણ દૈવીશક્તિનું જ સ્વરૂપ છે.
ચેતન દ્રવ્યને જે ત્રિકાળમાં ગતિ કરે છે, એ શક્તિ
જ રક્ષણ કરે છે, પોષણ આપે છે તથા સંવર્ધન કરે છે.

## મૈત્રીભાવનું પરિણામ

તીર્થંકર પ્રભુના સમવસરણમાં એક સાથે સિંહ અને હરણ; વાઘ અને બકરી; નોળિયો અને સર્પ તથા બિલાડી અને ઉંદર પરસ્પર પ્રેમથી સાથે જ બેસતાં.

## સંતોષનું માહાત્મ્ય

ગોધન, ગજધન, વાજિ (અશ્વ) ધન ઔર રતનધન ખાન;
જબ આવે સંતોષધન, સબ ધન ધૂળ સમાન... (૧)

સંતોષ ધારણ કરવા હંમેશા પોતાનાથી ઉતરતાં લોકો તરફ જ ધ્યાન આપવું જોઈએ. ખાલી મન = શેતાનઘર.

મનને કોઈને કોઈ કામમાં સતત પરોવી રાખવું.

નાસ્તિક વ્યક્તિ જલ્દી ભાંગી પડે છે.

આસ્તિક વ્યક્તિને આત્મશક્તિનો સધિયારો મળી રહે છે, વળી તે દુઃખમાં પણ સુખની અનુભૂતિ કરી શકે છે. દુઃખોને પૂર્વભવના પાપનું ફળ માની સહન કરે છે, તે સત્કર્મો દ્વારા પુણ્ય કર્મ ઉપાર્જન કરે છે, શ્રદ્ધા વધારવા માટે તપ, જપ, સ્વાધ્યાય, ધાર્મિક ક્રિયાઓમાં નિમગ્ન રહી અનેકાંત દ્રષ્ટિએ વિચારની શક્તિ કેળવે છે. સાપેક્ષ દ્રષ્ટિથી તમામ ચિંતાઓથી મુક્ત બની શકાય છે. એક સમયે એક જ કામ હાથમાં લેવાથી સૌ કામને પૂરો

ત્યારે આપણે માનસિક તાણથી મુક્ત રહી શકાય છે. આપણે ક્ષમા, સંતોષ, સરળતા અને વિનય જેવા સદ્ગુણોનો વિકાસ થાય, તેમ વર્તવું જોઈએ. પોતાના એક પણ દોષમાં ઉપાદેય બુદ્ધિ છે, ત્યાં સુધી સર્વ દોષરહિત વીતરાગમાં ઉપાસ્ય બુદ્ધિ પ્રગટી નથી જ. વીતરાગ સર્વદોષરહિત છે. તેમના પર જેમને પૂજ્યબુદ્ધિ પ્રગટી છે, તે દોષમાત્ર પર હેયબુદ્ધિવાળા હોય જ છે. જ્યાં સુધી કોઈ એકના ગુણ પ્રત્યે પણ અરુચિ છે, ત્યાં સુધી એમ ન કહેવાય કે સર્વગુણસંપન્ન તથા સર્વજ્ઞ દેવ પ્રત્યે આપણને ભક્તિ ઉત્પન્ન થઈ છે. જ્યાં સુધી બાહ્યમાત્ર પુદ્ગલ તરફ સ્વરૂપપણાંની અથવા રૂપીપણાંની અથવા મારાપણાંની લાગણી છે, ત્યાં સુધી વિશુદ્ધ ચૈતન્ય પ્રત્યે અનુરાગ હૃદયથી ઉત્પન્ન થયો છે, એમ કહી શકાય નહિ. સર્વદોષમાત્ર પ્રત્યે ઘૃણા હોય, જ્યાં જ્યાં ગુણ હોય, ત્યાં સર્વત્ર અનુમોદના અને 'વિશુદ્ધ ચૈતન્ય જ સ્વરૂપભૂત છે' એવી શ્રદ્ધા ન થાય, ત્યાં સુધી 'વીતરાગસર્વજ્ઞ, સર્વગુણી અરિહંત પ્રભુ જ મારા પરમ ઇષ્ટદેવ છે' એમ માનવું, તે મહામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય - એ ઉભય દોષોનું આસેવન છે.

એ જ દોષોથી જેઓએ બચવું હોય, તેઓએ ચાર
શરણાં સ્વીકારવા અનિવાર્ય છે કે : સ્વદુષ્કૃતમાત્રની ગર્હા,
સ્વપર ઉભય સુકૃતમાત્રની અનુમોદના અને
વિશુદ્ધ ચૈતન્ય - એ જ શરણભૂત છે.

'અરિહંત મારા દેવ છે, સુસાધુ મારા ગુરૂ છે અને
કેવળીકથિત ધર્મ એ જ મારો ધર્મ છે'
એ પ્રતિજ્ઞાની પાછળ રહેલું રહસ્ય
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ચતુઃશરણાગમનરૂપી
ત્રણે ઉપાયો વડે અભિવ્યક્ત થાય છે.

કૃતજ્ઞતા ગુણની સાચુકડું લાવણ્યમય

વિશ્વમાં જેઓનું શાસન ત્રિકાળાબાધિત વર્તે છે,
તેઓ વીતરાગ, સર્વજ્ઞ, સર્વદર્શી છે, સંસારઅટવીના
સાર્થવાહ છે, સંસારસમુદ્રના મહાનિર્યામક છે, સ્વભાવે
જ પરાર્થવ્યસની છે, ઔચિત્યના પાલક, સદા અદીન,
કૃતજ્ઞતાના સ્વામી, દેવગુર્વાદિ પ્રત્યે બહુમાનવાળા
તથા ગંભીર આશયવાળા હોય છે, ત્રીજા ભવે વિશ્વના
જીવોને દુઃખમુક્ત કરવા વીસ સ્થાનકોની મહામંગલ
આરાધના કરી તીર્થંકર પદને પ્રાપ્ત કરનારા છે, ઉપરાંત
સમસ્ત વિશ્વને ઉપકાર કરનાર અને...

સર્વ સામગ્રીવાળા પરમોત્કૃષ્ટ પુણ્યને ભોગવવા માટે અરિહંતો અંતિમ ભવમાં જન્મથી ચાર મહાઅતિશયો, વાણીના પાંત્રીસ વિશિષ્ટ ગુણો, આઠ મહાપ્રાતિહાર્યો વગેરેથી યુક્ત લોકોત્તર જીવનને પ્રાપ્ત કરી વિશ્વના સમગ્ર જીવોના ઉપકાર માટે પૃથ્વીતલ પર વિચરે છે. આવા અનંત અરિહંતો ભૂતકાળે થયાં છે, ભવિષ્યકાળે થનાર છે, વર્તમાનમાં વીસ વિહરમાન તીર્થંકરો વિચરે છે, તે સર્વ અરિહંતોનો ત્રણે કાળમાં - ત્રણે લોકના સર્વ જીવો પ્રત્યે અનંત ઉપકાર છે, છતાં આપણો આત્મા તેમના ઉપકારને અને તેમને ઓળખી શક્યો નહિ, તેથી જ ભવોભવમાં ભટકતો રહ્યો છે.

પરમ પુણ્યોદયે આજે માનવભવ, આર્યદેશ, ઉત્તમ જાતિ, કુળ, પંચેન્દ્રિયપટુ શરીર, દીર્ઘાયુષ્ય અને દેવ, ગુરુ તથા ધર્મ આરાધનાની કલ્યાણકારી સામગ્રી તેઓની જ પરમ કૃપાથી મળી છે. તેઓના અસંખ્ય ઉપકારોનું વર્ણન હજારો જીભથી પણ ન થઈ શકે. એ ઉપકારોનું ઋણ ચૂકવવાની આપણી જવાબદારી છે.

તે તેમની આજ્ઞા મુજબ ભક્તિ કરીને આત્માને ઉન્નત બનાવવાથી જ થઈ શકે તેમ છે.

કૃતઘ્નતાથી કૃતજ્ઞતા તરફ કઈ રીતે જવું ?

તે માટે અરિહંત પરમાત્માના સુંદર બિંબ ભરાવી,
મનોહર ચૈત્યો ઉભા કરી, તેમની અંજનશલાકા ઉપરાંત
પ્રતિષ્ઠાદિ કરી ભક્તિ કરવા દ્વારા ચૂકવી શકાય છે,
કેમકે જિનપ્રતિમા - જિનાગમ એ જિનેશ્વરતુલ્ય છે.
તેમના આરાધનથી આત્માનું જ્ઞાન અને દર્શન થાય છે,
નમસ્કાર કરવાથી અનાદિનો મિથ્યાત્વંધકાર નાશ પામે છે,
તેમની પૂજા કરવાથી મોહશત્રુનો પરાભવ થાય છે,
આપણા આત્માની અનાદિ ગુણસંપત્તિ જે આવરિત
હતી, તે આવિર્ભાવ પામે છે તથા આઠે કર્મોથી મુક્ત
બની અજરામર સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.
એથી જિનભક્તિને શાસ્ત્રોમાં 'મુક્તિની દૂતિ' કહેવાય છે.
આવો, પરમ ઉપકારી પરમાત્માની, તેમના શાસનની,
તેમના સ્થાપેલા તીર્થની અને
એ તીર્થના આરાધક ચતુર્વિધ સંઘની ભક્તિ,
સેવા તથા વૈયાવચ્ચાદિ કરવા દ્વારા સ્વપર-
ઉભયના આત્માની ઉન્નતિ સાધીએ,
એજ એક મંગલ ભાવનાપૂર્વક યથાશક્તિ
ધર્મની આરાધનામાં સહુ લીન બનીએ, એજ ભાવના.

## કેવળજ્ઞાનનું સ્વરૂપ

(૧) સ્વરૂપ: સત્પદ પ્રરૂપણા,

અહ સવ્વ દવ્વ પરિણામ,
ભાવવિણ્ણત્તિ કારણ મણંતં |
સાસયમ પડિવાઇ, એગવિહં કેવલન્નાણં ||૧||

અર્થ: કેવળજ્ઞાન એ સર્વ જીવાદિ દ્રવ્યોના (પ્રયોગ - વિસ્રસોભયજન્ય ઉત્પાદાદિ) ભાવ - સત્તાની વિજ્ઞપ્તિ જ્ઞપ્તિનું કારણ છે.
જેની અનંતતાના કારણે અનંત છે,
શાશ્વત રહેનારું છે, અપ્રતિપાતી - સદા અવસ્થિત છે.

(૨) દ્રવ્યપ્રમાણ: કેવળજ્ઞાન એ પ્રતિપદ્યમાન ઉત્કૃષ્ટ ૧૦૮ જેટલી પ્રતિપન્ન - અનંત સિદ્ધ દ્રવ્યપ્રમાણ છે.

(3) ક્ષેત્ર: જઘન્યથી લોકનો અસંખ્યાતમો ભાગ તથા ઉત્કૃષ્ટથી સમગ્ર લોક (સમુદ્ઘાત) પ્રમાણ ક્ષેત્ર છે.
અન્ય શબ્દોમાં... જઘન્યથી 32 અંગુલ આત્મપ્રદેશ
(૨ હાથની અપેક્ષાએ),
ઉત્કૃષ્ટથી 333 1/3 ધનુષ્ય,
સમગ્ર લોકવ્યાપી (સમુદ્ઘાત અપેક્ષાએ),
૪૫ લાખ યોજન પ્રમાણ ક્ષેત્રમાં રહેલ છે.

(૪) સ્પર્શના : સિદ્ધપ્રમાણથી કંઈક અધિક.
(૫) કાળ : એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનંત તથા અનેક (સર્વ) સિદ્ધની અપેક્ષાએ અનાદિ અનંત.
(૬) અંતર : પતનના અભાવે નહિ. (૭) ભાવ : ક્ષાયિક.
(૮) ભાગ : સર્વ જીવોનો અનંતમો ભાગ.
(૯) અલ્પબહુત્વ : પ્રતિપદ્યમાન (સદ્ભાવ હોય તો), સર્વ સ્તોક, પૂર્વ પ્રતિપન્ન અનંતગુણા, દ્રવ્યથી ૧૦૮ અથવા અનંત, ઉત્કૃષ્ટે પ્રમાણ, સૂર્ય - ચંદ્રના બિંબોની જેમ શીતલ પ્રકાશપુંજ.

o

## ચાર નિક્ષેપ સાથે ચાર અનુસંધાન

| શબ્દાનુસંધાન | અર્થાનુસંધાન | તત્ત્વાનુસંધાન | સ્વરૂપાનુસંધાન |
|---|---|---|---|
| ૧) નામ | વૈખરી | શબ્દ | સાલોક્ય |
| ૨) સ્થાપના | મધ્યમા | અર્થ | સામીપ્ય |
| 3) દ્રવ્ય | પશ્યંતી | તાત્પર્ય | સારૂપ્ય |
| ૪) ભાવ | પરા | તત્ત્વ | સાયુજ્ય. |

|| ॐ अर्हं नमः ||

| ગુરુ | ગુરુતા | ગુરુપ્રાપ્તિ | ગુરુરાગ |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 - ૪ - ૫ | ૬ - ૭ - ૮ - ૯ |

## પ્રભુ ઉપરના વિશ્વાસનો પ્રભાવ

વિશ્વાસ એક તત્ત્વ છે, જે સર્વને મળ્યું છે અને જેને સર્વ વ્યક્તિમાંથી કોઈ જગતમાં તો કોઈ જગત્પતિમાં અવશ્ય લગાવે જ છે. વિશ્વાસનો સદુપયોગ પરમાત્માનો સ્વીકાર કરવામાં છે અને જ્ઞાનનો સદુપયોગ સંસારથી વિમુખ થવામાં છે. મુખ્ય છે સદુપયોગ યા દુરુપયોગ. આ વાત સંસારની સમસ્ત વસ્તુઓ, ઘટનાઓ તથા પરિસ્થિતિઓને લાગુ પડે છે. વિશ્વાસ એવી જ વસ્તુ છે. તે કોઈ વ્યક્તિ, ધનાદિ વસ્તુ ઉપર મૂકવામાં આવે છે, ત્યારે તે ક્રુણાવરમાં પલટાઈ જાય છે. એક પ્રભુ પરનો વિશ્વાસ જ દૃઢ, દૃઢતર, દૃઢતમ બનીને સ્થિર રહે છે.

## પ્રભુ વિશ્વાસમાં સફળતા લાવવાનો ઉપાય શું?

સર્વ પ્રથમ ભગવાનની સાથેના પોતાના અંતરંગ સંબંધનો સ્વીકાર કરવો. વસ્તુનું જ્ઞાન, તેના સાથેના સંબંધના જ્ઞાનથી જ સાર્થક થાય છે. અન્ય વ્યક્તિઓ તથા વસ્તુઓ સાથેના સંબંધજ્ઞાનમાં સફળતા હોવાથી પ્રભુવિશ્વાસમાં સફળતા આવતી નથી.

પ્રભુ સાથે આત્મીયતાનો સંબંધ જાગ્રત કરવો,
એ જ વિશ્વાસનું પ્રથમ સોપાન છે.

પ્રભુ સાથે આત્મીયતાનો સંબંધ સ્થિર થવાથી વિશ્વની સાથે પણ આત્મીયતાનો સંબંધ બંધાય છે. સાધારણ વ્યક્તિ સૃષ્ટિનો ઉપભોગ કરે છે, જ્યારે પ્રભુવિશ્વાસી વ્યક્તિ સૃષ્ટિની નિષ્કામ સેવા કરે છે અને સૃષ્ટિ માટે પોતાના પંડનો ય ઉપયોગ કરે છે. પ્રભુની સાથે આત્મીય સંબંધ જોડનારને વિશ્વાસનો, ભાવનો અને પ્રાપ્ત શક્તિ, સામર્થ્ય, યોગ્યતાનો પણ સૃષ્ટિની સેવામાં સદુપયોગ થાય છે, સાથે સાથે પ્રભુની નિષ્કારણ કરૂણા દ્વારા દિવ્ય પ્રેમની પ્રાપ્તિ થઈને જીવન કૃતકૃત્ય બને છે.

આર્તધ્યાનનિવારક તથા રાગપ્રતિપક્ષી મંત્ર ૐ

ૐ મંત્ર આત્મતત્ત્વ ઉપર રાગ કરાવનાર છે અને તે દ્વારા સૌ અનાત્મતત્ત્વ ઉપર વિરાગ પ્રગટે છે, જેથી ભય-ચિંતારૂપી આર્તધ્યાન ક્ષણવારમાં ચાલી જાય છે.

રૌદ્રધ્યાનનિવારક તથા દ્વેષપ્રતિપક્ષી મંત્ર અર્હં

જીવરાશિના હિતચિંતક શ્રી અરિહંત પરમાત્માનું શરણ પ્રાપ્ત થતાંની સાથે જીવદ્વેષ ટકતો નથી, કેમકે જીવ માત્ર સાથે પરમાત્માને સ્નેહનો સંબંધ છે, તેથી કોઈપણ જીવ પ્રત્યે સ્નેહ ન ધરાવવો કે દ્વેષ ધરાવવો,

તે અરિહંત પરમાત્મા પ્રત્યે જ સ્નેહનો ભાવ અને પરમાત્માના દ્વેષનો સૂચક બને છે, તેથી દ્વેષભાવજનિત રૌદ્રધ્યાનનો પ્રતિબંધક મહામંત્ર અર્હં છે અને રાગભાવનો પ્રતિબંધક મહામંત્ર ૐ છે.

## 'ૐ અર્હં' - ત્રણ અક્ષરનો મહામંત્ર એ...

રાગ-દ્વેષ, મોહ અને તજ્જનિત આર્તરૌદ્રાદિ દુર્ધ્યાનનો નાશક છે. આ મહામંત્ર જપમંત્ર તથા જિનભક્તિનો વર્ધક અને ધર્મધ્યાન તથા શુક્લધ્યાનનો પોષક છે. ધર્મ-શુક્લધ્યાન વડે આર્તરૌદ્રનું નિવારણ કરવાના અર્થે ભવ્ય આત્માઓએ 'ૐ અર્હં' રૂપી મહામંત્રનું સ્મરણને વિષે એવી રીતે ધ્યાન કરવું, કે જેથી સ્વર્ગાપવર્ગની લક્ષ્મી હસ્તગત થઈ શકે.

## પ્રભુનામનો મહિમા

જેટલી શક્તિ નામમાં પાપનાશ કરવાની છે, તેટલી શક્તિ મહાપાપીમાં બહુ પાપ કરવાની નથી. ભગવાનનું નામ ભગવાનની જેમ જ પાવન છે અને તેની શક્તિ અપરંપાર છે. પ્રભુનામ ગુહ્ય મંત્ર છે. એનું મહત્ત્વ ચિંતામણિ અને કલ્પવૃક્ષથી બહુ અધિક છે. નામનો પ્રયોગ ત્રણ રીતે થાય છે : જપ, સ્મરણ અને કીર્તન.

ભગવાનનો નામજપ અંતઃકરણને નિર્મળ કરે છે,
સ્મરણ વડે ભગવાનમાં ચિત્ત સ્થિર થાય છે અને
કીર્તનથી મન, વચન, કાયા એકરૂપથી પ્રભુમાં જોડાય છે.

કીર્તનમાં પ્રભુના જન્મ, કર્મ અને ગુણોનું
શ્રવણ, સ્મરણ અને ગાન થાય છે. કીર્તન વખતે
પ્રભુના જીવનના પ્રસંગોમાં આસક્તિ રહેવી જોઈએ,
પાંચ કલ્યાણકોના મહોત્સવમાં મન રમવું જોઈએ.
નામસ્મરણથી પ્રભુના જીવન - કવન અને ગુણોમાં
આપણો આત્મા તલ્લીન થાય છે, તેથી
પ્રભુ પ્રત્યેની પ્રીતિ ઉત્તરોત્તર વધતી જાય છે.

'પ્રભુ મારા પ્રિયતમ છે' એ રાગ અને
'પ્રભુ સિવાય બાકી બધું જ પરાયું છે' એ વૈરાગ્ય.
આમ રાગ - વૈરાગ્ય પરમ પ્રેમમાં લીન થઈ જાય છે.

<u>પ્રભુ ઉપરનો વિશ્વાસ એમ વિચાર કરાવે છે કે:</u>

જેમ હવા પોતે જ મારા ઓરડામાં આવે છે,
સૂર્યપ્રકાશ પોતે જ મારા ઓરડામાં દાખલ થાય છે,
પ્રભુ પણ તે જ રીતે પોતાની મેળે જ મને મળશે,
મારી ઓરડી ખુલ્લી રહે, એટલું જ બસ છે.

'ઓરડાને ખુલ્લો રાખવો' એટલે શું?

## મનના ચોરડાને ઝૂલતો રાખવો એટલે...

મનને સંસારથી વિમુખ બનાવી પ્રભુની સન્મુખ કરવું,
સંસારની વાસનાથી મનને ખાલી કરવું અને
પ્રભુની પ્રભુતાથી મનને વસાવવું - ભરી દેવું.
એ કાર્ય એક 'નમો' પદથી સહજસિદ્ધ બને છે.
નમવું = સંસારથી વિમુખ થવું તથા પ્રભુ સન્મુખ થવું.
તેના ત્રણ ઉપાય છે:
(૧) દુષ્કૃતગર્હા (૨) સુકૃતાનુમોદના (૩) શરણાગમન.
દુષ્કૃતમાત્રને ગર્હણીય તરીકે જોવા,
સુકૃતમાત્રને અનુમોદનીય તરીકે નિરખવા અને
અરિહંત, સિદ્ધ, સાધુ તથા ધર્મને શરણીય, સ્મરણીય,
આદરણીય અને પૂજનીય તરીકે સ્વીકારવા.
કેવળી પ્રરૂપિત ધર્મ, તેના સાધક સાધુ, તેના પ્રકાશક છે
અરિહંત. તેના ફલરૂપ સિદ્ધનું શરણ એટલે પ્રભુના
પાંચે કલ્યાણકોનું માહાત્મ્ય હૃદયમાં વસાવવાની પ્રક્રિયા.
માહાત્મ્ય-જ્ઞાનપૂર્વક-સર્વાધિક-સુદૃઢ-સ્નેહો ભક્તિઃ|
સર્વથી અધિક સુદૃઢ સ્નેહ પ્રભુ પર જન્માવવા માટે
પ્રભુનાં માહાત્મ્ય પ કલ્યાણકોના સ્વરૂપચિન્તન વડે
હૃદયમાં વસાવવું, એ પ્રભુની સન્મુખ થવાનો ઉપાય છે.

તે પ્રભુ સાથે આત્મીયતા અને તાદાત્મ્ય સાધવા માટે
સરળમાં સરળ માર્ગ છે. પંચકલ્યાણકોની અવસ્થાઓ
દ્વારા ત્રણ જગતના જીવોનું અજ્ઞાનના અંધકારમાંથી
અને દુર્ગતિના કૂપમાંથી ઉદ્ધાર કરવાનું કાર્ય
આ વિશ્વમાં કોઈ ને કોઈથી સદા - સર્વદા ચાલુ છે.

શંકા - કાંક્ષાદિ પાંચ અતિચાર વિચારસ્વરૂપ છે અને
તે સમ્યગ્દર્શનના પહેલાં ચાર આચાર
'નિસ્સંકિય - નિક્કંખિય'માં સમાવેશ પામે છે.

શમ - સંવેગાદિ પાંચ લિંગમાં શું સમાવેશ પામે છે?

એ પાંચ લિંગમાં સમકિતના ષટ્સ્થાન સમાવેશ પામે છે.

શમ - સંવેગ - નિર્વેદ - આસ્તિક્ય - અનુકંપા
આસ્તિક્યમાં પહેલાં ચાર સ્થાન,
સંવેગ - નિર્વેદમાં પાંચમું સ્થાન અને
ઉપશમ - અનુકંપામાં છઠ્ઠું સ્થાન અંતર્ગત થઈ જાય છે.
સંવેગ અને નિર્વેદ મોક્ષના અસ્તિત્વનો સ્વીકાર કરે છે.
ઉપશમ અને અનુકંપા એમ પ્રતીતિ કરાવે છે કે:
મોક્ષનો ઉપાય છે. પહેલાં ૪ સ્થાનની શ્રદ્ધા મિથ્યાદૃષ્ટિ
અને અભવ્યમાં પણ સંભવે છે. અભવ્યને પાંચમું
અને ભવ્ય પણ મિથ્યાદૃષ્ટિને છઠ્ઠું સ્થાન સ્પર્શતું નથી.

ૐ મંત્રનું ધ્યાન તીર્થંકર બની વિશ્વતૃષ્ણા છીપાવે છે,
અર્હંનું ધ્યાન ધર્મપરમાત્મા બની કષાયક્ષુધાને શમાવે છે.

જળ એ તૃષાહર, દાહહર અને પંકહર છે.
ભોજન એ શાંતિ, તુષ્ટિ અને પુષ્ટિકર છે.

આત્મધ્યાન વડે વિશ્વતૃષ્ણા - કષાયદાહ - કર્મપંક બાદ અને ધર્મસેવન દ્વારા કષાયક્ષુધાનું શમન થાય, તેથી ચિત્તનો તોષ, આત્માનો પોષ, રાગાદિ દોષો શાંતિ પામે. સંતોષાદિ ગુણો વડે તુષ્ટિ અને જ્ઞાનાદિ ગુણો દ્વારા પુષ્ટિનો અનુભવ થાય, તે પછી 'ૐ અર્હં' અક્ષરી મુદ્રા મંત્રનું મનમાં ધ્યાન કરવાથી આત્માની પરમ શુદ્ધિ અને અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે.

એવું 'અર્હં' મંત્રમાં શું છે સમાયું?

સંઘ ભગવાન, મોક્ષ મહોદય, તપ - ત્યાગ - ચારિત્ર,
ઋદ્ધિ, સિદ્ધિ, વૈભવ, ઠકુરાઈ, સર્વકલ્યાણ,
સર્વમંગળ, સર્વસુખ, સર્વહિત, સર્વઆનંદ,
પુણ્યપ્રકર્ષ, ગુણપ્રકર્ષ, પરબોધિ, પરસમાધિ, પરસિદ્ધિ,
પરાર્થવ્યસની, ઉપસર્જન સ્વાર્થ, દેવ - ગુરુ બહુમાની,
કૃતજ્ઞતા પતિ, રત્નત્રય યુક્ત, પરમેશ્વર પરમાત્મા,
પરમર્ષિ, અરિહંત, મંગળ, ઉત્તમ શરણ સમાયા છે.

ધ્યાનમાર્ગનાં બે વિઘ્નો: નિદ્રા અને વિચારતરંગ.

સર્વવ્યાપી એક તત્ત્વ = મહાસત્તા = સત્તત્ત્વ.

તેનું ધ્યાન ધરવાથી સાધક મન-બુદ્ધિથી પર બની જાય છે અને સમાધિ દશામાં સ્થિત થતાં જ પ્રકૃતિના બંધનોથી મુક્ત બની જગતમાં અનુભવાતા ક્લેશોથી છૂટી જાય છે.

આત્મપરિણામની સ્વસ્થતાનું નામ સમાધિ અને
અસ્વસ્થતાનું નામ અસમાધિ છે.

'સમાધિ' એટલે વ્યક્તિગત મન શુદ્ધ બનીને
સમષ્ટિ મન સાથે જોડાઈ જવું તે તથા
જ્ઞાન અને આનંદ સાથે એક બની જવું તે.

આનંદ ભોગવવા મન-ઇંદ્રિયોની જરૂર રહેતી નથી.

'ભક્તિમાર્ગમાં દ્વૈત છે' તેનો અર્થ શું?

ભક્ત અને ભગવાન - એ બે જ વસ્તુ જગતમાં છે.

અદ્વૈતવાદમાં સત્સ્વરૂપ અનંત તત્ત્વ જ છે...
અન્ય બીજું કાંઈ જ નથી, કેવળ પરમ તત્ત્વ જ છે
એકનું વિધાન - અન્ય સર્વનો નિષેધ.

ભગવાનના માર્ગે મહત્ત્વનું છે કે:
તમને ભગવાનમાં વિશ્વાસ હો યા ન હો,
પરન્તુ ભગવાનને તો તમારામાં વિશ્વાસ છે જ.

સર્વ - પરવશં દુઃખં, સર્વમાત્મવશં સુખં;
એતદુક્તં સમાસેન, લક્ષણં સુખદુઃખયોઃ ॥ ૧ ॥ (પરિશિષ્ટ-૪)

તે ભવમાં સિદ્ધિ પામનાર જીવને પણ સત્તામાં અસંખ્ય ભવાર્જિત કર્મોનો સદ્ભાવ હોય છે. શુદ્ધ અધ્યવસાય દ્વારા સાધક તે કર્મોને ખપાવી સિદ્ધિ મેળવી શકે છે.

જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા ।

ઉત્તમ ભાવને પામેલા રાજયોગીઓને જે આશ્રવના હેતુઓ છે, તે સંવરના હેતુરૂપે અને દુનિયા સન્મુખ મન રાખનારા અજ્ઞાની જીવોને જે સંવરના હેતુઓ છે, તે આશ્રવરૂપે પરિણમે છે.

કલિયુગમાં એક દાન હજાર ગણું પુણ્ય માટે કાળ છે.

(૧) જ્ઞાની અને વિનીત કોણ ? આર્ય સુહસ્તીસૂરિજી.
(૨) સુભગઃ સુશીલઃ કોણ ? જંબૂસ્વામી.
(3) પ્રભુત્વવાન ન્યાયપથિપ્રવૃત્ત કોણ ? ઉદાયન, પેથડ.
(૪) દાની અને ધનાઢ્ય કોણ ? જગડુશા તથા ભામાશા.
(૫) પ્રશમ - સમર્થ - ક્ષમાવાન કોણ ? પરમાત્મા મહાવીર.

સદા સૌનું ભલું ચાહનાર વ્યક્તિ લોહચુંબક જેવા હોય, આ કારણે જ મહાપુરુષો અજ્ઞાત રહીને પણ આપણા સૌના દિલમાં સ્થાન લઈ લે છે.

वत्थु सहावो धम्मो।

निश्चयथी धर्म = आत्मवस्तु तथा तेनो ज्ञानादि स्वभाव.

परमार्थथी धर्म = जीवशुद्धि - आत्मशुद्धि.

आत्मपरिणामनी सहज स्वरूपे परिणति थवी, ते धर्म

अने आत्मपरिणामनी चपळ परिणति थवी, ए कर्म छे.

कर्मयोग = फलासक्तिनो त्याग अने

ते धर्म दुर्गतिमां पडतां जीवनुं धारण करे छे अने

सद्गतिमां आधान करे छे.

जेनुं मन धर्ममां छे, तेने सर्व सुखो स्वयं वरे छे.

धर्म = मैत्र्यादि भावोयुक्त आगमोक्त अनुष्ठान.

अनुष्ठान = शास्त्रोक्त हेयोपादेय लक्षणवाळी प्रवृत्ति.

ते अनुष्ठानरूपी वृक्षनुं मूळ मैत्र्यादि छे अने

ते अनुष्ठानरूपी वृक्षनुं फळ स्वर्गापवर्गादि छे.

अनुष्ठान ए कारण छे तथा आत्मशुद्धि ए कार्य छे.

कारणमां कार्यनो उपचार करीने ते अनुष्ठानने पण

धर्म ज कह्यो छे. ते धर्म चराचर जगतनो आधार छे.

० सर्व शास्त्रोमां संमत औषधि ए लंघन छे.

ते पृथ्वी, आकाश, जल के जंगलमां मळती नथी,

परन्तु दर्दीनी पोतानी पासे ज ते औषधि होय छे.

બધા રોગોનું મૂળ પ્રજ્ઞાપરાધ છે. ધી, ધૃતિ, સ્મૃતિથી ભ્રષ્ટ થઈ જે અશુભ કર્મ કરે, તે પ્રજ્ઞાપરાધ કહેવાય.

પ્રજ્ઞાપરાધથી બધા દોષોનો પ્રકોપ થાય છે.

## નામસ્મરણથી પ્રજ્ઞાપરાધ ઇલાજ છે.

સતિપઠ્ઠાન સૂત્રમાં સત્ત્વની શુદ્ધિ, શોક તથા સંતાપથી મુક્તિ અને દુઃખ - દૌર્મનસ્યથી છૂટવાનો ઉપાય કહ્યો છે. સ્મૃતિ એટલે શું? ઉપસ્થાન - સતત જાગૃત રહેવાનો અભ્યાસ અથવા હેયોપાદેયનું તે રૂપે સ્મરણ. સ્મૃતિ એટલે શરીર, સુખ - દુઃખની જાગૃતિ, વિચાર અને વૃત્તિઓનું નિરીક્ષણ યા mindfullness.

## આસ્તિક કોણ?

માત્ર આત્માનું અસ્તિત્વ સ્વીકારે, તે જ આસ્તિક એમ નહિ પણ જે આત્માના હિતનું અસ્તિત્વ માને, કાયહિત નહિ, આત્મહિતને મહત્ત્વ આપે, તે આસ્તિક. તે આસ્તિક નથી, જે આત્માને માનવા છતાં પણ કાયાના હિત, ભૌતિક સુખો, ધન - માન - મિલકત - પરિવારને જ મહત્ત્વ આપે. આસ્તિકની શરૂઆત છે કે સૌથી પહેલાં આત્માને પામવાનું આકર્ષણ થાય, પછી એ પામવાની તીવ્ર ઇચ્છા, તમન્ના, લગની જાગે.

મોક્ષમાર્ગ ત્રણ છે:

દુષ્કૃતગર્હા સહિત આસ્રવનો ત્યાગ, સુકૃતાનુમોદના સહિત સંવરસેવન, શરણાગમન અને નિર્જરાગમ.

ભવમાર્ગ પણ ત્રણ છે:

દુષ્કૃતની અનુમોદના, સુકૃતની ગર્હા અને અશરણનું શરણાગમન - એ ત્રણ ભવમાર્ગ છે.

'દુષ્કૃત કોઈ ન કરો' એ અધ્યવસાય ન હોય, તો

'ન નિષિદ્ધમનુમતં ।'

એ ન્યાયે દુષ્કૃતની અનુમોદનાનો આસ્રવ આવે.

'સુકૃતનું સેવન સૌ કોઈ કરો' એવું માનસિક સમર્થન ન હોય, તો ગર્હાનો દોષ લાગે. 'નાનુમતં નિષિદ્ધં ।' એ ન્યાયે આસ્રવ આવે.

આત્મા શરણભૂત છે, સ્વગૃહી છે, તેનું શરણ જો ન સ્વીકારાય, તો અનાત્મા કે જે અશરણભૂત જ છે, તેના શરણાગતિ સ્વીકારનો દોષ પણ આવે, માટે શરણાગમન પણ જોઈએ.

'તારી ચિંતા તું કરે, એથી વિશેષ કરે હરિ.'

આ શબ્દમાં અંકિત થતો આત્મવિલોપનનો ભાવ એ જ ખરો ભક્તિયોગ છે.

આપણે જાતે જ ખડકેલ અથવા જગતે ખડકેલ ચિંતાઓના પોટલાઓને ફગાવી દઈએ અથવા પ્રભુને માથે ખડકીને આપણે હળવાફૂલ થઈ જઈએ છીએ, પરિણામે કાર્યશક્તિ વધે છે, આપણો આડંબર ઘટે છે.
માત્ર જરૂર છે વિચારની કે: 'તું તારી ચિંતા કરે છે, તે કરતાં ઘણા જ વધારે તારી ચિંતા પ્રભુ પોતે કરે છે.' આ ભક્તિયોગમાંથી જ કર્મયોગ, રાજયોગાદિ પ્રગટે છે.

એ માટે જરૂર છે કૃપા ભગવાનની સાર્વત્રિક ઉપસ્થિતિનો સાક્ષાત્કાર કરવાની તથા ભક્ત અને પ્રભુ વચ્ચે વિશુદ્ધ - સુદૃઢ સ્નેહનો સંબંધ ઊભો કરી દેવાની.

કહ્યું છે કે : માહાત્મ્ય પરિજ્ઞાનાત્ સર્વાધિક
સુદૃઢ - સ્નેહો ભક્તિરિતિ નારદઃ ।

ચાર પુરુષાર્થ : (૧) ધર્મ = નૈતિક મૂલ્યોનું પાલન.
(૨) અર્થ = આર્થિક મૂલ્યોની પ્રાપ્તિ.
(૩) કામ = પ્રભુશક્તિનો સંગ્રહ.
(૪) મોક્ષ = અનંત સાથેનું તાદાત્મ્ય.

બ્રાહ્મણ આધ્યાત્મિક શક્તિ પ્રગટ કરે,
ક્ષત્રિય રાજકીય શક્તિ લાવે, વૈશ્ય આર્થિક બળ પૂરે
તથા શુદ્ર જનસેવા કરે છે.

ચાર આશ્રમકાળમાં કરાતી ચાર પ્રવૃત્તિઓ

(૧) બ્રહ્મચર્યાશ્રમ : અભ્યાસકાળ.

(૨) ગૃહસ્થાશ્રમ : જવાબદારીના ભાનપૂર્વક તથા સંયમ રાખીને સુખોપભોગ કરવા તે.

(૩) વાનપ્રસ્થાશ્રમ : અનિત્ય વસ્તુઓ માટે મનમાંથી સર્વ આસક્તિને ખેંચી લેવી તે.

(૪) સંન્યાસાશ્રમ : શાશ્વત મૂલ્યોમાં સ્થિર થઈને પરમાત્માનો સાક્ષાત્કાર કરવો તે.

આપણને મળેલાં માનવજીવનમાં...

જગત, જીવ તથા પરમેશ્વર - આ ત્રણેને યથાર્થ ઓળખવા, તત્ત્વથી પામવા તથા એનો અનુભવ મેળવવો.

(૧) અધિભૂત : જગત (૨) અધ્યાત્મ : આત્મા - જીવ

(૩) અધિદૈવ : બંનેથી પર એવા પરમેશ્વર.

કાર્ય માત્ર માટે કોઈ ચૈતન્યયુક્ત કર્તા જોઈએ.

પ્રભુનું નામ ઉચ્ચારવાથી જીવનમાં સંસ્કાર પડે છે, કારણ તે યોગક્ષેમવાહક છે, એવી શ્રદ્ધા સુદૃઢ થાય છે. પ્રભુ તરફ પિતાની દૃષ્ટિથી જોવું, એ ભક્તિ ભવ્ય છે. ભયત્રાતા પ્રભુ પાસે જવાથી જીવન નિર્ભય બને છે. પ્રભુના નામગ્રહણથી મનને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

અતિશય દુરાચારી પણ જ્યારે ત્રિલોકીનાથ પ્રભુને અનન્ય ભાવે ભજે, તેને સાધુ જ માનવો; કેમકે હવે તેણે ઉત્તમ નિશ્ચય કર્યો છે કે : 'ભગવાન એના પાપને ધોઈ નાંખશે અને હું ય ધર્માત્મા થવાનો.'

આ જગત રમણીય છે, માબાપ દયાળ છે, પછી ડર કોનો?

આત્મભાવમાં વાડ કે સગાઈ નહિ, મનમાં કોઈ ભેદ નહિ. જે સુખ આપણે ભોગવતાં હોઈએ તેવું અને એટલું જ સુખ બીજાને ભોગવાવવું, એ જ અભેદ અને એનું જ નામ કુદરત, શુભ વ્યવહાર અને પરમાર્થ.

દયા, પ્રેમ, અભેદ - એ ત્રણે અનિવાર્ય જ છે અને તે વડે થતો વ્યવહાર તે 'કુદરત' શબ્દથી સંબોધાય છે.

લાભ વિના કે લાભની આશા વિના

જે આત્મભાવથી કરેલું કામ, એનું જ નામ કુદરતકામ. માત્ર કામ જ નહિ પણ મન, કર્મ અને વચનોમાંથી

વહેતું જેટલું થાય, તે બધું કુદરતકર્મ છે.

સર્વ શાસ્ત્રનો ઉપદેશ છે કે :

કાળ ક્યારે આવશે એ કદાપિ નિશ્ચિત નહિ, માટે માનવે હંમેશાં પ્રભુપરાયણ જીવન ગાળવું અને લેશ માત્ર દુર્વિચાર કે પાપનો સ્પર્શ થવા દેવો નહિ.

'તરે તરણાં ને તુંબડું, તરે ગાય ને વાછરું,
ભાગ્યશાળીનું કુટુંબ તરે, તરે ન પાપી વાછરું'. ...(૯)

ક્રિયાના અર્થ કે રહસ્યનું દ્વાર કઈ રીતે ઉઘડે?

કેટલાકનો એવો મત છે કે ક્રિયાનો અર્થ કે મર્મ સમજ્યા વિનાની ક્રિયા કરવાથી કશો જ ફાયદો નથી, પરન્તુ અનુભવી પુરુષો કહે છે કે ક્રિયામાંથી ભાવ જાગે છે.

સાધનામાં જ્ઞાન અને ક્રિયા - બંનેની જરૂર છે, પરન્તુ ક્રિયાથી કરેલી શરૂઆત શરીરને કેળવીને પછી મનને પણ કેળવે છે અને એવી તલ્લીનતા ઉપજે છે કે ક્રિયાના અર્થ કે રહસ્યનું દ્વાર આપોઆપ ઉઘડે છે.

પ્રેમ જાગે છે, ત્યારે આખું વિશ્વ સુંદર દેખાય છે.

કોઈ કોઈથી ભિન્ન રહેતું નથી. તું જ આ જગત છે અને આ જગત એ તું જ છે. સર્વ કાંઈ બહાર અને અંદર તું જ છે ઉપરાંત તું જ તારો પરમ મિત્ર છે.

જેમનાં મન પવિત્ર હશે, તેમને દુઃખ નથી આવવાનું. પવિત્રતાની આગળ સંકટો ટકતાં નથી. પરહિતની જ ઇચ્છા હોય, તો લોકોને મનથી પવિત્ર રહેતાં શીખવો. મનુષ્યને મકાન તો મળ્યું છે, કિન્તુ તેની રીત જાણવા નથી. બાળકને સુખી કરવા છે, સુખ શેમાં છે, તે વિચારવું નથી.

સોનાને શોધવા જવા કરતાં જાતે જ સોનું બની જવું શ્રેષ્ઠ છે, અમૃતને ખોળવા કરતાં જાતે જ અમૃત બનો. રૂપ અને પ્રેમને શોધવા કરતાં પોતાનું સુંદર સ્વરૂપ ખીલવવું એ જ સુંદર છે. સૌને પ્રેમ કરતાં આપોઆપ સૌનો પ્રેમ મળી રહેશે. પરમાર્થનો ખરો અર્થ એ જ છે.

આ નવકારને ગ્રહનારો દુઃખી કેમ ન થાય?

ઉત્તરઃ દુઃખ ખોટી સમજણમાંથી ઉપજે છે.

આ નવકારના અક્ષરમાંથી સાચી સમજ આવે છે, સદ્બુદ્ધિ જાગે છે, વૈરવૃત્તિ નાશ પામે છે, સંતોષસુખ ઉપજે છે. 'પોતાનાં કરેલાં કર્મો જ પોતાને દુઃખ આપે' એ વાત નક્કી થવાથી આ નવકાર મંત્રને ગ્રહનારો બહારના ખરાબ નિમિત્તોથી અગર બહારની પ્રતિકૂળ પરિસ્થિતિથી દુઃખી થતો નથી પણ આ બહાને કર્મનો ભાર હળવો થાય છે અને આ નવકાર મંત્રનો જાપ વધુ કરવાની તક મળી, એમ લાગી રાજી થાય છે.

પ્રથમ પદની અર્થભાવનામાંથી જન્મે છે કે:

પરપીડાપરિહારપરાયણ વૃત્તિ તથા પરોપકારપરાયણ વૃત્તિ એ ધર્મની માતા છે. વળી પ્રથમ પદમાં 'अरिहं' શબ્દ એટલે કે વાણિજ્યકનું જોર પણ તેમાં રહેલું છે.

પ્રથમ પદની સિદ્ધિ બાદ બધા પદોની સિદ્ધિ છે:

(૧) નામથી પાપપ્રણાશ - પાપગર્હા.

(૨) રૂપથી પુણ્યપ્રકાશ - પુણ્યાનુમોદના.

(૩) દ્રવ્ય તથા ભાવથી આત્મબોધ - શરણાગમન.

(૪) ૐકારથી પરાક્રમ - બળ મળે, આર્ત - રૌદ્રધ્યાનનાશ.

(૫) અર્હંથી સમુત્થાન - વીર્ય, ધર્મ - શુક્લધ્યાનમાં પ્રવેશ.

(૬) નાદનું મૂળ ૐકાર છે, જ્યોતિનું મૂળ અર્હં છે.

(૭) નવકારથી સાચી સમજણ મળે છે.

(૮) સામાયિકથી સમજણનો અમલ થાય છે.

(૯) એકને જાણ્યો, તેણે સર્વને જાણ્યું.

આત્માને જાણવાની સઘળી સામગ્રી નવકારમાં છે તથા
જોવાલાયક સર્વોત્તમ વસ્તુ પ્રભુમૂર્તિમાં છે.

વિશ્વની સર્વશ્રેષ્ઠ સમૃદ્ધિ એક જગ્યાએ એકત્રિત
થયેલી હોય, તો તે ભગવાનના નામ અને રૂપમાં છે.

જે મનુષ્યને જોવા માટે પ્રભુમૂર્તિ મળી,
અને જેને જાણવા માટે નવકાર મળ્યો,
તેના પુણ્યની અવધિ નથી.

આત્માને જોવા અને જાણવા માટેના સર્વશ્રેષ્ઠ સાધનો
ભગવાનનાં નામ અને રૂપમાં છે. 'ૐ અર્હં' મંત્ર છે.

(૧૦) આત્માને જાણવાથી બધી વસ્તુ જણાઈ જાય અને
આત્માને જોવાથી બધી જ વસ્તુ જોવાઈ જાય છે.
જડમાં જડબુદ્ધિ રાખવી, એ બોધિ છે અને
જડમાં શિવબુદ્ધિ રાખવી, એ સમાધિ છે.
(૧૧) આત્મદ્રવ્ય વૃત્તિ અને વર્તન તે અધ્યાત્મ અને
પરમાત્મદ્રવ્ય વૃત્તિઓ અને વર્તન તે યોગ.
વિશિષ્ટ શ્વાસ એટલે વિશ્વાસ.
શ્રદ્ધા એ ભાવપ્રાણ છે, શ્વાસ એ દ્રવ્યપ્રાણ છે.
જડમાત્ર સાથે શત્રુતાનો ત્યાગ અને
મિત્રતાનો સદ્ભાવ એ ધર્મકલ્પવૃક્ષનું સેવન છે અને
નવકારના પ્રથમ પદમાં કામધેનુનું પણ સેવન છે.

૫૪૦૦૦ સાગરોપમ પાપ કઈ રીતે?

નવકારના સાત સ્વરો - અ, આ, ઈ, ઉ, ઊ, એ, ઓ.
૬૮ x ૭ = ૪૭૬ + ૯ + ૮ + ૭ = ૫૦૦.
૫૦૦ x ૧૦૮ = ૫૪૦૦૦ સાગરોપમ પાપ જાય.
નવકારના જાપથી પાપ કરવાની વૃત્તિનો નાશ થાય છે.
પાપ કરવું તો ભયંકર છે જ, પરન્તુ તેથી પણ વધુ
ભયંકર તો પાપ કરવાની વૃત્તિ છે.
તેનો સદંતર નાશ નવકારના જાપથી થાય છે.

કામધેનુ ગાય, કલ્પવૃક્ષ તથા ચિંતામણિ રત્ન આદિ
આપણા પુણ્યનો ઉદય સહકારી હોય તો વળી ફળે,
નવકાર તો પાપનો નાશ કરે અને પુણ્ય ન હોય, તો
મેળવી આપે છે, માટે ચિંતામણિથી ચઢીયાતો છે, તેથી
તે મંત્ર નહિ પણ 'મહામંત્ર' કહેવાય છે.

આ નમસ્કાર મહામંત્રના જાપ કર્મોના બંધન દૂર કરી
શાશ્વત પદની મિલકત પ્રાપ્તિ કરાવે છે.

૯ પ્રકારના પુણ્ય દ્વારા ૧૮ પ્રકારના પાપનો ક્ષય કરીને
નવપદની પ્રાપ્તિ કરી શકાય છે.

એક આત્માદિ વસ્તુમાં ચિત્તની નિષ્પ્રકંપવૃત્તિ થવી, તે
ધ્યાન છે. છદ્મસ્થને અંતર્મુહૂર્ત ટકી શકે. તે પછી ચિંતા
અથવા ધ્યાનાન્તર હોય, પરંતુ ધ્યાન ન હોય.

ધ્યાન તે સ્થિર અધ્યવસાય છે.

તેમાંથી ખસતાં ચિત્ત ત્રણ પ્રકારે ચપળતા અનુભવે:
ભાવના, ચિંતા અને અનુપ્રેક્ષા.

ભાવનાના ૪ પ્રકાર: જ્ઞાન - દર્શન - ચારિત્ર - વૈરાગ્ય.
એ ધ્યાનની પૂર્વે થતી અભ્યાસ - ક્રિયા છે. ભાવના
તથા અનુપ્રેક્ષાથી ભિન્ન ચિત્તની ચેષ્ટા તે ચિંતા છે.
પ્રારંભમાં ભાવના અને અંતમાં અનુપ્રેક્ષા.

ભાવના અને અનુપ્રેક્ષાત્મક ચિંતાને ધ્યાનાન્તર કહે છે,
તેના આલંબનથી ફરી ધ્યાન થઈ શકે છે.
એ રીતે અનેક વસ્તુવિષયક સંક્રમણ વડે
ધ્યાનનો પ્રવાહ લાંબા કાળ સુધી ચાલી શકે છે.
અહીં ધ્યાનની વસ્તુ આત્મપરગત હોય છે.

આત્મગત ભટકતા એટલે...

મન, વચન તથા કાયાના યોગોનું પરસ્પર સંક્રમણ થવું.

પરગત ભટકતા એટલે...

દ્રવ્ય - ગુણ તથા પર્યાયનું પરસ્પર સંક્રમણ થવું.
ધ્યાનાન્તરમાં બહુભિાળ દ્વારા જ
ચિન્તન - મનન - ધ્યાન થઈ શકે છે.
વિતર્કગત શ્રુતનો ઉપયોગ કરતા ગુણસ્થાન સુધી થઈ શકે.
તે શુક્લધ્યાનના બળ પાયા સુધી હોઈ શકે છે, તેથી
શ્રુત + બહુભિાળ્કાની વ્યાપકતા સમગ્ર સદનુષ્ઠાનોમાં
રહેલી છે. અશુદ્ધ ઉપયોગને 'ભાવશસ્ત્ર' કહેવાય છે.

ઉપયોગ અને યોગમાં શું ફેર ?

ઉપયોગ એ જ્ઞાનાત્મક આત્મશક્તિ છે અને
યોગ એ ક્રિયાત્મક આત્મશક્તિવિશેષ છે.
તે કર્મના ક્ષયોપશમ પ્રમાણે મંદ, મધ્ય કે તીવ્ર હોય છે.

સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્ત જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે
સર્વથી મંદ જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ હોય છે.
પછીના સમયોમાં તે શક્તિ વિકસિત થતી જાય છે.

એકેન્દ્રિયને ચાર દ્રવ્યપ્રાણ હોય છે:
કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય અને સ્પર્શનેન્દ્રિય.

એકેન્દ્રિયને ત્રણ પૂરી પર્યાપ્તિ હોય છે:
આહાર, શરીર તથા ઇંદ્રિય.

જો એકેન્દ્રિયને એક અધૂરી પર્યાપ્તિ શ્વાસોચ્છ્વાસ હોય,
તેને અપર્યાપ્ત કહેવાય છે.

દ્રવ્યપ્રાણ અને પર્યાપ્તિઓમાં પણ
ઉપયોગ અને વીર્યશક્તિનો વ્યાપાર એકસાથે હોય છે.
જ્ઞાનશક્તિ અને વીર્યશક્તિ એ આત્માના
સર્વ - અસંખ્ય પ્રદેશોમાં વ્યાપીને રહે છે.

'વર્ણતનુ' એટલે શું?

માતૃકા એ આત્માની જ્ઞાનશક્તિ આકૃતિ વર્ણતનુ છે.
અકારાદિ વર્ણો એ વર્ણતનુનો દેહ છે અને
માતૃકારૂપી જ્ઞાનશક્તિ એ વર્ણતનુનો આત્મા છે.
ચાર પ્રકારની વાણી એ આપણા આત્માની
જ્ઞાનશક્તિનું ઉન્મીલન કરે છે - તેને પ્રકટ કરે છે.

વૈખરીનું ઉપાદાન પ્રાણશક્તિ છે અને વ્યક્ત શબ્દ
રૂપ છે, તેમાં શબ્દ અને અર્થ વચ્ચે સ્પષ્ટ ભેદ છે.

મધ્યમા વાણી એ મનોવૃત્તિરૂપ છે.

તેનું ઉપાદાન બુદ્ધિ છે, અધિષ્ઠાન સૂક્ષ્મ પ્રાણવૃત્તિ છે.

તેનું ચિહ્ન અગ્રાહ્ય વ્યક્તાવ્યક્ત રૂપ છે.

પશ્યંતી વાણી એ સ્વપ્રકાશક છે અને ચિદ્રૂપા છે.

## ઇષ્ટ નમસ્કૃતિનું માહાત્મ્ય

પુદ્ગલરૂપી શરીરને જન્મ આપનાર, પાલન ઉપરાંત પ્રોત્સાહન કરનાર, શુદ્ધિ - વૃદ્ધિ કરનાર ઇષ્ટ નમસ્કૃતિ છે.

આત્મારૂપી હંસને વિશ્રામ લેવાનું સ્થાન કોઈપણ હોય, તો તે ઇષ્ટને નમસ્કાર જ છે.

જેમ લોભીને વિસામો ધનની પ્રાપ્તિ છે, કામીને કામનાં સાધનો, રોગીને આરોગ્યનાં ઔષધ આદિ સાધનો, ભૂખ્યાંને ભોજન અને તરસ્યાંને જેમ પાણી છે, તાપથી તપેલાંને વૃક્ષની છાંયા તથા બોજાવાળાને જેમ બોજો દૂર થવો વિગેરે વિશ્રાંતિનાં સ્થાનો છે, તેમ કષાયના તાપથી તપેલાં, વિષયની વાસનાથી ઘેરાયેલા અને કર્મના મળથી ખરડાયેલાં સંસારી જીવને ૪ ગતિના પરિભ્રમણમાં વૃક્ષની જેમ વિશ્રાંતિનું સ્થાન,

જગતની ત્રણ તાપ શમાવનાર, તૃષા છીપાવનાર અથવા
કર્મમલને હટાવનાર પરમેષ્ઠિ નમસ્કારને છોડીને જગતનું
કોઈ વિશ્રાંતિનું સ્થાન ત્રણ લોક, ત્રણ કાળમાં નથી.
જગત જેવા વિસામા કલ્પિત વિશ્રાંતિ આપીને ફરીફરીથી
તપાવનાર છે, કિન્તુ સાચો અને કાયમી વિસામો તો
ભાવપૂર્વકના પરમેષ્ઠિ નમસ્કારથી જ પ્રાપ્ત થાય છે.
એથી અનુપમ વિશ્રાંતિ મળે છે. મહાન સાધુ પુરુષો
આત્માની વિશ્રાંતિ માટે આ મહામંત્રનું જ ધ્યાન ધરે છે.
મહામંત્રના ધ્યાનમાં જીવ પરોવાઈ જાય, તો
તેને સહજે જગતથી વિશ્રાંતિ આપોઆપ આવી મળે છે.
માટે આ અસાર એવા સંસારમાં
ઇષ્ટ નમસ્કૃતિ એ જ સર્વસ્વ - સારભૂત વસ્તુ છે.

## ત્રિપદીરૂપી માતા શું કરે છે?

ગણરૂપી શરીરને જન્મ આપનાર,
પાલન - પોષણ તથા શુદ્ધિ - વૃદ્ધિ કરનાર
ભગવાનના મુખથી નીકળેલા ત્રિપદીરૂપી માતા છે.

## અષ્ટ પ્રવચનરૂપી માતા શું કરે છે?

ચારિત્રધર્મને જન્મ આપનાર, પાલનપોષણ - શોધન -
વર્ધન કરનાર અષ્ટ પ્રવચનમાતારૂપી સમિતિ - ગુપ્તિ છે.

## અષ્ટમાતૃકાનું વિશિષ્ટ માહાત્મ્ય કેમ?

અષ્ટ પ્રવચનમાતારૂપી સમિતિ - ગુપ્તિને જે દ્વાદશાંગ સૂત્રની જનેતા કહી છે, તેમાં કારણ અષ્ટમાતૃકા છે. કાયયોગ દ્વારા ગ્રહણ કરાતાં ભાષા તથા મનોવર્ગણાના પુદ્ગલો છે, તે ભાષા તથા મનરૂપે પરિણમે છે અને તેમાંથી મનોગુપ્તિ, વચનગુપ્તિ વગેરેનું પાલન થાય છે. જ્ઞાનમાં કે ધ્યાનમાં, ગુણમાં કે ધર્મમાં આદ્ય કારણ અષ્ટમાતૃકા જ છે, તેથી તેને શ્રી ગણધર ભગવંતો પ્રથમ સૂત્રની આદિમાં નમસ્કાર કરે છે, વિનય કરે છે, બહુમાન કરે છે અને ભવ્યજીવોને તેના ભક્તિમાં જોડે છે.

નમો બંભીએ લીવિએ, નમો સુઅસ્સ ।

એ સૂત્રો વડે જેનું બહુમાન કરાય છે, તે અષ્ટમાતૃકા માતાની જેમ ગુણદેહશરીરને, જ્ઞાન - ધ્યાન અને ચારિત્ર રૂપી શરીરને જન્મ આપે છે, પાળે છે અને સદા વિશુદ્ધ રાખે છે, તેથી તે પરમ ઉપકારી છે.

### જિનવાણીના ચાર પ્રકાર

પરા - જ્ઞાનસ્વરૂપગ્રાહિણી, પશ્યંતી - અર્થાવબોધિની, મધ્યમા - નવનવોન્મેષશાલિની પ્રતિભારૂપી વાણી તથા વૈખરી - શાબ્દી અથવા શબ્દમયી જિનવાણી.

(૧) વૈખરી વાણી દ્વારા ચર્મચક્ષુજન્ય જ્ઞાન મળે,
મતિજ્ઞાનનો પ્રકાશ થાય. સૂત્ર : ઉપયોગો લક્ષણમ્ ।

ચર્મચક્ષુ = વૈખરી - બધાનું મૂળ.

(૨) મધ્યમા વાણી દ્વારા શાસ્ત્રચક્ષુજન્ય તથા
જાતિસ્મૃતિજન્ય જ્ઞાન મળે. સૂત્ર : પરસ્પરોગ્રહ જીવાનાં ।

શાસ્ત્રચક્ષુ = મધ્યમા - ચિંતન.

(૩) પશ્યંતી વાણી દ્વારા અવધિચક્ષુજન્ય તથા
અષ્ટ પ્રવચનમાતાના પાલનજન્ય જ્ઞાન મળે.

સૂત્ર : ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્ ।

અવધિચક્ષુ = પશ્યંતી - ધ્યાન.

(૪) પરા વાણી દ્વારા કેવળચક્ષુજન્ય તથા
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિજન્ય જ્ઞાન મળે.

સૂત્ર : ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્તં સત્ ।

કેવળચક્ષુ = પરા - સમાધિ.

(૧) ઉપયોગો લક્ષણમ્ એટલે પુદ્ગલથી ભેદજ્ઞાન.
(૨) પરસ્પરોપગ્રહો જીવાનાં એટલે જીવથી અભેદજ્ઞાન.
(૩) ગુણપર્યાયવદ્ દ્રવ્યં એટલે પ્રકૃતિનું જ્ઞાન.
(૪) ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્તં સત્ । એટલે
એકતાનું વિજ્ઞાન તથા સમગ્રતાનું જ્ઞાન.

## ચાર પ્રકારની માતા

(૧) વાણીમાતૃકા = શાસ્ત્રજનની - વૈખરી.

(૨) ઇષ્ટનામસ્મૃતિ = પુણ્યજનની - મધ્યમા.

પુણ્યની માતા - સર્વવિશોધિની.

(૩) અષ્ટપ્રવચન માતા = ચારિત્રધર્મજનની - પશ્યન્તી.

પાંચ સમિતિ તથા મનોગુપ્તિ.

(૪) ત્રિપદીરૂપી માતા = દ્વાદશાંગજનની - પરાવાણી.

નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ.

હે ચાર માતા! આપ ચાર ચક્ષુને આપો.

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ।'

## ભાવપ્રાણાયામનું સ્વરૂપ

(૧) રેચક = વિભાવનું વિરેચન (૨) પૂરક = સ્વભાવનું પૂરણ (૩) કુંભક = મેરુ સમાન નિષ્પ્રકંપ, નિજાત્મભાવ પામીને તથા સહજાત્મસ્વરૂપને સ્થિર કરીને રહેવું તે.

## કઈ જાતિને કેવી મનાઈ છે?

સ્ત્રીજાતિ ગુપ્ત હૃદયવાળી, માયાવી, અભિમાની, નિર્દય અને ઉચ્ચ વસ્તુને ન જીરવી શકે તેવી મનાઈ છે. ઉચ્ચ પુરુષોનું ઉત્તમ દાસત્વ - એ સ્વાતંત્ર્યનું પ્રથમ પગથિયું છે. માતા, પિતા, ગુરુ, સ્વામી આદિ પૂજ્ય છે.

પીંડવાડા, તા. ૨૨ - ૫ - ૭૭

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના

શબ્દ → અર્થ → જ્ઞાન. આ ત્રણે સંબંધિત વસ્તુ છે.
અર્થ એ અતીન્દ્રિય - શાશ્વતભાવ - ધર્મપદાર્થ છે.
ધર્મના બોધ માટે શબ્દ - વચન - દ્વાદશાંગી છે અને
દ્વાદશાંગીનો સાર છે નવકાર.

શબ્દસ્વરૂપ દ્વારા આત્મામાં શબ્દાર્થ પરિણામ પામે,
એટલે આપણો આત્મા ચૌદ પૂર્વનો સાર બની જાય.

શબ્દ બે પ્રકારે

ધ્વનિ - બોલવા માટે અને લિપિ - વાંચવા માટે.
પવિત્ર શબ્દોના ઉચ્ચારણ વખતે આપણા પ્રાણ અને
મન પવિત્ર થાય, કારણ કે ચારિત્રધર્મ એ પવિત્રતા છે.
ધર્મ એ ચારિત્ર જ છે,
દર્શન એની રુચિ પેદા કરે છે અને
જ્ઞાન તેનો બોધ કરાવે છે.
ધર્મવૃક્ષનું મૂળ - થડ - ફૂલ - પાંદડાં - ફળ નવકાર છે.
પંચમહાભૂતમાં જળ - ચૂલિકાનું પહેલું પદ, પવન -
ચૂલિકાનું બીજું પદ, પ્રકાશ - ચૂલિકાનું ત્રીજું પદ,
ભૂમિ - ચૂલિકાનું ચોથું પદ. ધર્મવૃક્ષ શ્રી નવકારમાં છે.

'જલ્દી જઈને મોક્ષ મળો' એ ભાવના સહિત
શ્રાવકે રોજ પાંચ નવકારવાળી નીચે પ્રમાણે ગણવી:

એક માળા હાથ ઉપર : નંદાવર્ત પ્રમાણે.
એક માળા એક વેઢા ઉપર : એક કમળબંધ નવકાર.
એક માળા એક વેઢા ઉપર : નવ કમળબંધ નવકાર.
બે માળા શબ્દના ધ્વનિ ઉપર : ધ્યાન કેન્દ્રિત કરીને.
એક માળામાં ૧૦ મિનિટથી વધારે ન થવા જોઈએ.
નવકાર ગણતાં એના ધ્વનિ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

જિનધર્મ પ્રશંસારૂપ છે, ધર્મ ચારિત્રમાં છે.
ચારિત્રની ઉત્પત્તિ શ્રી જિનેશ્વરના વચનથી છે.

અહિંસા - કાયશુદ્ધિ
સંયમ - વચનશુદ્ધિ
તપ - મનશુદ્ધિ કે ઇચ્છાનિરોધ
} ચારિત્ર

નવકાર ગણતી વખતે એમ વિચારવું કે:
'ચારિત્રના ધારકોને - પંચપરમેષ્ઠિઓને નમીએ છીએ.
નવકાર મહામંત્ર મારા સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે
અને કરેમિ ભંતેની પ્રતિજ્ઞાથી જે સામાયિક કરું છું,
તે મારા ચારિત્ર ગુણની શુદ્ધિ કરે છે.'
માળા ગણવા પહેલાં અને પછી આ ભાવના ભાવવાની.

## ચારિત્રના ધારક કોને કહેવાય?

(૧) જેઓ છ નિકાયના જીવોને અભયદાન આપે છે.
(૨) સૌ જીવો આત્મસમાન માની રક્ષાપૂર્ણ વર્તન કરે છે.
(3) બધા જીવોનું હિતચિંતન કરે છે અને
સર્વ જીવોને મોક્ષ મળે, તેવો ઉપદેશ પણ આપે છે.

નવકારના શબ્દોમાં મહામુનિઓનો
જગતનું હિત કરવાનો ઉત્કૃષ્ટ સંકલ્પ છે.
તે સંકલ્પ પાછળ તેમના ઉત્કૃષ્ટ ચારિત્ર અને તપ છે,
તેથી તે શબ્દો અચિન્ત્ય શક્તિમાન બન્યાં છે.
તેનો આશ્રય લેનારની ભવપીડાનું તે નિવારણ કરે છે.

માળા ગણવી એ ક્રિયા છે.

તે ગણતી વખતે શબ્દમાં મન - વચન - કાયા પરોવવા.

નવકાર મંત્રના શબ્દમાં એવી શક્તિ છે કે:
એ આપણને છ જીવનિકાયના હિતવાળા બનાવી દેશે
તથા શ્રી પંચપરમેષ્ઠિ જેવા જ વીતરાગ બનાવી દેશે.

મોક્ષ = છ જીવનિકાયનું હિત.

આપણને અવ્યાબાધ સુખ મળે તે ગૌણ છે, પરંતુ
બધા જીવોને પીડા આપવામાંથી છૂટી જઈએ છીએ
અને બધાનું હિત કરનારા થઈએ છીએ, તે મુખ્ય છે.

જેનું મનન કરવાથી રક્ષણ થાય, તે 'મંત્ર' ઇત્યાદિ.
પછી તે શબ્દ નહિ રહેતાં, શક્તિ બની જાય છે કે
જે મંત્રદ્રષ્ટા ઋષિમુનિના સત્ત્વ સંકલ્પમાંથી મળે છે
અને તેથી રક્ષણ કરે છે. આ મહામંત્રમાં 3 વસ્તુ છે:
(૧) મંત્રદ્રષ્ટા. (૨) મંત્ર અધિષ્ઠાતા : સમ્યગ્દૃષ્ટિ દેવો.
મંત્રભક્તિથી દેવો આનંદ પામે છે, તેથી મંત્રની કે
સ્તુતિની ભક્તિ કરનાર પ્રત્યે પ્રસન્ન થઈ સહાય કરે છે.
(3) મંત્ર પોતે જ સૂક્ષ્મ અને સરલ દેવતા બની જાય.
વચનથી બોલાએ તે સ્થૂલમંત્ર અને મનમાં ચિન્તન
કરીએ તે સૂક્ષ્મમંત્ર. એ અક્ષર પોતે જ દિવ્યશક્તિ
બની જાય, તે જ દેવતા છે, જે કર્મોનો ક્ષય કરે છે.

'નમો અરિહંતાણં' મંત્રમાં...

(૧) મંત્રદેવતા - અરિહંત (૨) મંત્રદાતા - ગુરુ
(3) મંત્રનો જાપ કરનાર - આપણો આત્મા છે તથા
(૪) જપનું સાધન - આપણા પ્રાણ - મન - વાયુરૂપી પ્રાણ.
બોલતી વખતે અંદરના વાયુરૂપી પ્રાણમાં જે હલચલ
થાય છે, તે પ્રાણ - હોઠ - તાળુ વગેરે સાથે અથડાય,
ત્યારે અવાજ નીકળે તે સ્થૂલધ્વનિ. સૂક્ષ્મધ્વનિ રૂપ
અનાહત નાદ તો નિરંતર ચાલ્યા જ કરતો હોય છે.

## જ્યાં ગતિ - ત્યાં ધ્વનિ.

એ ધ્વનીને ઉત્પન્ન કરાવનાર શબ્દ છે. આ ધ્વની જુદા જુદા હતાં, તે મંત્રજાપ કરતી વખતે એક બની ગયા. એક બન્યાં, એટલે એની દિવ્યશક્તિઓ પ્રગટ થઈ.

આ બધું કાર્ય શબ્દોએ કર્યું,

માટે તે શબ્દો અચિન્ત્ય શક્તિવાળા છે, તેથી તેને શબ્દ ન મનાય પણ અચિન્ત્ય શક્તિ મનાય.

આપ સૌને આશીર્વાદ આ સિદ્ધાંતથી કામ કરે છે. તેમાં આપનારની સંકલ્પશક્તિ કામ કરતી હોય છે. માનસજાપ વખતે જ્યારે દેવ - ગુરુ - પ્રભુ - શબ્દ વગેરેની એકતા થાય છે, ત્યારે મંત્ર સૂક્ષ્મ બને છે. વૈખરી - ઉપાંશુ એ સ્થૂલ, માનસજાપ એ સૂક્ષ્મજાપ છે. જેના પર અતિ પ્રેમ હોય, તેને મનથી પ્રેમ થાય છે. ન બોલવાથી અંતરંગ સંબંધ બંધાય છે, જેમ પતિ-પત્ની.

માનસજાપ અંતરંગ સંબંધ બંધાવે છે.

દેવ - ગુરુ - પ્રભુ વગેરે સાથે અક્ષરી સંબંધ કરાવે છે, એટલે કાર્ય અક્ષરીઓ કરવાનું છે, આપણે નહીં.

જેમ કામ દવા કરે છે, દવાનું ચિન્તન નહીં, તેમ કર્મરોગ મટાડવા માટે આ મંત્રના અક્ષરો એ ઔષધ છે.

## મંત્ર સ્ફુરે મંત્રણા

જો સૂક્ષ્મ માનસજાપમાં જઈએ, તો

સ્ફુરતો મંત્ર બની જાય, તેમાં અભ્યાસથી જવાય.
હરિમાં અનાહત નાદ એકધારો ચાલતો જ હોય છે,

પરન્તુ જ્યારે ભૂલાએ છીએ, ત્યારે

તે સૂક્ષ્મ ધ્વનિમાંથી બહાર આવીએ છીએ. તે શબ્દનો
બહારમાં ઉપયોગ બંધ થશે, તે સૃષ્ટિક્રમ ઇત્યાદિ અને
તેથી કર્મનો આશ્રવ થાય પણ જ્યારે તે સૂક્ષ્મ ધ્વનિ
અંદર જ રહે, ત્યારે તે કર્મનો અવશ્ય સંહાર કરે છે.
જાપને મૌનપણે કરવાથી તે મંત્ર અનાહત નાદમાં
લઈ જાય, તેથી જે કર્મનિર્જરા થાય, તે સંહારક્રમ છે.

જ્યાં ગતિ હોય, ત્યાં ધ્વનિ હોય.

માનસજાપમાં સૂક્ષ્મ ધ્વનિ ચાલે છે, તેથી જાપ ચાલે છે,
એવું સંવેદન (ઉપયોગ-sense) તથા સૂક્ષ્મ ધ્વનિનું
અવલંબન રહ્યા કરે. જાપની સૂક્ષ્મતા થઈ, ધ્યાન ત્યાં રહ્યું,
જેમ બળતી જ્યોતે એક જ ધ્યાન રહે છે, તેમ જ.

જાપ સૂક્ષ્મ થતાં બધા પાપનો ક્ષય થાય છે.

આ માટે અભ્યાસ અને વૈરાગ્ય - બે જોઈએ.
જાપ સિવાયના કાર્યને ભૂલી જવું, તે વૈરાગ્ય ઇત્યાદિ.

જાપ વખતે આપણી વૃત્તિઓ ઉપશમ પામવી જોઈએ.
આસ્રવનો ત્યાગ અને સંવરની પ્રવૃત્તિ તો સતત જોઈએ.
એટલું લક્ષ હોવું જોઈએ કે આ જાપથી હવે
અનિત્ય સુખના બદલે નિત્યસુખમાં જવું છે.
વૈરાગ્ય પહેલાં નિત્ય - અનિત્યનો વિવેક હોવો જોઈએ.
આ પાયો અહીં Foundation છે.
પહેલાં બુદ્ધિથી વિચાર, પછી અનુભવ - પરિણતિ થાય.
ગમે તે સંયોગમાં નિત્ય તથા અનિત્યનો ઉપયોગ રહે.
બુદ્ધિથી જાણ્યું કે વમન અને વિષ્ટા ખરાબ છે અને
તેનો સતત અનુભવ રહ્યા કરે છે કે 'આ ખરાબ છે',
બસ, તેનું જ નામ અનુભવ - પરિણતિ છે.
માનસજાપમાંથી જે સૂક્ષ્મ ધ્વનિ નીકળી રહી છે, તે જ
મન - પ્રાણ - આત્માની શુદ્ધિ કરવા કાર્ય કરે છે.
આરાધનામાં ભાવ વધવાનો ઉપાય કયો ?
જેના જેનાથી લાભ મળ્યું છે તથા લાભ થશે છે,
તેઓ બધા પ્રત્યેની કૃતજ્ઞતા દાખવવી તે.
|| નમો અરિહંતાણં ||
શ્રી નવકાર મહામંત્રના જાપની કોઈ પણ ક્રિયા
ઉપયોગપૂર્વક - રસપૂર્વક - ઇચ્છાપૂર્વક કરવી જોઈએ.

ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ । અથવા નમો અરિહંતાણંના ધ્યાન પરત્વે નીચેનાં સ્થાનો ઉપર ધ્યાનસ્થ કરવાં:

(૧) નાભિ (૨) હૃદય (૩) નાસાગ્રે } એક સાથે
(૪) ભાલ (૫) ભ્રૂ (૬) તાળુ } લઈ જવાં છે.
(૭) બે આંખ (૮) મુખ (૯) બે કાન (૧૦) મસ્તક (બ્રહ્મરંધ્ર).

આ બારે બાર સ્થાન ઉપર
કમળબંધ એક એક અથવા નવ-નવ નમસ્કાર ગણવા.
'આ બધી જગ્યાએ એક કમળ છે'
એમ કલ્પના કરીને જાપ વખતે આંખો બંધ રાખવી
અને દૃષ્ટિ - ઉપયોગ અંદર, જે તે સ્થાને લઈ જવો.

એ માન્યતા અંતર ખોટી છે કે:
'અવિધિએ જાપ કરવા, તે કરતાં ન કરવા સારાં...'

અવિધિનો પશ્ચાતાપ અને વિધિનો રાગ-
એ રીતે કરીને જપ અભ્યાસ વધી શકે. કોઈ પણ કાર્ય પ્રારંભથી વિધિસર ન થઈ શકે. દા.ત. એકડો કાઢવો.

જાપની ક્રિયામાં થતો અહંકાર દૂર કરવા
અધ્યાત્મની વિચારણા - આત્મસ્વરૂપનો વિચાર કરવો:
'આ ક્રિયા તો અશુભથી છોડીને શુભમાં જોડનારી છે,
તે તો કાયા, વચન, ધનાદિ બાહ્ય વસ્તુઓથી થાય છે,
જે કેવળ પુણ્યબંધનું કારણ છે.'

જાપ વખતે કર્મક્ષય માટે આત્મસ્વરૂપની વિચારણા તથા આત્માને નિર્મળ કરવાના ભાવો મુખ્ય બનાવવા.

આત્મા સાધક છે, એમાં બાધક ક્રિયાઓ નહિ.

ક્રિયા માટે સાતા - ઈચ્છાભાવ ભાવવો.

જાપ પૂર્વે એવો દૃઢ સંકલ્પ કરવો કે:

'આ પવિત્ર ક્રિયાના બળથી મારી અંદર સાધકભાવ અર્થાત્ સાક્ષીભાવ ઉત્પન્ન થવાનો છે, શુભમાંથી શુદ્ધમાં જવા માટે છૂટતી કડીઓ આ ક્રિયા મેળવી આપશે.' આ ભાવનાથી ક્રિયા ઉપરનો ભાવ અખંડ રહેશે તથા મહામંત્રના જાપ કદાપિ બિનજરૂરી નહિ લાગે.

'મહામંત્રની સાધના' પ્રત્યે
આટલું આકર્ષિત થવાનું શું કારણ છે?

તેનો ટૂંકમાં ઉત્તર એટલો જ છે કે:

એવી સુદૃઢ શ્રદ્ધા જૈનકુળમાં જન્મેલાઓને વારસાગત મળેલી છે કે પ્રભુ વિના હજુ ચલાવી શકાય, મહામંત્ર શ્રી નવકાર વિના ન ચાલી શકે. જૈનશાસનને પામેલા પુણ્યવાન આત્માઓનો નવકાર એ પ્રભુ છે. જમતાં, મરતાં, ઉઠતાં, બેસતાં, જાગતાં, ખાતાં, પીતાં, સુખમાં કે દુઃખમાં, ત્યાગ કે ભોગમાં સૌ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવને

ચિત્તસમાધિ માટે આ નમસ્કારમંત્રની જરૂર પડે છે.
ચિત્તની સમાધિ એ સમ્યગ્દૃષ્ટિને મન સૌથી મોટું ધન છે.
મહામંત્રના સ્મરણ વિના તે માતા વિનાના બાળકની
જેમ અનાથતા તથા બેચેની અનુભવે છે.
નવકાર એ સમ્યગ્દૃષ્ટિ જીવની માતા છે, પિતા છે,
બંધુ છે, મિત્ર છે, સ્વામી છે, ગુરુ છે. લૌકિક ઉપકારી
માતાપિતાદિ પણ તેના પ્રભાવે છે, એમ તે માને છે.
જન્માંતરે તેને મળેલ એક સહચારી - સાથી - સહાયક છે.
આવી શ્રદ્ધા તેને શાથી બંધાણી હોય છે?
કારણ તેને વારંવાર સાંભળવા મળે છે કે:
'નવકાર એ દ્વાદશાંગીનો સાર છે, ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે,
ચૌદ પૂર્વીઓને પણ અંત સમયે તે જ એક પરમ આધાર છે'.
આ કહેનારા પુરુષો તેને મન શ્રદ્ધેય - આરાધ્ય છે, કારણ
તેઓનું વચન અવિસંવાદી, સફળ પ્રવૃત્તિજનક, અને
અનુભવીને કહેલું હોય છે. વળી તે માને છે કે મહામંત્રના
પ્રત્યેક પદો તથા વર્ણો પવિત્ર છે, કારણ તે શાશ્વત છે,
તેનું સ્મરણ કરનારને પવિત્ર કરનાર છે અને
પવિત્રતમ એવા પરમ પદને આપનાર છે, ઉપરાંત
તે નવે પદો સર્વ લબ્ધિઓથી યુક્ત છે.

લક્ષણોથી યુક્ત વસ્તુઓનું દેવતાઓ સંનિધાન કરે છે,
તેથી આ મહામંત્રના પ્રત્યેક ૬૮ વર્ણો,
પ્રવર અને પ્રધાન દેવતાઓથી અધિષ્ઠિત છે.
વળી તે જાણીતું છે કે મંત્રના અક્ષરોને તેના વાચ્ય
પંચ પરમેષ્ઠિઓની સાથે અનાદિસિદ્ધ સંબંધ છે.
મંત્રપદોનું સ્મરણ કરવાથી પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ
થાય છે. મંત્રના અક્ષરો એ માત્ર અક્ષરો જ નથી પણ
વાચ્ય-વાચક સંબંધથી સિદ્ધ સ્વયં પરમેષ્ઠિઓ જ છે.

## મહામંત્રની શાશ્વતતા શું કરે છે?

એ અક્ષરોનું અર્થજ્ઞાન વિના સ્મરણ કરવાથી પરમેષ્ઠિ
ભગવંતો જ જાણે સામે ન આવતાં હોય અગર તો જાણે
હૃદયમાં પ્રવેશ કરતાં ન હોય અથવા જાણે પોતાની
સાથે મધુર ભાષણ ન કરતાં હોય અથવા અંગેઅંગમાં
આવીને જાણે મળતાં કે તન્મયભાવને પામતાં ન હોય,
તેમ અનુભવાય છે! આવો અનુભવ યોગીપુરુષોને જ થાય
અને બાળકોને ન થાય, એવું પણ નથી. કોઈ પણ
શ્રદ્ધાળુ આત્મા જ્યારે મહામંત્રના સ્મરણમાં તલ્લીન
બને છે, ત્યારે તેને આવો અનુભવ અંશે પણ થાય છે,
તેમાં મુખ્ય કારણ મહામંત્રની શાશ્વતતા છે.

સર્વ તીર્થંકરો તથા ગણધરો તે ભવમાં કે પૂર્વ ભવોમાં આ મહામંત્રની સાધના કરી તેનું ફળ સાક્ષાત્ અનુભવીને ઉપદેશનારા હોય છે. તેઓની સંકલ્પશક્તિ પણ આ મહામંત્રને પ્રભાવશાળી બનાવવામાં સહકારી હોય છે.

તેઓના વચનપ્રામાણ્યથી ત્રણે લોકમાં રહેલાં સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો આ મહામંત્રનું સતત આરાધન કરી રહ્યા હોય છે અને એ દ્વારા પંચ પરમેષ્ઠિઓની સાથે તન્મયભાવને પામી રહ્યા હોય છે. એ બધાનો લાભ મહામંત્રનું સ્મરણ કરનારને અદૃશ્ય રીતે મળતો હોય છે. બધા મંત્રોની જેમ મહામંત્રની સાધનાની પણ એક વિધિ છે. સાધક કેવો હોવો જોઈએ? સાધ્યનું સ્વરૂપ શું છે? સાધનાની વિધિ શું છે? તેનું અનંતર/પરંપર ફળ શું છે? તે સમજીને સાધના કરવામાં આવે, તો શીઘ્ર ફળદાયી બને. 'મહામંત્રની સાધના' પુસ્તકમાં તે યથાશક્તિ - યથામતિ બતાવવામાં આવ્યું છે. વાચકને તેની સાધનામાં વેગ મળે, એ માટે જરૂરી અનેક વસ્તુઓને અહીં સંગ્રહી લેવામાં આવી છે. તેના પ્રત્યેક પ્રકરણમાં ભરેલી વસ્તુઓને લેખક સમજીને - વિચારીને અને યથાશક્તિ જીવનમાં અનુભવીને લખી છે, તેથી તેની સાથે જ સરળ પડે છે.

જ્યાં સુધી આ મહામંત્ર અને તેની સાધના વિદ્યમાન છે, ત્યાં સુધી જૈન સંઘને તેનો સર્વોદય સાધવામાં તે ધારે તો એક ક્ષણ પણ વિલંબ થાય તેમ નથી. માત્ર સાધકોએ યોગ્ય અને અધિકારી બનવું જોઈએ.

સાધકની યોગ્યતા અને અધિકારીતા માટે ખાસ કરીને બે વસ્તુ ઉપર પ્રધાન લક્ષ્ય આપવાનું છે: એક મન અને બીજી વસ્તુ ઇંદ્રિયો.

મનને સર્વ જીવો સાથે મૈત્ર્યાદિ ભાવોથી વાસિત કરવું અને ઇંદ્રિયોને વિષયોની વિરસતા વિચારીને સંયમી બનાવવા જોઈએ. આ બંને પરસ્પર મળીને ઉપકાર કરે છે. ઇંદ્રિયોના સંયમથી મન શુદ્ધ બને છે અને મનની શુદ્ધિ વડે ઇંદ્રિયો નિર્વિકાર બને છે. વ્રત - નિયમોનું આગ્રહપૂર્વક પાલન પણ ઇંદ્રિયોના સંયમમાં સહાય કરે છે તથા દેવ - ગુરુ - સંઘ અને સાધર્મિકની સેવા મનની શુદ્ધિમાં બળ આપે છે.

ભાવધર્મની વૃદ્ધિ કરનાર શું છે ?

જૈનશાસનમાં ચાર પ્રકારના ધર્મમાં ભાવધર્મની વૃદ્ધિ કરનાર છે: દેવની પૂજા, ગુરુની સેવા, સંઘની ભક્તિ તથા સાધર્મિકનું વાત્સલ્ય.

ભાવધર્મની વૃદ્ધિ થતાં દાન, શીલ, તપ આદિ અન્ય ધર્મ પ્રકારો તથા બાહ્ય શુદ્ધ આચરણોની વૃદ્ધિ થાય છે. બાહ્ય શુદ્ધ આચરણ ફરીથી વળી ભાવધર્મની વૃદ્ધિ કરે છે અને એ રીતે ઉત્તરોત્તર ઉભય ધર્મોની વૃદ્ધિ થતાં ઘાતિકર્મોનો ક્ષય અંતે કેવળજ્ઞાન અને મોક્ષસુખ અર્પે છે.

અધિકારીતા જીવને મહામંત્રની સાધના કરવાથી એમ શીઘ્ર ફળપ્રાપ્તિ સંભવે, તેમ નવા ધર્મીને મહામંત્રની સાધના પોતે અધિકારીતા પ્રાપ્ત કરવામાં સહાયક બને છે.

જૈન શાસ્ત્રોમાં ઇષ્ટદેવતાના સતત સ્મરણને આદિ ધાર્મિક પુરુષનું પ્રધાન લક્ષણ કહ્યું છે, તેથી શ્રી જિનેશ્વર દેવના શાસનમાં આ મહામંત્રનું આરાધન કરવા માટે આબાલ-વૃદ્ધ સૌ કોઈ જીવને એક અપેક્ષાએ સમાન અધિકારી માન્યાં છે, એ રીતે સર્વ પ્રકારના અધિકારીને ઉપકારક હોવાથી મહામંત્રની સાધનામાં ઉપયોગી એવા વિષયો તેના અર્થી જીવોને પ્રિય હોય, એમાં આશ્ચર્ય નથી.

સૌ કોઈ મહામંત્રના યથાશક્તિ આરાધક બનો, એ જ એક અભ્યર્થના.

- પીંડવાડા, આસો વદી ૧૧, શનિ, સં. ૨૦૨૭

# નમસ્કાર - ચિંતામણિ

જૈન કુળમાં જન્મેલા વ્યક્તિઓને મહામંત્ર નમસ્કારનો
મહિમા વારંવાર સાંભળવા મળે છે, પરંતુ
તે મોટે ભાગે ફલશ્રુતિ રૂપ હોય છે.

સાધક પોતે સાધનામાં વેગ લાવવાને માટે આવશ્યક
એવી ઘણી વાતોથી મોટે ભાગે અજાણ હોય છે, તેથી જ
સાધના છતાં તેનું શાસ્ત્રોક્ત પરિણામ લાવી શકતો નથી.
સાધનાર્થે ચાર વસ્તુની માહિતી અનિવાર્યરૂપે જોઈએ:
એક સાધક, બીજું સાધ્ય, ત્રીજી સાધના, ચોથું તેનું ફળ.
એ ચાર વસ્તુનું જ્ઞાન સાધકને ચોક્કસ હોવું જોઈએ.
'નમસ્કાર ચિંતામણિ' નામના પુસ્તકમાં એ ચારેનું
જ્ઞાન જુદી જુદી રીતે આપવાનો પ્રયાસ કરાયો છે.

સાધક: મહામંત્રની સાધનાને યોગ્ય
સદાચાર આદિ ગુણોથી સંપન્ન સાધક હોવો જોઈએ.
સાધ્ય: તે અભીષ્ટ, અબાધિત, સર્વશ્રેષ્ઠ હોવું જોઈએ.
સાધના: નવકાર મંત્રના શબ્દ, અર્થ અને તે બંનેમાં
ઉપયોગ સહિતની જ એ સાધના હોવી જોઈએ તથા
ફળ: તેનું પરંપર ફળ એકાંતિક, આત્યંતિક અને
અવિનશ્વર સુખસ્વરૂપ એવું મોક્ષ જ હોવું જોઈએ.

## 'ધર્મસાધના'

આરાધક વર્ગનું આ પુસ્તક પ્રત્યે આકર્ષણ થવામાં મુખ્ય કારણ તો તેમાં રજુ કરાયેલ વિષયો વાંચતાં-વિચારતાં આધુનિક યુગમાં ધર્મ અને તેના અનુષ્ઠાનો સંબંધી તથા યોગ અને ઉપાસના સંબંધી જે જે પ્રશ્ન જિજ્ઞાસાથી વિચારક વર્ગમાં ઉત્પન્ન થાય છે, તેની તૃપ્તિ માટેની સામગ્રી પૂરી પાડવામાં આવી છે, તે છે.

શ્રદ્ધાળુ આત્માની શ્રદ્ધા વધુ દૃઢ બને, તેવા અનેકાનેક વિષયો પસંદગી કરીને તેમાં મૂકાયા છે.

જીવનમાં ઉપયોગી એવા નાના - મોટાં કુલ ૬૫૦થી ય વધુ વિષયોનો તેમાં સમાવેશ થયો છે.

આ એક જ પુસ્તકમાં વાચક વર્ગને ન્યાયનીતિ, આચાર, વિચાર, યોગ, અધ્યાત્મ અને મહામંત્ર વગેરે સંબંધી જીવનસ્પર્શી અનેક જાણતો મળી શકશે અને તેમાંથી પોતાના સંયોગ અને સામર્થ્ય મુજબ તે પોતાને યોગ્ય સામગ્રી મેળવી આત્મકલ્યાણને માર્ગે આગળ વધી માનવજીવનને સફળ બનાવી શકશે. ગહન વિષયોને સામાન્ય વર્ગ સહેલાઈથી સમજે, તેવી રીતે ભાષાની સરળતા પણ આમાં જાળવી રહી છે.

જૈન આચાર - વિચાર સમજવાની અને તેને
જીવનમાં ઉતારવાની ધગશ ધરાવતાં સૌ કોઈ માટે આ
લખાણ એકસરખું ઉપયોગી છે, ઉપરાંત પ્રસંગોપાત
લોકોને ધર્મસંબંધી બે શબ્દ બોલવાની ફરજ આવી
પડતી હોય, તેવા શિક્ષક કે પ્રચારક વર્ગને તથા બાબ
ખૂબ વિશિષ્ટ યોગ્યતા ધરાવતા ગૃહસ્થો માટે તે એક
પાઠ્ય ગ્રંથનું ખૂબ સુપેરે - સુંદર રીતે કામ કરે તેમ છે.
આમાં માર્ગાનુસારિતાના ગુણો પાયાના સ્થાને છે,
દેવ - ગુરુ - ધર્મરૂપ તત્ત્વત્રયીની ઉપાસના તથા
દ્રવ્ય - ભાવપૂર્વક પરમાત્માની ભક્તિ, ગૃહસ્થોના
વ્રત - નિયમો, શ્રાવકની દિનચર્યા અને અંતિમ સંલેખના
આદિ પ્રાસાદ (મહેલ)ને સ્થાને છે અને
આત્મસાધનામાં સાધન તથા યોગ, ધ્યાન
ઉપરાંત અનુભવવિષયક શેષ સામગ્રી શિખરને સ્થાને છે.
સૌ સાધકો - મુમુક્ષુઓ આ પુસ્તકમાં રજુ થયેલા
પદાર્થો વાંચી - વિચારી તથા તેને જીવનમાં ઉતારીને
લેખક અને પ્રકાશકના પરિશ્રમને સફળ કરો,
એ જ મંગલ કામના.

- મુકામ: વસઈ (પાલઘર), વિ.સં.૨૦૨૬, ચૈત્રી પૂર્ણિમા

## 'સમાધિ સુધા' ગ્રન્થમાંથી

## મહામહિમાશાળી આત્મદ્રવ્ય સંબંધે ટંકશાળી વચનો

આ નવકાર દ્વારા જાણવાની વસ્તુ આત્મા છે અને
જાણનાર પોતે પણ આત્મા જ છે,
તેથી આ નવકાર એ ચૌદ પૂર્વનો સાર છે.
ચૌદ પૂર્વ પણ આત્માને જણાવે છે તથા
આ નવકાર પણ આત્માને જણાવે છે.
જે ફળ ચૌદ પૂર્વના અધ્યયન વડે પમાય છે,
તે જ ફળ આ નવકાર મંત્રના અધ્યયન વડે પમાય છે.
તે ફળનું બીજું નામ 'ચિત્તવિશુદ્ધિ' છે,
તેને 'ભાવવિશુદ્ધિ' પણ કહે છે.
ભાવવિશુદ્ધિનું મૂળ શું છે?
તે નિર્મળ સ્નેહનો પરિણામ છે અને
તેનું પણ મૂળ આપણા સૌના આત્મદ્રવ્યનું
અચિન્ત્ય માહાત્મ્ય અને વૈભવ છે.
આત્મદ્રવ્ય જ એવું મહિમાવંતુ છે કે તેના પ્રત્યે
કરેલો સ્નેહ અનંત અનંત ગણું કારણ બને છે.
અનંત અને અવ્યાબાધ એવા પરમ પરમ
શ્રેષ્ઠતમ સુખનું કારણ પણ આત્મસ્નેહ જ છે.

## આત્મા કેવો છે?

આત્મા જ ઉપાદેય છે, શ્રેય છે અને ધ્યેય છે.
જાણવા લાયક પણ આત્મા છે અને
આદર કરવા લાયક પણ એક આત્મતત્ત્વ જ છે.
તે ચિન્મય છે,
આનંદમય છે,
નિત્ય છે,
સ્વાધીન છે,
સર્વોત્કૃષ્ટ છે.
આવા મહામહિમાશાળી આત્મદ્રવ્યને
ઓળખાવનાર શ્રી તીર્થંકર પરમાત્મા છે, તેથી
તેમના પ્રત્યે ભક્તિ જાગે છે.
એ ભક્તિ આગળ જતાં ક્રિયા તરફ આદર જગાડે છે
અને એ આદર પ્રયત્નમાં પરિણમન પામે છે.
'મંગલાણં ચ સવ્વેસિં'
તે આપણું શુદ્ધ આત્મદ્રવ્ય જ છે, માટે
પરમાત્માના શરણાગતને કોઈ અમંગલ નડતું નથી,
પરન્તુ અમંગલકારી બળો પણ મંગલકર નીવડે છે.
સરવાળે સઘળો મહિમા આત્મદ્રવ્યનો છે.

## સામાયિક ભાવમાં આવવા માટેની વિધિ

મોક્ષનો ઉદ્દેશ એટલે આત્માર્થપણાનો ઉદ્દેશ.
જ્યાં મોક્ષાભિલાષ નથી, ત્યાં વાસ્તવિક ધર્મ ન હોઈ શકે.
આ જગતમાં શાંતિ મેળવવાનો કોઈ અસાધારણ ઉપાય
હોય, તો સમસ્થિતિમાં - સામાયિકભાવમાં આવવું તે છે.
સામાયિક ભાવમાં આવવા માટે સૌ પ્રથમ આલોચન.
પ્રતિક્રમણાદિ શુદ્ધિ કરવા ઇરિયાવહી કહેવા, તેથી વિશેષ
શુદ્ધિ કરવા ઉત્તરા અને લોગસ્સનો કાયોત્સર્ગ કરવો.

આલોચન, પ્રતિક્રમણ અને કાયોત્સર્ગ.

એ પછી પ્રાયશ્ચિતાદિ શુદ્ધિ થઈ સામાયિકના આદિપ્રવર્તક
જિનેશ્વરોની સ્તુતિરૂપ લોગસ્સ સૂત્ર કહેવું.
પ્રતિલેખન - પ્રમાર્જના રૂપે મુહપત્તિ પડિલેહણ કરવું.
સામાયિકમાં સ્થિર થવાની આજ્ઞા માંગી નિવેદન કરવું.
સામાયિકની પ્રતિજ્ઞા સૂત્ર - મહાદંડકનો ઉચ્ચાર કરવા
માટે પંચમંગલ કરવું. એ પછી સામાયિક ભાવ રૂપી
સ્વાધ્યાયમાં લીન થવા માટે બેસવાની આજ્ઞા માંગીને
ત્રણ નવકાર ગણવા. સામાયિક અને સ્વાધ્યાયમાં
લીન થવું એટલે કષાયાદિની સ્થિતિમાં ન્યૂનતા કરવા
પ્રયત્ન કરવો, તે સમ્યક્ આત્મિક સ્વાધ્યાય છે,

જિનેશ્વરની સ્તુતિ, સ્તોત્રાદિ દર્શનાત્મક સ્વાધ્યાય છે તથા શાસ્ત્રોનું પઠન-પાઠનાદિ જ્ઞાનાત્મક સ્વાધ્યાય છે. નમસ્કાર મંત્રસ્મરણ વગેરેથી ય તે વિધિ સચવાય છે. નમસ્કારમાં પંચપરમેષ્ઠિની સ્તુતિ થાય, તે દર્શનાત્મક, પંચમંગળનું સ્મરણ થાય છે, તે જ્ઞાનાત્મક અને તેમાં ત્રિકરણ યોગ પરોવવાનો જે પ્રયત્ન થાય છે, તે ચારિત્રાત્મક સ્વાધ્યાય છે.

સજ્ઝાયનો સમય એક મુહૂર્ત પર્યંતનો છે.

પછી વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને ચતુર્વિંશતિ સ્તવન દ્વારા દર્શનની શુદ્ધિ કરી સામાયિકના પ્રયત્નનું શુભ પરિણામ મેળવવા માટે મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન આદિ કરી પારવાની આજ્ઞા માંગવી. ગુરુમુખે અવશ્ય શ્રવણ કરવું કે: 'પુણો વિ કાયવ્વો' 'આયારો ન મોત્તવ્વો।'

એ પછી સામાયિકની ભાવના દૃઢ કરવાનું સૂત્ર 'સામાઇય વયજુત્તો' કહી અવિધિનું મિથ્યા દુષ્કૃત કરવું.

આ વિધિ મહાસામાયિકના નમૂના રૂપ છે, કે જે સામાયિકની તાલીમ લેવા, ટેવ પાડવા, સમભાવની વૃદ્ધિ મેળવવા માટે છે. આ વિધિ જાળવીને જો તેનો આધાર લેવામાં આવે, તો આત્મસાક્ષાત્કાર અને તેના અંતે પરિપૂર્ણ કર્મનિર્મોક્ષનો ઉદ્દેશ સિદ્ધ થઈ શકે છે.

## 'નમો'ની ભિન્ન ભિન્ન અવસ્થાઓ

'નમો'માં મોહને નકાર છે, મોક્ષને આવકાર છે.
તે કેન્દ્રને સમગ્રતાની સાથે જોડનાર તાર છે.
તેમાં વ્યક્તિ અને વિશ્વના સંબંધનો સ્વીકાર છે.
ગુરુ અને શિષ્યનું આંતરિક જોડાણ છે.
તે સંસારની વિમુખતા તથા મોક્ષની સન્મુખતા કરાવનાર
turning point છે. તેમાં દેહ, વચન, મન, બુદ્ધિ,
ચિત્ત અને અહંકારનું સંપૂર્ણ સમર્પણ છે.
મિથ્યાત્વ અવસ્થામાં વ્યક્તિ વિશ્વની અસર નીચે છે
તથા આત્મા કર્મપ્રકૃતિના બંધનમાં છે.
સમ્યગ્દર્શનની અવસ્થામાં વ્યક્તિ આ બંધનને
જાણે છે, જુએ છે તથા ઓળખે છે. દેશવિરતિ વ્રતમાં
આ બંધનથી છૂટવા માટેના પ્રયત્નોનો પ્રારંભ થાય છે
અને સર્વવિરતિ વ્રતમાં પૂર્ણ પુરુષાર્થ પ્રગટાવે છે.
અપ્રમત્તમાં effortless effort છે.
આ બધી 'નમો'ની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે.
'નમો'માં માર્ગાનુસારિતાથી આરંભીને
'અયોગી કેવળી ગુણસ્થાનક' સુધીની
બધી અવસ્થાઓનો સંગ્રહ થઈ જાય છે.

'નમો'માં આપણે negative છીએ તથા વિશ્વપ્રભુને positive બનાવીએ છીએ. 'અરિહંતાણં'માં આપણે positive અને વિશ્વપ્રવૃત્તિ negative બનીએ છીએ.

ભગવાનને પ્રદક્ષિણા ત્રણ વાર અપાય છે.

એ ત્રણે ધારણા - દર્શન, ધ્યાન - જ્ઞાન અને સમાધિ - ચારિત્રનો સંકેત છે. પ્રદક્ષિણાની સર્પાકાર movement એ ધારણા - ધ્યાન છે, જેને અંતે અર્થાત્ beyond કે 'પર' તે સમાધિ છે. Time, Space, objectથી beyondની સ્થિતિ એ પ્રદક્ષિણાનું સમ્યક્ ફળ - સમાધિ દશાનો લાભ છે.

જિનાલયમાં ભગવાનની પ્રદક્ષિણા દેતી વખતે આપણા જમણા હાથે ભગવાન છે, ડાબા હાથે વિશ્વ છે અર્થાત્ કેન્દ્રમાં ભગવાન છે તથા પરિધિમાં વિશ્વ છે.

ત્યારે આપણે એ ભાવ કેળવીએ છીએ કે:

ભગવાનથી દોરવાઈએ, વિશ્વપ્રવૃત્તિને દોરવીએ.

પ્રદક્ષિણા Clockwise છે - Spiral છે.

પરિધિ પરથી કેન્દ્ર સન્મુખ થવાનું છે, તે સમ્યગ્દર્શન છે. પોતાનું કેન્દ્રનું અંતર જાણવાનું છે, તે સમ્યગ્જ્ઞાન અને કેન્દ્રને સતત લક્ષ્યમાં રાખીને અંતર ઘટાડવું

ફરીને કેન્દ્ર પ્રત્યે ચાલવાનું છે, તે સમ્યક્ચારિત્ર છે.

મિથ્યા આચરણ - circle લગાવવાનું છે,
જ્યારે Spiral movement એ સમ્યક્ચારિત્ર છે
અહિ મુક્તિ તરફનું પ્રયાણ છે. પ્રદક્ષિણા એ ભાવમાં
Spiral છે, એ અર્થમાં નમો ભાવ પ્રદક્ષિણાસ્વરૂપ છે.

પ્રભુ પ્રત્યે Negative = ભગવદ્ભાવનું સર્જન.
સંસાર પ્રત્યે Negative = કર્મભાવનું સર્જન કરશે.
જેની પ્રત્યે સન્મુખતા હોય છે, તેનું magnetism
આપણને ખેંચે છે, પછી તે સંસારનું હોય કે મોક્ષનું.

'નમો' પદ દ્વારા મુક્તિમાર્ગ અને
મુક્તિમાર્ગ પ્રસ્થિતનું સન્મુખીકરણ હોય છે.

મોક્ષ - પ્રકાશ ઉપર છે, સંસાર - અંધકાર નીચે છે. જો
માથું સીધું તો સિદ્ધનું magnetism કામ કરશે.
'સીધું' શબ્દનો સંબંધ પણ 'સિદ્ધ' સાથે છે. જો માથું
ઊંધું - મેરુદંડ ઊંધો, તો નિગોદનું magnetism
અસર કરશે. મોક્ષ એ પ્રકાશ છે, નિગોદ અંધકાર છે.
સુષુપ્ત કુંડલિની એટલે ઊંધું માથું છે, જાગૃત કુંડલિની
એ સીધું માથું છે. અંગ્રેજીમાં નવનો આંક અંક - 9
એ જાગૃત અને 6નો અંક સુષુપ્ત કુંડલિની સૂચવે છે.

(૧) સંતમાં માથું ઊંચે છે, જ્યારે (૯)માં માથું નીચે છે. સુતેલી કુંડલિનીને જગાડવા માટે ૯ અને ૧ વચ્ચે જે અહંનો તફાવત છે, તે રત્નત્રય વડે પૂરાય છે.

રત્નત્રય = દર્શન, જ્ઞાન તથા ચારિત્ર.

જિનાલયના ગભારાના દ્વાર ઉપર ઉભા રહી થતાં દર્શન એ જિજ્ઞાસા છે તથા જિજ્ઞાસાનો અંત એ ધ્યાન છે. જ્યાં માત્ર ભક્ત અને ભગવાન - હું અને તું છે.

Imp.

## દર્શન અને નીતિ

કોઈનું અશુભ ચાહવું, તે અશુભ કરવા કરતાં પણ વધુ ખરાબ છે. કોઈને હલકો માનવો, તે પણ અશુભ ચાહવા કરતાં ય ખરાબ છે, માટે કોઈ પણ જીવને બુરો કે ખરાબ માનવો, તેના જેવી બુરાઈ બીજી કોઈ હોઈ શકતી નથી, કેમકે દરેકનું વર્તમાન મોટે ભાગે શુદ્ધ હોય છે. ભૂતકાળની ભૂલને હિસાબે પોતાને કે પરને દૂષિત માનવો, તે ન્યાયયુક્ત નથી. તે ભૂલની શુદ્ધિ થઈ ગઈ હોય, તે આપણે પણ જાણતાં નથી. સૌનું જીવન પરિવર્તનશીલ અને મોટે ભાગે શુદ્ધિના માર્ગે હોય છે. બીજાને બુરાં માનવાથી આપણામાં ય બુરાઈ આવે, આપણું નિશ્ચિતપણે અહિત થાય છે.

તેથી ભિન્ન નિયમ છે કે કોઈને જુદી ન માનતાં ઉચ્ચ
દૃષ્ટિએ જોવામાં આવે, તો ઉલ્ટાને લાભ થાય છે.

હલ્કી વસ્તુ તરે છે, ભારે વસ્તુ ડૂબે છે.

દા.ત. લવિંગને માથે ટોપ હોય તો પાણીમાં ડૂબે છે,
જ્યારે ટોપનો ભાર ન હોય તો પાણીમાં તરે છે.
આત્મા પણ અહંનો ભાર હોય, તો ડૂબે છે.
માત્ર અસ્તિત્વનું ભાન રહે, તો તરે છે.
અસ્તિત્વ અને અહંને સાંધનાર છ પર્યાપ્તિઓ સેતુ છે.
અસ્તિત્વ - દ્રવ્યમાત્ર,
અહં = વર્તમાન પ્રકૃતિ તથા વિવેક = અંતર્મુખી દૃષ્ટિ.

બે પ્રકારના ચક્રવ્યૂહનું ભેદન

'ચૈતન્યના મહાસાગરમાંથી છૂટી પડેલી
પોતે એક સ્વતંત્ર ચેતના છે અને પેલા મહાચૈતન્યની
સાથે પોતાનું સાચું અનુસંધાન સદાને માટે છે.'
એ જાણતનું ભાન મેળવી પરમાત્માની સાથે પ્રત્યેક
ક્ષણ પોતાની ચેતનાનું સાચું અનુસંધાન સ્થાપિત કરવું,
તે એક ચક્રવ્યૂહનું ભેદન છે.
સૌથી પહેલું ચક્રભેદન તે ઈશ્વર સાથે આપણું સાચું
અનુસંધાન અને તે માટે જ સૃષ્ટિ સાથેનો સંબંધ.

બીજું ચક્ષુદર્શન તે દેહ સાથેનો સંબંધ છે.
માનવદેહનું પ્રયોજન છે આત્મસાક્ષાત્કાર.
જે જીવન મળ્યું છે, તેને સમગ્રતાપૂર્વક જીવવાથી જ
પરમતત્ત્વ સુધી પહોંચી શકાય છે. આપણે દેહ નહિ,
પણ દેહથી ઘણું પર છીએ, એનું ભાન કરવા માટે
સત્સંગ અને સ્વાધ્યાય - બંને મદદરૂપ થશે.
દેહથી પર હોવાનું ભાન થતાં જ
આત્મશક્તિનું ભાન જાગૃત થાય છે.
જાગૃત થવાનો અર્થ એ છે કે આપણી અંતર્ગત
જે ઉદાત્ત અંતસ્તત્ત્વ છે, તેને પ્રકટ કરવું.
પરિણામવિશુદ્ધિ માટે દ્વાદશાંગસૂત્રનું અધ્યયન વિહિત છે.
તે જ વિશુદ્ધિ નમસ્કારના સ્મરણ આદિથી થાય છે,
માટે તેને દ્વાદશાંગનો સાર કહ્યો છે. અર્થ પરિણામની
વિશુદ્ધિનું સંક્ષિપ્તમાં સંક્ષિપ્ત સાધન તે શ્રી નવકાર છે.
અરિહંત ભગવંતોને કરેલો નમસ્કાર અહંકારાદિ -
કૃતઘ્નતાદિ બધાં યે પાપોનો નાશ કરનારો છે અને
ક્ષમાદિ બધાં યે મંગળોમાં ઉત્કૃષ્ટ મંગળ છે,
સર્વોત્કૃષ્ટ વિનય રૂપ છે, સર્વોત્કૃષ્ટ કર્તવ્ય રૂપ છે
તથા સર્વોત્કૃષ્ટ આજ્ઞાનું આરાધન છે.

નમસ્કારની ઉત્પત્તિમાં ત્રણ કારણો
(૧) સમુત્થાન (૨) વાચના અને (૩) લબ્ધિ.

સમુત્થાન : પ્રણિપાત માટે આરાધકના દેહનું - હાથ તથા પગ વગેરેનું સમુચિત ઉત્થાન થવું જોઈએ.

વાચના : ગુરુવચનોથી નમસ્કારમંત્રની પ્રાપ્તિ થાય છે, તેથી તેમની પાસેથી ગ્રહણ કરવું, અધ્યયન કરવું જોઈએ.

લબ્ધિ : નમસ્કારની પ્રાપ્તિ માટે
શ્રુતાવરણ કર્મોનો ક્ષય - ક્ષયોપશમ આવશ્યક છે.
શ્રુતાવરણ કર્મ અથવા નમસ્કારાવરણીય કર્મનો ક્ષય - ક્ષયોપશમ એટલે દર્શનમોહનીય, જ્ઞાનાવરણીય અને અંતરાયાદિ કર્મોનો ક્ષય - ક્ષયોપશમ સમજવો.

શરીર મૂર્ત - મન અમૂર્ત

મૂર્ત શરીરનું કારણ મૂર્ત કર્મ અને
અમૂર્ત મનનું કારણ અમૂર્ત ચેતન.
મનની સત્તા વચન અને કર્મ ઉપર છે, જ્યારે
ચેતનની સત્તા મન - વચન - કર્મ, ત્રણે ઉપર છે.

વિનય, સૂત્ર અને અભિધર્મ - એ ત્રણ પિટકનો સાર
અનુક્રમે શીલ, સમાધિ અને પ્રજ્ઞા છે.
સૂત્ર અર્થાત્ તંત્ર ગ્રંથોમાં ઉપદેશોનો સંગ્રહ છે.

ત્રિમાર્ગ: લીનધ્યાન, મહાધ્યાન અને તંત્રધ્યાન.

મન, વચન અને કાયાથી થતું સત્કર્મ તે ધર્મ છે.
તે દુર્ગતિ - દુ:ખમાં પડતાં રક્ષા કરે છે, અટકાવે છે.
જન્મ - મરણરૂપ સંસારનું કારણ કર્મ અને મોહ છે
અને કર્મ અને મોહથી મુક્ત થવું, તે નિર્વાણ છે.

સંસાર દુ:ખરૂપ, દુ:ખફલ અને દુ:ખપરંપર છે.
દુ:ખનું કારણ દુર્ધ્યાન, દુર્ધ્યાનનું કારણ મિથ્યામોહ છે.
કર્મ એટલે મન, વચન, કાયાની ક્રિયા અને પ્રતિક્રિયા.
મોહ એટલે મૂર્છા ઉપરાંત
કામ - ક્રોધ - લોભ - રાગ - દ્વેષ - અહં - મમ.
તત્ત્વથી જે બધું માયિક - કાલ્પનિક અને અસત્ય છે,
તે અહં અને મમથી સત્ય ભાસે છે.
સંસાર બંધન છે, નિર્વાણ મુક્તિ છે.
મોહનું મૂળ અવ્યવસ્થિત મન છે, તેને
ધ્યાન પ્રક્રિયા વડે શુદ્ધ અને નિર્મળ કરી શકાય છે.
ધ્યાન વડે શરીર - મન - ઇંદ્રિયોને વશ કરી શકાય છે.
પ્રજ્ઞા અને ઉપાય એ બે માર્ગ છે. પ્રજ્ઞા વડે પરમાર્થ
સત્ય જાણી શકાય છે અને ઉપાય વડે સાંવૃત સત્ય.
સત્ય બે પ્રકારના છે : પારમાર્થિક અને સાંવૃતિક.

પારમાર્થિક સત્ય એ નિર્વિકલ્પ છે, જ્યારે સાંવૃતિક (વ્યાવહારિક) સત્ય સવિકલ્પ છે. The 1st essential is proper mental attitude.

ત્રિશરણ, કર્મનો નિયમ અને ધર્મનો નિયમ.

Sum total of worldly pleasure is not comparable to a fraction of higher happiness, one is from self-love, another from benefit to others.

ધ્યાન અને દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ

ધ્યાનમાં દ્રવ્યથી દ્વૈત છે, ક્ષેત્રથી બે આંગળથી સહેજ અધિકું અંતર છે, કાળથી બે ઘડીથી સહેજ અધિકું અંતર અને ધ્યાનરૂપી ભાવમાં તો આત્મા પ્રત્યક્ષ છે, તેમાં પ્રથમ ત્રણે dimensionsથી પર થવાનો પ્રયત્ન છે.

શીલવાન આત્મા સમાધિ માટે ધ્યાનાભ્યાસ કરે. મનને વિષયો અને વિકલ્પોથી પાછું ખેંચી લેવું અને ધર્મમાં, સંઘમાં અને આત્મામાં સ્થિર કરવું. તેનાથી સમત્વ આવે છે અને વિપશ્યના ધ્યાનથી શૂન્યતાનો અનુભવ થાય છે, તેનો પાયો સમત્વ છે. સમાધિ બાદ પ્રયત્નો અભ્યાસ શૂન્યતાના ધ્યાનથી થાય.

શૂન્યતા તે વસ્તુમાત્રનું અંતિમ સ્વરૂપ છે,
તે નિરપેક્ષ અને શાશ્વત છે.
તેને સાધવા માટે વિપશ્યના ધ્યાન કરી શકાય છે.
સમાધિ માટે એકાગ્રતા અને પ્રજ્ઞા માટે ધ્યાન.
હીનયાન એ સૂત્રમાર્ગ છે, મહાયાન એ તંત્રમાર્ગ છે.
(૧) હીનયાન : વિનયપિટક - આગમસૂત્ર ઉપરાંત
શારીરિક અને વાચિક સદાચાર.
(૨) મહાયાન : અભિધર્મ - બોધિચિત્ત ઉપરાંત
માનસિક સદાચાર - પારમિતાઓ, perfections.
(3) વજ્રયાન : યોગ - તંત્ર - આધ્યાત્મિક સદાચાર.
સદાચારને માર્ગે જે રહે, તેનું કલ્યાણ તો થાય જ,
પરંતુ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર - એ ચારેને
ભગવાન સાથે જોડનારા મનુષ્યો સંતપણાંને પામે છે.
ચિત્ત ઉદાર હોવું જોઈએ.
વિશાળ હૃદય એ વિશ્વની એક મોટી શક્તિ છે.
સમસ્ત બ્રહ્માંડને આવરી શકે એવા ચિત્તની એક
અનુપમ ભેટ મનુષ્યોને મળેલી છે. તેને સફળ કરવા
માટે જીવોમાં રહેલાં આત્માને ઓળખી, એનો ભાવપૂર્વક
આદર કરવાનું કામ ચિત્તને સોંપવું જોઈએ.

વૃત્તિ એટલે મનનું વલણ, સદ્‌વૃત્તિ એટલે સારી વૃત્તિ.
મનુષ્યનો આંતર દૈવી અંશ એ તેની સદ્‌વૃત્તિ છે.
સદ્‌વૃત્તિથી વિશ્વાસ પેદા થાય, જે વ્યવહારનું મૂળ છે.
સદ્‌વૃત્તિનું પ્રથમ લક્ષણ સત્યનિષ્ઠા કે પ્રામાણિકતા છે.
સત્યનિષ્ઠાથી વર્તવું એ સર્વદા આપણા હાથમાં જ છે.
એમાં આપણા પોતાના વિના કોઈની જરૂર ન પડે.
ઉદારતા, પ્રેમ, ન્યાય - બધાં સદ્‌વૃત્તિનાં જ લક્ષણ છે.
સર્વને આદરથી જોવા, એનું નામ ઉદારતા છે. ન્યાયમાં
ઉદારતાની સાથે સમાનતાની બુદ્ધિ છે. તે જો હોય,
ત્યાં પ્રેમ પણ હોય જ છે. આપણને જે જે સુખ
પ્રિય છે, તે બધા માટે ય ઇચ્છવું, તેનું નામ પ્રેમ છે.

સદ્‌વૃત્તિનાં મુખ્ય ચાર લક્ષણો
સત્યનિષ્ઠા, ઉદારતા, ન્યાય અને પ્રેમ છે.

એ ચારને એક શબ્દમાં 'પ્રામાણિકતા' કહી શકાય.
તેની સાથે સ્વાર્પણ પણ આવે, ત્યારે જ
સદ્‌વૃત્તિ આપણા આચરણમાં પણ ઉતરી શકાય.
'अनित्यं असुखं लोकं, इमम् प्राप्य भजस्व माम् ।'
અર્થાત્: અનિત્ય અને સુખ વિનાના
આ લોકને પામીને તું મને ભજ.

## જીવન - દર્શન

(૧) સંકલ્પની અપૂર્તિને સહર્ષ સહન કરવી, તે તપ છે અને સંકલ્પપૂર્તિના સુખમાં આસક્ત ન થવું, તે ત્યાગ. સુખ વખતે ત્યાગ અને દુઃખ વખતે તપ તે સાધના. ત્યાગથી ચિરશાંતિ - શાંતિ ચિન્મય જીવન પ્રદાન કરે.

(૨) જ્ઞાનપ્રાપ્તિનાં ત્રણ સાધન છે:

બૌદ્ધિક જ્ઞાન, ઇંદ્રિય જ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન. બૌદ્ધિક જ્ઞાનના પ્રકાશથી બુદ્ધિમાં સમત્વ આવે, તેના પ્રભાવે ઇંદ્રિયો વિષયવિમુખ થઈ મનમાં વિલીન થાય અને મન નિર્વિકલ્પ થતાં બુદ્ધિમાં લીન થઈ જાય છે. પછી બુદ્ધિથી અતીત એવા નિત્ય આધ્યાત્મિક જ્ઞાનથી અભિન્નતા પ્રાપ્ત થાય છે, મોહ વિલીન થઈ જાય છે અને મોક્ષ અર્થાત્ અમરતા પ્રાપ્ત થાય છે.

(૩) જ્યાં સુધી કામનાઓ છે, ત્યાં સુધી બુદ્ધિ મન તરફ, મન ઇંદ્રિયો તરફ, ઇંદ્રિયો વિષયો પ્રતિ ગતિશીલ રહે છે. તે વાસ્તવમાં આત્માનું મૃત્યુ જ છે (ભગવાનશ્રી). એનો પ્રતિકાર, જે કારણ એવા સત્‌ની જિજ્ઞાસાથી છે. તે જિજ્ઞાસા કામનાઓને ખાઈ જાય છે અને સત્‌ની સાથે નિત્ય યોગ કરાવે છે.

(૪) અસ્તિત્વ પ્રાપ્ત થયેલ દેહાદિની બાહ્યસેવા થાય અને સર્વહિતકારી શુભભાવોની આંતરસેવા થાય છે. તે ભાવો જ વિભુ બનીને સૌને જે કાંઈ જરૂરી છે, તે બધા આવશ્યક વસ્તુઓને સ્વતઃ પમાડે છે, સર્વ હિતકારીભાવ - સર્વાત્મભાવને પમાડે છે અને સૌમાં પોતાનો અનુભવ કરાવે છે અને પોતાનામાં સૌનો અનુભવ કરાવે છે. સેવક, સેવા અને સેવ્યની અભિન્નતા થઈ જાય છે, એજ સેવાની પરાકાષ્ઠા છે.

(૫) સાધનાની પાંચ ભૂમિકાઓ

(a) અશુદ્ધ સંકલ્પોનો ત્યાગ.
(b) શુદ્ધ સંકલ્પોની પૂર્તિ.
(c) પૂર્તિના સુખમાં આબદ્ધ ન થવું.
(d) ઇંદ્રિયાભિમુખ મનનું બુદ્ધિમાં લીન થવું.
(e) બુદ્ધિનું સમ થઈને ચિરશાંતિમાં વિલીન થવું.

(૬) વિશ્વાસની સાધનાનાં પાંચ પગથિયાં

સ્વીકૃતિ, વિશ્વાસ, સંબંધ, સ્મૃતિ અને પ્રીતિ.

સ્વીકૃતિ = પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગપૂર્વક સ્વીકાર, ઉદ્દેશ્યમાં વિશ્વાસ, ઉદ્દેશ્ય સાથે નિત્ય સંબંધ, શરીર આદિમાં અહં-મમનો ત્યાગ, સેવક-સેવ્યમાં અભિન્નતા.

(૭) નમસ્કાર મંત્રનો વિનિયોગ સ્નેહપરિણામ
સદ્ભાવ - સ્નેહ વડે જ સંસાર સ્વર્ગ સમો બને છે.

'સ્નેહ પરિણામો મૈત્રી ।'

તે મૈત્રી સમસ્ત સત્ત્વ વિષે પરિણામ પામે, ત્યારે જીવ માર્ગાનુસારીમાંથી સમ્યક્ત્વ પામે. તે સકલસત્ત્વહિતાશય પરિણામને પામી જ્યારે સાવદ્ય માર્ગનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞાવાળો બને અને તે છઠ્ઠા ગુણઠાણે તથા ષડ્ જીવનિકાયહિતરૂપી સામર્થ્ય પરિણામવાળો બને, ત્યારે મોહનો સર્વથા, ક્ષય થઈને મુક્તિનો અધિકારી બને છે.

નમસ્કારનું 'નમો' પદ સ્નેહવાચક છે.

માહાત્મ્ય ભાવપૂર્વક તે સ્નેહ જ્યારે અતિ દૃઢ અને સર્વોત્કૃષ્ટ બને છે, ત્યારે તે ભાવનમસ્કાર બને છે. ભાવનમસ્કાર આંતરિક પ્રીતિરૂપ છે, જે પ્રીતિ નિર્ભર અનુરાગરૂપ છે. પરમેષ્ઠિ વિષયક તે પ્રીતિનું ઉત્પન્ન થવાનું મૂળ સકલ સત્ત્વ હિતાશયનો પરિણામ જ છે. ભાવનમસ્કારથી પ્રધાન સર્વ જીવવિષયક સ્નેહપરિણામ વિકસીને સકલસત્ત્વહિતાશયરૂપ બને છે. તે સર્વવિરતિ ચારિત્ર - અપ્રમાદને વિકસાવીને ષડ્ જીવનિકાય હિતરૂપ પરમાત્મ તત્ત્વને પમાડે છે. એ રીતે નમસ્કાર મંત્રનો વિનિયોગ સ્નેહપરિણામ છે.

(૮) આ પંચ પરમેષ્ઠિ મહામંત્રમાં [1] વૈક્રિયસિદ્ધિ, ઔષધિ[2]સિદ્ધિ, રસ[3]સિદ્ધિ તથા આકાશગામિની[4] વિદ્યા છે.

આ નવકાર નવપદ, ૮ સંપદા, ૬૮ અક્ષરપ્રમાણ છે, જેમાં ૭ ગુરુ તથા ૬૧ લઘુ જાણવા.

અષ્ટદલકમલે મન-વચન અને કાયસહિત ભાવપૂર્વક એક નવકાર ગણે, તે લાખ નવકાર ગણ્યાનું ફલ પામે.

'એસો પંચ નમુક્કારો ।'

આ પરમેષ્ઠિ નમસ્કાર કેવો છે?

'સવ્વ પાવપ્પણાસણો ।'

સર્વ પાપનો નાશ કરનારો છે.

મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મંગલં ।

બધા માંગલિકમાં આ નવકાર ઉત્કૃષ્ટ માંગલિક છે.

આ મહામંત્ર નવકારને જે સ્મરે, ધ્યાવે, ચિંતવે, સદૈવ નિરંતર આરાધે, તે જીવ સંસારમાં ન ભમે અને સકલ વાંછિત પૂર્ણ કરનાર સિદ્ધિ ફલ પામે.

સર્વ શુભ કાર્યના આરંભે તથા અંતે સ્મરણાર્થ અને ચૌદ પૂર્વના સાર એવા આ નમસ્કાર મહામંત્રને અર્થપૂર્વક ધ્યાવવો.

આ નવકારને નમસ્કાર, પંચાંગ પ્રણામ, ત્રિકાલ વંદના.

# પરિશિષ્ટ સૂચિ


**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૪૩)**
તે માતૃકાને હું ત્રણ પ્રકારે સ્મરણ કરૂં છું.
તે અક્ષરોને હું અત્યંત નમસ્કાર કરૂં છું.

૦ અ - થી શરૂ થતાં બધા સ્વરો, ઉપરાંત
ક, ચ, ટ, ત, પ, ય, શ -
આ બધા વ્યજંનોના વર્ગોમાંથી જ મંત્રસમૂહ બને છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૨૯)**
જેને નારાયણ ભગવાન હ્રદયમાં રહેલા હોય છે,
તે ફકત ભક્તિ વડે અંધકારને જેમ સૂર્ય હણે,
તેમ અજ્ઞાનને હણે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૪૨)**
બધું છોડીને સ્વરૂપમાં સ્થિર થા.
(આ રીતે) હે આત્મા! તું સુખી થા.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૬૯)**
'પરવશતા એ બધુ દુઃખ છે અને સ્વાધીનતા એ સર્વ સુખ છે.'
સંક્ષેપથી આ સુખ - દુઃખનું લક્ષણ કહેલું છે.



ઉપર દર્શાવેલ ૯ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૭ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## 'સ્વયં' શબ્દમાં સમુત્થે પાંચે પરમેષ્ઠિ




સ્વયં = સ + ઉ + અ + ય + મ

સ = સિદ્ધ, ઉ = ઉપાધ્યાય, અ = અરિહંત,

ય = યતીન્દ્ર (આચાર્ય), મ = મુનિ.

આમ પાંચે પાંચ પરમેષ્ઠિના આદ્યાક્ષરો આવી જાય છે અને તે સૌની સંધિ થઈને 'સ્વયં' શબ્દ બને છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in